# શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૮-અંક-૨ જો. | કાર્તિક-માસ. | તા. ૧૭-૧૧-૫૧.


ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥१॥ आ० बो० मङ्गलम ॥

**ભાવાર્થ:**—સર્વ—મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય—ચિન્તામણિની જેમ આચારણ કરે છે. માટે શાશ્વત—આનન્દને દેનારા શ્રીસિદ્ધચક્રને નમસ્કાર થાઓ! —સુધાવર્ષી.

## શ્રુત પંચમીની મહત્તા.


આલેખનકારઃ—પ૦ પૂ૦ આચાર્ય દેવ-શ્રીચન્દ્રસાગરસૂરિજી.


જ્ઞાન શબ્દથી પાંચે જ્ઞાન લેઈ શકાય છે, પરન્તુ જ્ઞાન શબ્દથી જૈન શાસનમાં શ્રુત-જ્ઞાન લેવું એ વ્યવહાર છે, આથીજ જ્ઞાન પંચમીના દેવવંદનમાં જ્ઞાન પંચમીને **શ્રુત પંચમી** પણ કહે છે, વિશેષતઃ પાંચ આચારો પૈકી પ્રથમ જ્ઞાનાચારના આઠ ભેદો છે, તે બધા શ્રુતજ્ઞાનને અવલંબીને છે; આથી શાસ્ત્રોમાં પણ ઠામઠામ શ્રુતજ્ઞાનને મહત્ત્વનું સ્થાન આપેલ છે. કાળે ભણવું ૧, વિનયપૂર્વક ભણવું ૨, બહુમાન રાખવું ૩, ઉપધાન યોગ કરવા ૪, જ્ઞાન દાતાને ઓળવવા નહિં ૫, વ્યંજન ૬, અર્થ ૭, અને તદુભયની શુદ્ધિ રાખવી. ૮, આ આઠ ભેદો વિચારીએ તો તે બધા ભેદોમાં શ્રુતજ્ઞાનનોજ વિષય આવે છે, છતાં શ્રુત-જ્ઞાનાચાર કહેવાને બદલે જ્ઞાનાચાર કહેવાય છે. આથી સ્પષ્ટ થાય છે, કે બાકીના જ્ઞાનને ઉત્પન્ન કરવામાં—ટકાવવામાં, વૃદ્ધિ પમાડવામાં, સ્વપરહિત સાધવામાં, અને અંતિમ ધ્યેયની સિદ્ધિ અર્થે તેજ શ્રુતજ્ઞાનનું અવલંબન શ્રેયસ્કર છે. "**सुयनाणं महड्ढियं**" શ્રુતજ્ઞાન મહર્દ્ધિક છે, એટલુંજ નહિં પણ શ્રી અનુયોગદ્વાર સૂત્રના પ્રારંભમાં "**चत्तारि नाणाइं०**" ઇત્યાદિ પદોદ્વારા સૂત્રકાર જણાવે છે કે—ચાર જ્ઞાન સ્થાપી રાખવાં જેવાં છે, કારણ કે—તે


( વધુ માટે જુઓ ટાઈટલ પેજ ૨ જું. )



વિ સં. ૨૪૭૮
વિ. સં. ૨૦૦૮
ઇ. સ. ૧૯૫૧

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ, નં. ૨.

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના—
રૂ. ૦-૪-૬

# શ્રી પ્રશ્નોત્તર સુધા-સિન્ધુ.

**નોંધ:**—બહારગામથી સંઘના આગેવાનોએ પુછાવેલ પ્રશ્નોના સમાધાન અત્ર અપાય છે.

પ્રશ્નકાર—**શ્રી સંઘ.** સમાધાનકાર—**પ૦ પૂ૦ આ૦દેવ શ્રીચંદ્રસાગરસૂરિજી.**

**પ્રશ્ન ૧**—દુ:ષમકાળમાં મરણ પામીને હાલમાં તૃતીય દેવલોકમાં જાય છે? કે તેથી આગળના દેવલોકમાં જાય?

**સમાધાન**—છેલ્લા સંઘયણવાળા જીવો ચાર દેવલોક સુધી જઈ શકે છે. બૃહત્સંગ્રહણી ગાથા ૧૬૨ પૂર્વાર્દ્ધ જુઓ—

**"छेवट्ठेणउठाम्मइ चउरो जा कप्पकीलिआईसु"**

**પ્રશ્ન ૨**—પ્રતિક્રમણ સૂત્રની બોલીના પૈસા જ્ઞાન ખાતામાં વપરાય કે દેવ દ્રવ્યમાં?

**સમાધાન**—પ્રતિક્રમણના સૂત્રો પ્રતિક્રમણ અવસરે બોલવા સંબંધમાં જે ઘી બોલાય છે તે પૈસા સમ્યક્‌જ્ઞાન ખાતામાં લઈ જવા માટે વાંધો નથી, પરંતુ જે જે ગામોમાં અને શહેરોમાં પ્રતિક્રમણના સૂત્રોની બોલી કેશર ખાતે એટલે ભગવાનની પૂજા ભક્તિ ખાતે લેઇ જવાનો રિવાજ છે તે રિવાજને ફેરફાર કરવો ઉચિત નથી. પ્રાય: અમદાવાદના કોઈ ઉપાશ્રયમાં તે બોલીના પૈસા કેશર ખાતે જાય છે.

**પ્રશ્ન ૩**—પ્રતિક્રમણના સૂત્રની બોલીના પૈસામાંથી પુંઠીયા ચંદરવા બનાવ્યા હોય તો વ્યાખ્યાનમાં બંધાય કે નહિં?

**સમાધાન**—બાંધવા ઉચીત ન ગણાય, એટલે તે બોલીમાંથી પુંઠીયા ચંદરવા બનાવાય નહિં, અને બનાવ્યા હોય તો વીતરાગ દેવ અને વીતરાગની વાણીની સ્થાપનાના ઉદ્યાપનાદિમાં વાપરવા.

---

**( ટાઈટલ પેજ ૧ લાથી ચાલુ )**

ચાર જ્ઞાનોના ઉદ્દેશ-સમુદ્દેશ-અનુજ્ઞા-અનુયોગ પ્રવર્તતાં નથી. જેવી રીતે એક બહોળા કુટુંબના માલીકને પાંચ છોકરા હોય, તેમાં એક છોકરો સર્વ કુટુંબના ભરણ-પોષણ-વ્યવસ્થા-ઇજ્જત-આબરૂ સાચવવા માટે રાત્રિ દિવસ ઉદ્યમવંત રહેતો હોય; અને બાકીના ચાર છોકરા બેઠા ખાઉ હોય. આવા અવસરમાં કોઈ પૂછે કે—તમારા કુટુંબનું સુંદર સંચાલન કરનાર તમને પાંચ પુત્રો મલ્યા છે, તેથી તમો નિશ્ચિંત રહેતા હશો?, તેના જવાબમાં તે માલીકને કહેવું પડે છે કે-સર્વ કુટુંબ સંબંધનો સર્વ વ્યવહાર એકજ છોકરો સાચવે છે, બાકીના ચાર તો બેઠા ખાઉ છે, મોજમઝા ઉડાવે છે; એકજ પુત્રની ખબરદારીથી હું નિશ્ચિત છું, તેવી રીતે આ શાસનની ઉત્પત્તિમાં, ટકાવામાં, વૃદ્ધિમાં અને સંચાલન-આદિ સર્વ કાર્યમાં બાકીના જ્ઞાન સિવાય શ્રુતજ્ઞાનનો હિસ્સો મુખ્ય છે, તેથી જ્ઞાન પંચમીને **શ્રુતપંચમી** કહેવાય છે. **શ્રુતપંચમીની** આરાધનાથી આરાધકો સૌભાગ્યાદિની ઉત્તરોત્તર સંપદાઓ પ્રાપ્ત કરે છે. તેથી તેનું નામ **સૌભાગ્ય પંચમી** કહે છે.

શ્રુતપંચમી કહો કે જ્ઞાન પંચમી કહો, અગર સૌભાગ્ય પંચમી કહો; પરન્તુ તે દિવસે આરાધના કરનારે શ્રુતજ્ઞાન-શ્રુતજ્ઞાની અને શ્રુત જ્ઞાનના સમગ્ર સાધન-સામગ્રી-સંયોગોને લક્ષ્યમાં રાખીને આરાધના કરવાની છે. તે દિવસે ૫૧ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરે, ૫૧ ખમાસમણાં દે, અને **नमो नाणस्स** પદની વીસ નવકારવાળીં ગણનાર જ્ઞાનની આરાધના કરે છે, તે સિવાયનાને જ્ઞાનની આરાધના થતી નથી એમ કહેવુંજ નહિં, પણ તેઓને જ્ઞાનની આરાધના થાય છે. આથીજ-કોઈ સમ્યક્‌જ્ઞાન ભણતાં હોય, ભણાવતાં હોય; પ્રશ્ન પૂછતા હોય, સમાધાન દેતા હોય; પુસ્તક લખતાં હોય કે લખાવતાં હોય; જ્ઞાનભંડાર બનાવતા હોય કે સાચવતા હોય, પુસ્તકો સંશોધન કરતા હોય, વગેરે સર્વને પણ જ્ઞાનની આરાધનામાં ગણવાજ જોઇએ. શાસન માન્ય-શ્રુતજ્ઞાનની આરાધનાને સમજનારાઓએ શ્રુતજ્ઞાન શ્રુતજ્ઞાની વગર રહી શકતુંજ નથી, અને તે શ્રુતજ્ઞાનની વૃદ્ધિ ટકાવાદિ માટે સકલ સાધન-સામગ્રી સંયોગોની અનિવાર્ય જરૂરીયાત શાસ્ત્રકારે સ્વીકારી છે, તો માનવ જીવન સફલ કરનારે જરૂર ઉચીત ભક્તિ-વિનય-બહુમાનાદિ ત્રણેના. કરીને જરૂર કૃતાર્થ થવું.

# સ્વ૦ આગમોદ્ધારકની અમોઘ-દેશના. ૧

**નોંધ**—પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક સ્વ૦ ગુરૂદેવ શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીનું શિષ્ય પ્રશિષ્યાદિ બહોળા પરિવાર સાથે જામનગર મુકામે ચાતુર્માસ કર્યું, ત્યારે તેઓશ્રીની સાથે પૂ. મુનિશ્રીચન્દ્રસાગરજી (હાલમાં પૂ. આચાર્યદેવ શ્રી ચન્દ્રસાગરસૂરિજી) પણ હતા. શાસન સંચાલનમાં યોગ્ય હિસ્સો આપવાના પરમ હેતુભૂત બાળદીક્ષા હતી, અને છે; છતાં તે વર્ષમાં બાળદીક્ષાને રોકવા શ્રદ્ધાહીન યુવક વર્ગે કમ્મર કસી હતી. આ પ્રબલ-પાપમય કાર્યવાહિનો પ્રારંભ પણ વિ. સં. ૧૯૮૫ માં થયો હતો, અને તે વર્ષમાં તે વિનાશક કાર્યવાહીનો સબળ સામનો કરીને સ્વ૦ પૂ. આગમોદ્ધારકનું ચાતુર્માસ પણ નિર્વિઘ્ને પરિપૂર્ણ સફલીભૂત થયું. આ આ અવસરે સ્વ. પૂ. શ્રી આગમોદ્ધારકશ્રીજીની અમોઘદેશનામાં આગમનાં અમી ઝરણાં ઝરી રહ્યા હતાં, છતાં તેજ અરસામાં હાલના પૂ. આ. શ્રીચન્દ્રસાગરજીને દીક્ષા લીધે લગભગ એક વર્ષ થયું હતું તેથી તેઓશ્રીની તે અમોઘ દેશનાના શ્રવણનો લાભ લેઇ શકતા નહોતાં તેથી ભવિષ્યમાં મ્હારે, મ્હારા સમુદાયને, અને સકળ સંઘને આ દેશના વાંચનનો લાભ થાય; તે હેતુથી અમોઘ-દેશનાનો સારાંશોની ઇ. સ ૧૯૨૯ થી નોંધ લેવરાવવાનો પ્રબંધ કરાવ્યો હતો. આથી વિ. સં ૧૯૮૫ ના જામનગરના ચાતુર્માસમાં આપેલી અમોઘ દેશનાના સારાંશની નોંધોને પ્રેસ કોપી રૂપે (મુદ્રણ કરાવવા માટે) તૈયાર કરાવીને ઉજ્જૈન 'શ્રીચન્દ્રાનન્દલક્ષ્મી ચિત્કોષ'-પ્રધાન સંચાલક શા. ગેંદાલાલ હીરાલાલ હસ્તક સુપરત કરવામાં આવી હતી. પૂ. આ. શ્રીચન્દ્રસાગરસૂરિજીની પ્રેરણાથી આ દેશનાઓ તે ભંડારના (ઉજ્જૈન ચન્દ્રાનન્દ લક્ષ્મી ચિત્કોષના) વ્યવસ્થાપક પાસેથી મેળવીને, વાંચકો રસપૂર્વક વાંચી શકે તે હેતુથી પૂ આ શ્રી ચન્દ્રસાગરસૂરિજી પાસે પેરેગ્રાફાદિ સુધારા વધારા સાથે તે દેશનાઓ તૈયાર કરાવીને અત્ર અપાય છે; છતાં સ્વ૦ દેશનાકારના આશય વિરૂદ્ધ શબ્દાદિની નોંધ લેવાઇ ગઇ હોય તે વિવેકિયો વિવેક પૂર્વક સુધારીને વાંચે એવી અમારી સાદર ભલામણ છે કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીએ રચેલા ત્રિષષ્ઠીશલાકાપુરૂષચરિત્રના પ્રથમ પર્વના પ્રથમ સર્ગના શ્લો. ૧૫૩ ઉપર અમોઘદેશનાઓની અમૃતવૃષ્ટિ વરસાવી છે તેનો સારભૂત સંચય અત્ર અપાય છે. લિ. તન્ત્રી]

## દેશનાના દિવ્ય-અવતરણો.

૧. જીવમાં મોક્ષ માટેની લાયકાત કોઈ નવી કરી શકે તેમ નથી.

૨. કારીગરો પણ યોગ્યતાવાળા પદાર્થોના ઘાટ ઘડે છે, પરંતુ યોગ્યતા વગરના પદાર્થોના ઘાટ ઘડવાની મહેનત તેઓ પણ કરતા નથી.

૩. લીલા તલમાંથી અને લીલા લાકડામાંથી અનુક્રમે તેલ કે મૂર્તિ બની શકતીજ નથી, કારણ કે તેલ અગર મૂર્તિ બનવાને યોગ્ય અવસ્થાવાળા તે પદાર્થો નથી.

૪. ભવ્યત્વની પરિપકવતામાં દેશનાની અસર થાય છે, અર્થાત્ બોધ પમાય છે.

૫. નીસરણી ચઢનાર ક્રમે ક્રમે પગથીયાં ચઢે છે, એટલે મકાનના મેડા ઉપર પહોંચવાની તૈયારીમાં ડગલાં ભરે છે; ભલે હજુ મેડે પહોં-

થયો ન હોય પણ ચઢવાનું ક્રમશઃ કાર્ય થઈ પહોંચાડે છે.

૬. દ્રવ્યલિંગો એ મોક્ષમહેલની નીસરણી છે.

૭. તડકો અને વર્ષા એ કબાટનું કારણ નથી, પણ કબાટ બનાવવા માટેના લાકડાને પરીપકવ બનાવવામાં તે તડકો-વર્ષા કારણભૂત છે.

૮. પગથીઆ દ્વારા મેડા ઉપર જવાય, તેમ દ્રવ્યલિંગદ્વારા ભાવલિંગની પ્રાપ્તિ અને મુક્તિની પ્રાપ્તિ થાય છે.

૯. ઉંચી પરિણતિવાળો શ્રાવક છેવટે બારમે દેવલોક જાય છે, અને જીવ અનંતીવખત નવગ્રૈવયકે જાય છે તેનું કારણ શું? તે સમજતાં શીખો!

૧૦. અનંતી વખત દ્રવ્ય સાધુપણું એ અનંતી વખત નવગ્રૈવયકે જવાનું કારણ છે.

૧૧. ભાવલિંગ આઠ વખતથી વધુ ન હોય એટલે ભાવલિંગની આરાધના આઠ ભવથી વધુ વખત ન હોય.

૧૨. આપણને જે પત્થર જેવું કઠણ લાગે છે, તે પુણ્યાત્માઓને પલળેલા માટીના ઢેફા જેવું કોમળ લાગે છે; તેથીજ નિર્ણય કરવો પડે છે કે તે પુણ્યાત્માને પૂર્વની આરાધના છે.

૧૩. આત્માના પ્રેમના તંતુઓને કાપવા માટે વજસ્વામી કાવીલ કાતર રૂપ રૂદન શરૂ કરે છે.

૧૪. મોહનો સદંતર નાશ કરવા જે છ માસ સુધી રૂદન કર્યું એ બાળ વજસ્વામીના અસહકારની પરાકાષ્ઠા છે.

૧૫. સારા શકુન જોઇને સચિત્ત-અચિત્ત જે મલે તે લાવજો એવું અવસરે પૂ. ગુરૂમહારાજ મુનિશ્રી ધનગિરિજીને જણાવે છે.

૧૬. દુનિયાએ પાઘડી-ટોપીમાં આબરૂ માની છે, અને સાધુઓએ તો પહેલેથી ઉતારી છે.

૧૭. જણેલાને સહુ કોઈ પાલે છે, પણ દીક્ષા લેનારને સહાયક થનારા કેટલા?

૧૮. વજસ્વામી મોટા થયો, અને માતાને મોહ ઉછળ્યો!

૧૯. આ શાસનમાં ગુરૂવચન એજ શાસ્ત્રના વાસ્તવિક ઈશારા છે.

૨૦. રત્ન છતાં કાચ ધારીને ફેંકનાર જેવી દશા શ્રીવજ્રસ્વામીની માતાની થઈ.

૨૧. ધર્મનું શિક્ષણ શીખવાડવું પડે છે, પરંતુ મોરનું શિક્ષણ તો અનાદિકાળથી આ આત્મા શીખીને આવ્યો છે.

૨૨. ધના સાર્થવાહના ભવ્યત્વને શ્રી ધર્મઘોષસૂરિજી દેશનાદ્વારે પરિપકવ કરે છે.

तत्र तावद्दानधर्मस्त्रिप्रकारः प्रकीर्त्तितः ।

ज्ञानदानाभयदान–धर्मोपाग्रहदानतः ॥

પર્વ-૧ લું. સર્ગ-૧-શ્લોક ૧૫૩.

## ભવ્યત્વ પરિપકવ થયા વિના સિદ્ધિ નથી.

શાસ્ત્રકાર મહારાજા-કલિકાલ-સર્વજ્ઞ-ભગવાન્ શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી ભવ્યજીવોના હિતના માટે શ્રી ત્રિષષ્ઠી શલાકા પુરૂષ ચરિત્રની રચના કરે છે, અને તે પર્વના પ્રથમ સર્ગમાં ધર્મઘોષસૂરિજી ધર્મદેશના દે છે, તે સ્થળે દાનના પ્રકારો જણાવે છે.

ધન્નાસાર્થવાહની (શ્રી ઋષભદેવજી ભગવાનના જીવની) અનાદિની કાચી ગાંઠ શ્રીધર્મઘોષસૂરીજીની વીતરાગ પ્રણીત વાણીથી પાકી ગઇ. મોક્ષ માટેની લાયકાત કોઇ નવી કરી શકે તેમ નથી. શ્રીતીર્થંકરદેવ પણ અભવીને ભવી શકે તેમ નથી. કુંભાર, સુતાર, શલાટ ઘાટ ઘડે

પણ ઘડાવાની લાયકાત તો માટી-લાકડા-પત્થરમાં સ્વતંત્રજ હોય છે. ઘાંચી તેલ કાઢે પણ તે તલમાંથી, રેતમાંથી નહિ! પૂ. શ્રીતીર્થંકર-દેવ, ગણધર, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ; અને શ્રાવકની પણ કારીગીરી ભવ્યજીવો ઉપરજ ચાલે છે, અભવ્ય જીવ ઉપર નહિં! તલમાંથી તેલ નીકળે પછી તે તલ ગમે તે ખેતરના હોય, અને ગમે તે ઘાંચીના હાથમાં આવે. ગમે તે લાકડું અને ગમે તે પત્થર હોય, પણ હુંશીઆર સુતાર-સલાટના હાથમાં આવે તો તેની મૂર્તિ બની જાય. અહીં એ પ્રશ્ન થશે કે પૂ. ગણધર, આચાર્ય, ઉપાધ્યાય કે સાધુ મલે ત્યારે ભવ્ય-જીવને પ્રતિબોધ થવોજ જોઇએ, છતાં તેમ થતું નથી?, આનું કારણ શું?; આ પ્રશ્નના જવાબમાં કહેવું પડશે કે યોગ્યતાનો અભાવ છે.

તલમાંથી પણ તેલ કયારે નીકળે?, સુકાયેલા તલમાંથી તેલ નીકળે છે, પણ લીલા તલમાંથી તો રસ નીકળે, તેલ ન નીકળે. તેલ તો સુકા તલમાંથી નીકળે છે. લીલાલાકડાંનો અથવા ખાણમાંથી નીકળેલા તરતના પત્થરનો ઘાટ ન ઘડાય, તેનો ઘાટ સીધો કરો તોયે વાંકો થઇ જાય. લીલા પત્થરનો થાંભલો કરે તો વળી જાય. પત્થર પણ રીઢો થયા પછી તેનો યોગ્ય ઘાટ ઘડાય છે. લાકડું સુકાયા પછીજ તેના યોગ્ય આકારો કરવામાં આવે છે, અને તલ સૂકાયા પછીજ તેમાંથી તલ નીકળે છે. તાત્પર્ય એ છે કે કાર્ય સિદ્ધિમાં દરેકે દરેક પદાર્થોમાં પરિપકવદશાની પરમ આવશ્યકતા છે. જીવ ભવ્ય છતાં પણ જીવનું ભવ્યત્વ પરિપકવ ન થાય, ત્યાંસુધી પૂ. શ્રીતીર્થંકર, ગણધર વિગેરેનો આપેલો બોધ પણ ઇચ્છીત ફળ આપી શકતો નથી.

## વીંધાયેલા મોતીનો મેલ કાઢવા સોય ન જોઇએ, સળી ચાલે!

જીવોને ભવ્યત્વની પરિપકવતા થવી જોઇએ. કોઇ જીવ પહેલી દેશનામાં બોધ પામે છે! બીજી, ત્રીજી, અનંતી દેશનાના નિમિત્તથી કોઇ કોઇ જીવોનાં ભવ્યત્વ પરિપકવ પામે છે. નીસરણી ચઢનાર જેમ પગથીયાં ચઢે તેમ મેડો ભલે પામે નહિ, પણ મેડાની નજીક તો જરૂર જાય છે. 'ન મળ્યા રામ અને ન મળી માયા એવું પણ થાય,' પણ એમ કરવાથીજ ક્રમે ક્રમે મેડે પહોંચી શકાય છે એમ શ્રીહરિભદ્રસૂરીશ્વરજી કહે છે. જીવોને ભવ્યત્વનો પરિપાક થતાં અનંતા ભવો લેવા પડે છે, અને અનેક દ્રવ્યલિંગો લેવા પડે છે. એ દ્રવ્યલિંગો એજ, નીસરણી (મોક્ષની સીડી) છે. તડકો, વરસાદ એ કાંઈ કબાટનું કારણ નથી પણ લાકડું પાકું થવામાં તો એ કારણ ભૂત છે. પગથીયા દ્વારાએ મેડીએ જવાય છે, તેમ દ્રવ્યલિંગ દ્વારાજ ભાવલિંગની પ્રાપ્તિ થાય છે અને તેથીજ મુક્તિએ પહોંચાય છે. આ જીવ ગ્રૈવેયકે અનંતી વખત જઇ આવ્યો. ઉંચી પરિણતિવાળો શ્રાવક ઉંચામાં ઉંચે બારમા દેવલોક સુધી જઇ શકે છે. ત્યારે નવ ગ્રૈવેયકે ગયો કયાંથી? સિદ્ધ થાય છે કે અનંતી વખત સાધુપણું લીધું માટે અનંતી વખત નવગ્રૈવેયકે ગયો. ભાવલિંગ તો આઠથી વધારે વખત હોયજ નહિં. ચારિત્રની, જ્ઞાનની અને સમ્યક્ત્વની આઠ વખતથી વધારે આરાધના ન હોય. અનંતી વખતની આરાધના દ્રવ્ય લિંગમાં ગઇ. ભાવલિંગની આરાધના આઠ ભવથી વધારે વખતની હોયજ નહિં. આઠ ભવ સિવાયના બધા ભવો દ્રવ્ય લિંગના ભવો સમજવા. આની પરિક્ષા તો સૌ પોત પોતાના આત્માથી કરી શકે

છે. ભણેલો માંદો પડે. મગજે ગરમી ચઢી ગઈ, તે વખતે તે માને મા અને બાયડીને બાયડી તરીકે નવો ઓળખતો આથી તે શું તાવ ઉતરે ત્યારે પાછો ફરી એકડે એકથી ભણે છે ? ના ! તાવને લીધે ભાન ભાન દબાઈ ગયું હતું એ વાત ખરી ! તેવી રીતે આ જીવને જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધનાની પાછી લાયકાત અનુકુલ સંયોગોમાં જરૂર આવી જાય. ચઢતી (ઊંચી) આરાધના થાય તો પહેલાંના ભવોની આરાધના ખરી. અને નહિં તો નહિં શ્રી મહાવીર મહારાજાનો જીવ કઇ વખત નિગોદમાં, વનસ્પતિ વિગેરેમાં ગયો કે જેનો પત્તો ન મળે, પણ બહાર નીકળ્યો કે પાછો ચારિત્ર માટે તૈયાર ! મોતી એક વખત વીંધાયું બાદ તેમાં મેલ ભરાય પણ પછી તે મેલ કાઢવાને સોયની જરૂર ન પડે. સળીથી એ મેલ નીકળે.

## જન્મતાંજ માતાને કંટાળો આપવા કાયમ રોવાનો નિર્ણય કયારે થાય ?

આપણે તો હજી એકડે એકમાં છીએ. કક્કો ઘુંટીએ છીએ. આરાધનાવાળો જીવ તરતજ પ્રતિબોધ પામી જાય. જન્મ થયા પછી સંયોગ મળતાં દીક્ષાનો વિચાર જેને થાય તેની પૂર્વેની કેટલી આરાધના હોય આપણને જે મહાન જેવું દેખાય તે તે પુણ્યાત્માને સ્હેલું અને પ્રમોદ દાયક લાગે. 'દીક્ષા' શબ્દ સાંભળીને જન્મ દીવસથીજ વજ્રકુમારની શી ભાવના થઇ ? વૈરાગ્ય જન્મ દીવસેજ જાગ્યો અને તેના સંરક્ષણ માટેજ માતાના રાગનો નાશ કરવા શું વિચાર્યું ? રો રો કરવું ! જન્મતાંજ એ બાલકે રોઇ રોઈને માતાને કંટાળો આપવાનો નિર્ણય કર્યો ? વજ્રસ્વામી (એ બાલક) વિચારે છે કે-વિરાગીએ રાગીઓ માટે વજ્રહૃદયના થવું જોઇએ, એવું એ બાળક વિચારે છે કે મારે તો માતાની સાથે કાંઇ લેવા દેવા નથી પણ તેણી (માતા) મને છોડે કેમ ? તમે જાણો છો કે ધનગિરિજી (વજ્રનો પિતા) એ તો દીક્ષા લીધેલી છે. આ બાઇને તો આ બાલક એજ આધાર છે. આ બાલક તો માતાના પ્રેમના તંતુઓને કાતરવા માટે આવી કાતીલ કાતર ખોળી (શોધી) કાઢે છે આપણે આટલા મોટા પણ પ્રેમના તંતુઓને કાતરવા તેવી કાતર શોધી શકતા નથી. જેમ આજ કાલ અસહકારવાદીઓ પોતે દુઃખ વેઠીને આગળ વધે છે, તેમ આ બાળકે જન્મથીજ રોવા માંડયું. કડવી દવાના ઘુંટડા કેમ ઉતાર્યે જતો હશે ! એ વજ્ર શિશુ રોતો રહેતોજ નથી.

આ તાજા જન્મેલા બાળકે મોહની મોહકાણ માંડવા-એટલે કે એનો સદંતર સંહાર કરવા છ છ માસ પર્યંત રોયાજ કર્યું. એક કલાક તો રોઈ જુઓ ! બાલક રૂએ એટલે મા તો તેને દર્દ થતું માની કેટલીયે જાતની કડવી દવા પાય ? પરાણે પાય ! મોં ફાડીને, વેલણ ઘાલીને પાય ! આ બધું કેવી રીતે સહ્યું હશે ? છ મહીના રોતાં સાદ પણ બેસી જાય. હાથ પગ પણ પછાડવા પડયા હશે ? કમલના ફુલ જેવા કોમલ બચ્ચાંની શી દશા હશે ? ચારિત્રની કેટલી ધૂન લાગી હશે ! પ્રવ્રજ્યાનો કેવો રંગ લાગ્યો હશે ? રોવું-કાયમ રોવું શા માટે ? મા કંટાળે અને પોતાને તજી દે એજ એક ઉદ્દેશને ?

## ઝોળીમાં પડતાંજ ચૂપ શાથી ?

માને કાયર કાયર કરી નાખવાનું, ત્રાહિ ત્રાહિ પોકરાવવાનું, જન્મતાંની સાથે છોકરો શરૂ કરે એ તેની ચારિત્ર લેવા માટેની કેટલી તીવ્ર ધગશ ! ભવિતવ્યતા કાંઇ ઓરજ ચીજ છે. દીક્ષા લીધા પછી બાર વર્ષ સુધી પોતાના

ગામમાં ન અવાય છતાં તેઓ પોતાના પૂ. ગુરૂ આચાર્ય મહારાજ સાથે ધનગિરિ આવ્યા. શકુન સારા થતાં, ગોચરી જતાં, પૂ. આચાર્ય મહારાજે પોતાના શિષ્ય શ્રી ધનગિરિજીને કહ્યું કે સચિત્ત-અચિત્ત જે મળે તે લઇ લેજો. મુનિશ્રી ધનગિરિ ફરતાં ફરતાં પોતાનેજ ઘેર આવી ચઢયા. બાલક વજ્ર (વજ્ર હૃદયવાળું બાલક) અસ્ખલિતપણે રોયાંજ કરે છે, કેમકે તેની રોવાની કાંઇ મુદત નહોતી. કાર્યસિદ્ધિ પર્યંત રોવાનો નિર્ણય હતો. ધનગિરિજી વહોરવા આવ્યા છે. બાલક રડયા કરે છે અને તેથી ગોચરી દઈ શકાતી નથી. માતા ખૂબ કંટાળી હતી, અકળાઈ હતી. 'આ છોકરાએ તો મ્હારો જીવ લીધો; લઇ જાઓ તમે!' એમ કહી જો કે પોતાનો (માતાનો) ત્યાગભાવ નથી, છતાં છોકરાને પાત્રામાં વહોરાવી દીધો.

'અણી ચૂકયો સો વર્ષ જીવે.' વળી સંસારનું સ્વરૂપ સ્પષ્ટ છે. માતાને પાંચ સાત રાત્રોના ઉજાગરા થાય તો તરત કહે કે-'આ તો મરતોય નથી અને માંચોય મૂકતો નથી.' આ અનુભવ કોને નથી? સૌ કાંઇ રાગચીજ કાર્ય કરે છે, છોકરાને આખી મીલકત અપાય અને છોકરીને બે પાંચ હજાર પણ નહિં તેનું કારણ શું? છોકરી માટે 'આ તો પારકું ધન' એવી ગણત્રી છે. બધે સ્વાર્થનીજ બાજી-સ્વાર્થની બાજીજ ખેલાય છે. ભલે છોકરો હોય, પણ જ્યાં તે માંદો પડે, અને તેની માંદગીની લીધે બે પાંચ દહાડાના ઉજાગરા થાય; તો મા, બાપ, સાસુ, સસરો, કાકી-કાકો, મામી-મામો, બધા તરત બોલી ઉઠે કે-'આ તો આપણો જીવ લેવા આવ્યો છે.' તુરતના જન્મેલા વજ્રે માતાને તોબા તોબા પોકરાવી. આ સંબંધમાં ગુર્જર ભાષાની કહેવત અખો કહે છે-'લેવા જાય છે નવી, પણ પેટ પડયા તે લે ભોગવી.'

સૌ કોઇ સ્વાર્થનેજ લઇને સુખ દુઃખ ભોગવે છે. ધનગિરિ છે સાધુ પણ પોતાની પૂર્વાશ્રમની પત્નીને સારી રીતે ઓળખે છે તેથી કહ્યું કે-'મારે નથી જોઇતો.' મોહનો એક છાંટો રહ્યો હોત તો શું થાત? ધનગિરિજી કહે છે-'તારો ભરૂસો શો? કાલે સવારે તું ફરી જાય તો?' ધણી ચરિત્રના રંગે કેવો રંગાયો હશે? વિચારો! ધણી ધણીઆણીની તકરારમાં સાક્ષી હોય? ધણી ધણીઆણી હતા ત્યારે ન હોય. અત્યારે એ સંબંધ નથી. ભાવનગરનો દાખલો લ્યો! દુનિયામાં તમે કેટલું કલ્યાણ કરો છો તે જાણીએ છીએ. આ કોણ છે? મારી બેન છે. જોઇને બોલો! જોઇનેજ બોલ્યો છું! સ્ત્રી હતી ત્યારે હતી! અત્યારે નહિં! દિવાને દીક્ષા માટે તરતજ રજા આપી દીધી. દુનિયાની આબરૂ પાઘડી ટોપીની છે. તે સાધુએ તો પહેલેથીજ ઉતારી નાંખી છે. સાક્ષી લેવાણી છતાં છોકરો રોતો રહેતોજ નથી. ચુપ રહી જાય તો કેસ બગડી જાય અને પછી તો મા આપે પણ નહિ. ગુરૂ આવ્યા. દિક્ષાની વાત થાય છે. સાક્ષી બોલાવ્યા. સાક્ષી લેવાણી છતાં છોકરો રોતો રહેતો નથી, પણ માતાએ તે છોકરાને જેવો ઝોળીમાં નાંખ્યો કે તરત ચૂપ થઈ ગયો. આથી માતાને કેટલો રોષ આવ્યો હશે! શી દશા! આથીજ ગુરૂએ પહેલાં સોંપ્યો શય્યાતરને ઘેર! તમે જણેલાંને પાળો છો તો દીક્ષા લેનારને સહાયક તરીકે ન પાળો? શય્યાતર પણ પહેલાં પાળેલ છોકરાને ધવરાવે, ખવરાવે; પછી પોતાના છોકરાને કઈ દશા? વજ્રસ્વામીની ભાગ્યવાન દશા તો એક બાજુ, પણ શય્યાતરની કેવી ભાગ્યવાન દશા!

## અનંતા દ્રવ્યલિંગ એજ ભાવલિંગના કારણ છે.

એ બાલકને ગુરૂ મહારાજાએ દીક્ષા તો ત્રણ વર્ષ બાદ આપી છે, પણ તે પહેલાં એ બાલક અગીયાર અંગ ભણી ગયો. સાધ્વીઓ ભણે અને તેનું જ્ઞાન ઘોડીયામાં સૂતાં સૂતાં શ્રી વજ્રસ્વામીજીને થયું. વજ્ર મોટો થયો એટલે માતાને મોહ ઉછળ્યો. આપ્યો હતો કઇ દૃષ્ટિએ? બાલક રોતો હતો તેથી પોતે છ મહીના સુધી હેરાન થઇ હતી, એટલે હવે ભલે એનો બાપ હેરાન થાય-ભલે તે સાધુ હેરાન થાય. ધનગિરિએ આવા રોતા કકળતા બાલકને કેમ લીધો હશે?. નાનું બાલક તો રૂએ કકળે, રોગી પણ થાય, ઝાડે જાય, મૂતરે, બધું કરે આવા બાલકને શ્રી ધનગિરિજીએ કેમ વહોર્યો હશે? ગુરૂએ કહ્યું હતું માટે! ગુરૂ વચન એજ શાસ્ત્રના ઇસારા! આ કારણે ધનગિરિજીએ એ કાંઇ જોયું નહિ જે આપ્યું તે લઇને ગુરૂ પાસે આવ્યા હતા. વજ્ર મોટો થયો એટલે માતાની મનોવૃત્તિ પલટાણી. તાંબાની ધારીને આપીએ અને સોનાની નીકળે તે વખતે છાતી માથા કૂટાય! કાચ ધારીને ફેંકી દઇએ અને પછી માલમ પડે કે એ તો રતન હતું ત્યારે શી દશા થાય? વજ્રની માતાની પણ આ દશા થઈ, હવે માતા આવીને શય્યાતર પાસે પોતાના બાલકની માગણી ઉઘરાણી કરવા લાગી અને કહેવા લાગી, 'લાવો મારા છોકરાને! જણનારી તો હું છું ને! ગાયને વાછડી કે વાછડો આવે, તે ગાયનો કે આખલાનો? ગુરૂએ પાઘડી બંધા સાક્ષીઓને બોલાવ્યા.

સ્વારથીઓ સંસાર અરે, અમે થાશું અણગાર,
અરેઆ સ્વારથીઓ સંસાર!
સ્વારથમાં સહુ કો ગરજાણું,
પુત્રાદિક પરિવાર!
ગધેડાને ગરજે બાપુ કહેવાય,
પછે દીસે છે માર! અરે આ૦
ઘણાને દુઃખ મેં દીધાં,
ઘણાંના લોહી મેં પીધાં,
અનંતા બાપ મેં કીધા,
જન્મ તો આ મેં ખોયો.
અરે આ જન્મ મેં ખોયો,
જુવાની તો દિવાની છે.
અનાદિ કાલની ભૂલો સુધારો.
(પુણ્યવિજય)

[ આ ઉપરનું ગુર્જર ભાષાનું કાવ્ય સ્વ૦ કર્પૂરવિજયજીના શિષ્ય મુનિશ્રી પુણ્યવિજયજી બોલ્યા હતા, કારણ કે વ્યાખ્યાનનો પ્રસંગ સ્વાર્થની રમત ઉપર હતો તેથી અવસર ઉચીત બોલેલા શબ્દોની આ નોંધ છે. લિ. તંત્રી ]

પણ તેઓ આવે શાના? આવ્યાજ નહિ! ડોકાણાયે નહિ! દુનિયામાં મોહને બોલાવવો પડતો નથી; ધર્મને બોલાવવો પડે છે. સામાયિક, પ્રતિક્રમણ વિગેરે શીખવવાં પડે છે, પણ મોહનું શિક્ષણ આપવું પડતું નથી. આખું ગામ માતાના પક્ષમાં ગયું. ફક્ત શય્યાતરે રોકડું પરખાવ્યું કે:-'અમને તો ગુરૂ મહારાજે આપેલો છે માટે અમે તેનેજ આપીશું.'

આ તકરાર ધણી ધણીઆણીની હતી. વાત વધીને રાજા પાસે ગઇ. સંઘે કહ્યું કે આ છોકરો ગુરૂને સોંપાયેલો છે, જેથી પાછો આપી શકાયજ નહિં. રાજાએ બધા રમકડાં હાજર રાખ્યા છતાં તે છોકરો તે લેવાને એક ડગલું પણ ખસતો કે ચસકતો નથી. ગામ થાકયું, માતા સુનંદા થાકી અને હવે બાપને બોલાવવાનો હક અપાયો. બાપ પાસે માત્ર ઓઘો હતો. બાપે બાલકને ઓઘો આપ્યો. બાલકે તે

લીધો, માથે ચઢાવ્યો અને નાચ્યો. આરાધનાવાળાભવની કમાણી અવસરે કામ કરે છે, અને તે ધ્યાન બહાર ન રહે અનંતી વખત દ્રવ્ય લિંગ થશે બાદ ભાવ સાધુપણું આવશે. અનંતી વખત દ્રવ્યલિંગે સાધુ પણું લીધું એ પણ ભાવલિંગનું કારણ. મરૂદેવા માતાનું દૃષ્ટાંત તો મોટું આશ્ચર્યજ ગણાય છે. ધના સાર્થવાહનું ભવ્યત્વ ધર્મઘોષસૂરિજી કેવી રીતે પરિપકવ કરે છે. તે વિચારીએ.

**मोक्षे पर्यायेण भविष्यति इति भव्यः।**

દરેક ભવ્ય જીવમાં ભવ્યત્વ રહેલું છે, યાવત મોક્ષ પામે ત્યાં સુધી ભવ્યત્વ રહેવાનું છે. મોક્ષ પામે એટલે શું ભવ્યત્વ જાય? પ્રશ્ન થશે કે ત્યારે શું મોક્ષ પામે એટલે ભવિ અભવિ થઇ જાય? ના! માટીમાં ઘડો તથા બીજમાં અંકુરો થવાની લાયકાત ખરી, પણ ઘડો કે અંકુરો થયા પછી તેમ થવાની કારણ દશાજ રહેતી નથી. ઘડો કે અંકુરો થયા પછી ઘડા કે અંકુરાને માટી—બીજ સંબંધનું લાયકપણું કે નાલાયકપણું એવું કશું રહેતુંજ નથી. લાયકપણું અને નાલાયકપણું ભવિષ્યની અપેક્ષાએ રહેલું છે, પણ કાર્ય થઇ ગયા પછી એ પ્રશ્ન રહેતોજ નથી. હિસાબ કરી આપ્યા પછી હિસાબ કરી શકે છે કે નહિ એ પ્રશ્નને અવકાશજ નથી. ભવ્યત્વ એ ચીજ શી તે સમજો! भविष्यति इतिः સિદ્ધિરૂપે થશે તે ભવિ: मोक्ष (सिद्धि) पर्यायेण भविष्यति इति भव्यः। ભવ્યત્વ સમજનારને મોક્ષની ઇચ્છા થવીજ જોઇએ. મોક્ષની ઇચ્છા થાય તે તો જુદી વાત પણ પોતાને મોક્ષ મળશે કે નહિ એવી શંકા થાય તે પણ ભવ્યજ હોય.

## હેતુ-યુક્તિ દૃષ્ટાંતની જરૂર.

અભવિને ભવ્યત્વાભવ્યત્વની શંકાજ ન થાય. કાન અને આંખના અનુભવ વચ્ચે લાખ ગાડાંનો ફરક છે. કોઇ એમ કહે કે, 'ફલાણાને વાગ્યું અને દોઢ શેર લોહી નીકળ્યું.' આ વાત સાચી હોય, અરે! ડાકટરે ખુદે કહી હોય, પણ તે સાંભળતાં ચીતરી ચઢતી નથી? જ્યારે લોહી નીકળતું હોય, નજરે જોતાં પાશેર લોહી નીકળે તેટલું સગી આંખે જોતાં પણ ચીતરી ચઢે છે એનું કારણ શું? એનું કારણ એજ કે આંખે જોવું અને કાને સાંભળવું તેમાં ફરક છે. ભગવાનના વચનો આપણે સાચાજ માનીએ છીએ, પણ જે વખતે વાત યુક્તિથી બેસે તે વખતની અસર કોઇ ઓરજ (જુદીજ) થાય છે. પરમેશ્વરનાં વચનો કહેવામાં હેતુ, યુક્તિ, દૃષ્ટાંત વિગેરે આટલા માટેજ છે. એમ કહેવામાં આવ્યું કે, 'જેનું ધર્મમાં મન હોય તેને દેવતા પણ નમસ્કાર કરે છે.' धम्मो मंगल मुक्किट्ठं ધર્મ ઉત્કૃષ્ટ મંગલ છે; આટલાજ સૂત્રમાં શ્રદ્ધા થયા પછી देवावि तं नमंसंति શા માટે કહ્યું? જેમ કાને સાંભળેલું સાચું માન્યું હતું પણ દેખવાથી અસર થાય તે જુદીજ તેમ હેતુ, યુક્તિ, દૃષ્ટાંતથી વિશેષ અસર થાય છે. કાન (સાંભળવું) અને આંખ (જોવું) એમાં દેખીતો ફરક ચાર આંગળનો છે, પણ ખરેખરો ફરક હજાર ગાડાંનો છે. હેતુ, યુક્તિ, દૃષ્ટાંતથી જે વાત જચે તે અપૂર્વ રીતિએ જચે છે. કેટલીક વાતો એવી હોય કે જેમાં હેતુ, યુક્તિ, દૃષ્ટાંત ન લાગી શકે ત્યાં આજ્ઞાથી જણાવવી પણ જ્યાં હેતુ, યુકિત તથા દૃષ્ટાંત સંગત હોય

ત્યાં હેતુ, યુકિત, તથા દૃષ્ટાંત જરૂર લગાડવા જોઇએ અને તોજ તે વ્યાખ્યાન માટે લાયક છે. તોજ તે આરાધક; નહિ તો તે વિરાધક ગણાય. મનોહર ચિત્રને જેમ પોતાના બાલ્ય વયના સ્વભાવ (ચપળતા) મુજબ બાળક ઉલટું બગાડે તેવી રીતે જ્યાં લાગુ થતા હોય ત્યાં પણ હેતુ, યુક્તિ, દૃષ્ટાંત લાગુ ન કરે તે વ્યાખ્યાનને માટેની લાયકાત ગુમાવે છે. શાસ્ત્રથી સિદ્ધ હોય છતાંયે હેતુ, યુકિત, દૃષ્ટાંતથી સિદ્ધ કરવુંજ જોઇએ.

## અભવિને ભવ્યાભવ્યત્વની શંકાજ થતી નથી.

'હું મોક્ષે જઇશ કે નહીં?' એવી શંકા ભવ્યનેજ થાય, અભવીને ભવ્યપણા તથા અભવ્યપણા માટે શંકાજ થતી નથી. બંને પદાર્થ જાણે, માને તેનેજ શંકા થાય. એકલું દોરડુંજ જાણનારને સર્પની શંકા કયાંથી થાય? વળી આકાશનું ફુલ છેજ નહિ, ગધેડાને શીંગડુ છેજ નહિ એટલે ત્યાં શંકા શાની થાય?; ઉન અને સુતરનો ભેદ જાણીએ છીએ, માનીએ છીએ, છતાં તે સંબંધમાં (ઉન-સુતર સંબંધમાં) ઇષ્ટ અનિષ્ટપણું નહિ હોવાથી ચમકારો થતો નથી કે શંકા થતી નથી. બંને વાત જાણવામાં આવે, માનવામાં આવે અને ઇષ્ટ કે અનિષ્ટપણું સંકલિત હોય ત્યાંજ શંકા થાય. કદી જાણ્યું પણ માન્યું ન હોય તો શંકા ન થાય. ઇચ્છા ન હોય ત્યાં શંકાને સ્થાન-નથી. અભવ્યત્વ નકામું છે. અભવીનો મોક્ષ થતો નથી. જેને પોતાનામાં રહેલી અયોગ્યતા માટે દીલગીરી થતી હોય, તથા પોતે ભવ્ય હશે કે અભવ્ય એવી શંકા પણ થતી હોય તો સમજવું કે તે ભવીજ હોવો જોઇએ. જેમ તાંતણો તાંતણો હોય ત્યાં સુધી કપડું થવાને લાયક ગણાય, પણ કપડું થઇ ગયા પછી તે કપડું થવાને હવે લાયક નથી.

## સમય, સંયોગાદિ પ્રાપ્ત થયેથી પરિપકવ દશા થયેજ સિદ્ધિ છે.

એવો પ્રશ્ન પણ થશે કે ભવ્યત્વ તો અનાદિકાળનું છે તો આ જીવ આટલો કાળ ગયા છતાં રખડયા કેમ કરે છે? ખાણમાંના પત્થરમાં મૂર્તિ થવાની લાયકાત તો છે પણ તેની મૂર્તિ કેમ બની નથી?, તે પત્થર બહાર નીકળ્યો હોત અને કારીગરના હાથમાં આવ્યો હોત તો જરૂર મૂર્તિ બનત. નીગોદનો જીવ એ ખાણમાં પડેલા પત્થર જેવો છે. બહાર નીકળ્યા પછી પણ તે પત્થર કારીગરના હાથમાં આવવો જોઇએ. શાસનસ્થાપક શ્રીતીર્થંકર મહારાજનારૂપી કારીગરના હાથમાં જીવ ન આવે ત્યાં સુધી ધારણા મુજબની યોગ્ય મૂર્તિરૂપ કેમ બને? કારીગરના હાથમાં તો હજારો પત્થર આવે તેમાંથી કોઇ વખતે કોઇની તો કોઇ વખતે કોઇની મૂર્તિ બને છે. આ જીવે અનંતી વખત શ્રીભગવાનની દેશના પણ સાંભળી છતાં મોક્ષ કેમ ન થયો? કેટલીક વખતે પાણા (પત્થરો) પણ કાચા તેમજ પાકા નીકળે છે. કાચા પત્થરની મૂર્તિ કયાંથી બને? તુરતનાં કાપેલાં લાકડાંથી કંઈ કબાટ વિગેરે બને કે? નહિ! પત્થર, લાકડાં વિગેરે પાકાં થાય તો તેનાં ઘાટ બને. જીવના મોક્ષનું પણ તેવીજ રીતે સમજવું. શ્રીઋષભદેવજી ભગવાનનો જીવ, ધન્નાસાર્થવાહ, ધર્મઘોષસૂરિજીના હાથે પાકયો (પરિપકવ થયો).

# ॥ श्रीसूत्रकृतांग-सारांशः ॥

આલેખનકારઃ—પ. પૂ. આચાર્યદેવ શ્રીચન્દ્રસાગરસૂરિજી.

(વર્ષ ૧૫ અંક ૧૧–પૃ. ૨૬૬ થી ચાલુ)

## પૂ. નિર્યુક્તિકાર-શ્રીભદ્રબાહુ સ્વામી.

શ્રીસૂત્રકૃતાંગ-પ્રથમ-શ્રુતસ્કંધના સોળ-અધ્યયન ઉપર અર્થકાર-શિરોમણિ, ચૌદ-પૂર્વધર, નિર્યુક્તિકાર, ઉવસગ્ગહરં સ્તોત્રના રચયિતા, ભગવાન્-શ્રીભદ્રબાહુસ્વામીજીએ નિર્યુક્તિને એકસો એકતાલીસ પદ્યોમાં રચી છે, અને શ્રીસૂત્રકૃતાંગના સૂત્રસ્થિત-પદોના પરમાર્થ જણાવવા માટે દરેક અધ્યયનોમાં નિર્યુક્તિસ્થિત-પદોને વિવેકપૂર્વક સમજવા માટે વિસ્તૃત-વિષયાદ્યનુક્રમ નામના પ્રથમ-પરિશિષ્ટમાં જણાવ્યા છે.

આસન્નોપકારી-ચરમતીર્થંકર-ભગવાન્ શ્રી મહાવીર મહારાજાના પંચમગણધર-શ્રીસુધર્મસ્વામીજીની શિષ્યાદિ પરંપરામાં અનુક્રમે શાસનની પાટપરંપરાને શોભાવનાર અને પ્રભાવના-કરનાર-શ્રીજંબૂસ્વામીજી, શ્રીપ્રભવસ્વામીજી, શ્રીશય્યંભવસૂરિજી (દશવૈકાલિકના રચયિતા) અને તેઓના શિષ્ય શ્રીયશોભદ્રસૂરિ થયા. તેઓને એક શ્રીસંભૂતિવિજયજી (શ્રીસ્થૂલભદ્રસ્વામીજીના ગુરૂ), અને બીજા શ્રીભદ્રબાહુસ્વામીજી એ શિષ્ય થયા. પૂ શ્રીનિર્યુક્તિકારનું બધું વૃતાંત જાણવાની ઇચ્છાવાળાએ શ્રીકલ્પસૂત્રની સ્થવિરાવલી જોવી. શ્રીઆવશ્યકસૂત્ર, શ્રીદશવૈકાલિકસૂત્ર આદિ દશ શાસ્ત્રો ઉપર પૂ. શ્રી નિર્યુક્તિકારે નિર્યુક્તિ રચી છે, તે પૈકી શ્રીસૂત્રકૃતાંગ પર નિર્યુક્તિની રચના પણ તેઓશ્રીએ જ કરી છે. આ વાતનું સમર્થન કરતાં તેઓશ્રી આવશ્યકસૂત્રની નિર્યુક્તિમાં જણાવે છે કે:—

"आवस्सगस्स दसकालिअस्स तह उत्तरज्झमायारे।
सूयगडे निज्जुत्तिं वुच्छामि तहा दसाणं च ॥८४॥"

## પૂ. વૃત્તિકાર-શ્રીશીલાંકસૂરિજી.

આ સૂત્રકૃતાંગમાં સૂત્રોની પદ્યાત્મક-રચના વધુ પ્રમાણમાં છે, અને ગદ્યાત્મક-રચના અલ્પ-પ્રમાણમાં છે. આ અંગના સૂત્રો, સૂત્રસ્થિત પદો, અને તે તે સૂત્રપદોના પરમાર્થને જણાવવા માટે, અને **પૂજ્ય-નિર્યુક્તિકારે** રચેલી નિર્યુક્તિ-પદ્યોના પદોના ભાવાર્થ-રહસ્યને જણાવવા માટે વૃત્તિની રચના કરનાર **પૂ. શ્રીશીલાંકસૂરિજી** છે. પૂ વૃત્તિકારે પ્રથમ આચારાંગ ઉપર વિસ્તૃત વૃત્તિ કરીને શાસનની ભારે સેવા બજાવી છે. આ વૃત્તિકારના જીવનને સ્પર્શવા પૂર્વાવસ્થાના પુનિત-પ્રસંગો અને શ્રમણ-અવસ્થાના સુંદર-પ્રસંગોનો નિર્ણય કરી શકાય તેવા સાધનો દુર્લભ છે. એટલુંજ નહિં પણ પૂ વૃત્તિકારે શ્રીઆચારાંગસૂત્ર અને શ્રીસૂત્રકૃતાંગ-સૂત્ર ઉપર વૃત્તિ કયારે કરી?, તે સંબંધમાં શ્રીઆચારાંગની પ્રશસ્તિમાં ગુપ્તસંવત્સર મલે છે, તે સિવાય બીજી કોઇ સાધન-સામગ્રી વર્તમાનમાં ઉપલબ્ધ નથી. પરંતુ વૃત્તિમાં આવતા સાક્ષિપાઠો જે જે આપેલા છે તે તે પાઠો ઉપરથી તેઓશ્રીની વૃત્તિના રચનાસમયનું પ્રાયઃ અનુમાન કરી શકીએ. વધુમાં શ્રી સૂત્રકૃતાંગના

બીજા ભાગના પ્રકાશન વખતે બંન્ને અંગના સાક્ષિપાઠોના સ્થલાદિ જણાવાશે, ત્યારે આ પૂ. શ્રીવૃત્તિકારના રચના સમયાદિનો નિર્ણય તેને અનુસરીને વિચારાશે, અને સાથે સાથે પ્રાપ્ત થતાં સાધનરૂપ જૈન-સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ, પ્રાચીન લિપિમાળા; અને હિંદુસ્તાનનો ઇતિહાસ—એ ત્રણના આધારે પણ તેઓશ્રીનું જીવન વિચારાશે.

## ગ્રન્થનું ગુણનિષ્પન્ન-નામ.

શાસનમાન્ય-સૂત્રકાર-પંચમ-ગણધર—શ્રી સુધર્માસ્વામિજી, અને જેઓને ઉદ્દેશીને સૂત્રો કહેવાય છે તે અંતિમ કેવલી શ્રીજંબૂસ્વામીજી; આ બન્નેની જીવનચર્યાનો અભ્યાસ કરીને, અને સાથે સાથે સર્વ શ્રુતસંપદાના માલિક શ્રીસુધર્મા-સ્વામીજીનો સ્વીકાર કરીને "સુયં મે" ઇત્યાદિ પદોની વ્યાપકતા અને વ્યવસ્થા સમજી ગયા. આથી બધા અંગ-ઉપાંગની જેમ શ્રીસૂત્રકૃતાંગ-સૂત્રની સઘળી સામગ્રીના રચયિતા-પંચમ-ગણધર-ભગવાન્-શ્રીસુધર્માસ્વામી જ છે. હવે આ ગ્રંથનું નામ શી રીતે પડયું તે વાતને જણાવતાં થકાં ચૌદ પૂર્વધર-અર્થકાર-શિરોમણિ-શ્રીભદ્રબાહુસ્વામીજી શ્રીસૂત્રકૃતાંગનો પરિચય કરાવતાં આ પ્રમાણે જણાવે છે કે-બાર અંગોમાં આ શ્રીસૂત્રકૃતાંગ એ બીજું અંગ છે, અને તેના ગુણનિષ્પન્ન નામો ત્રણ છે.

**सूयगडं अङ्गाणं बिइयं तस्स य इमाणि नामाणि ।**
**१ सूयगडं २ सुत्तकडं ३ सूयगडं चेव गोण्णाइं ॥२॥**

**૧ સૂયગડં, ૨ સુત્તકડં, ૩ સૂયગડં;** પૂ. શ્રીનિર્યુકિતકાર જણાવે છે, અને પૂ. શ્રીવૃત્તિ-કાર **સૂતકૃત, સૂત્રકૃત,** અને **સૂચાકૃત** એમ જણાવે છે. તીર્થંકર ભગવંત પાસેથી અર્થરૂપ ઉત્પન્ન થયેલાને ગ્રન્થરચના શૈલીથી ગણધર ભગવંતોએ જે ગુંથ્યું તે **સૂતકૃત ૧,** ગણધર ભગવંત વિરચિત-સૂત્રાનુસારે સૂત્રસ્થિત-ભાવાનુ-સારે. તદ્વિષયક-તત્ત્વાબોધ કરાય છે, અર્થાત નિર્વાણપથ જણાય છે; તે **સૂત્રકૃત ૨,** અને સ્વપરસમયના ભાવોનું સૂચન આ સૂત્રોમાં ઠાંસી ઠાંસીને ભરેલું છે, તેથી "સ્વપરસમયાર્થસૂચનં-સૂચા આ સૂત્રને વિષે કરેલી છે તેથી **સૂચાકૃત ૩;** આ ઉપરના ત્રણ નામોના ભાવાર્થને જણાવીને તેજ નામોની યથાર્થ ગુણનિષ્પન્નતા પૂ. નિર્યુક્તિ-કાર વધુ સ્પષ્ટ કરે છે.

**सोऊण जिणवरमतं गणहारी काउ तक्खओवसमं ।**
**अज्झवसाणेण कयं सुत्तमिणं तेण सूयगडं ॥१८॥**

નિર્યુકિતના અઢારમા પદ્યમાં પૂ. શ્રી નિર્યુક્તિકાર જણાવે છે કે—ત્રૈલોકયનાથ તીર્થંકર ભગવંતોના અભિપ્રાયને શ્રવણ કરીને, અને ગ્રન્થ રચનાને અનુકૂળનો કર્મ ક્ષયોપશમ કરીને; શુભ-અધ્યવસાયથી આ સૂત્રો કહે છે, તેથી તેનું નામ **સૂયગડં=સૂત્રકૃત** કહેલું છે.

આ રીતે વિવેકપૂર્વક વિચારતાં ગ્રંથનું નામ સૂત્રકૃતાંગ રાખેલું છે, એ ગુણનિષ્પન્ન યુકિતયુકત છે,

## સૂત્રકૃતાંગની મહત્તા.

વર્તમાનકાલીન શ્રમણ ભગવંતોને ઉભય ટંક પ્રતિક્રમણ કાળે આ સૂત્રકૃતાંગનું મહત્વ સ્મૃતિપથમાં સર્વદા સુસ્થિર રાખવા માટે **"पगामसिज्जाए० ना"** (શ્રમણસૂત્રના) ઉચ્ચારણ વખતે **"સોલસહિં ગાહાસોલસેહિં",** અને **"તેવીસાએહિં સૂયગડજ્ઝયણેહિં";** આ બે વાકયોના ઉચ્ચારણ કરાય છે. અભ્યાસીઓ શ્રીસૂત્રકૃતાંગ-સૂત્રના ત્રેવિસ-અધ્યયનનો સારાંશ

સ્મૃતિ પથમાં રાખવાથી સ્વદર્શનમાં વધુ ને વધુ સ્થિર બને છે, અને પરદર્શનની માન્યતાઓ અને ચિત્તને વિહ્વલ બનાવનારા-ચમત્કારાદિથી લવલેશમાત્ર વ્યામોહિત બનતા નથી. પ્રથમાંગ-શ્રીઆચારાંગમાં કથન કરેલા પાંચ આચારોથી પુનિત-જીવન-જીવનારા શ્રમણ-ભગવંતો સ્વપરસમયને વિવેકપૂર્વક જાણીને શ્રદ્ધામાં વધુ ને વધુ સ્થિર થઇને અન્ય જીવોને વધુ સ્થિર કરે તે માટે આ સૂત્રકૃતાંગની મહત્તાનું મૂલ્યાંકન જેટલું કરીએ, લ્હીએ, અને આલેખન કરીએ તેટલું ઓછું છે, માટે વિવેકીઓએ આ મહત્ત્વભર્યા મૂલ્યાંકન પ્રસંગને અવશ્યમેવ વિચારવાનું જરૂરનું છે. પ્રથમ-શ્રુતસ્કંધના સોળ અધ્યયનોના પૂર્વાપર સંબંધને વિચારીને, પરિશીલન કરીને, અને અભ્યાસ કરીને; સાથે સાથે બીજા શ્રુતસ્કંધના સાત અધ્યયનોના પૂર્વાપર સંબંધને વિચારીએ તો, પરિશીલન કરીએ તો; અને અભ્યાસ કરીએ તો વિવેકી વાંચકોને અવશ્યમેવ માલૂમ પડશે કે દુનિયાભરના વિવિધ-જૈનેતર-શાસનોની માન્યતાઓ સામે, આચારો, વિચારો, સિદ્ધાન્તો, યુક્તિઓ અને પ્રયુક્તિઓ સામે અભેદ્ય દિવાલની જેમ અડગ રહેવાની અપૂર્વ આસ્તિકયતાનું અપૂર્વ જોમ ટકાવી રાખનાર અને વિદ્વાનો સામે સુંદર સમાધાનો આપીને જૈન-શાસનની અપૂર્વ જયપતાકા ફરકાવવાની તાકાત સમર્પણ કરનાર હોય તો આ એકજ સૂત્રકૃતાંગ છે.

## સૂત્રકૃતાંગની સામગ્રીઓ—

શાસનમાન્ય—પ્રાતઃસ્મરણીય—પૂજ્યપાદ-પંચમ ગણધર ભગવંત-શ્રી સુધર્માસ્વામીજીએ આ સૂત્રકૃતાંગ સૂત્રની રચના શ્રુતસ્કંધસ્વરૂપ બે વિભાગમાં કરી છે. પ્રથમ શ્રુતસ્કંધમાં ૧૬ અધ્યયનો છે, અને બીજા શ્રુતસ્કંધમાં સાત અધ્યયનો છે. એકંદર બે શ્રુતસ્કંધ અને ત્રેવીસ અધ્યયનો છે અને ૩૩ ઉદ્દેશક છે. શ્રી આચારાંગ સૂત્રથી બમણું છે, અને છત્રીસ હજાર પદપ્રમાણ આ શ્રી સૂત્રકૃતાંગ છે. આજ વાતને સમર્થન કરતાં પૂ. શ્રી નિર્યુક્તિકાર આ પ્રમાણે સૂત્રકૃતાંગની નિર્યુક્તિમાં જણાવે છે.—

दो चेव सुयक्खंधा, अज्झयणाइ च हुंति तेवीसं।
तेत्तिसुद्देसणकाला आयार ओ दुगुणमंगं ॥ २२ ॥

પ્રથમ અધ્યયનમાં ચાર, બીજા અધ્યયનમાં ત્રણ, ત્રીજા અધ્યયનમાં ચાર, ચોથા અધ્યયનમાં બે, પાંચમાં અધ્યયનાં બે; અને છ થી સોળ અધ્યયનમાં એક એક ઉદ્દેશો એટલે અગીઆર ઉદ્દેશા છે. આથી પ્રથમ શ્રુતસ્કંધમાં સોળ અધ્યયનો, અને છવીસ ઉદ્દેશા છે; અને બીજા શ્રુતસ્કંધમાં સાત અધ્યયનના સાત ઉદ્દેશા છે. એકંદર મળીને બંને શ્રુતસ્કંધના ત્રેવીસ અધ્યયન છે, અને તેત્રીસ ઉદ્દેશા છે. પોતાના નામને સાર્થક કરનાર નામથી વિભૂષિત થયેલા આ સૂત્રના અધ્યયનોનો અનુક્રમ આ પ્રમાણે છે, અને પૂર્વાપર અનુસ્યૂત-સંબંધને સમજવાથી સંયમધારીઓના જીવનમાં નવીન જોમ પ્રગટ થાય છે.

અધ્યયનના અનુક્રમને સમજવા પહેલાં પ્રથમ શ્રી આચારાંગસૂત્રમાં મુખ્યત્વે કથન કરેલા શ્રમણ ભગવંતોના આચારાદિનું સ્વરૂપ સમજીને એટલે જૈન શાસનમાન્ય-આચારો અને વિચારો સિદ્ધાંતો અને યુક્તિઓ, માન્યતાઓ અને રૂઢિઓ; સમજવા છતાં જૈનેતર-દર્શનોના આચારો અને વિચારો, સિદ્ધાંતો અને યુક્તિઓ અને માન્યતાઓ અને રૂઢિઓને સમજવા અને

શ્રદ્ધાથી ખસી જવાના પ્રસંગો બને છે, તે હેતુથી શ્રમણ ભગવંતોને સ્વ-પરદર્શનમાન્ય-સિદ્ધાંતોને, અને વિચારોને વિવેક પૂર્વક સમજવાને આચાર વિચારમાં અતિ સુસ્થિર બનાવવા માટે શ્રીસૂત્રકૃતાંગ સૂત્રની રચના થયેલી છે. "વરની પ્રશંસા વરની મા કરે" એ પ્રચલિત કહેવતને અનુસરીને આ કહેવાતું નથી, પણ આ સૂત્રકૃતાંગના અધ્યયનોના પૂર્વાપર-અનુસ્યૂત-સંબંધને સમજવાથી હેતુપુરસ્સરની યુક્તિસંગત રચના થયેલી છે, એમ દૃઢ શ્રદ્ધાપૂર્વક પ્રતીતિ થાય છે; અને એ માનવામાં લેશભર વાંધો આવતો નથી. આ સૂત્રકૃતાંગના અધ્યયનોનો પૂર્વાપર-સંબંધ પરિચય આ પ્રમાણે છે.

અધ્યયનોની ઓળખ—

**પ્રથમ અધ્યયન સ્વસમય-પરસમયની પ્રરૂપણાના નામથી મશહૂર છે.** આ અધ્યયનમાં સ્વસમય એટલે જૈન શાસનમાન્ય સિદ્ધાંતો, યુક્તિઓ, આચારો, વિચારો; અને માન્યતાઓમાં તન્મય—જીવન—જીવનારાઓને વિશ્વભરના વિવિધ-દર્શનોની માન્યતાદિના પ્રસંગમાં અવસરે અવસરે પ્રશ્નાદિની પ્રક્રિયામાં આવવું પડે તો તેનું સમાધાન કેવી રીતે કરવું ?, તેનું શિક્ષણ આપીને, લૌકિક મતોની માન્યતાઓનું યથાવસ્થિત દિગ્દર્શન કરાવીને; ઉપસંહારમાં "તં સવ્વણયવિસુદ્ધં જં ચરણગુણટ્ઠિઓ સાહૂ" પૂ. શ્રી નિર્યુક્તિકાર-કથિત-શાસનમાન્ય-સિદ્ધાંતરૂપે ચારિત્ર-જ્ઞાનમાં રહેલો સાધુ મોક્ષમાર્ગે સાધી શકે છે એ જણાવાય છે. એટલે અધ્યયનમાં સ્વસમયના (જૈનદર્શનના) ગુણોને અને પરસમયના (જૈનેતર દર્શનોના) દોષોને જણાવીને અને જૈનશાસનમાન્ય શ્રદ્ધામાં દૃઢ-શ્રદ્ધાળુ બનાવીને સ્વસમયમાન્ય બોધને અનુસરવાની આ અધ્યયનમાં ખાસ ભારપૂર્વકની ભલામણ છે.

**બીજા અધ્યયનનું નામ વૈતાલીય અધ્યયન છે.** આ અધ્યયનમાં પૂ. શ્રી વૃત્તિકાર જણાવે છે કે, "સ્વસમયગુણાઃ પરસમયદોષાશ્ચ પ્રતિપાદિતા: તાંશ્ચ જ્ઞાત્વા યથા કર્મ વિદાર્યતે તથા બોધો વિધેયઃ" આ પંક્તિનો પરમાર્થ એ છે કે—સ્વસમયના અને પરસમયના અનુક્રમે ગુણોને અને દોષોને વિવેકપૂર્વક જાણીને, અને આ અધ્યયનમાં દર્શાવેલા માર્ગને અનુસરીને સ્વસમયને અનુસરતા બોધથી જીવનને ઓતપ્રોત બનાવનાર સાધુએ અષ્ટવિધ-કર્મોને વિદારણ કરવાની કુશળ-કાર્યવાહીનું શિક્ષણ દાખલા-દલીલ-યુક્તિઓપુરસ્સર આ અધ્યયનમાં અપાય છે.

**ત્રીજા અધ્યયનનું નામ ઉપસર્ગ અધ્યયન છે.** સફળ કાર્યવાહી કરનારને શુભ કાર્યમાં વિઘ્નો અવશ્યમેવ પ્રતિકૂળ-અનુકૂળ આવે છે, તેથી ઉપસર્ગરૂપી વિઘ્નોનું સ્વરૂપ અને ઉપસર્ગરૂપી વિઘ્નો વિદારણ કરવાની કુશળ કાર્યવાહીનું દિગ્દર્શન અને પારમાર્થિક-ઉપદેશ આ અધ્યયનમાં આવે છે.

**ચોથા અધ્યયનનું નામ સ્ત્રીપરિજ્ઞા અધ્યયન છે.** સઘળાએ ઉપસર્ગોમાં અનુકૂળ-ઉપસર્ગનું અધિકતમ દુર્જયપણું છે, તેથીજ આ અધ્યયનમાં અનુકૂળ ઉપસર્ગને અનુસરવામાં સ્ત્રી એ મુખ્ય સાધન છે, માટે સ્ત્રીસ્વભાવ, સ્ત્રીસંગદોષાદિનું વિસ્તૃત સ્વરૂપ આપીને સ્ત્રીસંગપરિહાર માટે પારમાર્થિક-ઉપદેશ આ અધ્યયનમાં આપેલો છે.

પાંચમા અધ્યયનનું નામ નરકવિભક્તિ-અધ્યયન છે. સંયમ લીધા છતાં ગભરાયેલા સ્ત્રીવશવર્તિ-સંયમધારિ-જીવો નરકગામી થયા છે, થાય છે, અને થશે; એટલે આ અધ્યયનમાં નરકનું સ્વરૂપ, નરકની યાતનાઓ, અને નરકના પરમાધામી આદિના વર્ણન સાથે નરકગમન કેવી રીતે થાય છે તેનું વિસ્તૃત વર્ણન આ અધ્યયનમાં આવે છે.

છટ્ઠા અધ્યયનનું નામ વીરસ્તુતિ છે. પ્રથમ શ્રુતસ્કંધના સોળ-અધ્યયનો કહેવાના છે, છતાં ભગવાન્-શ્રી મહાવીર-મહારાજાની શરૂઆતમાં સ્તુતિ કરી નહિં, અને અંતિમ-ભાગમાં પણ સ્તુતિ કરી નહિ; પરંતુ છટ્ઠા અધ્યયનમાં પૂર્વે જણાવેલ શંકાના સમાધાનમાં પૂ. શ્રી નિર્યુક્તિકાર સમજાવે છે કે-"એવં મહપ્પા વીરો જયમાહ તહા જએજ્જાહિ" જેવી રીતે ભગવાન્ મહાવીરે સંસારને જીત્યો તેવી રીતે તેને જીતવા પ્રયત્ન કરવો. આ બીના ભગવાન્ શ્રીસુધર્માસ્વામીજી પોતાના પરમવિનેય શ્રીજંબૂસ્વામીને જણાવે છે કારણ કે પૂર્વાર્દ્ધમાં તેજ ભાવ ભરેલો છે. આ જણાવેલ સમાધાન સૂત્રકૃતાંગની શરૂઆતમાં કે અંતિમમાં- હોય તો નભી શકે છે, છતાં અહીં પાંચમાં અધ્યયનની અનંતર છટ્ઠું અધ્યયન શ્રી વીરસ્તુતિનું કર્યું છે. તેથી છ અધ્યયનોનો અને પછીના અધ્યયનોના પૂર્વાપર-પ્રસંગ તપાસતાં માલૂમ પડે છે કે, દુષમકાલમાં નરકના સ્થાનની શ્રદ્ધા થવી અશકય હતી, અને વર્તમાનમાં પણ તત્સંબન્ધિ વાતાવરણ પણ તેવું જ છે. કારણ કે આજના કહેવાતા પંડિતો પણ નરકગતિ માટે અશ્રદ્ધા ધરાવે છે અને તે અશ્રદ્ધાના પ્રતિબિંબો નિવેદનોમાં, જાહેર સભાઓના વ્યાખ્યાનોમાં, લેખોમાં અને ભાષાન્તરોમાં ઠામ ઠામ નજરે પડે છે. આ બધું વિચારતાં માલુમ પડે છે કે—"સ્રીસંગનું વર્જન નહિં કરનારને નિયમતઃ નરકે જવુંજ પડશે," એ બીના સામાન્ય માણસ કહેતા નથી પણ ભગવાન્-શ્રીમહાવીર જણાવે છે, અને તેથી પૂર્વ અધિકાર સાથે સંબંધ મેળવતાં પૂ. વૃત્તિકાર પણ જણાવે છે કે—"અત્રાનન્તરાધ્યયને નરકવિભક્તિઃ પ્રતિપાદિતા સા ચ શ્રીમન્મહાવીર-વર્ધમાનસ્વામિનાऽભિહિતેત્યતસ્તસ્યૈવાનેન ગુણ-કીર્તનં"...ઈત્યાદિ. આ આલેખન પૂ. વૃત્તિકારનું સુસંગત છે.

વિશેષમાં યુક્તિથી પણ નરકનું સ્થાન માન્યા વગર અદલ-ઇન્સાફની પ્રવૃત્તિ થવી અશકય છે, કારણ કે એક ખૂન કરનારને ફાંસીની સજા તો, સો હજાર-લાખ-ક્રેડ માણસોને મારી નાંખનાર, અગર એટમ બોમ્બથી ભરપૂર વસ્તીને ભસ્મીભૂત કરનાર પકડાય તો; આજનું રાજતંત્ર ફાંસી આપે તો એકના ખૂનમાં અને અનેકના ખૂનની એકજ વખત ફાંસી આવે એ શું ન્યાય કહેવાય ? તેથી કર્મ-સિદ્ધાન્તની વ્યવસ્થામાં ન્યાયની ખાતર એવું એક સ્થાન હોવુંજ જોઇએ, કે જે સ્થાનમાં કરેલા ખૂનનો બદલો વ્યવસ્થિત-રીતિએ ઘટતા ન્યાયથી પશ્ચાત્તાપપૂર્વક ભોગવાવવોજ જોઈએ, અને તે ભોગવવાનું સ્થાન તેનું નામ નરક છે. તેવી રીતે ક્રોડો માણસને સુખ-શાંતિ આપનારને ન્યાયી બદલો દેવા ખાતર દેવગતિ હોવીજ જોઇએ અને તે માટે પણ દેવલોકની માન્યતા માટે વિવેકપૂર્વક સમજવું અવશ્યમેવ જરૂરનું છે. આથી નરકની વાતો પ્રતિ હાસ્યપૂર્વક કટાક્ષ કરનારાઓને, અને "નરકની વાતો તો ભય દેખાડવા માટે છે" એવું બોલનારાઓને આ પાંચમા "નરક-

વિભક્તિ "-અધ્યયનમાં કહેલા ભાવો એ અંતિમ-શાસનાધિપતિ-શ્રીમહાવીર-મહારાજાએ જણાવેલા છે; અને તેથીજ છટ્ઠા અધ્યયનમાં યોગ્ય-સૂચનપૂર્વકની સ્તુતિ છે. સાથે સાથે ભગવાન્-શ્રીમહાવીર-મહારાજાની આજ્ઞાનો લોપ કરીને જેઓ સીનો સંસર્ગ સેવન કરશે, તેઓ જરૂર નરકની યાતનાઓને વિના સંકોચે ભોગવશે, એ જ હિસાબે પાંચમા અધ્યયન પછી આ છટ્ઠા અધ્યયનની રચનામાં શ્રીવીર-વિભુની યથાર્થ-ગુણોની સ્તુતિ કરી છે, તે અવસરોચિત-પ્રાસંગિક છે, એમ સમજવું તે સ્થાનપુરસ્સરનું છે.

આ સાતમા અધ્યયનનું નામ કુશીલ-પારભાષા છે. આ અધ્યયનમાં કુશીલ એવા પરતીર્થિકો અગર પાસત્થાઓ કે જેઓ માર્ગ-વિરૂદ્ધ નિરૂપણ કરી રહ્યા છે, તે સંબંધિનું વર્ણન દૃષ્ટાન્તપુરસ્સર વિસ્તારથી અહીં કરાય છે; અને કુશીલપણું એ જ સંસારવર્દ્ધન માટે અમોઘ સાધન છે, એ અત્ર જણાવાય છે.

આ આઠમા અધ્યયનનું નામ વીર્ય-અધ્યયન છે. વીર્યાન્તરાય-કર્મના ઉદયથી કુશીલપણું, અને તે જ કર્મના ક્ષયોપશમાદિથી સુશીલપણું આવિર્ભાવ થાય છે. અને તેથી જ ત્રણ પ્રકારના બાલવીર્ય, બાલ-પંડિતવીર્ય, તથા પંડિતવીર્યનું અત્ર હેતુસ્વરૂપ-ફલ-દ્વારાએ શાસ્ત્રવિહિત-નીતિરીતિએ પ્રતિપાદન કરાય છે. આ રીતે શાસનમાન્ય-પંડિતવીર્યને અનુસરતું જીવન જીવનારા શ્રમણ-ભગવંતો બાહ્ય-ગ્રન્થરૂપ-નવવિધ-પરિગ્રહાદિ સાધન-સામગ્રી આદિ સંયોગોને તિલાંજલિ આપીને આભ્યન્તર-ગ્રન્થિને ભેદવામાં કુશળ કાર્યવાહી કરીને સમસ્ત કર્મનો ક્ષય કરી શકવાની શકિતને કેળવી શકશે, અને તેથી પંડિતવીર્યની પુનિત-કાર્યવાહીમાં પરિપૂર્ણ જીવન-જીવનારાઓ સર્વવિરતિ-ધર્મનું સુંદર સેવન કરે છે. તેથી જ અનંતર નવમા અધ્યયનમાં ધર્મનું પ્રતિપાદન કરાય છે.

નવમા અધ્યયનનું નામ ધર્મ-અધ્યયન છે. દુર્ગતિમાં પડતા જીવોને ધારણ કરીને, અને સદ્ગતિમાં સ્થાપન કરીને, સુંદર સાધન-સામગ્રી-સંયોગોની પ્રાપ્તિ કરાવનાર ધર્મ છે. શ્રીદશવૈકાલિકના ધર્માર્થ-કામ નામના છટ્ઠા અધ્યયનની ચોથી ગાથામાં "हंदि धम्मत्थ-कामाणं०" ઇત્યાદિ પદોદ્વારા ધર્માદિનું વર્ણન પૂ. શ્રીસૂત્રકારે અને પૂ. શ્રીનિર્યુકિતકારે પણ વિસ્તૃત-વ્યાખ્યાથી કરેલું છે, તો પછી ધર્મનું કથન આ અધ્યયનમાં આવે છે તે શું? સમાધાનમાં સમજવું કે-આ અધ્યયનમાં આત્મહિતકર ભાવ-ધર્મનો અધિકાર છે, કારણ કે-પ્રભુ-શાસનમાં ભાવધર્મને જ ભાવમાર્ગ કહી શકાય છે. અને આત્મિક-સુખ-શાન્તિ-આનન્દ આપનાર ભાવધર્મ જ છે, અને તેનું વર્ણન આ અધ્યયનમાં આવે છે.

દશમા અધ્યયનનું નામ સમાધિ-અધ્યયન છે. નવમા અધ્યયનમાં જણાવેલો ભાવ-માર્ગ-રૂપ ભાવધર્મ-ભાવસમાધિની વિદ્યમાનતામાં હોય છે, માટે આ અધ્યયનમાં સમાધિનું દ્રવ્ય-ભાવસ્વરૂપ, દ્રવ્ય-ભાવસમાધિના હેતુ-ફલ જણાવીને સંયમધારીઓને આ અધ્યયનના ઉપસંહારમાં ભાવસમાધિરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું સેવન કરવા જણાવેલ છે.

અગિયારમા-અધ્યયનનું નામ માર્ગ-અધ્યયન છે. આ અધ્યયનમાં ભાવસમાધિરૂપ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ માર્ગનું પ્રતિપાદન કરાય છે. દ્રવ્ય-ભાવમાર્ગમાં યોગ ક્ષેમપણું

ક્યા માર્ગમાં છે?, તે પ્રશ્નના સમાધાન સાથે ભાવમાર્ગની વિશિષ્ટતા દેખાડાય છે. એટલુંજ નહિં પણ સન્માર્ગના એકાર્થિક-પંથ-માર્ગ-ન્યાયાદિ તેર પદોની યથાર્થ વિસ્તારથી વ્યાખ્યા સમજાવીને ભાવમાર્ગના યોગ-ક્ષેમકરણપણાની સિદ્ધિ આ અધ્યયનમાં કરેલી છે.

**બારમા અધ્યયનનું નામ સમવસરણ-અધ્યયન છે.** સમવસરણ એટલે સમુદાયરૂપે એક જગોએ મળવું. તે સમવસરણના દ્રવ્ય-ભાવાદિ વિભાગો જણાવાય છે. હવે પૂર્વે જણાવેલા અધ્યયનમાં કુમાર્ગની ભયંકરતા દર્શાવીને ભાવમાર્ગ પ્રતિપાદન કરવો છે, તેથી તે તે મતોની માન્યતાઓ પ્રથમ જણાવાય છે. હવે આ અધ્યયનમાં કુમાર્ગ પ્રતિપાદન કરનારા ક્રિયાવાદિઓ, અક્રિયાવાદિઓ, અજ્ઞાનવાદિઓ; અને વિનયવાદિઓ વિગેરેનું સ્વરૂપ તે તે દરેકના ચાર સમવસરણ અને તેઓના વિવિધ સિદ્ધાન્તો અને માન્યતાઓને દૂર કરવા માટે તેનું વિસ્તાર હેતુ યુક્તિપૂર્વકનું સ્વરૂપ, અને સમવસરણમાં તે તે વાદિઓના વાદમાં ગુણદોષો જણાવીને સંસારમાં પરિભ્રમણ કરાવનારા તે તે મત-મતાન્તરો છે, એમ આ અધ્યયનમાં નિર્ણય કરાય છે.

**તેરમા અધ્યયનનું નામ યાથાતથ્ય અધ્યયન છે.** પૂર્વે જણાવેલા ધર્મ-સમાધિ-માર્ગ-સમવસરણ નામના અનુક્રમે નવ-દશ-અગીઆર-બાર અધ્યયનોમાં જે શાસનમાન્ય સિદ્ધાંતરૂપે જે સત્ય સમજાવ્યું છે તેજ સત્યને આ અધ્યયનમાં વ્યવસ્થિત કરેલું છે. અને તેથીજ આ અધ્યયનનું નામ યાથાતથ્ય રાખેલું છે. શરૂઆતમાં શાસનમાન્ય સિદ્ધાંતથી વિપરીત શું શું છે તે લેશત: સમજાવીને, અને શાસન-માન્ય વિપરીત સિદ્ધાંતો-આચરણાઓ કેવી રીતે નુકસાન કારક છે?, તે પૂ ત્રા નિર્યુક્તિકાર જમાલિના સંબંધને જણાવે છે. અને ઉપસંહારમાં યાથાતથ્ય એટલે સમ્યક્ચારિત્રનું પ્રતિપાદન કરેલું છે.

**ચૌદમા અધ્યયનનું નામ ગ્રન્થ-અધ્યયન છે.** નવવિધ બાહ્ય પરિગ્રહ અને ચૌદ પ્રકારના અભ્યન્તર પરિગ્રહોને ગ્રંથ કહેવાય છે. ગ્રંથ એટલે ગાંઠ, અને કોઇ પણ પદાર્થને બંધનથી બાંધવું હોય તો ગાંઠ લગાવાય છે, તેમ આ સંસારમાં બંધનથી બાંધી રાખવાનો અમોઘ ઉપાય કર્મરાજાને ઘેર બાહ્ય-અભ્યન્તર પરિગ્રહરૂપ બંધન તેજ ગ્રંથ છે-ગાંઠ છે. આ બંને બંધન (દ્રવ્ય-ભાવ-બંધન) છોડયા વગર કોઇ આત્મા પામવા લાયક પરમોત્કૃષ્ટ-પદાર્થને પામી શકતોજ નથી; તેથી આ અધ્યયનમાં ગ્રંથનું (પરિગ્રહરૂપ ગાંઠાનું) પ્રતિપાદન કરાય છે. બાહ્ય ગ્રંથરૂપ-પરિગ્રહને છોડયા વગર અભ્યન્તર ગાંઠોને ભેદવા શકિતમાન્ થતો નથી, તેથી તત્સંબંધી ઉપદેશ આ અધ્યયનમાં આપેલો છે.

**પંદરમા અધ્યયનનું નામ આદાનીય-અધ્યયન છે.** આદાન પદનો અર્થ ગ્રહણ થાય છે, અથવા આદિમાં સ્વીકાર કરાય છે તે આદાન કહેવાય છે, આદિ પદના ચાર નિક્ષેપા કરીને ભાવ આદિમાં આગમથી અને નોઆગમથી બે ભેદ છે. આગમથી બાર-અંગ-અધ્યયન ઉદ્દેશ-પાદ—પદ—અક્ષર વિગેરે, આ રીતિએ બાર અંગમાં આદિ આચારાંગ, તેનું આદિ અધ્યયન શસ્ત્રપરિજ્ઞા, તેનો આદિ ઉદ્દેશ જીવોદ્દેશક, તેનું પહેલું સૂત્ર-'સુયં મે આઉસંતેણં', અને તેનું પહેલું પદ

'સુયં' તેનો પહેલો અક્ષર 'સુ' ઇતિ; અને તેવી રીતે ચ લુ શ્રીસૂત્રકૃતાંગનનું આદિ અધ્યયન સ્વ-સમય પર-સમય અધ્યયનો આદિ રૂપે ઉદ્દેશ-પાદ-પદ-અક્ષરો વિચારવા; અને નોઆગમથી પંચમહાવ્રતોમાં આદ્ય વ્રતનો સ્વીકાર આદિ ગ્રહણ કરાય છે, તે પણ વિચારવું. આ અધ્યયનનું બીજું નામ "જં મઇયં" છે, એટલે જે સર્વ શ્રમણ ભગવંતોને ઈષ્ટ છે; તે જ આ અધ્યયનમાં પ્રતિપાદન કરાય છે.

સોળમા અધ્યયનનું નામ ગાથાષોડશક-અધ્યયન છે. આ અધ્યયનમાં બીજા શ્રી સૂત્રકૃતાંગ-સૂત્રના પ્રથમ શ્રુતસ્કંધના જે પંદર અધ્યયનો કહ્યા તેનો વિધિ-પ્રતિષેધરૂપ સારાંશ-એટલે પિંડિત અર્થ અહીં જણાવાય છે. અને તેથી આ અધ્યયનનું નામ "ગાથાષોડશક" રાખેલું છે,-ગાથા-પદ પરમાર્થ-તાત્પર્યાર્થ પણ કહેવાય છે. આ પ્રસંગને પૂ. શ્રી નિર્યુક્તિકાર નિર્યુક્તિમાં આ રીતે જણાવે છેઃ-

"पण्णरससु अज्झयणेसु पिंडितत्थेसु जो अवितहत्ति।
पिंडियवयणेणऽत्थं गहेति तम्हा ततो गाहा ॥१४०॥"

એટલે આ અધ્યયનમાં પંદર અધ્યયનમાં પરમાર્થ પ્રકાશન કરાય છે. આવી રીતે સોળ અધ્યયનનાં પૂર્વાપર પ્રસંગો સમજીને, અને સોલ અધ્યયનમાં કથન કરેલા ભાવોથી ભાવિત થઇને શ્રમણ-ભગવંતોએ શ્રમણ-જીવન કેવી રીતે જીવવું ! એ ઉપરના સોળે અધ્યયનોના પૂર્વાપર સંબધ-પરિચય સારાંશને વાંચીને, વિચારીને, મનન કરીને, પરિશાલન-કરીને કૃતાર્થ થવું જરૂરનું છે.

**અગાઉથી ગ્રાહક થનારને અપૂર્વ લાભ**

**અમારી સમિતિનું અલભ્ય પ્રકાશન.**

પ. પૂ. આ. શ્રી ચન્દ્રસાગરસૂરિજીની પુનીત દૃષ્ટિ નીચે સંશોધન થયેલ ઉંચી જાતના લેજર પેપર ઉપર નિર્ણય સા. ના ટાઇપથી છપાએલ કેટલાક પરિશિષ્ટો સહિત ફેર્મ ૩૪ લગભગનો દલદાર પત્રાકાર ગ્રન્થ **ભા. ૧ પહેલો. શ્રી જ્ઞાતાસૂત્ર સટીક,** કારતક વદીમાં બહાર પડશે તેના મા. સુ. ૧૫ સુધીમાં ગ્રાહક થનારને ફક્ત **સાત રૂપીયા** પોષ્ટ ચાર્જ અલગ ત્યાર બાદ તેના આઠ રૂપીઆ અને બીજો ભાગ બહાર પડશે તેના અગાઉથી ગ્રાહક થનારને ફક્ત છ રૂપીઆ પોષ્ટ ચાર્જ અલગ ત્યાર બાદ તેના સાત રૂપીઆ.

—નોંધાવવાનું અને નાણું ભરવાનું ઠેકાણુંઃ—

**સંઘવી ચીમનલાલ સવાઇચંદ**

ગોળશેરી, ગલેમંદી—**સુરત.**

તા. ક. બુકસેલરોએ આ લાભમાં તરદી લેવી નહીં. ગ્રાહક થનારે પોતનાં શીરનામાં ચોક્કસ મોકલવા.

## સાવધાન

### ચાલુ વર્ષે (૨૦૦૮) પર્વ આરાધનામાં આવનારા તફાવતો.

| શાસનપક્ષમાં. | નવા મતવાળામાં. |
| --- | --- |
| કારતક વદી ૧૪ મંગળવાર | વદી ૧૪+૦)) બુધવાર |
| „ વદી ૦)) બુધવાર | |
| પોષ વદી ૧૩ ગુરૂવાર | વદી ૧૩+૧૪ શુક્રવાર |
| મેરૂતેરસ. | મેરૂતેરસ |

નવા મતવાળાઓએ પોતાના પંચાગોમાં કા. સુ. ૧૫ તથા ચૈત્ર સુ. ૧૫ ને **પર્વતિથી** તરીકે દર્શાવી નથી.

## ઉદાર ભેટ.

૧૦૧) **મુંબાઈ**, શ્રી ગોડીજી જૈન ઉપાશ્રય તરફથી ગત વર્ષમાં આવેલા હ. પાનાચંદભાઇ રૂપચંદભાઇ ઝવેરી તંત્રી,

૨૦) પૂ. સાધ્વીજી મ. શ્રીદમયંતીશ્રીજીના ઉપદેશથી **અહમદનગર** જૈન સંઘ તરફથી

૨૫) ઉજ્જૈન શ્રી ઋષભદેવજી છગનીરામજીની પેઢી તરફથી

---

## સમાચાર.

**બુહારી** પ. પૂ. ગચ્છનાયક-આ. શ્રી માણેકસાગર-સૂરીશ્વરની પુનીત નિશ્રામાં-ઉપધાન ચાલુ થયા છે તેમાં પુરૂષો ૧૧) અને ૬૪ સ્ત્રીઓ મલી કુલ ૭૫ પ્રવેશ કર્યો છે, લોક ઉત્સાહ સારો છે.

**પાલીતાણા** પ. પૂ. આ શ્રી ચન્દ્રસાગરસૂરિજીની પુનીત નિશ્રામાં ઉપધાન ચાલુ થયા છે. તેમાં પુરૂષો ૧૪ અને ૧૧૬ સ્ત્રીઓએ પ્રવેશ કર્યો છે. આ કુલ સંખ્યામાં માળ પહેનારાઓ ૫૭ છે, પ. પૂ. આ. શ્રી ચન્દ્રસાગરસૂરિજી મહારાજશ્રીએ ૬૫ મી વર્ધમાન તપની ઓળી કરી છે તેનુ સુખ રૂપ પારણા નિમિત્તે તથા પ. પૂ. મુનિરાજ શ્રી જ્ઞાનસાગરજી મહારાજ તેમ પ. પૂ. મુનિરાજ શ્રી દર્શનસાગરજી મ. શ્રી ને ભગવતીના યોગમાં પ્રવેશ થયેલો હતો તેઓને તેની અનુજ્ઞા રૂપ ગણી પદ પ્રદાન કા. વ. ૩ ના શુક્રવારે સવારે સાડા નવ વાગતાં પ. પૂ. આ. શ્રી ચન્દ્રસાગરસૂરિજીના પુનીત હસ્તે થવાનું છે તે નિમિત્તે પૂજ્ય આ. શ્રી ના ઉપદેશથી તેમ તેઓશ્રીનાં આજ્ઞાવર્તી પૂ. સા. શ્રી ચતુરશ્રીજી તથા પૂ. સા. શ્રી સુજ્ઞાનશ્રીજીની પ્રેરણાથી શેઠ હીરજીભાઇ કરમશીભાઇ તરફથી કા. સુ. ૧૩ થી શ્રી વર્ધમાન જૈન આગમ મન્દિરમાં અષ્ટાહ્નિકા મહોત્સવ થવાનો છે, તેનાં મુહૂર્તો

કા. સુ. ૧૪ સોમ-કુંભ સ્થાપના અને નવપદ પૂજા

કા. સુ. ૧૫ મંગળ-અંતરાય કર્મની પૂજા

કા. વ. ૩ શુક્રવાર-૯-૩૦ મીનીટે પ. પૂ. આ. દેવશ્રીના પુણ્ય હસ્તે ગણિપદ પ્રદાન ખુશાલ ભુવનના વિશાલ હોલમાં

કા. વ. ૫ રવિ-જલયાત્રાની રથયાત્રા

કા. વ. ૬ મંગલ-નવ ગ્રહ પૂજન અને સત્તર ભેદી પૂજા

કા. વ. ૭ બુધ-શાન્તિ સ્નાત્ર-

વચલા દિવસોમાં આંગી પૂજાઓ છે.

---

## સમાલોચના.

**સિદ્ધચક્ર**—વર્ષ ૧૭ માંના ૧૧, ૧૨ માં સંયુક્ત અંકમાં આવેલ અગ્રલેખ અને નવા મતના નિરસનનો શાસ્ત્રીય સાચા દલીલોથી જુવાબ તેઓ પાસે નહીં હોવાથી અસભ્ય ભાષામાં ગલીચ હેંડબીલો કાઢવામાં આવ્યા છે. આ વસ્તુ સ્થિતિ સાચી દલીલોની નાદારીને પૂરવાર કરે છે.

**કડી**—પ. પૂ. આ. શ્રી વિજયકુમુદસૂરિજી મ. શ્રીની પુનીત નિશ્રામાં ઉપધાન ચાલુ થયાં છે.

---

### શ્રી વર્દ્ધમાન તપ સહાયક સમિતિએ આપેલી મદદો—

તા. ૨૯-૯-૫૧ શનીવારના રોજે શેઠ સાંવજી વિક્રમજીના પ્રમુખપણા નીચે શેઠ ભાઇચંદભાઇ નગીનભાઇ, શેઠ શાન્તીલાલ મગનલાલ તથા શેઠ જમનાદાસ મોનજીભાઇની હાજરી નીચે સં. ૨૦૦૬ સાલના વર્દ્ધમાન તપ ખાતાઓમાં આવેલા ટોટા માટેની રકમ પાસ કરવામાં આવી છે.

| | |
|---|---|
| ૩૦૦) વની (નાશીક) | ૭૦૦) મહુવા |
| ૪૦૦) વીશનગર | ૩૦૦) દાદા |
| ૬૦૦) ઝીંઝુવાડા | ૪૦૦) નોંધણવદર |
| ૫૦૦) દહેગામ (મેસાણા) | ૬૦૦) સમી |
| ૫૦૦) ચાણસ્મા | |
| | રૂ. ૪૩૦૦) |

તા. ક. હવે નજીવી રકમ સીલકમાં છે

---

મુદ્રકઃ—**મૂલચંદ કસનદાસ કાપડીયા**, "જૈન વિજય" પ્રિન્ટીંગ પ્રેસ-ગાંધીચોક, સુરત.

પ્રકાશકઃ—તંત્રી-**પાનાચંદ રૂપચંદ ઝવેરી**, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભુલેશ્વર-મુંબઇ.

# સુધા-વર્ષા.

આલેખનાર:—પં. પૂ. આ. શ્રી ચન્દ્રસાગરસૂરીજી.

૯૦૩. માનવ જીવન સફળ કરવાની સામગ્રી-સાધન-સંયોગો જેઓને ન મળ્યા હોય તે દયા પાત્ર છે, પરંતુ અનુકૂળ સાધન-સામગ્રી સંયોગો મળ્યા પછી સફળ ન કરે એટલે લાભદાયી પ્રયત્ન ન કરે તો તેઓ બધા ઠપકા પાત્ર છે.

૯૦૪. જિનવાણીમાં એક અપૂર્વ ચમત્કાર છે કે તે અંતઃકરણને વિશુદ્ધ બનાવે છે.

૯૦૫. "शठं प्रति शाठयं" એ વાક્ય વ્યવહારમાં બોલાય છે, પરંતુ આત્મધર્મની કિંમત સમજનારે શઠની અને શઠ વર્ગના સારા સમુદાયની દયા ખાવા જેવું છે.

૯૦૬. "આંબો એ વૃક્ષ છે, પરંતુ વૃક્ષ હોય ત્યાં આંબો છે એમ ન કહેવાય." તેવી રીતે વાસ્તવિક-ધર્મ હોય ત્યાં નિતિ ન્યાય હોઇ શકે છે, પરંતુ લૌકિક-નિતિ-ન્યાય હોય ત્યાં સર્વજ્ઞ કથિત ધર્મ છે એમ કહી શકાયજ નહીં.

૯૦૭. નિર્ધનને ઘેર જન્મેલી છોકરીનું નામ શકરી હોય છે, પછી ભણી ગણીને જરા ચાલાકી આવે ત્યારે સહીયરો તેને શકુબ્હેન કહે છે, પરંતુ ધનવાન સાથે સગાઇ થાય-લગ્ન થાય અને પરણીને સાસરે જાય ત્યારે તેને શકુંતલા બ્હેન કહે છે. નિર્ધનપણાના નામને પણ ધનવાનો અપનાવી શકતાજ નથી.

૯૦૮. "સાંભળી સાંભળી ફુટયા કાન તોયે ન આવ્યું બ્રહ્મજ્ઞાન." આ કહેવતને આગળ કરીને શ્રોતાઓને ટકોર કરનારાઓ કહે છે કે જીંદગી સુધી સાંભળીને કર્યું શું ? પરંતુ ટકોર કરનારાઓએ સમજવાની જરૂર છે કે સાગરોપમના કાળ પર્યંત શ્રવણ કરનારાઓ દેવ-દેવેન્દ્રો પણ નોકારશી સરખી કરતા નથી, છતાં શાસ્ત્રકારોએ વીતરાગવાણીનું શ્રવણ લાભદાયી ગણ્યું છે.

૯૦૯. શ્રવણ કરીને લેશભર અમલ ન કરે, છતાં લાભદાયી કેમ ? તેના જવાબમાં કહી દેવું કે તે દેવ-દેવેન્દ્રો વીતરાગની વાણી શ્રવણ કરીને ઉપાદેય વિભાગના નિશ્ચયનું દ્રઢીકરણ કરે છે અને વિચારે છે કે ગયા ભવમાં સાધન-સામગ્રી પામીને કંઇ ન કરી શકયો અને જીવન હારી ગયો; પરંતુ હવે સાનુકુળ સામગ્રી-સાધન સંયોગવાળો મનુષ્યભવ મળે તો જરૂર "હું પ્રમોદ વગર તુરત મોક્ષમાર્ગ સાધી લઉં" આ ભાવનાને દ્રઢીભૂત કરે છે આ વીતરાગની વાણીના શ્રવણનો અજબ ચમત્કાર છે, અને તેથીજ અહીં પણ શ્રવણ કરનારાઓ પણ પોતાના જીવનને મોક્ષને અનુકૂળનું બનાવે છે.

श्रीमहावीर जैन आराधना केन्द्र
(गांधीनगर)

# શ્રીસિદ્ધચક્ર.

વર્ષ-૧૮-અંક-૮ મો. વૈશાખ-માસ. તા. ૧૭-૫-૫૨

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥१॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—સર્વ-મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચારણ કરે છે, માટે શાશ્વત-આનન્દને દેનારા શ્રીસિદ્ધચક્રને નમસ્કાર થાઓ! —સુધાવર્ષી.

## ભાવનાનું મૂત-સ્વરૂપ.

આલેખનકાર:--૫૦ પૂ૦ આચાર્યદેવ-શ્રીચન્દ્રસાગરસૂરિ.

સકલ જીવો સંયમી બને અગર સંયમ રસિક બને એનું નામ છે **ભાવદયા.** ભાવદયાના ભૂગર્ભમાં એકાન્ત હિતકારી-તીર્થંકરપણું છુપાયું છે. **ભાવદયાના** ભવ્ય ભાવોથી પરિપૂર્ણ કક્ષાએ ભાવિત થનારા જીવો તીર્થંકર નામ કર્મને ઉપાર્જન કરે છે. તે અતીવ શુભ નામ કર્મનું ઉપાર્જન કરનારાજ તીર્થંકરો થાય છે એ નિયમ નથી, પરંતુ તે તીર્થંકર નામ-કર્મની ઉપાર્જના કર્યા પછી તે કર્મને દ્રઢીભૂત કરનારાઓજ તીર્થંકર બને છે, અને ધારેલ ધારણાઓને સફલીભૂત બનાવે છે; આ શાસ્ત્રીય નિયમ છે. દ્રષ્ટાન્ત તરીકે જુઓ પ્રભુ મહાવીરનો પચીસમો નંદનનો ભવ. આ ભવમાં ભાવદયાથી ભાવિત થયેલા પ્રભુના જીવે તીર્થંકરના નામકર્મની નિકાચના કરી. દરેકે દરેક તીર્થંકરો પશ્ચાનુપૂર્વિના ત્રીજા ભવમાં તીર્થંકર નામકર્મની નિકાચના અવશ્યમેવ કરે છે, અને તે અવસરની શ્રદ્ધા-પ્રતીતિ-રૂચિ અતીવ સ્પષ્ટ હોય છે, તેથી શાસનમાન્ય સૂરિપુરંદર શ્રીહરિભદ્રસૂરીશ્વરજી તો તે શ્રદ્ધાદિને વરબોધિ તરીકે પ્રશંસે છે. વરબોધિના વિશિષ્ટ-લાભને સંપાદન કરનારા, સંસાર વર્ધક અર્થ-કામની ઈચ્છાઓને દેશવટો દેનારા, અને સમતાના સુધા-

(વધુ માટે જુઓ ટાઈટલ પેજ ૨ જું.)

વિ. સં. ૨૪૭૮.
વિ. સં. ૨૦૦૮.
ઈ. સ. ૧૯૫૨.

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ—મુંબઈ, નં. ૨.

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના-
રૂ. ૦—૪—૬

(ટાઈટલ પેજ ૧ લાથી ચાલુ)

પાનથી શ્રમણ જીવનને ઉજાળનારા તે તીર્થંકર વિભુ શ્રી વીર પરમાત્માએ અગીઆર લાખ-એંશી હજાર ઉપરાંતની સંખ્યામાં માસખમણ કરીને તીર્થંકર-નામકર્મની નિકાચના કરી, અને આથીજ ભાવદયાની ભાવનાને પરિપકવ બનાવવાના પ્રયોગો સામાન્ય નહિં; પણ અતીવ કઠીન અને અતીવ કપરા હતા. કાયર માણસોના કલેજાંને કંપાવનારા હતા, અને કદર કરનારા વિવેકિઓ માટે ઉરના અભિનંદન ઠલવનારાં હતાં.

જે જીવ જે ભવમાં તીર્થંકર નામ કર્મની નિકાચના કરે છે તે જીવ તે ભવથી ત્રીજા ભવે નિયમતઃ તીર્થંકરપણું પ્રાપ્ત કરે છે, અને આ કલ્યાણકારિ કાર્યવાહિ સકલ જીવને આનંદ-દાયક બને છે; એ નિઃશંક બીના છે. નિકાચના કરેલા તીર્થંકર નામ કર્મનો વાસ્તવિક ઉદય પૂજ્યતામાં અને સંયમ રસિક બનાવવાની પ્રવૃત્તિમાં પરિણામે છે. સ્વર્ગમાંથી કે નરકમાંથી તીર્થંકર થનારા જીવોનું ચ્યવન થાય છે, તેને શાસ્ત્રકારો ચ્યવનકલ્યાણક કહે છે, તે ચ્યવન કલ્યાણકથી પૂજ્યતાનો પ્રારંભ થાય છે. પાંચે કલ્યાણકના અનેકવિધ-પ્રસંગમાં સ્થળે સ્થળે દેવ-દેવેન્દ્રોથી અને નર-નરેન્દ્રોથી પૂજાદિ લાભને પામતાં વિશ્વભરને આશ્ચર્યચકિત કરતાં તે પૂજ્યતાનો પ્રબળ પ્રવાહ મોક્ષકલ્યાણકને અનુસરત્રી અંતિમ કરણી સુધી પ્રવર્તે છે-પરિસમાપ્ત થાય છે.

હવે તીર્થંકર નામ કર્મની વાસ્તવિક પ્રવૃત્તિ તો ચ્યવન કલ્યાણક અવસરે નથી, જન્મ કલ્યાણક અવસરે નથી, દીક્ષા કલ્યાણક અવસરે નથી, અને કેવળજ્ઞાન કલ્યાણક અવસરે પણ નથી કારણ કે—આ ભાવનાને ("સવિજીવ કરૂં શાસન રસી, ઇસી ભાવદયા મન ઉલ્લસી") સફલીભૂત બનાવવાનો પ્રારંભ તો હવે થવાનો છે. કેવળી થયેલા પ્રભુ મહાવીરે પ્રથમ દેશના દીધી અને સંયમ રસિક કોઈપણ ન બન્યું જેથી ભગવંતની દેશનાને નિષ્ફળ જણાવી, અને શાસ્ત્રકારોએ તે દેશના કાર્યને આશ્ચર્ય માન્યું.

સંયમ રસિક બનાવવાની ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવા પ્રભુએ મહસેન વનમાં દેવરચિત સિંહાસન પર બેસીને દ્વિતીય-દેશનાનો પ્રારંભ કર્યો, દૈવી રચનાની વાતોથી મુંઝાયેલા ૪૪૦૦) ના પરિવાર સાથે અગીઆર મુખ્ય બ્રાહ્મણો પ્રભુને જીતવા જતાં પોતેજ જીતાઈ ગયા. જીતાઇ ગયેલા ચુમ્માલીસસોના પરિવાર સાથે અગીઆર સયમી બને છે. પ્રભુ મહાવીરના શાસનમાં શાસનરસી-સંયમરસી બનાવવાની ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવાનો પ્રારંભ કાળ વૈશાખ સુદ ૧૧ નો છે. વિવેકિ-વાંચક પૂછે છે કે શાસનરસી=સંયમરસી બનાવવાને બદલે આ તો બધા સંયમી બની ગયા તો પછી આ ભાવનાને મૂર્ત સ્વરૂપનું શું હાર્દ છે? તે હવે પછી વિચારીએ.

# સ્વ૦ આગમોદ્ધારકની અમોઘ-દેશના. ૪

( ગતાંક ૪-૫ પૃ ૬૮ થી ચાલુ )

## દેશનાના દિવ્ય-અવતરણો.

૧. મરજીને અનુકુળ કહેનારા હરકોઈ હોય તો તેનું અંગીકાર કરાય છે, પરંતુ હિતકારી-ગુરૂવર્યોનું કથન સ્વીકારાતું નથી; એજ આત્માની કમનસીબી છે.

૨. પોતાનો છોકરો ધાર્મિક સંસ્કાર વગરનો છે એની ચિંતા ધર્મિષ્ઠ માબાપોને જ હોય છે!

૩. ભક્તિભાવ વગર પણ દેખેલી પ્રભુની આકૃતિનો સંસ્કાર જાતિસ્મરણ જ્ઞાનને ઉત્પન્ન કરે છે.

૪. ઉન્માર્ગે જનારાઓને સન્માર્ગે લાવનાર સત્સંગતિ છે. ચંડકૌશિકસર્પને સન્માર્ગમાં લાવનાર પ્રભુ મહાવીરનો સમાગમ છે.

૫. અભયકુમારના સમાગમમાં આદ્રકુમાર જાતિસ્મરણ પામે છે, અને ધર્મ સેવનનો અર્થિ બને છે.

૬. દીક્ષાદિ ધર્મની પ્રાપ્તિ માટે કરાતું કપટ એ અકપટ છે.

૭. બાર વર્ષે આદ્રકુમારે જવા માંડ્યું, તે અવસર તેની સ્ત્રી કાંતવા બેઠી છે; પણ મારૂં શું થશે?, મારૂં કરતા જાઓ! એમ કહેતી નથી; કારણ કે સ્વાશ્રયી જીવન જીવવાનું સાધન પાસે છે, તેથી બીજી ચિંતા નથી.

૮. લાકડાં રૂપ કર્મને વિદારણ કરનારા શ્રમણભગવંતો છે.

૯. કર્મ વિદારણ કરવાનાં તીક્ષ્ણ સાધનો રૂપ દર્શન-જ્ઞાન-તપ ચારિત્ર એ તેજસ્વી હોવાં જોઇએ.

૧૦. ચુલો સળગાવ્યા પછી રાંધવા લાયકની ચીજ ચૂલે મૂકાય છે, તેની રીતે ઉપરના ચારનો અનુક્રમ છે; તે ધ્યાનમાં રાખો!

૧૧. "કર્મ માને છે, અને કર્મનો ડર લાગે છે." તેવાઓજ કર્મ વિદારણ કરવામાં ઉદ્યમવંત થાય છે.

## પ્રભુ દર્શનનો પ્રભાવ.

તમારી મરજી થાય તેમાં તો તમે ગાંગલી ઘાંચણનું પણ માનશો, રસ્તે ચાલતાં મહોર પડી જાય, અને ઘાંચણ કે મજુર ઉપાડવા માટે કહે તો તે ઉપાડવામાં તમને હરકત નથી; માબાપ કહે અને તમને તે કથન ગમે તો માનો છો, પણ હિતકારિ એવું જો આગમનું કથન કહે તો તમે સ્વીકારતા નથી. ગાંગલી ઘાંચણના કથનમાં અને આ બાપના કથનમાં ફેર શો? તમને ગમે તો તે બન્નેનું માનો છો, અને ન ગમે તો એકનું પણ માનતા નથી. ઘરનો છોકરો માબાપ ના કહેવાથી બધું કરે છે, પણ ધર્મની રૂચિ નહિં હોવાથી ધાર્મિક સંસ્કાર પડતા નથી. ધર્મિષ્ઠ માબાપની વૃત્તિ તો પોતાનો છોકરો ચોવીસે કલાક ધર્મમાં રહે તેવું તેઓ (માબાપ) ઇચ્છે છે, તેથી બાપે ઘરનું બારણું નીચું કરાવ્યું. બારણા ઉપર અને બારણાની સામે ભગવાનની મૂર્તિ રાખી એટલે નીચે નમતાંજ ભગવાનની સામે દષ્ટિ પડી જાય. આ દૃષ્ટિ આખી જીંદગી સુધી રહી પણ છોકરો ધર્મ ન પામ્યો મરણ પામીને તે સ્વયંભૂરમણમાં મત્સ્ય થયો. પ્રભુની આકૃતિના મત્સ્યને જોતાં ત્યાં તેને ઉહાપોહ કરતાં જાતિ સ્મરણ જ્ઞાન થયું, ત્યાં પિતાની શિખામણ યાદ આવવા લાગી, અને ત્યાં અનશન કરીને દેવલોક ગયો. પ્રભુશ્રી મહાવીરને ડંખ મારનાર ચંડકૌશિક પણ પ્રભુના પ્રતિબોધથી ક્રોધ વમીને સદ્ગતિમાં ગયો, અને આથી ભકિત કરનાર કેમ મુક્ત ન થાય? અર્થાત્ સારા સંયોગની પ્રાપ્તિમાં ભકતો ભક્તિ કરીને જરૂર મુક્તિ પામે છે.

## ધર્મ માટે કપટ પણ કરાય.

અભયકુમારે આર્દ્રકુમારને માટે એક મૂર્તિ મોકલી, અને આને એકાંતમાં ખોલવાનું કહેવરાવ્યું. આર્દ્રકુમારે તેમ કર્યું, આવું મ્હેં ક્યાંક જોયું છે; એમ વિચારતા એને નિર્મળ-જાતિસ્મરણ જ્ઞાન થયું, અને તે પછી એની વ્યવહારિક ચેષ્ટા ફરી. બાપને થયું કે આ ઉદાસીન રહે છે, એટલે કદાચ ભાગી જશે; માટે તે ભાગી ન જાય તે સારૂ પાંચસેં સુભટો તેને માટે ચોકીમાં રાખ્યા. શાસનમાન્ય શ્રીહરિભદ્રસૂરિજી કહે છે કે—ધર્મ માટે, દીક્ષા માટે કપટ કરી શકાય. આર્દ્રકુમાર ફરવા જાય ત્યાં રોજ સુભટોથી રોજ થોડો થોડો વધારે છેટે જતો જાય, અને વળી પાછો આવે એમ વિશ્વાસ પમાડતો જાય છે. છેવટે એક વખત બારોબાર વહાણની તૈયારી રાખીને તેમાં બેસીને ચાલી નીકળ્યો. સુભટો પણ રાજાને મોઢું ન દેખાડવા માટે પાછળથી તેઓ બધા તેની પાછળ ચાલી નીકળ્યા. પાછળ ગયેલા એ પાંચસે સુભટો ભૂખે મરવાથી છેવટે લૂંટારા થયા. આર્દ્રકુમાર દીક્ષા લેવા તૈયાર થાય છે ત્યારે દેવતા કહે છે કે—હજી ભોગાવળી બાકી છે, છતાં ઉલ્લાસવાળો જીવ રોકયો રોકાતો નથી તેણે દીક્ષા લીધી અને પતિત થયા તથા સંસારમાં રહ્યા. બાર વર્ષે આદ્રકુમારે જવા માંડયું, અને સ્ત્રી રેંટીયો લઇને કાંતવા બેઠી છે. ધણી જાય પછી રેંટીયો એ તે કાળમાં આજીવિકાનું સાધન છે. પાછલવાળાનું શું થશે? એમ બોલનારે સમજવાનું છે કે જાનવરો કે પશુપક્ષી પણ પોતે પોતાનું કરી લે છે, એટલે જાનવરો પણ સ્વાશ્રયી છે, તો સાધન કરીને જવું જોઇએ એમ મનુષ્યોથી કેમ બોલાય છે? કહેવું પડશે કે સંયમ પ્રત્યે રાગ નથી, અને સંયમી થાય તો તેમને સોહાતું નથી.

## કર્મ વિદારવાનાં તીક્ષ્ણ સાધનો.

લાકડાં ફાડનાર અને સાધુ બંન્ને વિદારક છે. લાકડાં ચીરનારો લાકડાંને ફાડે છે, અને સાધુઓ કર્મરૂપ લાકડાંને વિદારે છે. લાકડાં ફાડનારને બુઠું હથીયાર આપો તો એ શું કરી શકે? તેમ કર્મ વિદારવાને તૈયાર થયેલો ગમે તેવો ઉલ્લાસવાળો શૂરો હોય પણ વિદારણ કરવાનાં સાધન તીક્ષ્ણ હોવાંજ જોઇએ. એ ઓજાર તે સમ્યગ્દર્શન, જ્ઞાન, તપ, અને ચારિત્ર. જેણે આ ચાર લીધાં નથી, તે કર્મરૂપ લાકડાં કાપનારા નથી, પણ માત્ર બોલનારાજ છે; અર્થાત તેવાઓથી કર્મ ખપવાના નથી; અને એથી ઉપર જણાવેલા ચારે નિયમિતપણે હોવાં જોઇએ. અનુક્રમ શા માટે? ચોખા પહેલાં રંધાય અને ચૂલો પછી સળગાવાય એમ બને? ન બને તેમ આ અનુક્રમ ખાસ ઉપયોગી છે. કુહાડો લઇને તે આવ્યો છે પણ ફાડવું છે શું? આત્માર્થી માટે જો ફાડવા લાયક કંઇપણ ચીજ હોય તો તે કર્મ છે. પહેલાં કાષ્ઠ ઘેર આવે પછી વાઢનારને બોલાવાય તેમ પહેલાં કર્મને માને. અને તેના ઉપર તિરસ્કાર છૂટે; ત્યારપછીજ સાધનો બરાબર કામ કરી શકે છે તે સંબંધિ અગ્રે વર્તમાન.

# સ્વ૦ આગમોદ્ધારકની અમોઘ-દેશના. ૫.

૧. આત્માની ઓળખ વગર શરીરને શણગારનારાંઓ મુડદાંને શણગારનારા છે.

૨. આત્માએ સર્વસાવદ્યયોગથી ખસવું તેનું નામ સામાયિક ધર્મ છે.

૩. આત્માને સંસ્કારી બનાવવા માટે ૯૮ પુત્રો ઋષભદેવ પિતા જે જીવન જીવે છે તે જીવનનું અનુકરણ કરે છે.

૪. સમુદ્રના મુસાફરે વહાણના કપ્તાનનું કથન સ્વીકારવું જોઈએ, તેવી રીતે સંસાર સમુદ્રથી પાર ઉતરનારાઓએ ધર્મ જહાજના કપ્તાન ગુરૂવર્યની આજ્ઞા સ્વીકારવી જોઇએ.

૫. દીક્ષા લેવા આવનાર ઘેર જઇને રજા લેવા જવાનું કહેતો જવાબમાં ગુરૂ કહે—"मा पडिबंधं करेह" એ શબ્દોથી શાસન વ્યવસ્થા સમજતાં શીખો !

૬. કર્મ બંધનના સ્થાનમાં આજ્ઞા કે અનુમોદન અપાય નહીં, અને તેથી તેવા અવસરમાં "जहा सुहं" ઈત્યાદિ શબ્દોનો પ્રયોગ થાય છે તે વિચાણીય છે.

૭. પ્રભુ એ ઝવેરી છે, અને અધ્યયનના સૂત્રો એ ઝવેરાત છે.

૮. ૯૮ પુત્રો દીક્ષિત થયા તેમાં મહિમા પ્રભુનો કે અધ્યયનનો ?

૯. છાંડવા લાયકને આદરવા લાયક ગણવામાં અને આદરવા લાયકને છાંડવા લાયક ગણવામાં સમ્યક્ત્વનું વિસર્જન થાય છે, અને મિથ્યાત્વનો સ્વીકાર થાય છે.

૧૦. વાંચના-પૃચ્છનાને લપ ગણવામાં સજ્જડ જ્ઞાનાવરણીય બંધાય છે, કે જે કર્મ બારવર્ષના આયંબીલથી પણ નિર્જરતું નથી.

૧૧. ગુણ-પ્રાપ્તિના ઉમેદવારોએ ગુણગણના ભંડાર ગુણીનાં બહુમાન કરવાંજ જોઇએ.

૧૨. ભગવાનની આરાધનાથી જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના થાય છે, અને આશાતનાથી તે તે ગુણોની આશાતના કરીએ છીએ; કારણ કે સંપૂર્ણ જ્ઞાન-દર્શન-ચારિત્રના ભંડાર છે.

૧૩. મિથ્યાત્વ એજ કર્મની જડ છે, કારણ-કે શુદ્ધ દેવ-ગુરૂધર્મને ન માનવા તે મિથ્યાત્વ રૂપ ગુન્હો છે.

૧૪. ટાઢ વાય ત્યારે ગોદડું ઓઢવું જોઇએ, તેમ અજ્ઞાન રૂપ ટાઢ હેરાન કરે છે ત્યારે જ્ઞાન-રૂપ ગોદડું ઓઢવું જોઈએ.

૧૫. કર્મનો સંહાર કરનાર ખરા સૈનિકો સાધુઓ જ છે.

૧૬. "ઐહિક સુખ મળે અને દુઃખ ખસે" આ ભાવના એ પ્રમાદની પરિપૂર્ણ જડ છે.

૧૭. સુખ દુઃખ આવે પણ પોતાની ફરજ ન ચૂકે તે ખરો લડવૈયો, અને આથી ખરો લડવૈયો સાધુ જ છે.

૧૮. ફરજ ગમે તેવી આકરી હોય—પણ વફાદાર સૈનિક તે ફરજને બજાવે છે, કારણ કે भगवदाज्ञैव श्रेयस्करी !

શાસ્ત્રકાર મહારાજા શ્રી સુધર્મસ્વામિજી શ્રી સૂત્રકૃતાંગસૂત્રના બીજા અધ્યયનની શરૂઆતમાં જે ભાવો જણાવે છે, તે ભાવોને નિર્યુક્તિકાર નિર્યુક્તિમાં જણાવે છે. અઠ્ઠાણું ભાઇઓ સલાહ લેવા આવ્યા અને ભગવંતની આજ્ઞા કલ્યાણકારી છે એમ સ્વીકારે છે. મુડદાંને ઘરેણાં ગાંઠાં પહેરાવે તેની કિંમત શી ?, કારણ કે આત્મા

પોતાને ઓળખે નહિં અને આત્મા જો પોતાનું ન વિચારે તો શરીરને શણગારવું એ બધું શબ (મુડદાં) ને શ્રૃંગાર સજાવવા જેવું છે! 'આત્મા! આત્મા!!' એમ નોકારવાળી ગણવી તે સંસ્કાર પાડવા માટે છે. લુગડાંને ખટાણુમાં નાંખ્યું, તૈયાર કર્યું, પણ રંગ ન ચઢાવે તો દશાશી? તેવી રીતે આત્માને સંસ્કારો પાડીને માથે છાપ પાડવી જોઇએ! એનું શ્રેયઃ શી રીતે થાય તેની પ્રવૃત્તિ થવી જોઇએ? જૈન શાસ્ત્રકારો સામાયિક ધર્મ તેનેજ કહે છે કે—આત્માએ સર્વ સાવદ્ય યોગથી ખસવું અર્થાત્-વિભાવથી=પરપરિણતિથી ખસવું, અઠ્ઠાણુંયે ભાઇઓ વિચાર કરે છે કે આત્મા સંસ્કારી કેમ થાય?, પૂજ્ય પિતાજીએ જે માર્ગ અંગીકાર કર્યો છે, તેજ માર્ગ સ્વીકારાય તોજ આત્મા સંસ્કારી થાય. સમુદ્રમાં વિહાર કરનારે કપ્તાનનું કથન માનવુંજ જોઇએ! સંસાર સાગરમાં ધર્મ જહાજમાં બેઠેલાએ તેના સંચાલક (માહીતગાર) નો હુકમ માનવોજ જોઇએ!' 'भगवदाज्ञैव श्रेयस्करी' પેલા અઠ્ઠાણું શું પૂછવા આવ્યા હતા? જેને અંશે પણ મમત્વભાવ ન હોય તેવા તીર્થંકર મહારાજાની પાસે ઘેર જવાનું પુછવા આવ્યા છે. હવે ઘેર જવાનું કે રાજપાટ, મોજશોખ વિગેરે ભોગવવાનું?, તે ભગવંત શી રીતે કહે?; એ તો દીક્ષા લેવા આવનાર પણ માબાપ વિગેરેને પૂછવા જવાનું કહે ત્યારે પણ "मा पडिबंधं करेह" એમજ કહે છે.

### આ મહિમા પ્રભુનો કે અધ્યયનનો?

સામાયિક, પોસહમાં ઇરિયાવહિ પડિકમવાની આજ્ઞા માંગે તો पडिक्कमेह એમ કહેવામાં આવે છે. અર્થાત્ ત્યાં આજ્ઞાજ હોય. જ્યારે કર્મબંધનના સ્થાને 'जहा सुहं देवाणुप्रिय' કહેવામાં આવે છે. કર્મબંધનના સ્થાનમાં આજ્ઞા કે અનુમોદના હોયજ નહિં! अत्रार्थे सम्मति કરીને વખત આવે જણાવ્યું કે अत्रार्थेऽसम्मतिः શાસ્ત્ર વિરૂદ્ધના ખરડામાં સમ્મતિ લેવા આવેલા ત્યાં બુદ્ધિમાને આ યુક્તિ કામે લગાડી પોસહ લેનારને દીક્ષાની ભાવના થાય અને 'ઘેર જઇ આવું?' એમ પૂછે ત્યારે ગુરૂ કહે કે—'जहासुहं देवाणुप्रिय मा पडिबंधं करेहः' ભગવાન્ શ્રી મહાવીર દેવે ગૌતમસ્વામીજી વિગેરે ચુમ્માલીસસોને એક પહોરમાં દીક્ષા આપી. અઠ્ઠાણુંયે ભાઇઓ હાથ જોડીને પ્રભુને કહે છે—'આપની આજ્ઞા પ્રમાણેજ અમારે કરવું છે.' ભગવાન આજ્ઞા શી કરે છે?, ભગવાન્ શ્રી ઋષભદેવજી ફરમાવે છે કે—"આ સંસાર અસાર છે! ભરતની આજ્ઞા ફસાવનારી છે! રાજ્યજ અનર્થકારી છે," ખાસડાં ખાઇને મૂત્ર પીવા કોણ તૈયાર થાય? સોનાની નળીથી મૂત્ર પીવું કોણ કબુલ કરે? કલ્યાણનો રસ્તો સંયમ છે, અને તેજ અંગીકાર કરવો જોઇએ.

આ સાંભળીને તે બધાએ પ્રવ્રજ્યા લીધી. રાજ્યનું રક્ષણ કરવા માટે યુદ્ધની આજ્ઞા લેવા આવેલાએ દીક્ષા લીધી. આ મહિમા પ્રભુનો કે અધ્યયનનો? બન્નેનો, પ્રભુ ઝવેરી છે, સૂત્ર એ ઝવેરાત છે. ઝવેરાતને પકડી બેસાય, ઝવેરીને પકડી ન બેસાય; ખૂબી ઝવેરાતની છે. તીર્થંકર મહારાજે જે સંસાર આદિ પદાર્થોની કિંમત સમજાવી તે અધ્યયનની મહત્તા છે.

### ગુણના અર્થીએ ગુણીનું બહુમાન કરવુંજ જોઇએ!

આ અધ્યયનના ત્રીજા ઉદ્દેશામાં અજ્ઞાનનો અપચય કરવાનું કહ્યું. બે ભાઇએ દીક્ષા લીધી, અને બંન્ને દીક્ષિતોમાંથી એક ખૂબ ભણ્યો અને ગચ્છનો

(ગાંધીનગર)

નાયક થયો. બીજામાં કાંઇ ભણુતર નથી, પેલા ભણેલાને તો દરેક બાબતના ખુલાસા કરવા પડે છે. બધી વાત વાતમાંજ એમનેજ પૂછે એટલે-ઊંઘ પણુ પૂરી મળે નહિ. જ્યારે નહિં ભણેલા બીજાને ચિંતાનું નામ નિશાન નહિ; ભોજન કરે છે અને રાત દિવસ સુઈ રહે છે. પેલા આચાર્ય થયેલા વિચારે છે કે-આ લોકો પુછે છે એનો ખુલાસા કરૂં છું, એનીજ આ રામાયણુને ? છાંડવા લાયકને આદરવા લાયક ગણી તથા આદરવા લાયકને પલોજણુ ગણી ?

એક છોકરીને દેખવા માટે, તેણીના રૂપને દેખવા માટે એટલે અવળે રસ્તે દેખવા માટે અવળે રસ્તે ગાડાં હાંકતાં ગાડાં ભાગ્યાં, ત્યારે પોતાનો વાંક નહિં લેખતાં છોકરીને લઇને ગાડાં ભાગ્યાં એમ જણુાવ્યું અને તે છોકરીનું નામ અશકટા પાડયું. છોકરીનું રૂપ જોવા માટે ગાડા અવળે રસ્તે નાંખ્યા, અને ભાગ્યાં તેમાં છોકરીનો દોષ કાઢયો ! પિતાએ વિષય કષાય ત્યાજ્ય સમજીને દીક્ષા લીધી. ઉત્તરાધ્યયન સૂત્રના ચોથા અધ્યયનના બાર કાવ્ય છે, તેમાં બાર વર્ષ ગયાં. રોજ આંબેલ કર્યા છતાં બાર કાવ્ય આવડયાં નહિ. પહેલા ભવનાં બાંધેલાં કર્મ આચાર્યપણામાં ભણાવતી વખતે 'આ લપ કયાં વળગી ! આ પરિણામે અત્રે જ્ઞાન પ્રાપ્ત થતું નથી ! મગજમાં ઉતરતુંજ નથી ! તે ભવમાં જે સુઇ રહ્યો હતો તેને સારૂં ગણ્યું અને વાંચના પૃચ્છનાને લપ ગણી હતી; તેનુંજ આ પરિણામ ! અશકટાના પિતાએ વિષય, કષાય, માન વિગેરે છોડેલાં છતાં જ્ઞાન ચઢતું નથી, કારણુ કે જ્ઞાનાવરણીય કર્મનો ઉદય છે. જ્ઞાનીનાં બહુ માન થવાં જોઇએ ! જ્ઞાનની આરાધના માનીએ તો જ્ઞાનીનું બહુ માન તો અવશ્ય થવું જોઇએ ! કેવલજ્ઞાનના મહિમાર્થે દેવતાઓ કેટલે કેટલે દૂરથી વંદનાર્થે આવે છે ? જ્ઞાનીનો આદર કેવી રીતે કરવો તે જે નથી સમજતો તે **नमो नाणस्स** જપ્યા કરે તેથી શું ? 'દેવ, ગુરૂ, ધર્મ' એ શબ્દો તો બધાએ રાખ્યા છે. જમાલિ, ગોશાલો પણુ એ શબ્દને તો માનતા હતા, પણુ એથી વળે શું ? એ સાચા મળે તોજ સાચું ફલ પ્રાપ્ત થાય. જેનામાં દેવત્વ, ગુરૂત્વ, ધર્મત્વ રહેલાં છે તેનું બહુમાન થવુંજ જોઇએ ! તેજ યોગ્ય ફલ મળી શકે. જ્ઞાન આરાધના કરવા લાયક છે પણુ તે જ્ઞાની દ્વારાએ.

અઠ્ઠાણું પુત્રો ઋષભદેવજીને માને તે યોગ્યજ છે. કોઈ કહે કે—'ઋષભદેવજીને શા માટે માનવા ? તેમના કેવલજ્ઞાનનેજ માનવામાં શી હરકત ? વ્યક્તિને શું કામ માનવી ? ગુણુનેજ માનીએ તો શું વાંધો ? ગોળનું કામ છે કે બારદાનનું પણુ જે મનુષ્ય ગુણીને નથી માનતો તે ગુણુને કઇ રીતે માની શકવાનો ? આત્મા સિવાય એકલું જ્ઞાન હોયજ નહિં. ગુલાબની સુગંધ, મરીની તીખાશ કે મીઠાની ખારાશ જોઈએ તો તે તે ગુણુવાળા પદાર્થજ લેવાય સુગંધ, તીખાશ, ખારાશ વિગેરે એકલાં અદ્ધર કયાંઈ પણુ મળી શકે તેમ નથી ? ભગવાન પાસેજ જ્ઞાન, દર્શન, ચારિત્ર છે તો જેને તે જોઇતા હોય તેણે ભગવાનનું બહુમાન કર્યેજ છૂટકો ! દ્રવ્ય વિના ગુણુ હોયજ નહિ, ગુણુનું ભાજન દ્રવ્ય છે.

### ગુણીની ભક્તિથી ગુણની ભક્તિ તથા ગુણીની આશાતનાથી ગુણની આશાતના થાય છે.

જ્ઞાનીની આરાધનાથીજ જ્ઞાન, દર્શન, ચારિત્રની પ્રાપ્તિ થાય. ભગવાનની આશાતનાથી જ્ઞાન, દર્શન, ચારિત્રની આશાતના થાય. તેમની ભક્તિથી જ્ઞાનાદિની ભક્તિજ થવાની. જ્યારે દુનિયાદારીથી પણુ જ્ઞાનને-કેળવણીને માન આપવું

હોય તો તે જ્ઞાની કે કેળવાયેલાનું સન્માન કરવું પડે છે, તો ધર્મની દ્રષ્ટિએ વીતરાગ કેવલીનું બહુમાન થવુંજ જોઇએ! રાજ્યાધિકારીને સલામ કરવી એ વિનય, પણ સલામ ન કરવી તે વિનય ન કર્યો કહેવાય. એટલુંજ નહિં પણ ઉલટું અપમાન કર્યું કહેવાય, તો જિનેશ્વરને લાયકના ભકિત સત્કાર ન કરીએ તો તેનું માન ન કર્યું, એટલુંજ નહિં પણ ઉલટું તેનું અપમાન કર્યા બરાબર છે.

મિથ્યાત્વ એજ કર્મની જડ છે. શુદ્ધ દેવ, ગુરૂ, ધર્મને ન માનવામાં આવે તે મિથ્યાત્વરૂપ ગુન્હો થયો, તેથીજ મિથ્યાત્વથી સંસારમાં રખડપટ્ટી થાય છે! અને સમકિતથી મોક્ષનો રસ્તો જડે છે! નાના છોકરાને 'કાકો, મામો, કોણ તે ખબર નથી છતાં તેને શીખવવામાં આવે છે, પછી મોટો થતાં આપોઆપ તે સમજી શકશે. જૈન શાસનના બધા પર્વો ત્યાગ વૈરાગ્ય માટે છે, એકે પર્વ અઢારમા ભેદ માટે-લાડુ માટે નથી, પણ તે દિવસે ઉપવાસ, પૌષધ, સામાયિકાદિ કરવા માટે છે. દીવાળીના દિવસે દુનિયાદારીથી ભલે તમે ઘુઘરા-ફાફડા વિગેરે કરો, પણ ખરો ઉદ્દેશ તો ત્યાગ-વૈરાગ્યનોજ છે. જેમ દીવાળી, પર્યૂષણ વિગેરે દર્શનના તથા ચારિત્રના ઉદ્યોત માટે છે, તેમ જ્ઞાનપંચમી એ ખાસ જ્ઞાનના ઉદ્યોત માટે છે.

પ્રમાદ તજી ફરજ અડગ રીતે બજાવે એજ સાચો સૈનિક !!!

अन्नाण नियरस—ટાઢ વાય ત્યારે ગોદડું ઓઢાય; અજ્ઞાન જ્યારે હેરાન કરે છે ત્યારે જ્ઞાનરૂપી ગોદડું ઓઢવું જોઇએ ને? મોક્ષ માટે જ્ઞાન અને ક્રિયા બન્ને જરૂરનાં છે. ज्ञानक्रियाभ्यां मोक्षः જ્ઞાન આવ્યું હશે તોજ સમ્યક્ ક્રિયા આવવાની અને તેથીજ આ પર્વ કાઢયું. ઘરમાં ચોપડીઓ ગમે ત્યાં રખડે એમ ન થવું જોઇએ! જ્ઞાનની જો આરાધના કરવી હોય તો જ્ઞાનનાં સાધનરૂપ ચોપડીઓ વિગેરેને સત્કારથી રાખો! આશાતના નજ થવા દો! જ્ઞાનની પૂજા, બહુમાન, આરાધના આત્માના ફાયદા માટે છે. આત્મામાં જ્ઞાનના સંસ્કાર પાડવા માટે આવશ્યક છે.

કર્મને સંહારવા માટે, મોહને હણવા માટે ખરા લડવૈયા સાધુઓ છે! તેમણે (તે સાધુઓએ) પ્રમાદને તજવો જોઇએ! સુખ મળે, દુઃખ ખસે (ઐહિક) એ ભાવના એ પણ પ્રમાદની જડ છે, સુખ દુઃખ ગમે તે આવે તો પણ ફરજ બજાવે તે ખરો લશ્કરી છે. તેમ સાધુઓએ સુખનો અને દુઃખનો પ્રમાદ વર્જવાનો છે અને ફરજ ગમે તેવી આકરી હોય તો પણ બજાવવાની છે. તે ફરજના સંબંધનું સ્વરૂપ અગ્રે વર્તમાન.

# સ્વ૦ આગમોદ્ધારકની અમોઘ–દેશના. ૬

૧. દેશ અપાવનારને પૂછયા સિવાય રાજીનામું આપવું તે યોગ્ય નથી.

૨. અધ્યયનના શ્રવણથી અભિમાનની સળગતી હોળી શાંત થઈ ગઇ.

૩. ઝવેરાતની કિંમત જાહેર થાય એટલે ઝવેરીની અને ઝવેરાતની કિંમતના યશોગાન ગવાય છે.

૪. સાધુ થયાં છતાં સાધકદશામાં

રહેવું અને સાધક દશામાં બાધક પ્રસંગોને તિલાંજલી આપતાં રહેવું એ કઠિન કાર્ય છે.

૫. નદીના કાંઠે ધ્રોને (લીલી ઘાસને) કાપી નાંખ્યા છતાં ધ્રોનાં મૂળીઆં રહેલાં પુનઃ ઉગે છે, તેવી રીતે કર્મની જડો રહેવાથી પુનઃ કર્મોની જમાવટ થાય છે.

૬. ચૌદ પૂર્વ ધરો અને ચાર જ્ઞાનિઓ જે અનંતર ભવે નિગોદમાં જાય છે, તે પ્રસંગમાં કર્મોની જડ રહેલી જ તેઓને ભારે પડે છે.

૭. આત્માથી કર્મોનું છુટાપણું તે નિર્જરા, અને સર્વથાપણે કર્મોનું આત્માથી છુટાપણું તે મોક્ષ છે.

૮. ભવિષ્યને અંગે ફરીને કર્મ ન બંધાય તેવી તાકાત નિર્જરામાં નથી, પણ તે તાકાત મોક્ષમાં છે.

૯. સર્વ કર્મની નિર્જરા થાય, અને ફરી કર્મ ન બંધાય તેની જવાબદારી-જોખમદારી લેનાર મોક્ષ તત્ત્વ છે.

૧૦. જ્ઞાનાવરણીયાદિ કર્મોએ અચિન્ત્ય-શક્તિના ધણી એવા આ જીવને નિઃસત્વ કરી દીધો છે.

૧૧. જ્ઞાનાવરણીયકર્મ જ્ઞાનગુણને આવરે છે, પણ જ્ઞાન ગુણને નાશ કરતું નથી.

૧૨. અપ્રત્યાખ્યાની કષાયો અને પ્રત્યાખ્યાની કષાયો કેવળ દ્રવ્યચારિત્રને રોકે છે એ સમજતાં શીખો!

૧૩. સમકીત થવાની સાથે ભાવ ચારિત્ર આવી જાય છે, અને સાથે સમ્યગ્ વૈરાગ્ય પણ હોય છે.

૧૪. સાધુ ધર્મની પ્રાપ્તિ માટે તલ્લીન હોય તેને દેશવિરતિ ધર્મ હોઈ શકે છે.

૧૫. કષાયો જાય ત્યારે વિરતિ આવે છે.

૧૬. સાધુપણું એ આત્માનો સ્વભાવ છે, અને ગૃહસ્થપણું કર્મનો સ્વભાવ છે.

૧૭. પ્રત્યાખ્યાની-અપ્રત્યાખાની કષાયો જાય ત્યારે ગૃહસ્થપણામાં રહેવાનું કારણ નથી, આથીજ ભરત-વલ્કલચીરી કેવળજ્ઞાન થયા પછી સંયમવેષ સ્વીકારે છે.

૧૮. દુનિયાદારીના પદાર્થોમાં 'अहं मम' એટલે હું અને મારાપણું ખસે નહીં ત્યાં સુધી વિરતિ આવતી નથી.

૧૯. મિથ્યાત્વાદિ કર્મ બંધના પ્રકારોમાં અજ્ઞાન અગ્રેસર ભાગ ભજવે છે.

## કર્મની જડને મૂળથી ઉખેડો!

શાસ્ત્રકાર મહારાજા શ્રી સુધર્મસ્વામિજી શ્રી જંબૂકુમારને ઉદ્દેશીને સૂત્રકૃતાંગસૂત્રના બીજા અધ્યયનની રચના કરે છે, અને સૂત્રોના ભાવ નિર્યુક્તિકાર નિર્યુક્તિમાં ગોઠવે છે, અને તે ભાવો અનુસાર અભિમાનની હોળી શાંત કરવા પુત્રોને ભગવાને ઉપદેશ આપ્યો. અધ્યયનમાં એવું શું છે કે જેથી હોળી શાંત થઈ! એ અધ્યયનની વિચારણા કરવા પહેલાં આ વાત નક્કી છે કે નોકરી અપાવનારને પૂછયા શિવાય રાજીનામું આપવું તે યોગ્ય નથી, એ રીતે અઠ્ઠાણું પુત્રો પિતાશ્રી

શ્રી ઋષભદેવજીને પૂછવા આવ્યા છે. પૂર્વે ભગવાન્ શ્રીઋષભદેવજી સંસારી અવસ્થામાં દેશ અપાવનારા હતા, અને હાલમાં સર્વસાવદ્યયોગના ત્યાગી છે. તેમને તેઓને આ અધ્યયન સંભળાવ્યું તે સાંભળીને અઠ્ઠાણુંયે પુત્રોનો અભિમાનની હોળી ઠરી ગઈ. આ પ્રભાવ પ્રભુનો કે અધ્યયનનો? કહેવું પડશે કે બંનેનો. ઝવેરાતની કિંમત થાય ત્યારે તેમાં ઝવેરાત તથા ઝવેરી બંનેની લાયકાત છે. તેમ અહીં શ્રી ઋષભદેવજી મહારાજ તેમજ અધ્યયન બંને ઉત્તમ (શ્રેષ્ઠ) છે, કે જેના પ્રભાવે એવા અભિમાની હોળી પણ તૂરતમાં શાંત થઇ ગઇ. અધ્યયનમાં એવું શું છે કે અઠ્ઠાણું પુત્રોની અભિમાનરૂપ હોળી હતી તે સાંભળતાંજ શાંત થઇ ગઇ! અધ્યયનમાં આપેલ ઉપદેશનો ક્રમ આ પ્રમાણે છે. બોધ પામવો અને અનિત્યતાનું સ્વરૂપ સમજવું. માનત્યાગ અને વિષયત્યાગ તે આ અધ્યયનમાં ઉપદેશ દ્વારા સમજાવાય છે.

સાધક દશામાં હમેશાં રહેવું બહુ મુશ્કેલ છે! કારણકે બધી જડો તો અંદર રહેલી છે. ધ્રોને કાપી નાખવાથી મૂળ જવાનાં નહિ! એ તો પાછાં ઊગી આવવાનાં; કર્મનાં મૂળ ઊંડાં છે સમજણ (બોધ), અનિત્યતા, માન ત્યાગ, વિષય ત્યાગ એ બધાં અનુક્રમે પ્રાપ્ત થઇ જાય તો એ તમામ ધ્રોને કાપી નાંખનાર છે, પણ માન વિગેરેનાં મૂળ ઊંડાં છે. કષાય, રાગ, વિષયને દુર કરીએ પણ તે તે કષાયાદિકની જડો (મૂળ) રહેલ હોય ત્યાંસુધી તમામ પાછાં ઉગી આવવાનાં! ચૌદ પૂર્વધર તથા ચાર જ્ઞાની બીજેજ ભવે નિગોદમાં પણ જાય, એ દશા શાને લીધે? કહો કે ઉપરની ધ્રો કપાણી પણ અંદરની જડ નીકળી નથી. ભલે આ જીવ અનિત્યતા સમજે, વિષય કષાયનો ત્યાગ કરે, પણ કર્મની જડ ન ઉખડે ત્યાંસુધી બધું પાછું ઉગી આવવાનું; માટે કર્મરૂપી ધ્રો કાપો, અને જડમૂળથી તેને (કર્મરૂપી ધ્રોને) ઉખેડી નાંખો! કર્મના વિકારો વિગેરે કાપી નાંખ્યા પણ જડમૂળમાંથી ઉખેડીને ફેંકી ન દીધા તેથી નવગ્રૈવેયકને લાયકનું તથા શુક્લ લેશ્યાનું સાધુપણું પણ વૃથા જાય છે!! કર્મપણાનો ક્ષય છે, પણ કાર્મણ વર્ગણાના પુદ્ગલોનું આવાગમન થાય છે, તેનો ક્ષય નથી થતો; કિન્તુ આત્મામાંથી કર્મની નિર્જરા જરૂર થાય છે.

## નિર્જરામાં અને મોક્ષમાં તફાવત શું?

નવ તત્ત્વમાં નિર્જરા અને મોક્ષ એ બન્ને જુદાં શા માટે? આત્માથી કર્મોનું છુટાપણું તે નિર્જરા, અને સર્વથાપણે છુટાપણું તે મોક્ષ. સર્વ નિર્જરા એટલે મોક્ષ. મોક્ષ તત્ત્વને ભિન્ન શા માટે લીધું? દેશથી મોક્ષ અને સર્વથા મોક્ષ એમ કેમ ન રાખ્યું? ફરીને કર્મ ન બંધાય (ભવિષ્યના કાર્યના અંગે) તેવી તાકાત નિર્જરામાં નથી. બધા જીવ આઠે કર્મની નિર્જરા કરે છે. જીવ આઠે કર્મ ભોગવે છે તે તે જીવને બીજીજ ક્ષણે આઠે કર્મની નિર્જરા થઈ રહી છે તોપણ નવાં કર્મ કેમ બંધાય છે?, કારણકે નિર્જરામાં, આવેલાં (સંચિત) કર્મને ખસેડવાની તાકાત ખરી, પણ નવાં ન બંધાય તેવી તાકાત નિર્જરામાં નથી. સર્વ કર્મની નિર્જરા થાય અને ફરી કર્મ ન બંધાય તેનું નામ મોક્ષ છે.

# પ્રભાસપાટણનું અદ્વિતીય ને અપ્રતિમ જિનમન્દિર.

લેખકઃ—સાહિત્ય રસિક, હસમુખલાલ કે. ગ.ધી. વેજલપુર (પંચમહાલ)

પોતાની પ્રાચીનતા અને પવિત્રતાથી પ્રસિદ્ધિ પામેલ શ્રીપ્રભાસપાટણનું અદ્યતન અજોડ ને આબેહૂબ આકર્ષણ એટલે ચમત્કારિક પ્રાચીન પ્રભુ શ્રી ચન્દ્રપ્રભસ્વામિનું નૂતન નવલખું ને નયનાનંદકારી જિન મન્દિર ! આભની અટારીએ અડકવાની હરિફાઇ કરતો, અને જૈન સંસ્કૃતિનું મીઠું ગાન ગાતો વંદનીય ને દર્શનીય ધ્વજાદંડ, પગપાળા કરી દૂરદૂરથી આગમન કરતા પૂજ્ય-સાધુ-સાધ્વી ભગવન્તોના અને ભાવિક પંથકોના ઉર્મીશીલ હૃદય સાગરમાં અગમ્ય ભાવોર્મિ, અવર્ણનીય કલ્પનાતરંગો અદમ્ય ઉમંગના ઉમળકા પ્રગટાવે છે.

માનવ હૃદયને શાન્તિતા-એકાગ્રતા ને તન્મયતાથી તરબોળ કરતી શ્રીચન્દ્રપ્રભસ્વામીજીની મનોહર પ્રતિમાના દર્શન વિના પ્રત્યેક માનવ જેમ મત્સ્ય જળહીન ભૂમિપર તરફડે છે તેમ તરફડે તેમાં શું આશ્ચર્ય ? અપ્રતિમ જિન મન્દિરની ઝીણી ને અદ્દ્ભૂત શિલ્પ કળા માનવ ચક્ષુને મન્ત્રમુગ્ધ કરી પ્રભુ દર્શનની પ્યાસી બનાવે તો શી નવાઇ ? એ નમૂન-જિન મન્દિરની શાંતિ—ભવ્યતા વિશાળતા—સ્થાપત્યના શોખીનો-સૌંદર્યના શોધકો અને સહૃદયી યાત્રિકો આકર્ષે તો કંઈજ નવાઈ ન કહેવાય !

વિશ્વના વિખ્યાત કલાકારોને આકર્ષતું, પ્રેરણા આપતું અને ધાર્મિક ભાવના વારસામાં અર્પતું કલાયુક્ત જિન મન્દિર, ભવિષ્યમાં અદ્દ્ભૂત અજાયબ ને સૌંદર્ય સંલગ્ન વધુને વધુ તીર્થધામ તરીકે પ્રસિદ્ધ બને તેની લેશમાત્ર શંકા રાખવાની નથી,

શ્રીપ્રભાસપાટણનું અજોડ જિન મન્દિર એ જાતે જૈન ધર્મની અસ્મિતાનું સંરક્ષણ ને સંવર્ધન કરતો અમર દેવદૂત ! !

આ સિદ્ધચક્ર માસિકના ગતાંક-૬-૭ અંકમાં આ કલ્યાણકારી તીર્થધામના નૂતન સર્જનનો આનંદ પ્રેરક અહેવાલ અને પૂજ્ય મુનિ શ્રી ચન્દનસાગરજીએ વર્ષો જુનો આલેખન કરેલો ઇતિહાસ, એ પુરૂષાર્થ ને પ્રગતિની અજબ કહાણી છે.

પ્રેમ, પ્રેરણા ને પ્રગતિની પ્રશંસનીય પૂજ્ય પ્રતિમા રૂપ શ્રી પ્રભાસપાટણનું અદ્વિતીયને અપ્રતિમ જિન-મન્દિર અખંડિતને અબાધિત રહે. જેથી એ પ્રેરણા-મૂર્તિ જિન મન્દિર, ઉગતા, ઘડાતાને અનુભવ લેતા નાગરિકોને નિઃસ્વાર્થ ધર્મપ્રેમનો પદાર્થ પાઠ મૂક-ભાવે અર્પિ શકે છે.

પરમપૂજ્ય આચાર્ય દેવશ્રીચન્દ્રસાગર-સૂરીશ્વરજીની પ્રભાવિકતા, તેજોમય પ્રેરણા અને ધનપતિઓનો અખૂટ ને અટૂટ ધર્મ પ્રેમ, અને ભારત સરકાર માન્ય શિલ્પ શાસ્ત્રી શ્રી પ્રભાશંકરભાઇની પ્રશંસનીય પ્રગતિના ત્રિવેણી સંગમ ઉપરજ શ્રીપ્રભાસ-પાટણના આ બેનમૂન જિન મન્દિરનું નવીન સર્જન થવા પામ્યું છે-એ ઐતિહાસિક ઘટના નિઃશંકને નિર્વિવાદ છે,

અગણિત માનવોએ તન-મન અને ધનનું અર્પણ કરી આ નૂતનમન્દિરનું નિર્માણ કર્યું છે. તેની પ્રતીતિ દર્શન કરનારને ભાગ્યેજ થયા વિના રહે. સાધર્મિક ભાઈ ભગીનીઓનો અનુકરણીય સહકાર, ગુરૂવર્યો અને વડીલો ને અધિપતિઓની અમૂલ્ય સલાહ અને ચતુર્વિધ સંઘના અવિભક્ત સંપથીજ ભવ્ય, વિરાટ જિન મન્દિર નિર્માણ પામ્યું છે. સલાહ સંપને સહકારથી ભવિષ્યમાં પણ વધુ શ્રેયસ્કર ઉન્નતિ એ પુણ્ય પન્થે સધાય એજ આશા ! એજ અભિલાષા ! એજ અભ્યર્થના ! અલ્પ સમયમાં અશક્ય અને અકલ્પ કાર્યને સિદ્ધિની ટોચે ચઢાવનાર શ્રી પ્રભાસ-પાટણના આગેવાનો તથા કારીગરોને પુનઃ પુનઃ અભિનંદન ને આભાર માનવાનું મન થઇ જાય છે, વિશાલ જિન મન્દિર પાછળ વિશાલ દૃષ્ટિવાળા ટ્રસ્ટી શ્રીમાનોના શુભ હસ્તે સંચાલતા પામતું વિશાલ ટ્રસ્ટ

હોય તો જિન મન્દિરના સર્જનની સાર્થકતા વધુને વધુ પ્રશંસા પાત્ર ગણાય, પ્રભાસ પાટણ સંઘના માથે એ ટ્રસ્ટ ફંડની વધુ જવાબદારી છે.

સૌરાષ્ટ્રનું એક જાગતું જીવતું ને જ્વલંત પ્રલોભન રૂપ શ્રીપ્રભાસપાટણના અદ્વિતીય ને અપૂર્વ જિન મન્દિરના પ્રભુઓની–**પૂ. આ. દેવ શ્રીચન્દ્રસાગરસૂરિજીએ કરાવેલી** પ્રતિષ્ઠા, અંજનશલાકા વિધિ અને એ પ્રસંગોની આસપાસ ગુંથાયેલી વિધિઓ દરમ્યાન થયેલી પૂ. આચાર્યશ્રીની પ્રભાવિકતાના પવિત્ર પ્રતાપે દુનિઆને અજાયબીમાં નાંખતી ઉછામણી, એ લાખના આંકડાને ઓળંગી આગળ ધપે છે ! એ લાખ રૂપીઆ !! અને તે આ વિકટ મોંઘવારીના જમાનામાં !!! આ સંખ્યા સાબિત કરે છે કે-**જૈનો અજોડ ને નિઃસ્વાર્થી ધર્મ પ્રેમી** છે.

ઐતિહાસિકદૃષ્ટિએ, શિલ્પશાસ્ત્રની દૃષ્ટિએ અને પ્રાચીનતાની દૃષ્ટિએ પણ શ્રીપ્રભાસપાટણનું જિનમન્દિર અદ્વિતીય અને અપ્રતિમ છે. સાતલાખ રૂપીઆ ઉપરાંતના ખર્ચે તૈયાર થઇ રહેલા જિન મન્દિરની સાથે પરાપૂર્વથી "ચન્દ્ર" નામનો ભવ્ય ઐતિહાસિક ને આશ્ચર્યજનક સંબંધ નિહાળતાં હર્ષની લાગણી આપોઆપ અનુભવાય છે.

સૌરાષ્ટ્ર એટલે પવિત્ર જૈન તીર્થોનો અખૂટ ભંડાર! સૌરાષ્ટ્રના કાંગરે કાંગરે ને ખૂણે ખૂણે ઇતિહાસ પ્રસિદ્ધ જુના જાણીતા અવશેષો ને આકર્ષણો નિહાળનાર ઇતિહાસ રસિક, પર્યટન પ્રેમી, કે ભાવિક પંથક આ અદ્વિતીયને અપ્રતિમ જિનમન્દિરના પવિત્રતર દર્શન કર્યા વિના પાછો ફરે તો કહી શકાય કે 'ગયો હતો તળાવે પણ આવ્યો તરસ્યો'

સૌંદર્ય સુધાનું આહ્લાદક પાન કરાવતું, સત્ય અહિંસા ને શાંતિના અનુકરણીય સિદ્ધાન્તોને પ્રસરાવતું દૂર દૂરના યાત્રિકોને આવકારતું ને આકર્ષતું. વિશાલ વિરાટ ને નીલવર્ણી સાગરના કાંઠે સમાધિસ્થ મુનિની માફક આસન જમાવેલ શ્રીપ્રભાસપાટણનું અદ્વિતીયને અપ્રતિમ જિનમન્દિર જૈન સંસ્કારનો દિવ્યને અમર સંદેશો ઉગતી પ્રજાને હરહંમેશ આપતું રહે!!!

કુદરતે સર્જેલ અભિનવ કળા સર્જનના સાનિધ્યમાં માનવ સમૂહ સ્વદ્રષ્ટિ પ્રમાણે સ્વશક્તિ અનુસાર વીતરાગ સર્જન પ્રતિ પ્રેમ ભક્તિ પ્રદર્શીત કરતું સર્જન ખડું કરે છે. ત્યારે તો સ્વર્ગના દેવો પણ નત મસ્તકે પ્રભુને અર્ધ્ય અર્પી અલૌકિક આનંદ અનુભવે છે. અનેકવિધ જળ તરંગોથી વિભૂષીત થયેલ સાગરના કિનારે માનવતા, શાંતિતા ને સત્યતાની પરિમલ પ્રસરાવતું અદ્વિતીય અને અપ્રતિમ પ્રભાસપાટણનું જિનમન્દિર અને તેમાં બીરાજમાન મૂળનાયક શ્રીચન્દ્રપ્રભસ્વામિ પ્રભુને વિનય વર્ધક ને હૃદયંગમ ક્રોડ ક્રોડ વંદન હો!!!

## સુધારો.

સિદ્ધચક્ર વર્ષ ૧૮ અંક ૪-૫ માં નીચે પ્રમાણે સુધારી લેવું—

| અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|
| પૃષ્ટ ૭૬ લાઇન ૨ કુવામાં પડી તે | કુવામાં તે |
| " ૮૦ " ૨૯ ઉત્તરપશ્ચિમ | ઉત્તર પૂર્વ |
| " ૮૨ " ૩૧ પાંચ મહાવ્રતો | પાંચ આણુવ્રતો |
| " ૮૨ " ૫૭ સન્માન કર્યું | સન્માન ન કર્યું |
| " ૮૪ " ૫૭ લેપથી મારે | લેપથી ભારે |

**વર્તમાનમાં પ્રસિદ્ધ થયેલ જ્ઞાતાસૂત્ર કથાંગ ભા. ૧ લામાં.**

| સારાંશ મધ્યે | अशुद्ध | शुद्ध |
|---|---|---|
| पृ. ३६-१४ | उत्तरपश्चिम | उत्तरपूर्व |
| पृ. ३८-६ | पांचमहाव्रतो | पांच अणुव्रतो |

# પ્રભાસ પાટણની પ્રાચિનતા.

## પરિશિષ્ટ ૧.

**સિદ્ધચક્ર માસિકનો ૬-૭ અંક શ્રી ચંદ્રપ્રભાસપાટણ—તીર્થાંક તરીકે પ્રસિદ્ધ છે.** તે તીર્થાંક વિષે જણાવેલ દોકડીયા પાર્શ્વનાથ એ કાલાન્તરે પણ દોકડીયા પાર્શ્વનાથ તરીકે હાલમાં ઓળખાય છે. વિક્રમ સં. ૧૬૬૭માં તેઓ દોકરીઆ પાર્શ્વનાથ તરીકે ઓળખાતા હતા તેવું. કવિશ્રી શાન્તિકુશલ વિરચિત શ્રીગોડીપાર્શ્વ તીર્થમાલાની ચોથી ગાથામાં ૧૦૮ નામ ગણાવતાં જણાવ્યું છે. જુઓ ગાથા ચોથી—**ચોરવાડ મગસી જયો; દેવપાટણહો-ડોકરીઓ પાસ.** (આ તીર્થમાળા વિક્રમ સંવત **૧૯૯૬માં** જૈન સત્ય પ્રકાશ વર્ષ-૫ અંક ૧૮ પૃ. ૩૬૬-૩૬૭-૩૬૮ મે છાપેલી છે.)

### શ્રી પાર્શ્વનાથ પ્રભુના એકસો આઠ નામ જણાવનાર રાસ—

શારદનામ સોહામણો, મનિ આણિં હો અવિહડરંગ; પાસતણો મહિમા કહુ, જસ કીરતિહો જિમ ગાજે ગંગ ॥૧॥
ગોડી પરતો પૂરવે, ચિંતામણિ હો તું લીલ વિલાસ; અંતરીક મોરે મને, વરકાણે હો તું સોહે પાસ ॥૨॥
ગોડી પરતો પૂરવે. એ આંકણી.
અલવરિ રાવણ રાજિઓ, જીરાવલહો તૂં જાગે દેવ; કલિજુગ પાસ સંખેસરો, ભલા જઈ હો તોરી કીજે સેવ ॥૩॥
**ચોરવાડ** મગસી જયો, **દેવ પાટણ હો ડોકરીઓ પાસ.**
દાદો નવખંડ જાણીએ, પાસ ફલવર્ધી હો રાયરાણો દાસ. ॥૪॥
પંચાસર મહિમંડલે, ભલિ ભાભો નારિંગો નામ; નવપલ્લવ ડોકો કલ્યો, **અઝરાઇ હો તું** બેઠો ઠામ ॥૫॥
લોડણ તત્ત્વરી જાણીઈ, ઉથમણો હો મહિમા ભંડાર; સિરોહીઇ ત્રેવીસમો, કુકડેસર હો સેવક આધાર ॥૬॥
થંભણ પાસ ત્રંબાવતી, નાંકોડેંહી તું ધૃત કલ્લોલ; સહસફણોને સાંમલો, પાસ પરગટ હો તું કુંકમરોલ ॥૭॥
ચારૂપે આરાસણે, ગંગાણી (ઘંઘાણી) હો વંદુ નિસદીસ; ભીનમાલ ઉજેણીઈ, નીવાજઈ હો જાણ્યો જગદીસ ॥૮॥
સલખણપુર સ્વામીજયો, તું મુંજપર હો ઝોટિંગો પાસ; મહમદાવાદ મનોહરૂ, કંબોઇઈ હો તઇ કીધો વાસ ॥૯॥
ભીડ ભંજણ ભલઈ સાંભલ્યો, કરહેડઈ હો નાગેન્દ્ર જોઇ; જેસલમેરે તું જ્યો, અમીઝર હો મંડોવર હોઈ ॥૧૦॥
સાદડીઈ માદો વાસ્યો, કલિકુંડે હો સોઝિત પરિણામ; પાલવિહારઈ.આગરે, ચાણસમેં હો બેહડઈ અભિરામ ॥૧૧॥
કાપડવાણિજ કોરટઈ, હમીરપુર હો પિંપાડેપાસ; છાછેલી કાછેલીયાં, મઈસાણે હો મેડતઈ નિવાસ ॥૧૨॥
કડીઆહાડે આબૂઇ, સેત્રુંજે હો વંદુ ગીરનારિ; વિઝૈવે રાધનપુરી, વડાલીઈ હો સાંડેરે સાર ॥૧૩॥
તું ભરૂઅચિ તું ઇડરે, બૂઆડે હો તૂંહિજ ગુણખાંણિ; તું **દેલવાડે** વડોદરે, ડુંગરપુર હો ગંધારિવખાંણિ ॥૧૪॥
વીસલનગરે વાલહો, ડભોઈઈ હો બેઠા જિનરાજિ; વાડજ ચેલણ પાસજિ, વેલાઉલ હો વડલી સિરતાજ ॥૧૫॥
મહુરપાસે ચેઇઈવલી, અહીછત્રે હો અણુઘોરાય; નાગપુરઈ બીબીપુરઈ, નહુલાઈ હો ઢીલી મન જાઈ ॥૧૬॥
ગાડરીઓ માંડવગઢઈ, તૂંજાવર હો પીરોજાબાદ; કુંભલમેરઇ, ગાજીઓ, રાણકપુર હો સમર્યો દઈ આદ ॥૧૭॥

તું નાડોલે માંડીયો, સિદ્ધપુરઇં હો તૂં દીવ મઝારી; ચિત્રકૂટ ચંદ્રાવતી, અસાઉલ હો વાંસવાલે પાસ ॥૧૮॥
મરહટ મથુરા ચણિઈં, વાણારસી હો તું પાસ જિણંદ; તૂં સમીઆણે સાંભલ્યો, અજારઇં હો તું સેવે ઇંદ ॥૧૯॥
એકસો આઠે આગલા, નામે કરીહો થુણીયા જિનરાજ; આરત ટલી આમય ગયો, આસા ફલીહો
મારા મનની આજ ॥૨૦॥
પાસ પ્રભાવે પરગડો, મહિમાનિધિ હો તું દેવદયાલ, એક મનાં જે ઓલગે તે, પામઈ હો લચ્છી વિસાલ ॥૨૧॥
તૂં મઈવાસી ઉજલો, તિંમાંડિ હો મોટી જાત્ર; ભવના ભાજઈં આમલા, તુઝ આગલ હો નાચેં પાત્ર ॥૨૨॥
ઓચ્છવાસેં તું વસ્યો, વાણારસી હો રાણી વામામાત; અશ્વસેન કુલ ચંદલો, મૂઝ વાલો હો ત્રિજગતિ ખ્યાત ॥૨૩॥
છત્રધરઇં ચાંમર ઢલઈ, ઠકુરાઈ હો ત્રીગડઇં જિનભાણ; ભામંડલ તેજઈ તપઇ, તુઝ વરિસણ હો વાંછઈ દીવાણ ॥૨૪॥
ભૈરવ ક્ષિત્ર દિવાલીયા, જારક જોગણિ હો ડાયણિ વિકરાલ; મૂજ ન માગે ભૈરવા, તૂં સમરથ હો ગોડિ રખવાલ ॥૨૫॥
તૂં મરૂધરનો પાતસ્યા, એકલ મલ્લ હો તૂં ધીંગડધીંગ; બાર ન રાખઈ બારણા, તુઝ સામા હો કોઈ ન કરઇસિંગ ॥૨૬॥
થલથલ દાવો ઠાકુરો, ચેડા ચેટક હો તૂં કાઢઈ સારિ; રોગ હણઇં રોગી તણાં, તું બેઠો હો વનવાડિ ઝાડિ ॥૨૭॥
તરકસ ભીડી ગાતડી, કરે ઝાલી હો તેં લાલ કમાંણ; નીલડે ઘોડે તું ચઢઈ, ફોજફોજાં હો ફેરે કે કાંણ ॥૨૮॥
નવનવરૂપઈ તું રમે, અડવડિયાં હો તુંહિજ દે હાથ; સંઘ તણી સાનિધિ કરઈ વોલાવઈ હો તું મેલે સાથ ॥૨૯॥
અલખનિરંજર તૂં લખઇં, અતુલીબલ હોઇં તું ભૂતલ ભાંણ; શાંતિકુશલ ઇંમ વીનવઈ,
તું ઠાકુર હો સાહિબ સુલતાણ ॥૩૦॥
તપગછતિલક વડોવડે, પાય પ્રણમી હો વિજયસેનસૂરીસ; સંવત સોલ સતસઠે, વીનવીયો હો ગોડિ જગદીસ ॥૩૧॥

॥ કલશ ॥

ત્રેવીસમો જિનરાજ જાણી હિંઇ આણી વાસના,
નર અમર નારી સેવા સારી ગાહઇં ગુણ પાસનાં;
વિનય કુશલ ગુર ચરણ સેવક ગોડી નામઈ ગહગહ્યો,
કલિકાલ માંહિ પાસ પરગટ સેવ કરતાં સુખ લહ્યો ॥

**॥ ઇતિ શ્રી गोडीपार्श्वनाथ तीर्थमाला समाप्त ॥**

૨. વિક્રમના તેરમા સૈકામાં (૧૨૬૪ ની સાલમાં) ચંદ્રપ્રભાસપાટણમાં શ્રીદેવેન્દ્રસૂરિજીએ બે માસ રહીને શ્રીચન્દ્રપ્રભસ્વામિ ચરિત્રની ૫૩૨૫ શ્લોક પ્રમાણની ભવ્ય રચના થઇ છે. આ ગ્રન્થ શ્રી આત્માનંદ જૈન સભા. મુ. અંબાલા સીટીથી એ ૧૯૮૬ ની સાલમાં છપાવ્યો છે. આ ગ્રન્થમાં ચન્દ્રપ્રભાસપાટણમાં પ્રભુએ શ્રીચન્દ્રપ્રભસ્વામિએ આપેલી અહિંસા-સત્ય, અદત્ત (ચોરી), બ્રહ્મચર્ય, પરિગ્રહ અને શ્રાવકોના બાર વ્રત આપેલી દેશનાઓ છે જેની ભવ્યતા ઘણી સરસ અને ગ્રન્થ રચના પણ સુંદર છે.

૩. શ્રી અમમ ચરિત્રમાં બ્રાહ્મી નદીનું બીજું નામ વર્તમાન સમયે સરસ્વતી નદી તરીકે ઓળખાય છે તેવું જણાવ્યું છે.

૪. મગનલાલ દલપતરામે છપાવેલ શ્રીજગડુ ચરિત્રમાં પૃ. ૧૨૫ મા એ જણાવે છે કે–સિદ્ધરાજ જયસિંહે જુનાગઢના રાજા રાખેંગારને જીતવા સારૂ ટુંકો માર્ગ શોધી વઢવાણથી જુનાગઢ અને જુનાગઢથી સોમનાથ પાટણ સુધીની સડક બાંધી હતી. (અપૂર્ણ.)

# સમાચાર.

## શ્રીચન્દ્રપ્રભાસપાટણ તીર્થથી થયેલો પુણ્ય વિહાર.

શ્રી ચન્દ્ર પ્રભાસપાટણ તીર્થની પ્રતિષ્ઠા તથા કેટલાક પ્રભુઓની અંજનશલાકા અને બે ભાગવતિ દીક્ષાઓ વગેરે અનેક પવિત્ર કાર્યો શાસન પ્રભાવના વચ્ચે તે રીતે નિર્વિઘ્ને સમાપ્ત થયા પછી ઉના-અજારા-દેલવાડા-દીવ તીર્થોની યાત્રાએ કરવા પ. પૂ. **આચાર્યદેવશ્રી ચન્દ્રસાગર સૂરિજી આદિઠા. ૨૩** ફાગણ વદી ૨ ને બુધવારની વહેલી સવારે વિહાર કરતાં સેંકડો ભાવિકો અને ભાવિકાઓનો વિશાલ સમુહ વલોટાવવા ગયો હતો, શહેર બ્હાર માંગલિક દેશના સચોટ રીતિએ આપી હતી, તેમ હિતશિક્ષા તરીકે મંદિરનું બાકી રહેલ કાર્ય તાકીદે પરિપૂર્ણ કરેવા આગેવાનોને સૂચનાઓ આપી હતિ, અને સંઘના સહુએ હળીમળીને કાર્ય કરનારા આગેવાનોને સહકાર આપવાની ભલામણ કરી હતી, ત્યાંથી ગોરખમઢી થઈ જૈનેતરો જેને કાશી સમાન તીર્થસ્થાન ગણે છે તેવા **પ્રાચી** ગામે પૂ. આચાર્ય દેવશ્રી આદિઠાણા ૨૩) પધારેલા તે અવસરે શ્રી સંઘના શ્રેષ્ઠીવર્યો પ્રભાસપાટણથી વંદના અર્થે આવ્યા હતા, અહીંથી **ઘાટવડ** પધારતાં સ્થાનકવાસી ભાઇઓએ લાભ ઠીક ઠીક લીધો હતો, અત્રેથી **હુડમડીઆ** થઈ **વડવીઆરા** ગામે પધારતાં વડવીઆરાના શ્રી સંઘે સામયા પૂર્વક પ્રવેશ કરાવ્યો હતો. તેમ પૂજ્યશ્રીના પુનીત પગલે નૂતન ઉપાશ્રયનું ઉદ્દ્ઘાટન કરી પુજા પ્રભાવનાના પુણ્ય કાર્યો કર્યાં હતાં.

## તીર્થોના યાત્રા અને પ્રભાસપાટણથી આવેલો અજારા તીર્થે શ્રી સંઘ—

ફા. વ. ૭ ના દિને **ઉના તીર્થે** (જેનું પ્રાચીન નામ ઉન્નત નગર) **પૂ. આ. શ્રી ચન્દ્રસાગરસૂરિજી આદિઠાણાં** પધારતાં ઉનાના શ્રી સંઘે શાસન પ્રભાવના વચ્ચે તે રીતિએ સ્વાગત કરેલું હતું તેમ માંગલિક પ્રવચન પ. પૂ. આ. શ્રી એ આપેલું.

અહિં ઉનામાં પાંચ ભવ્ય જિનાલયો છે, અકબર બાદશાહને પ્રતિબોધ કરનાર જગદ્દગુરૂ શ્રી વિજયહિરસૂરીશ્વરજીની આ સ્વર્ગવાસ ભૂમી છે, તેઓ સ્વર્ગવાસ પામ્યા ત્યારે અકાળે આંબાઓને ફળ આવ્યાં હતાં. વર્તમાનમાં આ ભૂમી બગીચા સહિતની વિદ્યમાન છે અને તે શ્રી સંઘના હસ્તક છે, આમાં બીજા પૂજ્ય આચાર્ય ભગવન્તોનો પણ સ્વર્ગવાસ થયેલો છે, તેઓશ્રીની પાદુકાઓ આ બગીચામાં છે, તે કાલમાં એટલે પૂજ્ય શ્રી વિજયહિરસૂરીશ્વરજી મહારાજશ્રીના સમયમાં જૈનોની વસ્તિ ઘણી હતિ-કહેવાય છે કે અહિં પર્વ તિથિઓએ પાંચસો પોષધો થતા હતા. દેરાસરોમાં પ્રતિમાઓ ભવ્ય છે. તેમાં ભોંયરામાં બીરાજમાન શ્રી અમીઝરા પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા અતિ અલૌકિક છે, તેની વર્તતી દંતકથા એવી છે કે-એક સમય એટલું બધું અમી ઝરતું કે આખો રંગ મંડપ ભીંજાતો હતો અને પ્રતિમાજીના મસ્તક વિષે શ્વેત રંગનો ફણીધર વારંવાર દેખાવ દેતો હતો પરન્તુ થોડા વર્ષો ઉપર ભોંયરામાં વધુ અજવાળું પ્રાપ્ત થાય તે અર્થે તેનું સમારકામ સારી રીતે થતાં ફણીધર દેખાતો બંધ થયો છે, તેમ તેટલા વિશાલ પ્રમાણમાં અમી પણ ઝરતું નથી હાલમાં ઉનામાં ફક્ત ત્રીસથી પાંત્રીસ ઘરો જૈનોના વિદ્યમાન છે, તેમ અહિંના દેરાસરોના જીર્ણોદ્ધારની આવશ્યકતા લાગે છે. શ્રી અજારા-દેલવાડા-દીવ તથા ઉના આ ચારે તીર્થોની મુખ્ય પેઢી ઉનામાં છે. ઉનાથી મહુવા ૩૬) ગાઉ દૂર છે તેમ સાવરકુંડલા ૨૨) ગાઉ દૂર છે. અને પ્રભાસપાટણ તીર્થ ૨૨) ગાઉ દૂર છે. જુનાગઢ તથા વેરાવળથી ઉના આવવાની ટ્રેનો મળે છે ઉના સ્ટેશન ઉનાથી નજદીક છે; અહિં પધારનાર પૂજ્ય સાધુ સાધ્વીજી મહારાજાઓનો મહુવા, પ્રભાસપાટણ અને સાવરકુંડલા સુધીનો બંદોબસ્ત તેમ ચારે તીર્થની વ્યવસ્થાનો બોજો ઉનાની પેઢી નભાવે છે. એટલે વર્તમાન યુગમાં આ પેઢીને સહાય-મદદની આવશ્યકતા રહે છે. જો કે આ નિભાવ પૂ. આ. શ્રી હિરવિજયસૂરીશ્વરજીની સ્વર્ગભૂમી અને તેની આજુબાજુની કેટલીક ભૂમીનો ઉપયોગ વાડી-બગીચા

તરીકેનો થાય છે તે ભૂમી અકબર બાદશાહે ભેટમાં અર્પણ કરેલી છે, તેની વાર્ષિક આવક રૂા. ૧૫૦૦) ની થાય છે તેના ઉપર નિભાવ છે. અને આ રકમનો મોટો ભાગ સાધુ સાધ્વીની ભક્તિમાં ખર્ચાય છે.

**અજારા તીર્થ—**

ઉના તીર્થની પવિત્ર યાત્રા કરી વદ ૭ ની સાંજે ઉનાથી ફક્ત અર્ધો માઇલ દૂર આવેલી પૂ. વિજય-હિરસૂરીશ્વરજીની સ્વર્ગ ભૂમી વિષે પાદુકાઓના દર્શન કરી ત્યાંથી દોઢ માઇલ દૂર રહેલા અજારા તીર્થે પધારી યાત્રા કરી, અહિં જૈનોની હાલમાં વસ્તિ નથી, **શ્રી અજાહરા પાર્શ્વનાથ**ની ભવ્ય પ્રતિમા મહાન્ ચમત્કારી છે, પ્રતિમાજી એવી ભવ્ય અને મનોહર છે કે ત્યાંથી ખસવાનું ચિત્ત પણ ન થાય તેવી આહ્‌લાદક છે.

આ પ્રતિમાનો ઇતિહાસ એવો છે કે-દેવલોકમાં એક લાખ વર્ષ સુધી કુબેર દેવે તેમ સાત લાખ વર્ષ સુધી વરૂણદેવે આ પ્રતિમા પૂજેલી તે અજયરાજાના ભાગ્યથી પદ્દમાવતી દેવીએ એક સાગર નામના શેઠીઆને આપી અને તે શેઠે દીવબંદરના રાજા અજયરાજાને (હાલમાં ફીરંગીઓનું રાજ્ય છે.) અપર્ણ કરી, આ સમયે અજયરાજા એકસોને સાત વ્યાધીઓથી પીડાઈ રહેલો હતો, તે રોગો આ ભાવી તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુના દર્શન માત્રથી નાશ પામ્યા, અર્થાત્ અજયરાજા તમામ રોગોથી મુક્ત થયા. અજયરાજાએ દીવની સમીપમાં અજયપુર નામની નગરી વસાવી તેમ ભવ્ય જિન પ્રાસાદ બંધાવી તેમાં પ્રભુજીને પધરાવ્યાને ત્રિકાળ પૂજા કરવા લાગ્યા, આ અજયરાજાને થયે લગભગ આઠ લાખ વર્ષ થયાં છે. અજયપુરનગરીનું નામ વર્તમાનમાં અજારા તરીકે પ્રસિદ્ધ છે, આ તીર્થ અતિ પ્રાચીન છે તેનાથી પણ શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા પ્રાચીન છે, વર્તમાનમાં પણ ચમતકારો જણાય છે. દૈવી વનસ્પતિ તરીકે ઓળખાતા અજેપાળના વૃક્ષો જોવા લાયક છે. તેમ સં. ૧૦૧૪ ની સાલના લેખવાળો એક સુન્દર ઘંટ અહિં વિધમાન છે, પ્રભુજીનું પ્રસિદ્ધ નામ શ્રી અજારા પાર્શ્વનાથ પ્રભુ છે. આ તીર્થના મોટા ઉદ્ધારો ચૌદ થયા છે. યાત્રાળુઓ માટે ધર્મ-શાળાઓની સગવડ છે તેમ ભાથુ આપવાની વ્યવસ્થા છે.

**પ. પૂ. આ. શ્રી ચન્દ્રસાગર સૂરિજી** આદિ-ઠાણાં ૨૩ આ યાત્રાએ પધાર્યાનું નિમિત્ત પામી શ્રીચન્દ્રપ્રભાસપાટણ તીર્થથી શ્રી સંઘ ફાગણ વદી ૯ ના દિને પધારવાનો તાર આવતાં પૂજ્ય શ્રી આદિઠાણાં આઠમની વહેલી સવારે અજારા તીર્થથી એક ગાઉ દૂર રહેલ **દેલવાડા** તીર્થે શ્રી **ચિન્તામણી પાર્શ્વનાથ** પ્રભુનાં દર્શન કર્યાં અને ત્યાંથી ત્રણ ગાઉ દૂર રહેલા **શ્રી દીવતીર્થે** પધાર્યા અને સર્વે મુનિવરોએ નવ-લખા પાર્શ્વનાથની યાત્રા કરી.

અહિં શ્રી સુવિધિનાથ પ્રભુની દંતકથા એવી છે કે સદરહુ પ્રતિમાજી ખંડીત થવાથી ત્રણ ત્રણ વખત ભોંયરામાં પધારાવ્યા પણ શાસનદેવે ત્રણે વખત ભોંય-રામાંથી બહાર કાઢી તેની જે જગો જે મૂળ હતી તેજ જગોએ સ્થાપના કરી આથી શ્રી સંઘે તેજ સ્થાને સ્થાપિત કરી, વર્તમાનમાં પણ તેજ સ્થાને વિદ્યમાન છે, શ્રીપાર્શ્વનાથપ્રભુને અહિંના જૈનો એટલા બધા ધનાઢય હતા કે—નવલખો મુગટ ચઢાવતા અને નવલખો હાર પહેરવતા તેમ નવલખી આંગી રચાવતા હતા આથી ત્યાંના શ્રી સંઘનું નામ પણ નવલખો સંઘ કહેવાતો હતો અને ભગવાન નવલખા તરીકે ઓળખાતા હતા હાલમાં જૈનોના ઘર વિદ્યમાનનથી પરન્તુ સ્થાનકવાસી ભાઈઓ દર્શનાર્થે પધારતા પૂજ્ય સાધુ સાધ્વીજીઓની ભક્તિ કરે છે સદરહુ શ્રી પર્શ્વનાથ પ્રભુનું નામ વર્તમાનમાં પણ **શ્રી નવલખા પાર્શ્વ-નાથ પ્રભુ** તરીકે જાહેર છે.

આ તીર્થોની શ્રી મુંબઈ શહેરમાં શ્રી ગોડીજી મહારા-જના દેરાસર વિષે બીરાજતી ચાલીસ પ્રતિમાઓ તેમ શ્રી ભાવનગર શહેરમાં બીરાજતી બત્રીસ પ્રતિમાઓ, પાલીતાણા તીર્થમાં માધવલાલના દેરાસર વિષે બીરાજતી પ્રતિમાઓ તથા બીજા સ્થળોએ પણ દીવ તીર્થથી અર્પણ કરવામાં આવેલી છે. દીવ તીર્થની યાત્રા કરી વદી ૯ ની સવારે **પૂ. આ. શ્રી** આદિ સમસ્ત ઠાણાં અજારા તીર્થે પધાર્યાં હતાં.

**ચંદ્રપ્રભાસ પાટણથી આવેલો અજારા તીર્થે શ્રી સંઘ**—ફા. વ. ૮ ના દિને શ્રી સંઘમાંથી કેટલાક ભાઈ બ્હેનો તેમ ફા. વ. ૯ ની સવારમાં બાકી રહેલ ભાઈ બ્હેનોનો સંઘ રેલ્વે મારફતે દર્શનાર્થે આવ્યો હતો તેમાં ત્રણસો ઉપરાંત ભાગ્યશાળીઓ હતા. શ્રી સંઘે પૂજા, પ્રભાવના અને બે દિવસના સ્વામિવાત્સલ્યનો લાભ સારી રીતે લીધો હતો. વ. ૯-૧૦ બન્ને દિવસોએ પૂ. **આચાર્યદેવશ્રીનું** પ્રવચન થયેલું. વદી ૧૦ ની સાંજે **પૂજ્યશ્રી આદિ** ઠાણાં ઉના પધારી સાવરકુંડલા શ્રી સંઘની આયંબિલની ઓળીની આરાધના કરાવવા માટે પધારવાનો વિનંતિ પત્ર આવવાથી વદી ૧૧ ની બપોરે સાવરકુંડલા તરફ વિહાર કરતાં પૂ. શ્રી દર્શનસાગરજી મહારાજશ્રી આદિ ઠાણા ૯ તથા ઉનાના ગૃહસ્થો વળોટાવવા આવ્યા હતા. અને નવ ઠાણાએ ઉના મધ્યે ઓળીની આરાધના માટે સ્થિરતા કરી.

## સાવરકુંડલા.

ઉના તીર્થથી **પ. પૂ. આ. દેવશ્રી ચન્દ્રસાગરસૂરિજી આદિ ઠાણાં ૧૪** સામતેર, ટીંબી, ઝામકા, ડેડાણ થઈ **ખાંભા** પધારતાં ખાંભાના શ્રીસંઘે ભાવભીનું સ્વાગત કરેલું અને વ્યાખ્યાન આદિનો લાભ લીધો હતો. ત્યાંથી **આંબરડી** મુકામે આવ્યા હતા, ત્યાંથી બાઢડા થઈ ચૈત્ર સુદિ ૪ ની સવારમાં શ્રી સાવરકુંડલા શહેરમાં પધાર્યા હતા. માર્ગમાં **પૂ. આચાર્યદેવશ્રીએ તથા પૂ. મુનિશ્રીસુબોધસાગરજી મહારાજશ્રીએ તથા પૂ. મુનિશ્રીરૈવતસાગરજી મહારાજે** વ્યાખ્યાનો આપ્યા હતા. **સાવરકુંડલા** શહેરમાં પૂજ્ય શ્રી આદિ ઠાણાં પધારતાં શ્રી સંઘ સ્ટેશનના માર્ગે વાગતે ગાજતે સ્હામો ગયેલો હતો. સામૈયામાં જૈન યુવકોનું બેન્ડ લાવવામાં આવેલું, સ્થાને સ્થાને સ્વાગત બોર્ડો બાંધવામાં આવ્યાં હતાં. જૈનોના લત્તાઓ આવતાં ઘણા ઠેકાણે ગહુંલીઓ કરી વધાવવામાં આવતા હતા, પૂજ્યશ્રી આદિ અત્રેના જીનમન્દિરોના દર્શન કરી ધર્મશાળાએ પધારી હજાર માણસની ભરાયેલી મેદની વચ્ચે દોઢ કલાક સુધી સમ્યગ્દર્શન એ શ્લોક પર માંગલિક પ્રવચન પૂજ્ય આચાર્યદેવશ્રીએ આપ્યું હતું, પાલીતાણા નિવાસી શેઠશ્રી કુંવરજીભાઈ જીવણજીભાઈ તરફથી પતાસાની પ્રભાવના થઈ હતી. વ્યાખ્યાન ધર્મશાળામાં હંમેશાં પૂજ્ય આચાર્ય ભગવંતશ્રી આપે છે તેનો લાભ આઠસો ઉપરાંતની સંખ્યામાં ભાવિકો લઈ રહ્યા છે.

**મહુવા**—પૂ૦ ઉ૦ શ્રી દેવેન્દ્રસાગરજી ગણીવર્ય આદિ ઠાણા ૫ સાવરકુંડલાથી મહુવા તીર્થની યાત્રાએ પધારતાં મહુવા શ્રી સંઘની આગ્રહભરી વિનંતિથી આયંબિલની ઓળીની આરાધના કરાવવા રોકાયા હતા, તેઓશ્રી મહુવાથી ઓળીની આરાધના કરાવી. તેમ સાવરકુંડલાથી પૂ પં. પ્ર. શ્રી હીરસાગરજી ગણીવર આદિ ઠાણા ૨ એ અમદાવાદ તરફ જવા માટે હાલ પાલીતાણા તરફ વિહાર કર્યો છે અને પાલીતાણાથી વૈં. સુ. ૧૪ ના અમદાવાદ તરફ વિહાર કરી ગયા છે.

**જામનગર**—પૂ૦ આ૦ શ્રી હેમસાગરસૂરિજી આદિ ઠાણાં કપડવણજથી જામનગર ચાતુર્માસ અર્થે પધારી રહ્યા છે એમ જામનગરથી સમાચાર છે.

**પાલીતાણા**—પૂ૦ મુનિશ્રી ચન્દ્રકાન્તસાગરજી મ૦ આદિ ઠાણાં ભાવનગરથી અત્રે પધાર્યા છે. મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી મહારાજના અતિ આકર્ષક પ્રવચનોનો જૈન જૈનેતરની વિશાલ સંખ્યા દર રવિવારે લાભ લઇ રહી છે. અને તે બંન્ને મુનિવરો નવાણું જાત્રા કરે છે.

## ભેટ.

પૂ મુનિ શ્રી ગૌતમસાગરજી મહારાજના ઉપદેશથી કલ્યાણ (જી. આઇ પી.) શ્રી જૈન બાલમંડલ-તરફથી રૂા. ૫) ભેટ આવ્યા છે તેનો સ્વીકાર કરવામાં આવ્યો છે

# સાવરકુંડલાથી મહુવાનો થયેલો — પૂ. આચાર્યદેવશ્રી ચન્દ્રસાગરસૂરિજીનો પુનિત વિહાર.

## ગામે ગામ થયેલો સત્કાર.

મહુવા શ્રી સંઘની ત્યાંના સ્થાનિક વર્ષીતપવાળાઓના પારણા નિમિત્તે પધારવાની વિનંતિ હોવાથી ચૈત્ર વદી ૨ નો પૂજ્ય આચાર્યદેવશ્રીનો વિહાર હતો પરન્તુ શ્રી સંઘે રવિવારના દિવસે જાહેર વ્યાખ્યાનથી જૈનેતર **પ્રજાને પણ** તેઓશ્રીની પવિત્ર દેશનાનો લાભ થાય તે માટે સાવરકુંડલા શ્રીસંઘે વદી ૩ નું રોકાણ કરાવ્યું અને વદી ૨ ના વ્યાખ્યાનમાં શ્રીસંઘની તમામ વ્યકિતઓએ ભેગા થઇ **ચાતુર્માસ માટે વીનંતિ કરી** પૂજ્ય આચાર્યદેવશ્રીએ લાભાલાભનો વિચાર કરી તેમના આગ્રહને માન આપ્યું આથી શ્રી સંઘે ચાતુર્માસની જય બોલાવી અને સકલ શ્રી સંઘે તે વધાવી લીધી રવીવારના જાહેર વ્યાખ્યાનમાં માનવતાનો વિકાસ એ વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું તેમાં લગભગ હજારની સંખ્યામાં જૈન જૈનેતરો સારો લાભ લીધો હતો. બપોરે ત્યાંથી વિહાર થતાં સેંકડો ભાઈ બ્હેનો વળોટાવવા ગયા હતા, સાંજે શીરધરવાવ પધારતાં ઘણા ભાઇઓ વંદના કરવા આવ્યા હતા ત્યાંથી પૂજ્યશ્રી આદિ ઠાણા ૧૨ ગાધકડા સંઘના અતીય આગ્રહથી ત્યાં પધાર્યા હતા.

**ગાધકડા—**

**ગુરૂ ભક્ત શેઠશ્રી બાવચંદભાઇ રામચંદભાઈ** પોતાના ગામમાં **પૂજ્ય ગુરૂદેવશ્રીનાં** પુનીત પગલાં કરાવવા માટે ખાસ મુંબઈથી આવ્યા હતા વદી ૪ ને દિવસે પૂજ્ય શ્રી આદિઠાણાં પધારતાં ધ્વજા તોરણોથી શોભતી માર્ગોની રચના કરી હતિ અને વાગતે જાગતે સામૈયું કર્યું હતું પૂજ્ય શ્રીની મધુરી અને વૈરાગ્ય વર્ધક દેશનાનું શ્રી સંઘે પાન કર્યું હતું. તેમ વદી ૪ના દિવસે શેઠ શ્રી બાવચંદભાઈ રામચંદભાઇ તરફથી નોકારશી થઈ હતી અને પૂજા પ્રભાવનાનાં કાર્ય થયાં હતાં બીજે દિવસે શ્રી સંઘના આગ્રહથી રોકાણ થયું હતું અને શ્રી સંઘ તરફથી નવકારશી તથા પૂજા પ્રભાવના થઇ હતી, ત્રીજે દિવસે ગાધકડા મહિલા મંડલે નવકારશી તથા પુજા પ્રભાવનાનાં કાર્ય કર્યા હતાં. **શ્રીવાસુપૂજ્યના દેરાસરજીના જીર્ણોદ્ધાર કરવાનું નક્કી થતાં પૂજ્ય આચાર્યદેવશ્રીની સૂચના મુજબ જીર્ણોદ્ધાર કરવાનું નક્કી કરી તે માટે કમીટી નિમવામાં આવી છે.** તે માટે શિલ્પશાસ્ત્રી નંદલાલભાઇને તાર કરી બોલાવવામાં આવ્યા છે, મેરીઆણાના સદ્‌ગૃહસ્થોની વિનંતિથી વદી ૮ ના **વિજપડી** પધાર્યા હતા, અહીં વડાલના શેઠ શ્રી નેમચંદભાઈ વિનંતિ કરવા આવ્યા હતા.

વદી ૯ ના **વડાલ** પધારતાં શ્રી સંઘે જૈનતરોના બહોળા સમુદાયોથી સામૈયું કરી પ્રભાવના કરી હતી. અહીં મહુવાથી ડેપ્યુટેશન આવ્યું હતું, વદી ૧૦ ના દીને **મોટા ખુંટવાડા** પધારતાં શ્રી સંઘે સામૈયું કરી પૂજા પ્રભાવનાના કાર્ય કર્યાં હતાં. અને આગ્રહ કરી વદી ૧૧ ના દીનનું રોકાણ કર્યું હતું અને બન્ને દિવસ વ્યાખ્યાનનો લાભ લીધો હતો. વદી ૧૨ **કુંભણ** રોકાઈ વદી ૧૩ ના શ્રી મહુવા બંદર પધારતાં શ્રી સંઘે વાજતે ગાજતે પ્રવેશ કરાવ્યો હતો, તેમ માંગલિક

---

શ્રીસિદ્ધચક્ર પત્ર માટેનો તમામ નાણાં પત્ર વ્યવહાર આદિ નીચેના શીરનામે કરો—

**શ્રીસિદ્ધચક્ર સાહિત્ય સમિતિ**

C/o **સંઘવી ચીમનલાલ સવાઈચંદ**

સુરત, ઠે. ગોળશેરી, ગલેમંડી.

ઉપરના શીરનામે કરવા દરેક મહાનુભાવે ધ્યાનમાં લેવું.

દેશના આપી હતી, અહીં ચૈત્ર વદી ૧૩ થી વર્ષી તપના પારણા નિમિત્તે પાંચ દિવસનો અઠ્ઠાઈમહોચ્છવ ચાલુ હતો, અને વૈ. સુ. ૨ ના રોજ રથયાત્રા વર્ષીતપવાળા તરફથી હતી. બાર બ્હેનો અને એક ભાઈ એમ તેર ભાગ્યશાળીઓએ સુદિ ૩ ના પારણાં કર્યાં હતાં સુદિ ૩-૪ બંને દિવસે શ્રીસંઘનો સત્કાર થયો હતો આ નિમિત્તે બહાર ગામથી ત્રણસો ભાવિકો આવ્યા હતા.

**માંડવગઢ**—પૂ. મુનિ શ્રી ધર્મસાગરજી ગણીવર આદિઠાણાં તથા પૂ. મુનિ શ્રીત્રિલોકસાગરજી મહારાજ આદિઠાણાંની નિશ્રામાં સિદ્ધચક્ર આરાધક સમાજ તરફથી આયંબિલની ઓળીની આરાધના થતાં આઠસો તપસ્વિઓએ લાભ લીધો હતો આ નિમિત્તે ૫૦૦૦ હજાર ભાવિકોનો સમૂહ આવ્યો હતો પૂજ્ય ગણીવર ધર્મસાગરજી આદિઠાણાં મુંબઈ જવા ત્યાંથી વિહાર કરી ગયા છે.

## મહુવાથી પાલીતાણા.

પાલીતાણા શ્રી વર્ધમાન જૈન આગમમન્દિર વિષે સુવર્ણકલશ ચઢાવવાનો હોઇ અષ્ટાહ્નિકા મહોચ્છવ ઉજવવાનો છે તે નિમિત્તે સંસ્થાના ટ્રસ્ટીશ્રીમાનોની વિનંતીથી **પ. પૂ. આ. શ્રીચંદ્રસાગરસૂરિજી** આદિઠાણાં સુદિ ૬ ની સાંજે અહીંથી વિહાર કરી દાઠા તલાજા લગભગ વૈ. સુદ ૧૩ થઈ પાલીતાણા પધારશે અને ત્યાં ધોધાવાળી ધર્મશાળા વિષે ઉતરશે.

**પુનાસીટી**—નવપદ આરાધન ક્રિયાની પૂર્ણાહૂતી તથા ભગવાન મહાવીર દેવના જન્મ કલ્યાણકની ઉજવણી અત્રે બિરાજતા પૂજ્ય શ્રી ગુણસાગરજી મ. આદિઠાણાં ચારની શુભ પ્રેરણાથી નવપદ આરાધના વિધિમાં સારા પ્રમાણમાં ભાઈ બહેનો જોડાયા હતા. ચૈત્ર સુદ ૧૩ને મંગળવારે પૂજ્ય પ્રભુશ્રી મહાવીરદેવનો જન્મ કલ્યાણક દિવસ હોવાથી તેમનો જન્મોત્સવ પૂજ્યશ્રી ગુણસાગર મહારાજના અધ્યક્ષપણે સારી રીતે ઉજવાયો હતો. સવારે રથ સહિત વરઘોડો કાઢવામાં આવ્યો હતો, અને મુખ્ય લત્તામાં ફરી લાલજી મહારાજના ઉપાશ્રયમાં આવી પહોંચ્યો હતો. ત્યાં પૂજ્ય કંચનવિજયજી મહારાજે પ્રભુના મહાવીરના જીવન ઉપર ટુંકમાં સુંદર પ્રકાશ પાડ્યો હતો. ત્યારબાદ શ્રી લેડી કીકાભાઈ પ્રેમચંદ પાઠશાળાની બાળાઓએ ગરબા, આદિ સુંદર કાર્યક્રમો કરી બતાવ્યા હતા. અને ઉપાશ્રયમાં રાત્રે પણ "શાહ બાદશાહના" સંવાદો સહિત સુંદર કાર્યક્રમો થયા હતા. તે દિવસે પૂજા ભણાવવામાં આવી હતી અને ઓળીના નિમિત્તે શ્રીગોડી પાર્શ્વનાથ તથા પ્રભુ શ્રીમહાવીરની આંગી તો એક માસથી રચવામાં આવતી હતી. ચૈત્ર સુદ પુનમે સિદ્ધાચલની યાત્રાનો દિવસ હોવાથી સવારના નવ વાગે રથમાં પ્રભુ પધરાવી, શ્રીયુત્ માણેકચંદ ટી. મહેતા રથમાં બેસવાનું ઘી બોલી વાગતે જાગતે વરઘોડો કાઢી દાદાવાડીએ પટના દર્શનાર્થે સંઘ ગયો હતો. ત્યાં દર્શન કરી સૌએ પૂજ્ય મહારાજ સાહેબ સાથે ચૈત્યવંદન કરી ખમાસણા દઇ બાર વાગે સૌ સંઘ ઉપાશ્રયમાં આવી પહોંચ્યો હતો. બપોરે પૂજા ભણાવવામાં આવી હતી. શ્રીનંદીશ્વરદ્વીપની રચના ઓળીવાળા ભાઈ બહેનો તરફથી કરવામાં આવી હતી. તેમ નંદીશ્વર દ્વીપની પૂજા તથા ભાવના રાખવામાં આવી હતી. પુનામાં પહેલો રચનાનો તથા પૂજા આવી ભણાવવાનો પ્રસંગ હોવાથી લોકોના ટોળેટોળાં દર્શનાર્થે પધાર્યાં હતાં.

## કાળધર્મ પામ્યા.

અમદાવાદ મુકામે પૂ. વયોવૃદ્ધા સાધ્વીજી મહારાજ **શ્રી તીલકશ્રીજી**ના મુખ્ય શિષ્યા સાધ્વી **શ્રી હેમશ્રીજી** મહારાજ વૈ. વ. ૩ ના દિવસે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે.

મુદ્રકઃ—**મૂલચંદ કસનદાસ કાપડીયા,** "જૈન વિજય" પ્રિન્ટીંગ પ્રેસ-ગાંધીચોક, **સુરત.**
પ્રકાશકઃ—તંત્રી-**પાનાચંદ રૂપચંદ ઝવેરી,** શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ, લાલબાગ, ભુલેશ્વર-મુંબઇ.

# મહુવાથી પાલીતાણા-થયેલો પુણ્ય વિહાર

પાલીતાણા-શ્રી વર્દ્ધમાન જૈન આગમમન્દિર-સંસ્થાના માનનીય ટ્રસ્ટી શ્રીમાનોની મહુવા મુકામે આગમ મન્દિરના જિનાલય વિષે સુવર્ણ કલશ ચઢાવવા માટે મહોચ્છવ ઉપર પધારવા માટે આગ્રહ ભરી વિનંતિ આવવાથી મહુવાથી વૈ. સુદિ ૬ ની સાંજે વિહાર કરતાં મહુવાનો શ્રી સંઘ વળાવવા આવ્યો હતો. શહેર બ્હાર મંગલાચરણ શ્રવણ કરાવ્યું હતું, ત્યાંથી **પ. પૂ. આ. શ્રી ચન્દ્રસાગરસૂરિજી** આદિ ઠાણાં ભાદરોલ પધાર્યા હતા. બોથા ગામની વિનંતિ હોવાથી સુદિ ૭ ની સવારે ત્યાં પધારેલા હતા. રાણાવાડાથી ત્યાં વિનંતિ કરવા આવેલ ભાઇને માન આપી રાણાવાડા પધાર્યા હતા. સુદિ ૯ ના દીને દાઠા તીર્થે પધારતાં શ્રી સંઘે ભાવભીનું સ્વાગત કરેલ અને વધુ સ્થિરતા કરવા આગ્રહ કર્યો હતો, પરન્તુ પાલીતાણા શીઘ્ર જવાનું હોવાથી બપોરના વિહાર કરી સુદ ૧૦ ની તલાજા (તાલધ્વજ તીર્થ) પધારતાં શ્રી સંઘે ભાવભીનું સ્વાગત કરેલ. માંગલિક દેશનાનું પાન પૂજ્ય આચાર્ય દેવે કરાવ્યું હતું. ત્યાંથી સુદિ ૧૧ દાલજ પધારતાં ગામોના ભાવિકોએ સ્વામિવાત્સલ્ય કરી અપૂર્વ લાભ લીધો હતો. સુદિ ૧૩ ની મંગલ પ્રભાતે પાલીતાણા શહેરમાં પધારતાં આગમમન્દિરના માનનીય ટ્રસ્ટીઓએ ભાવભર્યું વાગતે ગાજતે સામૈયું કરેલ. સામૈયામાં ઉ. શ્રી દેવેન્દ્રસાગરજી ગણીવર, પં. શ્રી હીરસાગરજી ગણીવર, પ્રસિદ્ધ વક્તા મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી આદિ વિશાલ સાધુ સમુદાય તથા સાધ્વીજીઓનો બહોળો સમુદાય અને શ્રાવક શ્રાવિકાની મેદની આવી હતી. મોતી સુખીયાની ધર્મશાળાએ મંગળ દેશનાનું શ્રવણ પૂજ્ય આ. શ્રીએ કરાવ્યું હતું, વિખરાતી મેદનીને પ્રભાવના આપવામાં આવી હતી.

શ્રી વર્દ્ધમાન જૈનાગમ મન્દિરે સુવર્ણ કલશારોહણ નિમિત્તે શાન્તિસ્નાત્રાદિ **શ્રી અષ્ટાહ્નિકા મહોત્સવ**-પ્રસંગે વિશાલ સંઘ નિમંત્રણ પત્રિકા નીચે પ્રમાણે કાર્યક્રમ સહિતની પ્રસિદ્ધ થઈ છેઃ—

આ મહોચ્છવ પ્રસંગે (પૂ. પૂ. સ્વર્ગસ્થ-પરમોપકારી આ સંસ્થાના મૂખ્ય પ્રાણદાતા આ. શ્રી આનંદસાગરસૂરીશ્વરજીના વિદ્વાન્ શિષ્ય આ૦દેવશ્રી ચન્દ્રસાગરસૂરિવર્યશ્રી વિશાલ શિષ્યો સહ પધારવાના છે. ક્રિયા કરાવવા સુરતથી શ્રી બાલુભાઈ ઉત્તમચંદભાઈ પોતાની મંડલી સહ પધાર્યા છે, તેમ માનનીય ટ્રસ્ટી શ્રીમાનો શ્રી પોપટલાલ ધારસીભાઈ સંઘવી વગેરે ટ્રસ્ટીઓ પધાર્યા છે.

### કાર્યક્રમ નીચે પ્રમાણે છે.

વૈશાખ સુદ ૧૪ ગુરૂવાર તા. ૮-૫-૫૨ કુંભસ્થાપના તથા પંચ કલ્યાણકની પૂજા શેઠ પન્નાલાલ ઉમાભાઇ, શેઠ ચીમનલાલ ડાહ્યાભાઇ તથા શેઠ જેશીંગભાઈ ઉગરચંદ તરફથી. વૈ. સુદ ૧૫ શુક્ર નવાણું પ્રકારની પૂજા શેઠ મૂલચંદભાઈ વાડીલાલ તથા શેઠ નગીનદાસ કપુરચંદ જરીવાળા તરફથી. વૈ. વદ ૧ શનિ બાર વ્રતની પૂજા શેઠ છોટાલાલ ભીખાભાઈ તથા શેઠ સાકરચંદ ખુશાલચંદ તરફથી. વૈ. વદ ૨ રવિ પીસ્તાલીશ આગમની પૂજા શેઠ માણેકલાલ મનસુખભાઈ તરફથી. વૈ. વદ ૩ સોમ અંતરાય કર્મની પૂજા, જલયાત્રાનો વરઘોડો શેઠશ્રી ભગુભાઈ સુતરીયા તથા ઝવેરી ચીમનલાલ મોહનલાલ અને શેઠ ચીમનલાલ મંગલદાસ તરફથી. વૈ. વદ ૪ મંગળવાર બૃહત્ સિદ્ધચક્ર પૂજન શેઠ મોહનલાલ મગનલાલ તરફથી. વૈ. વ. ૫ નવગ્રહ પૂજન, દશદિગ્પાલ પૂજન તથા અષ્ટમંગળ પૂજન તથા વૈ. વ. ૬ ગુરૂ મુખ્ય ચૈત્યના શિખર પર સુવર્ણ કલશારોપણ તથા શાન્તિસ્નાત્ર શેઠ માણેકલાલ ચુનીલાલ જે. પી. તરફથી.

**તા. ક:**—સુવર્ણ કલશનો તમામ ખર્ચ શેઠશ્રી માણેકલાલ ચુનીલાલ જે. પી. તરફથી આપવામાં આવ્યો છે.

卐

# શ્રીસિદ્ધચક્ર.

વર્ષ-૧૮-અંક-૯ મો. જ્યેષ્ઠ-માસઃ તા. ૧૭-૬-૫૨.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।

सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥१॥ आ० बो० मङ्गलम् ॥

**ભાવાર્થઃ**—સર્વ-મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચારણ કરે છે, માટે શાશ્વત-આનન્દને દેનારા શ્રીસિદ્ધચક્રને નમસ્કાર થાઓ! —સુધાવર્ષી.

## વિહાર ક્રમની પદ્ધતિ.

આલેખનકારઃ—પ૦ પૂ૦ આચાર્યદેવ-શ્રીચન્દ્રસાગરસૂરિવર્ય.

બ્રીટીશ સલ્તનતમાં કલેક્ટરો પરગણાના ગામોમાં દોરો લગાવતા હતા, અને પરગણાના મુખ્ય મથક શહેરમાં વસવાટ કરતા હતા, તેવી રીતે વર્તમાનમાં ભારત-હિન્દી સંઘના રાજ્યમાં પણ પ્રાંતના કલેક્ટરો પ્રાંતના ગામોમાં વારંવાર દોરો લગાવે છે અને વધુ પડતો વસવાટ મુખ્ય-શહેરમાં કરે છે, તેવી રીતે પૂર્વકાળમાં-આચાર્ય-ઉપાધ્યાય-પંન્યાસ-ગણિ વિગેરે મુખ્ય મુખ્ય સાધુઓ પણ જિલ્લા પદ્ધતિની રીતિએ પાંચ-સાત ઘરના નાના ગામમાં એક દિવસ, દશ-વીસ ઘરના ગામમાં બે દિવસ, અને વધુ ઘરના ગામોમાં વધુ દિવસની સ્થિરતા કરીને તે તે ગામ-સ્થિત નાના મોટા ભાઇ બ્હેનોને ધર્મમાં સ્થિર કરવાનું કાર્ય કરતા હતા. શાસનમાન્ય વિહારની પદ્ધતિથી ધર્મ પામેલાઓ ધર્મમાં વધુ સ્થિર થતા હતા, અને નહિ પામેલાઓ ધર્મ પામતા હતા, અગર ધર્મની સન્મુખ થતા, આ રીતિએ ધર્મ બીજનું રોપણ, રોપણ થયેલા ધર્મ-બીજને વીતરાગની વાણીથી સિંચનાદિ કાર્ય, નિર્વિઘ્ને-અસ્ખલિતપણે ચાલુ હતું, પરન્તુ હમણાં તો મોટા ભાગે ધારેલા કાર્ય પ્રસંગે ધારેલા ગામમાં પહોંચવા માટે, અગર ચાતુર્માસ કરવા માટેના ગામમાં પહોંચવા માટેનો વિહાર ક્રમ એવો ગોઠવાય છે કે-વચલા ગામોના જૈનો વિહાર કરનારા આચાર્ય-ઉપાધ્યાય આદિ સાધુઓના સંપર્કમાં આવી શકતા નથી, આથી નાની મોટી સંખ્યામાં રહેલા જૈનો જૈનત્વ ભાવના રહિત જીવનકાળ નિર્ગમન કરે છે, તેથી વિહાર કરનારા સાધુ-સાધ્વીજીઓએ આ સંબંધમાં ઉપયોગ રાખવો ઉચીત છે.

વિ. સં. ૨૪૭૮. વિ. સં. ૨૦૦૮. ઈ. સ. ૧૯૫૨.

પ્રકાશિકા— શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ, તન્ત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.

વાર્ષિક-લવાજમ. રૂ. ૩-૦-૦ છુટક નકલ એકના— રૂ. ૦—૪—૬

૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ, નં. ૨.

# વિરોધ

## પબ્લીક ટ્રસ્ટ એકટનો મુંબઇના શહેરીઓએ કરેલ વિરોધ

તા. ૨૫-૫-૫૨ રવિવારે સાંજના પાંચ વાગે લાલબાગ જૈન ઉપાશ્રયમાં આચાર્યશ્રી વિજયપ્રેમસૂરિજીના પ્રમુખસ્થાને પબ્લીક ટ્રસ્ટ એકટનો વિરોધ કરવા માટે શહેરીઓની સભા રાખવામાં આવતાં નીચેના ધર્મગુરૂઓ અને જાણીતા સદ્‌ગૃહસ્થોની સહીથી હેન્ડબીલ વહેંચવામાં આવ્યું હતું. જેમાં આ પ્રમાણે સહીઓ હતી. ગોસ્વામી દિક્ષીતજી, શેઠ માણેકલાલ ચુનીલાલ, શેઠ અમૃતલાલ કાલીદાસ, શેઠ ભોગીલાલ લહેરચંદ, શેઠ જીવતલાલ પ્રતાપસી, શેઠ રમણલાલ દલસુખભાઇ, શેઠ મણીલાલ મોહનલાલ, શેઠ નગીનદાસ કરમચંદ સંઘવી, શેઠ જેસીંગલાલ સાંકલચંદ, એફ. એમ. અબ્દુલઅલી, તૈયબભાઈ દિવાનજી એડવોકેટ હાઇકોર્ટ, ડોસાજી મહમદભાઈ, અહમદ હાજી અબદુલ્લા, મદનમોહન શાસ્ત્રી, શેઠ ચિરંજીલાલ રામચન્દ્ર લોયલકા, પ્રમુખ મુંબઈ પ્રાંતીય રામરાજ્ય પરિષદ, શેઠ તોલારામ લચ્છીરામ ચુડીવાળા, સૌ. ભગવતી-બહેન બી. મહેતા, પ્રમુખ અખિલ ભારતીય શકિત મંડળ, જવાલાપ્રાસાદ ટી. તિવારી, પં. માધવાચાર્યજી, અધ્યક્ષ, દક્ષિણ સંસ્કૃત સાહિત્ય સંમેલન, દત્તાત્રય ગં. વેલણકર શાસ્ત્રી, પં. મફતલાલ ઝવેરચંદ મન્ત્રી, તાહેરઅલી હસનઅલી, ખજાનચી હિજબુત તાઅત, દાઉદ તૈયબઅલી રંગવાળા. હેન્ડબીલ બહાર પડયા પછી સભા થતાં પં. શ્રી મફતલાલ તંત્રી, શા. ચીમનલાલ કડીઆ, ગોસ્વામી દીક્ષિતજી, વડાઝુલાના એડવોકેટ તૈયબઅલી દીવાનજી, શાસ્ત્રી માધવાચાર્ય, મુનિશ્રી ભાનુવિજયજી-વગેરે એ વિરોધ દર્શાવતાં ભાષણો કર્યાં હતાં અને ઠરાવો કર્યા હતા. આવી રીતે વડોદરાના જાણીતા મીલ માલિકો વગેરે પ્રજાજનોએ સભા ભરી કાયદાનો વિરોધ કરતા ભાષણો કરી ઠરાવો કર્યા હતા. ડભોઈમાં પણ તેવી રીતે વિરોધના ઠરાવો થયા છે.

( દિવ્ય પ્રકાશ વર્ષ-૧ અંક-૨૫ માંથી ઉધ્ધૃત. )

---

## પડકાર

**વેજલપુર સંઘે રીટ કેસ દાખલ કર્યો.**

વેજલપુર જૈન સંઘે તા. ૯-૫-૫૨ ના રોજ મુંબઈ હાઇકોર્ટમાં રીટ કેસ દાખલ કર્યો હતો અને તા. ૩૦-૫-૫૨ ના રોજ ના૦ જસ્ટીસ ચાગ્લાની સમક્ષ તેની સુનાવણી નીકળતાં વેજલપુર જૈન સંઘ તરફથી મી૦ માણેકશા અને મી૦ કરાણી હાજર રહ્યા હતા, સામા પક્ષ તરફથી મી૦ જોશી હાજર રહ્યા હતા અને છેવટે નક્કી થયું હતું કે ઉઘડતી કોર્ટે તા. ૧૬-૬-૫૨ મનાઈ હુકમ માટે દાદ માગવી.

( દિવ્ય પ્રકાશમાંથી ઉધ્ધૃત. )

# સ્વ૦ આગમોદ્ધારકની અમોઘ-દેશના. ૬

(ગતાંક ૮ પૃ. ૧૬૮ થી ચાલુ)

**आत्यन्तिको वियोगः देहादेः मोक्षः—**

મોક્ષવાળાને ભવિષ્યમાં પણ બંધ ન હોય કારણ કે-મોક્ષનો સ્વભાવજ સર્વદાને માટે સર્વથાપણે દેહાદિનો આત્યંતિક વિયોગનો છે. આત્યંતિક કર્મનો ક્ષય અને મોક્ષ તેના ભેદ હોયજ નહિ.

### આત્મા નિ:સત્વ શાથી બન્યો છે?

આ આત્મા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી વખત દેશવિરતિ અને સર્વવિરતિ પામી ગયો પણ ધ્રો કાપ્યા જેવું કર્યું હતું, કારણકે-મૂળ ઉખેડયાં નહોતાં. ત્રીજા ઉદ્દેશામાં કહ્યું છે કે અજ્ઞાનને સમજો! કયા વિપાકથી કર્મ બંધાય છે તે સમજો! અને તે સમજશો ત્યારે કર્મને તોડવાનું આપો આપ સમજશો! આ જીવ સુસ્ત થઇને બેઠો છે, તે સુસ્તિ ગઈ એટલે કર્મે તેના કઇ રીતે હરી લીધા છે તે બધું સમજાતાં તેને દૂર કરવા પ્રયત્ન કર્યા વગર આત્મા રહી શકવાનોજ નહિ. જ્ઞાનાવરણીયાદિ કર્મોએ આત્માને તેના ગુણોમાં મોટો ફેરફાર કરી તેને તદ્દન નિ:સત્વ કરી દીધો છે. કર્મરૂપ અગ્નિ ખસી જાય તો આત્મા મૂલગુણને પ્રાપ્ત કરે, કર્મને-જ્ઞાનાવરણીય કહ્યું પણ જ્ઞાનનાશક નથી કહ્યું. સોનાનો ઠરવાનો સ્વભાવ અગ્નિથી લઇ શકાય તેમ નથી અગ્નિ પ્રસંગે ઘી ભલે પીંગળાયેલું રહે, પણ અગ્નિ જતાં ઘી પાછું થીજીજ જવાનું. જેમ સોનામાં, ઘીમાં ઠરવાનો સ્વભાવ અગ્નિ રોકી ભલે રાખે પણ તેનો નાશ ન કરી શકે, તેમ કર્મ જ્ઞાનાવરણીય છે તે જ્ઞાનનાશક નથી, આત્મા જો પોતાના અપૂર્વ ગુણોને જાણે તો જરૂર કર્મને ખસેડી પોતાના ગુણો પ્રગટાવી શકે. પાના ફરે તો સોનું ખરે તેમ આત્માને અંગે એકેક ગુણનું લક્ષ દેતા જઇએ તો આત્માને વળગેલા કર્મને ખસેડી શકીએ.

### પડખે નાની લીટી દોરી એટલે પ્રથમની નાની લીટી આપોઆપ મોટી થઈ ગઈ તેમ 'સુ' ને 'સુ' માનવાથી બાકીના 'કુ' સિદ્ધ થયા.

મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને યોગ એ ચાર બંધનાં કારણ કહ્યાં, તેમાં અજ્ઞાનને તો લીધું નથીજ. મિથ્યાત્વ એ શું? સાચાને સાચું ન માનવું તે મિથ્યાત્વ, સાચાનેજ સાચું માનીએ ત્યારે સમ્યક્ત્વ આવે! આ લક્ષણ બાંધીશું ત્યારે અસંજ્ઞી જીવોને સુદેવાદિ કે કુદેવાદિની સમજ નથી, ત્યારે તેને મિથ્યાત્વી કઈ રીતે માનશો? સુદેવ-[illegible]ને માને તે સમકિતિ, તે સિવાયના [illegible]; અદેવે દેવ બુદ્ધિ, અગુરૌ ગુરૂ બુદ્ધિ, અધર્મે ધર્મ બુદ્ધિ, તેનું નામ મિથ્યાત્વ. એ વ્યવહારને માટે બરાબર છે, પણ ખરૂં તો સત્યનેજ સત્ય માને તે સમકિતિ કાગળમાં એક લીટી તાણીને કહે કે આ લીટીને અડકયા વગર મોટી કરી દો, તરત કોઇએ પડખે એક નાની લીટી દોરી એટલે પેલી લીટી આપો આપ મોટી થઈ ગઇ. સુદેવ, સુગુરૂ, સુધર્મનેજ-દેવ, ગુરૂ, ધર્મ માને તેજ સમ્યક્ત્વ, બાકીનું બધું મિથ્યાત્વ.

### જીવ ચારિત્ર સ્વરૂપ સ્વભાવવાળો છતાં અવિરતિ કેમ ટકી રહે છે?

જીવનો સ્વભાવ સંપૂર્ણ ચારિત્ર સ્વરૂપ છે, તો જીવે અવિરતિ કેમ રાખી? ચારિત્ર જો

આત્માનો સ્વભાવ ન હોય તો ચારિત્ર મોહનીય કર્મજ કયાં રહેવાનું ? વળી સિદ્ધના સ્વભાવને અંગે શું માનવું ? દ્રવ્ય કે વ્યવહાર ચારિત્ર ત્યાં નથી. ચારિત્ર મોહનીય કષાય કયા ચારિત્રને રોકે છે ?

અનંતાનુબંધી કષાયો સમકિતને રોકે છે, અપ્રત્યાખ્યાની તથા પ્રત્યાખ્યાની કષાયો કેવળ દ્રવ્ય ચારિત્રને રોકે છે, ભાવ ચારિત્ર તો સમકિત થયું કે સાથેજ થઇ ગયું છે, સમ્યગ્ વૈરાગ્ય સમકિતિને હોયજ ! અપ્રત્યાખ્યાની કષાય જાય ત્યારે દેશવિરતિ આવે છે. જે સાધુ-ધર્મમાં તલ્લીન હોય તેનેજ દેશવિરતિ હોય, કેમકે સર્વ-વિરતિને ઇચ્છતો છતો અશકિતને લઇને રોકાયો તેથી દેશવિરતિપણું લેવાણું. પ્રત્યાખ્યાની-કષાયો જાય ત્યારે સર્વવિરતિ આવે. સર્વવિરતિ એ આત્માનો ગુણ છે. તેથી સ્વલિંગ સિદ્ધ કહેવાય છે.

કેવલજ્ઞાન થયા પછી બીજો જન્મ તો લેવાનોજ નથી-તો પછી ભરત મહારાજ, વલ્કલચીરીને સાધુ થવાની (સંયમ વેષ લેવાની) શી જરૂર હતી ? સાધુપણું એ આત્માનો સ્વભાવ અને ગૃહસ્થપણું એ કર્મનો સ્વભાવ છે, પ્રત્યાખ્યાની તથા અપ્રત્યાખ્યાની કષાયો જાય ત્યારે ગૃહસ્થ-પણામાં રહેવાનું કારણ નથી, તેથી સાધુપણું લેવાય છે. દુનિયાદારીના પદાર્થોમાંથી अहं मम પણું ખસે નહિં ત્યાંસુધી વિરતિપણું આવી શકતું નથી.

## અજ્ઞાનજ એજ મહા દુઃખ છે.

મિથ્યાત્વ, અવિરતિ, કષાય તથા યોગથી જે કર્મ બંધાય છે તે બધાં અજ્ઞાનથીજ બંધાય છે. કર્મ બંધનના સઘળા પ્રકારોમાં અજ્ઞાનજ ભાગ ભજવે છે.

**अज्ञानं खलु कष्टं**

અજ્ઞાન મહા દુઃખદાયી છે. ચાહે જેવાં તીવ્ર ક્રોધ, માન, માયા, લોભથી કર્મ બંધાય તો પણ વનસ્પતિ જેટલાં કર્મ કાપે તો જરૂર છેડો આવે, પણ અજ્ઞાનથી બંધાયલાં કર્મોનો એટલે કે નિગોદના જીવોનો આટલા કાપે તો બહાર આવેજ એવો કંઈ પણ નિયમજ નથી.

સ્વસ્વરૂપને જાણે અને તેમાં જેઓ રમણુતા કરે તેને કર્મ બંધાતાંજ નથી. **अन्नाण चिअस्स**— અજ્ઞાનથી સંચય કરેલા કર્મનો અપચય કરવો આવશ્યક છે, કારણકે-આત્મા અનેકવિધ કર્મથી દબાઈ ગયો છે. તાકાત હોય તે તો પત્થરને દૂર ફેંકી દે અને પત્થર તળે આવેલો હાથ સલામતીપૂર્વક બહાર ખેંચી લે. જો તમે અસમર્થ હો તો કર્મને ધીમે ધીમે ખસેડો !, સમર્થ હો તો નિર્જરા તપથી એકદમ ખસેડો !; ભીલે સાચી હીરાની વીંટી પહેરી હોય અને એક શ્રીમંતે હીરાની ખોટી વીંટી પહેરી હોય તો અધિકારીને અને અનધિકારીને અંગે તે વીંટી સાચી અગર જુઠી ગણાય છે, તેમ અધિકારી હોય અને ખરી વસ્તુ પકડે તો ખરેખર કલ્યાણજ થાય છે. હવે અધિકારી કેમ બનવું અને સાચી વસ્તુને કેમ પકડવી વિગેરે બીના અગ્રેવર્તમાન.

# સ્વ૦ આગમોદ્ધારકની અમોઘ-દેશના. ૭.

## દેશનાના દિવ્ય-અવતરણો.

૧. પ્રભુ આજ્ઞાને નહિં માનનારાઓની પૂજા યથાર્થ લાભદાયિ નથી.

૨. "પ્રજા છતાં રાજાને સંભળાવી દે કે હું માનતો નથી" તો શું પરિણામ આવે? તેવી રીતે પ્રભુને સંભળાવી દે કે હું તને માનતો નથી તો પ્રભુ આજ્ઞા-ભંગનો તે પાપી કહેવાય છે.

૩. જૈન શાસનમાં દરેક કરણીઓ પ્રભુ આજ્ઞાને આધીન છે.

૪. ભર બજાર વચ્ચે પોતાની દુકાન બાળવાનું મન થયું અને બાળી તો બાળનાર ગુન્હેગાર ખરો કે નહિં?

૫. બીજાને નુકશાન થાય તેવી રીતે પોતાની ચીજનો ઉપયોગ કરનારા પણ ભયંકર ગુન્હેગાર છે.

૬. પોતાની મીલ્કતનો દુરૂપયોગ થાય તે સારૂ ગાર્ડીયનો નિમાય છે, તો તમારી મીલ્કતનો દુરૂપયોગ માટે કયા વ્યવસ્થાપકો નીમવા છે? તેની શોધ કરો.

૭. વસ્તુના ઉપયોગને અને ફાયદાને સમજી શકીએ નહિં ત્યાંસુધી વ્યવસ્થાપકની જરૂર છે એ ધ્યાનમાં રાખો!

૮. મન-વચન અને કાયાને સર્વજ્ઞની આજ્ઞા મુજબ પ્રવર્તાવો નહિં તો રખડી જવું પડશે.

૯. પોતાના આત્મામાં ગુરુપણું (સમર્થપણું-વસ્તુના સદુપયોગ દુરૂપયોગને સમજવું અને સમજીને પ્રવર્તવું તે) ન આવે ત્યાંસુધી જ્ઞાનીને આધીન બનો!

૧૦. ઉમ્મર વધવાની સાથે સગીરપણું જાય છે, તેવી રીતે ગુરૂ નિશ્રામાં રહેતાં લાંબા કાળે અજ્ઞાનપણું જાય છે.

શાસ્ત્રકાર શ્રીસુધર્માસ્વામિજીએ રચેલા શ્રીસૂત્રકૃતાંગ સૂત્રના બીજા વૈકાલિકઅધ્યયનની રચનાના ભાવોને નિર્યુક્તિમાં નિર્યુક્તિકાર જણાવે છે કે કર્મને વિદારણ કરવું એ જીવનો અંતિમ ધ્યેય હોવોજ જોઈએ.

### પોતાની ચીજનો ઉપયોગ પણ બીજાને નુકશાન થાય તેવો નજ કરી શકાય!

પ્રભુની આજ્ઞા-ખંડન કરનાર, નહિ માનનારને પ્રથમ તો પ્રભુનું પૂજન સુઝેજ નહિ, છતાં કુલાચારથી કદાચ સૂઝે તો ત્રણ કાલ કરે, મહાવિભૂતિ યુક્ત પણ કરે, કિન્તુ તે કેવું? આજ્ઞા રહીતપણું હોવાથી લગભગ નકામું હમેશાં અષ્ટપ્રકારી વિગેરે પૂજાનો સામાન લઈને ગાજતે વાજતે જનારા પણ શ્રાવકો હતા, પણ આવી રીતે વીતરાગની પૂજા લોક લજ્જાથી કરતો હોય તો તે સઘળું પ્રાયઃ વૃથા છે, એટલે તે પૂજા યથાર્થ લાભ દેનાર નથી. રૈયત છતાં રાજાને એમ સંભળાવી દે કે -'હું તને નથી માનતો,' પછી ચાહે તેટલો સત્કાર કરે પણ તે લગભગ નકામું છે. તેવી રીતે આજ્ઞા વિનાનો ધર્મ વૃથા છે, યથાર્થ ફલદાયી નથી. તપશ્ચર્યા પણ આજ્ઞા પૂર્વક કરવાની છે, સાતમે આયંબિલ કરે અને આઠમ ચોદશે છુટા રહે તે અયોગ્ય છે. आणाए संजमो આજ્ઞાએ સંયમ છે. શાસ્ત્રકાર કહે છે કે વરસાદની હેલીમાં સાધુને એક બે ઉપવાસ થાય ત્યારે

ગુરૂ મહારાજ-બાલ, વૃદ્ધ અને ગ્લાન સાધુ માટે ઉપવાસ કરનાર કહેવાતા વિનયી સાધુને ગોચરી લાવવાનું કહે છતાં જો તે સાધુ ગોચરી ન જાય તો આજ્ઞા લોપી ગણાય! વાઉકાયની વિરાધના સમજીને પડિલેહણ ન કરે તે પણ આજ્ઞા લોપી ગણાય! એવી રીતે દાન દેવું તે પણ આજ્ઞા પૂર્વકજ છે. કોઇ કહે છે-'શું તીર્થંકર અમારી મીલકતના પણ માલીક છે? દાન દેવું તે એમની મરજી પ્રમાણે શા માટે?' વારૂ! સૌ પોત-પોતાની દુકાનના માલીક છે, તેમાં કોઈ મનુષ્ય પોતાની દુકાન સળગાવી દેવા ધારે તો એ વ્યાજબી છે? જવાબમાં ના કહેવી પડશે. આપણે આપણી દુકાન સળગાવી દઇએ તો આપણે ગુન્હેગાર ખરા કે નહિ? બીજાને નુકશાન થાય તેવી રીતે આપણી ચીજ વાપરવાના આપણે પણ હકદાર નથીજ! ચીજ પોતાની માલીકીની એ વાત ખરી પણ તેનો ઉપયોગ બીજાને નુકશાન કરનાર નજ હોવો જોઇએ! નાની ઉમરમાં પોતાની મીલકતનો દુરૂપયોગ ન થાય તેટલા માટે તેના વ્યવસ્થાપકો કે ગાર્ડીયન નીમાય છે. વસ્તુના ઉપયોગને તથા તેના ફાયદાને સમજી શકીએ નહિ ત્યાંસુધી ગાર્ડીયન કે ટ્રસ્ટી જરૂરના છે. મીલ્કત ભલે પોતાની હોય પણ તેનો ઉપયોગ ગાર્ડીયન કે જ્ઞાનીના કહ્યા પ્રમાણે કરવોજ પડે છે. જેમ દુનિયાદારીના પદાર્થોમાં સગીર વ્યવસ્થા કરવાને નાલાયક ગણાય છે, તેમ આપણી માલીકીની બધી વસ્તુઓમાં આપણે સ્વતંત્ર વિચારક ન હોઇએ ત્યાંસુધી આપણી બધી મિલકતની વ્યવસ્થા સર્વજ્ઞ મહારાજની આજ્ઞા મુજબ થવી જોઇએ! આત્માને અંગે ગાર્ડીયન જ્ઞાનીઓ છે, અર્થાત મન, વચન અને કાયાને શ્રીસર્વજ્ઞના હુકમ પ્રમાણે પ્રવર્તાવવાના છે. પોતાના આત્મામાં ગુરૂપણું સમર્થપણું) ન આવે ત્યાંસુધી જ્ઞાનીની નિશ્રાએ ચાલવું જરૂરનું છે. જેમ ઉંમર વધે તેમ સગીરપણું જાય એ દેખીતું છે.

## દાન, તપ, સંયમાદિ સર્વ આજ્ઞા મુજબજ થવાં જોઇએ.

શિક્ષામાં તન્મયતા આવે ત્યારે ગુરૂપણું આવે. આત્મતત્ત્વને સમજવામાં અને આલંબન કરવામાં ગુરૂની સેવા કરવાનીજ હોય. ગાર્ડીયન તરીકે આ આત્માના ખરા રીસીવર પરમાત્મા છે કે જે સર્વજ્ઞ અને સર્વદર્શી છે. પોતાની ચીજ ઉપરની માલીકી છોડીને તે ચીજ ઉપકારની બુદ્ધિએ બીજાને દેવી તે દાન છે, અને તે ભગવાનની આજ્ઞા છે. દાનમાં પણ આજ્ઞાનું પાલન કરવાનુંજ! અનુકંપા રાખવાની હોય ત્યાં ભકિત ધરાવે અને ભકિતની જગાએ અનુકંપા કરે તો તે દાન આજ્ઞા બહારનું છે! સાધુ માંદા થઇ જાય ત્યારે બિચારા! બાપડા! કહીને અનુકંપા વિચારી દાન દેવું તે નિંદ્ય છે; ત્યાં તો ભક્તિ કરવાની છે, અનુકંપાના સ્થળે ભક્તિ કરવી અને ભક્તિના સ્થળે અનુકંપા કરવી તે આજ્ઞા બહાર છે. ઘોઘા પાંચમ, નાગ પાંચમમાં સાપને—બાપજી માનીને ભક્તિ થાય તો આજ્ઞારહિતપણું થાય છે! દાન દેવું તેમાં પણ આજ્ઞા પાલનની આવશ્યક્તા છે.

## સલાહકારની સલાહ લો.

દુનિયાદારીમાં ઘરબાર, હાટ હવેલી લેવાય દેવાય છે તેમાં રજીસ્ટર કરવું પડે છે અને એ ઘરમેળે નહિ કરતાં વકીલને પૂછવામાં આવે છે. દુનિયાદારીના કામોમાં ડગલે પગલે વકીલને પૂછવામાં આવે છે, તો આત્માના દસ્તાવેજમાં સલાહ લેવાની કે નહિ? પુણ્ય પાપની લેણદેણ અર્થાત્ પરભવની ભાડાચીઠ્ઠી કરવામાં સલાહ નહિ જોઇએ? (અપૂર્ણ)

# ॥ श्रीज्ञाताधर्मकथाङ्गे प्रथमविभागस्य सारांशः ॥

(ગતાંક ૪-૫ પૃષ્ટ ૮૪ થી ચાલુ)

## સપ્તમ-શ્રીરોહિણીઅધ્યયન-સારાંશ:

રાજગૃહીનગરમાં ધન્યનામે સાર્થવાહ હતો, તેને ભદ્રા નામની સ્ત્રી હતી, અને ધનપાળ-ધનદેવ-ધનગોપ ધનરક્ષિત નામના ચાર પુત્રો હતા. તેઓને અનુક્રમે ઉજ્જિતા-ભોગવતી-રક્ષિકા અને રોહિણી નામની સ્ત્રીઓ હતી. એક સમયે પોતાની પાકટ વય થવાથી વિચાર આવ્યો કે-કોણ જાણે ક્યારે પાકા થવાથી સુકાયેલ પાન (પત્ર) ની જેમ હું ખરી પડું અને પાછળ આ મ્હારૂં વિશાળ કુટુંબ વ્યવસ્થા વિનાના વહીવટો કરીને હતવિહત ન થાય માટે સહુ-સહુની લાયકાત પ્રમાણે નવ વધુઓને કાર્યોની વહેંચણ કરીને વ્યવસ્થા કરૂં. જેથી મ્હારી મેળવેલી આબરૂ વગેરે સચવાય અને કુટુમ્બ-પરિવાર દુઃખી ન થાય. આવો વિચાર કરી પુત્રવધુઓની પરીક્ષા કરવા માટે જ્ઞાતિબંધુઓને બોલાવી યોગ્ય સત્કાર કરીને ભોજન આદિ કરાવી પહેરામણી અર્પણ કરી. સહુ સ્વજનોની સમક્ષ પુત્રવધુઓને બોલાવી અખણ્ડ ડાંગરના પાંચ પાંચ દાણાઓ ભારપૂર્વક ભલામણ કરી અર્પણ કર્યા, અને કહ્યુ કે-હું જ્યારે માગું ત્યારે મને આપજો. આવા સસરાજીના વચનો શ્રવણ કરી સહુ સહુની યોગ્યતા પ્રમાણે તેનો (ડાંગરના પાંચ દાણા સબંધીનો) વિચાર કર્યો.

**પ્રથમ** પુત્રવધુએ સસરાજી આપે છે માટે આ નજીવી ચીજ છે છતાં લેવી જોઇએ એમ ધારી લીધા અને વિચાર કરવા લાગી કે આટલો સમારંભ કરી સસરાજી કંઇ અમૂલ્ય વસ્તુ અર્પશે પણ આ તેમને વૃદ્ધાવસ્થામાં શું સુજ્યું કે ડાંગરના દાણા આપ્યા, સસરાજી જ્યારે માંગશે ત્યારે ભરેલા ડાંગરના કોઠારમાંથી આપી દઇશ એમ કરી તે દાણાને કચરામાં ફેંકી દીધા.

**બીજી** પુત્રવધુએ સસરાજી વૃદ્ધ છે, માનનીય છે, ઘણા અનુભવી છે. આ તેમની નાની શી પણ પ્રાસાદી છે, આને સાચવવાની જરૂર નથી એમ કરી પોતે વડીલની પ્રાસાદી ધારી ખાઇ ગઇ.

**ત્રીજી** પુત્રવધુએ પોતાની બુદ્ધિને દોડાવી કે-લાખોનો વેપાર કરનાર, વ્યવહારકુશલ એવા સસરાજીએ આવા વિશાળ સમારમ્ભને યોજી વિના કારણે કંઈ આ દાણા આપે નહીં, તેમ સાચવવાની પાકી ભલામણ પણ કરે નહીં; માટે પ્રાણની જેમ સાચવી રાખવા એમ વિચારી એક ડબીમાં રાખી બરોબર સાચવવા લાગી.

**ચોથી** પુત્રવધુએ સ્વબુદ્ધિવૈભવથી વિચાર કર્યો કે-સસરાજીનું આ કાર્ય બુદ્ધિની પરીક્ષા માટે જરૂર હોવું જોઇએ, તે પાંચે દાણા પોતાના વિશ્વાસુ માણસોને બોલાવી કેટલીક ભલામણ કરી તેમની દ્વારાએ પીયરમાં મોકલ્યા. પીયરીયાઓએ પુત્રીની ભલામણ મુજબ જુદા ખેતરમાં વાવ્યા, અને તેમાંથી ઉત્પન્ન થયેલા દાણાઓને દર વર્ષે વારંવાર વવાવા માંડયા, પાંચ વર્ષે તો તે દાણાનો કોઠાર થયો છે.

જ્યારે પાંચ વર્ષ પુરાં થયાં ત્યારે ધન્ય સાર્થવાહે વિચાર કરી ચારે પુત્રવધુઓને સર્વ જ્ઞાતિજનોનો પૂર્વની માફક સમારમ્ભ કરી બોલાવી અને સર્વની સમક્ષ તે દાણાની માંગણી કરી.

**પ્રથમ** પુત્રવધુએ તુરતજ કોઠારમાંથી પાંચ દાણા લાવી સસરાજીને અર્પણ કર્યા, સસરાજીએ તેને પુછયું ત્યારે પોતાની સત્ય હકીકત કહી અને કોઠારમાંથી લાવ્યાની જાહેરાત કરી. શેઠે જરા ગુસ્સો બતાવી ઘરમાં વાળવાનું, કચરો સાફ કરવા વિગેરેનું કામ તેને સુપ્રત કર્યું.

બીજી પુત્રવધુએ આપની પ્રસાદી માની ખાઇ ગઇ ગઇ છું, તેમ જણાવ્યું તેને સસરાજીએ રસોડાનો કારભાર સુપ્રત કર્યો.

ત્રીજી પુત્રવધુએ પ્રાણુની માફક આપની પ્રસાદી માની તે દાણા સાચવી રાખ્યાનું જણાવી રજુ કર્યા, તેને સસરાજીએ ઘરના ખજાનચીપણાએ સ્થાપી પેઢીના પટારા વગેરેની ચાવીઓ સોંપી.

ચોથી પુત્રવધુએ કહ્યું કે-પિતાજી! મારા પીયરે તે પાંચ દાણા લેવા માટે ગાડાં મોકલાવો! આવા પ્રકારના જવાબથી આશ્ચર્ય પામેલા સસરાજીએ ખુલાસો પૂછયો, એટલે તેણીએ તે પાંચ દાણાથી ભરાયેલ કોઠારોની વિગત જણાવી અને તૂરત ગાડાં મોકલી મંગાવ્યા. સસરાજીએ અતિ આનન્દિત બની તેના ખુબ વખાણ કરી સર્વજન સમક્ષ આખા ઘરની મુખ્ય સ્વામિની નીમી અને તેનાજ હુકમમાં બધાને રહેવાની ભલામણ કરી, પોતાને પણ ચોથી પુત્રવધુના પ્રતાપે આખું કુટુંબ સુખી થશે એવી ખાત્રી થઇ.

ઉપસંહાર—

આવી રીતે જે સાધુ પાંચમહાવ્રતો પ્રથમ વહુની જેમ ફેંકી દેછે, દીક્ષાને છોડી દે છે, તે આભવ અને પરભવમાં દુઃખી થાય છે. જે સાધુ બીજી વહુની જેમ પાંચમહાવ્રતનો દુન્યવી ભોગો મેળવવામાં ઉપયોગ કરે છે, તે પણ નિંદનીય બને છે અને ભવોભવ રખડે છે. જે સાધુ ત્રીજી વહુની જેમ મહાવ્રતોને સાચવી રાખે છે તે વખાણવા લાયક બની પરભવમાં સુખ પામે છે. જે સાધુ ચોથી વહુની જેમ ઉત્તરોત્તર સંયમગુણની વૃદ્ધિ કરી નિરતિચાર સંયમ પાળે છે, તે અહિં પણ માનનીય-પૂજનીય થાય છે; અને થોડા ભવોમાં મોક્ષ લક્ષ્મી પામે છે.

## અષ્ટમ-શ્રીમલ્લીઅધ્યયન-સારાંશઃ

હે જંબૂ! તે કાલે અને તે સમયે જમ્બૂદ્વીપમાં મહાવિદેહક્ષેત્રવિષે સલિલાવતિ નામના વિજયમાં વીતશોકા નામની દેવલોકના સદશ્ નગરી હતી, તે નગરીની બહાર ઇંદ્રકુમ્ભ નામનું ઉદ્યાન હતું; અને બલ નામનો રાજા હતો. તે નૃપતિના અન્તેપુરીમાં ધારણી વગેરે ૧૦૦૦ એક હજાર રાણીઓ હતી. એક સમયે ધારિણી રાણીએ અર્ધજાગ્રતઅવસ્થામાં સીંહનું સ્વપ્નું જોયું અને જાગ્રત થઇ, યાવત તેણીને મહાબલ નામનો પુત્ર થયો. યુવાવસ્થા પ્રાપ્ત થયે તેમના માતપિતાએ પાંચસો રાજકન્યાઓ સાથે પાણીગ્રહણ (લગ્ન) કરાવ્યું તેઓ સાથે મહાબલકુમાર સુખાનન્દ ભોગવી રહ્યો છે.

તેવામાં સ્થવિર મહાત્માઓ ઇન્દ્રકુમ્ભ ઉદ્યાનમાં સમવસર્યા, ત્યાં બલરાજા સપરિવાર તેમની વાણી શ્રવણ કરવા પધાર્યા અને તેમની વાણી શ્રવણ કરી વૈરાગ્ય પ્રાપ્ત થવાથી મહાબલકુમારને રાજ્યવિષે સ્થાપન કરી દીક્ષા ગ્રહણ કરી. અગીઆર અંગી થયા, ઘણા વર્ષો સંયમજીવન પાલી ચારૂપર્વત ઉપર માસના ઉપવાસ કરી મોક્ષે પધાર્યા

રાજ્યસિંહાસને બિરાજેલ મહાબલ રાજાને કમલશ્રી રાણીથી બલભદ્ર નામનો પુત્ર થયો તેને યુવરાજપણે સ્થાપ્યો, મહાબલરાજાને બાલમિત્ર રાજાઓ—૧ અચલ, ૨ ધરણ, ૩ પૂર્ણ, ૪ વસુ, ૫ વેસમણ ૬ અભિચન્દ્ર હતા આ સાતે મિત્રોએ અંદરોઅંદર એક સાથે સંયમ ગ્રહણ કરવાનું નક્કી કરી રાખ્યું. એક સમયે ઇન્દ્રકુમ્ભ ઉદ્યાનમાં સ્થવિર મહાત્માઓ પધાર્યા તેમની વાણી શ્રવણ કરી બલભદ્રકુમારને રાજ્યસિંહાસને

સ્થાપન કરી સાતે મિત્રોએ સંયમ ગ્રહણ કર્યું. અગીઆર અંગના અભ્યાસી થયા અને ઘણા વર્ષો સંયમમાં ગયા પછી એક સમયે આપણે સાતેયે એક સરખો તપ કરવો તેવું નક્કી કર્યું, અને વિંશસ્થાનકની આરાધના કરવા લાગ્યા. કિન્તુ કપટથી કંઈક બ્હાનું કાઢી મહાબલ મુની મહાત્મા વધુ તપ કરે છે. આથી તેમને સ્ત્રીનામકર્મ ઉપાર્જન કર્યું અને વિંશસ્થાનક તપથી તીર્થંકરનામકર્મ બાંધ્યું.

સીંહનિષ્ક્રીડિત નામનો મહાન્ તપ સાતેય મિત્રે કર્યો યાવત બે મહિનાના ઉપવાસ કરી ચારૂપર્વત ઉપર અનશન કરી કંઈક ન્યૂન ૮૪ લક્ષવર્ષનું સાધુપણું પાળી ૮૪ લાખપૂર્વનું આયુષ્ય પૂર્ણ કરી કાલધર્મ પામી જયંત નામના વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. જયન્તવિમાન વિષે બત્રીસ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિ છે. મહાબલદેવ સિવાયના છ મિત્રદેવોનું આયુષ્ય બત્રીસ સાગરોપમમાં કંઈક ન્યૂન છે અને મહાબલદેવનું આયુષ્ય બત્રીસસાગરોપમ પૂર્ણ છે, દેવભવનો ક્ષય થયે છતે ચ્યવીને છએ જણા શુદ્ધ માતા-પિતાવાળા વંશોમાં જુદા જુદા રાજાઓને ત્યાં જન્મ્યા.

### મલ્લીકુમારીનો જન્મ.

ભરતક્ષેત્રમાં મિથિલા નામની રાજધાની છે, ત્યાં કુમ્ભકનામનો રાજા છે, તે રાજાને પ્રભાવતી નામની રાણી છે. સદરહુ રાણીની કુક્ષિ વિષે હેમંતઋતુના ચોથે માસે, આઠમા પખવાડીએ ફાલ્ગુન સુદિ ચતુર્થિદિને મધ્યરાત્રિ વિષે જયન્ત વિમાનથી મહાબલદેવનો જીવ ચ્યવી ઉત્પન્ન થયો અર્થાત્ ગર્ભપણે ઉત્પન્ન થયો. પ્રભાવતી રાણીને અર્ધજાગ્રત અવસ્થામાં ચૌદ મહાસ્વપ્નાઓ આવ્યા, (અત્ર સવિસ્તર હકીકત વર્ણન વીર પ્રભુના વર્ણન સમાન જાણવું). પ્રભાવતીદેવીને ગર્ભના પ્રભાવે જે જે દોહદો થાય છે, તે તે દોહદો રાજાએ પૂર્ણ કર્યા, તેણીએ નવમાસ-સાડાસાત દિવસ પૂર્ણ થયે છતે, હેમંતઋતુના પ્રથમમાસે માગશર સુદિ અગીઆરસે મધ્યરાત્રિએ અશ્વિની નક્ષત્રનો યોગ આવ્યે છતે નિરોગી એવા ઓગણીસમા તીર્થંકર શ્રીમલ્લીનાથને જન્મ આપ્યો. (અત્ર દિગ્કુમારીઓનો મહોત્સવ, ચોસઠ ઇન્દ્રોનું મેરૂશિખરપર લઇ જવું, નંદીશ્વરદ્વીપે મહિમા કરવો વગેરે વીરપ્રભુના વર્ણન સમાન વર્ણન જાણવું ). તે પુત્રીનું માતાપિતાએ મલ્લીકુમારી એવું પવિત્ર નામ પાડયું. અનુપમ શોભાવાળી તે કુમારી બાલભાવ મુક્ત થતાં યૌવન-લાવણ્યથી ઉત્કૃષ્ટરૂપ અને શરીરવાળી થઈ, કંઈક ન્યૂન એવા સો વર્ષ થયે વિપુલ એવા અવધિજ્ઞાનથી છએ પ્રતિબુદ્ધિ યાવત્ જીતશત્રૂરાજાને ઉત્પન્ન થયેલા પૂર્વના મિત્રરાજાઓને જોયા. તે વાર પછી અસોકવણિકા વિષે એક અનેક સ્તમ્ભવાળું મોહન ઘર કરાવ્યું અને તેના મધ્ય ભાગમાં છગર્ભ-ઘર કરાવ્યાં, તે મોહનઘરના મુખ્ય દરવાજાની નજીક મોહનઘરમાં એક પીઠિકા રચીને તે ઉપર પોતાના સરખા રૂપ લાવણ્યવાળી યૌવન અવસ્થાએ દીપતી મસ્તકના ભાગમાં છિદ્રવાળી અને ઉપર રૂપ-લાવણ્ય ને સુંદર એવી એક ઢાંકણુવાળી પ્રતિમા કરી, તે પ્રતિમાના પોલાણમાં ઉપરથી હંમેશાં સુંદર એવો આહાર નાંખી ઢાંકણુ બંધ કરે છે. જ્યારે જ્યારે આહાર નાંખવા ઢાંકણુ ખોલે છે ત્યારે ત્યારે મરેલા સર્પ કરતાં પણ અનિષ્ટ ગંધ નીકળે છે.

### ૧ પ્રતિબુદ્ધિ.

(૧) કૌશલ દેશ વિષે સાકેત નામની નગરી છે, ત્યાં પ્રતિબુદ્ધિ નામના ઇક્ષ્વાકુ રાજા રાજ્ય

કરતા હતા. પદ્માવતી નામની રાણી અને સુબુદ્ધિ નામનો પ્રધાન હતો. નાગપૂજાનો દિવસ આવ્યો ત્યારે સ્વપતિ પ્રતિબુદ્ધ રાજાને પદ્માદેવી રાણીએ વિનંતી કરી કે-હે સ્વામી! કાલે નાગપૂજાનો દિવસ છે તો આપની આજ્ઞાથી ત્યાં મહોત્સવમાં આપની સાથે જવા ઇચ્છું છું. રાજાએ તેની વિનંતિનો સ્વીકાર કર્યો, અને મહોત્સવને વધુ દીપાવવા માટે અને આવવા માટે કુટુંબિઓને જણાવ્યું, માળીને પણ જણાવ્યું કે-પંચવર્ણના પુષ્પોનો અતિ શોભાવાળો દડો અને વિવિધ પ્રકારના ચિત્રોથી આશ્ચર્યયુક્ત પુષ્પના મંડપને તું બનાવ! માલીએ પણ રાજાની આજ્ઞા પ્રમાણે બધું તૈયાર કર્યું. નગરની અંદર અને બહાર સારી રીતે વિભૂષા કરાવી. પ્રતિબુદ્ધિ રાજા તથા પદ્માવતી રાણી સપરિવાર અતિ પવિત્ર થઇ આડંબરસહ નાગમંદિરે પધાર્યા. ત્યાં યોગ્ય રીતે પૂજા વિગેરે કરી પુષ્પમંડપમાં પધાર્યા ત્યારે માળીએ બનાવેલો અતિશોભાયુક્ત પુષ્પનો દડો રાણીનો જોઇ આશ્ચર્યમય બનેલ રાજાએ પ્રધાનને પુછયું કે-હે પ્રધાનજી? આ રાણીના દડા સરખો કોઇ જગોએ તમે દડો જોયો છે? પ્રધાને ઉત્તર આપતાં જણાવ્યું કે-હે રાજન્! હું જ્યારે આપની આજ્ઞાથી-દૂતપણાથી મિથિલાનગરીએ ગયો હતો ત્યારે કુંભકરાજાની પુત્રી મલ્લીની પાસે જે દડો મેં જોયો હતો તે દડો આ દડા કરતાં હજારગુણો તેજસ્વી હતો, તેમ તે કુમારી પણ અતિ રૂપલાવણ્યના તેજથી શોભતી હતી.

પ્રતિબુદ્ધિ રાજાએ દૂતને બોલાવી મલ્લીકુમારી મારી સાથે વરાવે તેવું કથન કહી કુંભરાજા પાસે મોકલ્યો. તે પણ મિથિલાનગરીમાં ગયો અને કુંભરાજાની રાજસભામાં ગયો.

## ૨ ચન્દ્રચ્છ.

તે કાલ અને તે સમયે અંગદેશમાં ચંપા નામની નગરી હતી. ત્યાં ચન્દ્રચ્છ નામનો રાજા હતો, તે ચંપાનગરીમાં અરહન્ન પ્રમુખ નાવવાણિજ્ય કરનારા વહેપારીઓ વસે છે, તે અરહન્ન ધનાઢય શ્રમણોપાસક-શ્રાવક હતો, અને જીવાદિ તત્ત્વોને જાણનારો ધર્મિષ્ઠ હતો.

અરહન્ન શ્રમણોપાસકની પરીક્ષા—

અરહન્ન શ્રાવક એક સમયે ઘણા નાવવાણિજ્યના વ્હેપારીઓને લઇ અનેક પ્રકારનાં કરીઆણાનાં વાહણો ભરી શુભ મુહૂર્તે સમુદ્રની મુસાફરી કરવાવાળા ધંધા અર્થે જતાં સેંકડો ગાઉ સમુદ્રનું ઉલ્લંઘન કર્યા બાદ-અતિઉત્પાતોને કરતો અને અતિ ભયંકર સ્વરૂપથી ભય ઉત્પન્ન કરતો આવતો પિશાચ જોઇ અરહન્નશ્રાવક સિવાયના તમામ મનુષ્યો ભયથી કંપવા લાગ્યા તેમ પોતપોતાના દેવોનું શરણુ કરવા લાગ્યા. અરહન્નશ્રાવક તે પિશાચને જોઇ અને થતા ઉત્પાતો દેખી વહાણના એક ભાગને વસ્ત્રથી પ્રમાર્જી ભય પામ્યા વિના હસ્તકમલ જોડી અરિહંતનું સ્મરણ કરી જ્યાંસુધી આ ઉપસર્ગથી ન મુક્ત થવાય ત્યાંસુધીનું સાગારિક ભક્તપચ્ચક્ખાણ કરી કાઉસ્સગ્ગમાં રહ્યો. પિશાચ અરહન્નશ્રાવકને કહેવા લાગ્યો કે-હે અરહન્ન! શીલવ્રત-ગુણવ્રત પાપના પચ્ચખાણ અને પૌષધ ઉપવાસવાલો તું હોવાથી ચલાયમાન કરવા-ક્ષોભપમાડવા અને ફેંકી દેવા વિગેરેમાં હું અશક્ત છું, પરન્તુ બે આંગલીથી વહાણને પકડી આકાશમાં ઘણે ઉંચે ઉછાલી નીચે પાડી અનેકવાર એમ કરી તને દુઃખીઓ કરી આર્તધ્યાન-રૌદ્રધ્યાનથી અસમાધિપણે અકાલે નાશ કરવા સમર્થ છું!!! આમ કહેવા છતાં

અરહન્નને નિશ્ચલ દેખી પિસાચે અનેક પ્રકારના દુઃસહ ઉપસર્ગો કરવા માંડયા, પરંતુ સન્માર્ગમાંથી ચલાયમાન કરવાના તેના બધાયે ઉપસર્ગો જ્યારે નિષ્ફલ ગયા ત્યારે પોતાનું પિસાચરૂપ સંહરી લઇ પોતાનું દિવ્યરૂપ વિકુર્વી અરહન્ન શ્રાવકને તેની નિશ્ચલતાનાં સૌધર્મઈન્દ્રે કરેલાં વખાણ કહ્યાં, અને પોતાનું તે વખાણનું સહી ન શકવું, અને પરીક્ષા કરવા આવવું તેમ પોતાના તમામ પ્રયોગોનું નિષ્ફલ થયાનું જણાવી વિનયપૂર્વક વન્દના-નમસ્કાર કરી વારંવાર ખમાવીને જૈન-ધર્મની શ્રદ્ધા કરતો અરહન્ન શ્રાવકને દિવ્ય બે કુંડલો અર્પણ કરી પોતે અદશ્ય થયો.

ચન્દ્રચ્છરાજાએ મોકલેલ દૂત.

અનુકૂલવાયુના પ્રતાપે અરહન્નશ્રાવક વગેરેનાં વહાણો મિથિલાનગરીએ આવી પહોંચ્યાં ત્યાંના રાજા કુંભ પાસે ભેટણાં લઇને ગયા અને ભેટણાં સાદર સમર્પણ કરી રાજ્યને યોગ્ય કુંડલો માની તે દિવ્ય કુંડલો ભેટ ધર્યા. કુમ્ભરાજાએ મલ્લી-કુમારીને આપ્યાં. તેને તે દિવ્ય કુંડલો પહેરી પાછાં આપ્યાં. ખુશ થયેલા રાજાએ અરહન્ન શ્રાવક વિગેરેની જગાત મુક્ત કરવાથી અને વેપારની છૂટ આપવાથી સારી રીતે ધંધો કરી સર્વે પાછા ચમ્પાનગરી આવી ગયા. ચન્દ્રચ્છ-રાજાને યોગ્ય બે દિવ્યકુંડલો ભેટ તરીકે તેને અર્પણ કર્યાં તે ચન્દ્રચ્છરાજાએ સાદર સ્વીકાર્યા, અને દેશાન્તરનાં આશ્ચર્યો પૂછયાં. અરહન્નશ્રાવકે મિથિલા નગરીના કુમ્ભરાજાની પુત્રી મલ્લીકુમારીના આશ્ચર્યભર્યા રૂપ અને ગુણોનું વર્ણન કર્યું. આથી ઉત્પન્ન થયેલા આશ્ચર્યથી તેમ રાગોત્પત્તિથી કુંભરાજા પાસે મલ્લીકુમારીનું માગું કરવા દૂત મોકલ્યો.

## ૩ રૂપ્પી નૃપતિ.

તે કાલ અને તે સમયે કુણાલા નામના દેશમાં સાવસ્તિ નામની નગરી હતી. ત્યાં રૂપ્પી નામનો રાજા રાજ્ય કરતો હતો, તેને ધારિણી નામની રાણી હતી અને સુબાહુ નામની પુત્રી હતી. ચાતુર્માસના સ્નાનનો મહોત્સવ આવ્યે છતે સુબાહુકુમારીએ મહોત્સવ ઉજવવા માટે પોતાનો વિચાર રૂપ્પીરાજાને જણાવ્યો. રૂપ્પી-રાજાએ કુટુમ્બિપુરૂષોને બોલાવી સવિસ્તર મહોત્સવ ઉજવવાની વાત જણાવી. અતિ ઉત્સાહથી મહોત્સવ ઉજવતાં આનંદ પામેલા રાજાએ પોતાના દૂતને પૂછયું કે-વારંવાર દૂત-પણે ફરતાં તેં આવો ચાતુર્માસના સ્નાનનો મહોત્સવ જોયો છે ? દૂતે જણાવ્યું કે-હું એક વખત દૂતપણે મિથિલાનગરી ગયો હતો ત્યારે ત્યાં કુમ્ભરાજાની મલ્લીનામની કુમારીનો જે ચૌમાસી સ્નાન મહોત્સવ મેં જોયેલો તેના લાખમે ભાગે પણ આ નથી. આ શ્રવણ કરી તુરત મલ્લીકુમારીને પોતાની સાથે વરાવવાનું કહેવા માટે કુમ્ભરાજા પાસે દૂતને રવાના કર્યો.

## ૪ સંખ રાજા.

તે કાલ અને તે સમયે કાશી નામના દેશમાં વણારસી નગરીમાં કાશી દેશનો સંખ નામનો રાજા રાજ્ય કરતો હતો. મલ્લીકુમારીનાં દિવ્ય કુંડલોની સંધી ખુલી જવાથી કુંભરાજાએ સોનીઓના સમૂહને બોલાવ્યો અને દિવ્યકુંડ-લોની સાંધો ફરી સાંધી આપવા જણાવો, સોની લોકો તે કુંડલો લઈ જઇને ઘણા ઉપાયો કર્યા પણ તે સાંધો સાંધી ન શકયા ત્યારે રાજા પાસે જઈ આવાં બીજાં કુંડલો હમે કરી આપીએ પણ આની સાંધો હમે સાંધી શકીયે તેમ નથી.

આ સાંભળી કોપાયમાન થયેલા કુમ્ભરાજાએ તેઓને દેશપાર કર્યા, તેઓ પણ પોતાની ઘર વખરી સર્વે લઇ વણારસી નગરીએ ગયા અને નગરી બહાર ઘરવખરી રાખી સંખરાજા પાસે ત્યાં વસવાની આજ્ઞા લેવા ગયા. સંખરાજાએ દેશાંતરથી આવેલા તે સોનારોને પ્રશ્ન કર્યો કે તમોને મિથિલાના રાજાએ શા માટે હદપાર કર્યા છે? આવા પ્રકારના પ્રશ્નના જવાબમાં તે સોનીઓએ કુંડલની સંધીઓની બીના અને મલ્લીકુમારીનું વર્ણન કર્યું. સોનારો પાસેથી સાંભળેલ હકીકતને કારણે સંખરાજા મલ્લી-કુમારી પ્રત્યે રાગવાળો થયો અને પોતાની સાથે તેનું લગ્ન થાય તેવું કહેણ કરવા શીઘ્ર-તાથી પોતાના દૂતને મિથિલાનગરીવિષે કુમ્ભ-રાજા પાસે મોકલ્યો.

## ૫ અદીનશત્રૂ.

તે કાલ અને સમયે કુરૂદેશ નામનો દેશ હતો. તેમાં હસ્તિનાપુરનામનું નગર હતું, અને ત્યાં **અદીનશત્રૂ** નામનો રાજા રાજ્ય કરતો હતો.

મિથિલાનગરીના રાજા કુમ્ભને મલ્લીકુમા-રીથી લઘુવયનો મલ્લદીન્ન નામનો યુવરાજ કુમાર હતો. એક વખત તે કુમારને ગૃહઉદ્યાન વિષે ચિત્રસભા ચિતરાવાની પ્રબલ ભાવના થઈ. આથી ચિત્રકારોના સમૂહને બોલાવ્યો, અને ચિત્રસભા ચિતરવાની આજ્ઞા કરી. સર્વે ચિત્રકારોએ પ્રથમ ભીંત રૂપ પીઠિકા શુદ્ધ કરી જુદા જુદા પ્રકારના રૂપો ચિતરવા લાગ્યા. આ ચિત્રકારોમાં એક ચિત્રકારને એવી લબ્ધિ હતી કે કોઇપણ વસ્તુનો એક અંશ દેખે એટલે આખુંય તેનું રૂપ પોતે આલેખી શકે છે. એક વખત ઓઝલપડદામાં રહેલી મલ્લીકુમારીના પગનો અંગુઠો તેના જોવામાં આવતાં તેના રૂપ પ્રમાણેનું ચિત્ર આલેખવાનો ભાવ થયો આથી તેનું આબેહુબ રૂપ ચિતર્યું. ચિત્રકામ સર્વે પુરૂં થયા પછી કાર્ય સમાપ્ત થયાની જાણ મલ્લદીન્નને ચિત્ર કારોએ કરી, હર્ષિત બનેલા મલ્લદીન્ન યુવરાજે સર્વ રાજ્ય પરિવાર સહિત જઇ ચિત્રસભા જોવા માંડી, જેમ જેમ જુએ છે તેમ તેમ આનન્દની વૃદ્ધિ થાય છે. આગળ જતાં ચિત્રેલી મલ્લી-કુમારી આબેહુબ જોતાં અનેક વિકલ્પ કરતાં આ મારી વડીલ બહેન મલ્લીકુમારીનુંજ ચિત્ર છે તેવું મનમાં નક્કી કરી અતિ કોપ પામેલા યુવરાજે તે ચિત્રકારનો વધ કરવાનો હુકમ કર્યો. તે ચિત્રકારનો વધ થવાનો આદેશ થયાની વાત બીજા ચિત્રકારોએ તે વાત સાંભળી તેથી ભેટણું લઈ યુવરાજ પાસે સહરહુ ચિત્રકારને પ્રાપ્ત થયેલી લબ્ધિની હકીકત જણાવી, અને વધ સિવાયનો દંડ-સજા કરવાની વિનંતિ કરી, યુવરાજે તેનો અંગુઠો છેદવો અને હદપાર કરવો આવો હુકમ કર્યો. અંગુઠાના છેદનને પામેલો તે ચિત્રકાર પોતાની ઘરવખરી સર્વે લઈ કુરૂદેશમાં હસ્તિનાપુર નગર વિષે આવ્યો અને પોતાનો સર્વે સામાન નગર બહાર રાખી અદીનશત્રૂ રાજા પાસે આવી વસવાની-રહેવાની રજા આપવા વિનંતિ કરી.

અદીનશત્રૂ રાજાએ તેને પૂછ્યું કે તમને મલ્લદીન્ન યુવરાજે કયા ગુન્હાથી દેશપાર કર્યા? આવા પ્રશ્નના જવાબમાં ત્યાં બનેલ સર્વ વૃત્તાંત કહ્યો અને પોતે ફરીથી એક પાટીઆ ઉપર ચીતરેલી મલ્લીકુમારીનું દૃશ્ય બતાવ્યું અને તે પાટીયું રાજાને ભેટ કર્યું. મલ્લીકુમારીના

રૂપને જોઇ મોહિત થયેલા અદીનશત્રૂ રાજાએ તેની સાથે પરણવાનો મનસૂબો કરી તેનું માગું કરવા પોતાના દૂતને મિથિલાનગરી વિષે કુમ્ભ રાજા પાસે રવાના કર્યો.

## ૬ જિતશત્રૂ રાજા.

તે કાલ અને સમયે પંચાલ દેશમાં કાંપિલ્યપુર નામની રાજધાની વિષે જિતશત્રૂ નામનો રાજા રાજ્ય કરતો હતો, અને તેને ધારિણી આદિ એકહજાર રાણીઓનું અંતેઉર હતું.

મિથિલા નગરીમાં ચોકખા નામની પરિવ્રાજિકા આવી છે તે ઋગ્વેદ આદિવેદોમાં પારંગત છે. અનેક ક્ષત્રિયો અને અનેક શ્રેષ્ઠિઓ આગલ પોતાના શૌચમૂલ ધર્મને ઉપદેશે છે, એક વખત તે પરિવ્રાજિકા પોતાના સામાન્ય પરિવારને સાથે લઇ રાજમહેલે ગઈ અને જ્યાં મલ્લીકુમારી છે ત્યાં ગઇ. મલ્લીકુમારી પાસે પોતાનો ધર્મ અને તેનું ફળ સવિસ્તર પ્રરૂપ્યાં, ત્યારે મલ્લીકુમારીએ તેણીને પ્રશ્ન કર્યો કે-હે ચોકખા! લોહીથી ખરડાયેલ વસ્ત્ર લોહીથી ધોવામાં આવેતો તે શું ધોવાય? શુદ્ધ થાય? ચોકખા પરિવ્રાજિકાએ જણાવ્યું કે શુદ્ધ ન થાય તેમ તે વસ્ત્ર તેવી રીતે ધોવાય પણ નહીં. ત્યાર પછી મલ્લીકુમારીએ તેને જણાવ્યું કે-પ્રાણાતિપાત યાવત મિથ્યાદર્શનથી મલિન થયેલ તારા શૌચધર્મથી તેવી રીતે આત્મા શુદ્ધ થઇ શકે નહીં!

આ પ્રમાણેના જણાવાથી શંકિત થયેલી ચોકખા પરિવ્રાજિકા કંઇ પણ જવાબ ન આપી શકી અને મૌન રહી, આથી મલ્લીકુમારીની દાસીઓ અનેક પ્રકારે તેની હાંસી કરવા લાગવાથી ક્રોધથી ધમધમતી ત્યાંથી તે નિકલી ગામાનુગામ ફરતી કાંપિલ્યપુર નગરમાં આવી જિતશત્રૂ રાજા પાસે શૌચમૂલ ધર્મની પ્રરૂપણા કરી રાજ્ય અને અન્તેપુરીની કુશલતાનો વૃત્તાંત પૂછયો. જિતશત્રૂરાજાએ કુશલતા જણાવી. અને પૂછયું કે-તમે ઘણા ગામો નગરો વગેરેમાં ફરતાં મારા જેવો સ્ત્રીઓનો રૂપવંત પરિવાર કોઇનો જોયો છે? આવા પ્રશ્નના જવાબમાં જિતશત્રૂરાજાને કુવાના દેડકા સમાન તેની અન્તેઉરી જણાવી મલ્લીકુમારીના એક પગના અંગૂઠાના રૂપના લાખમા ભાગે પણ તારી કોઈ રાણીનું રૂપ નથી, આમ કહી તે પરિવ્રાજીકા ગઇ. આશ્ચર્યને પામેલા જિતશત્રૂ રાજાએ પોતાની સાથે લગ્ન કરવાની કબૂલાત માટે પોતાના દૂતને મિથિલાનગરીએ કુમ્ભરાજા પાસે મોકલ્યો.

જિતશત્રૂ વગેરે છએ રાજાઓના દૂતો મિથિલાનગરીની બહારના ઉદ્યાનમાં આવી પોતપોતાના તંબુઓમાં ઉતર્યા છે. તે પછી જ્યાં કુમ્ભરાજાની રાજસભા છે, ત્યાં તે દૂતો ગયા અને બે હાથ જોડી વિનયપૂર્વક છએ દૂતોએ પોતપોતાના રાજાઓની વાત જણાવી. આ શ્રવણ કરી અતિ કોપાયમાન થયેલા કુમ્ભરાજાએ છએ દૂતોનો તિરસ્કાર કર્યો અને અપમાન કરી પાછલે દરવાજેથી કાઢી મૂકયા. અપમાનિત થયેલા દૂતોએ પોતાના સ્થાને જઇ રૂબરૂમાં પોતાનાં અપમાનો વગેરેનું નિવેદન પોતપોતાના નૃપતિઓને જણાવ્યું. આ સાંભળી છએ રાજાઓએ સલાહ કરી એકી સાથે કુમ્ભરાજા સાથે યુદ્ધ કરી અપમાનનો બદલો લેવા ઠરાવ્યું. છએ રાજાઓ યુદ્ધ કરવા માટે પ્રયાણ કરી મિથિલા રાજ્યના સીમાડે આવ્યા.

કુમ્ભરાજા પણ યુદ્ધ કરવા માટે સન્મુખ આવ્યો અને યુદ્ધની શરૂઆત થઇ છએ રાજાઓના સામટા હલ્લાથી હતપ્રહત થયેલ કુમ્ભરાજાએ મિથિલાના દરવાજા બંધ કરાવી દીધા. આથી છએ રાજાઓએ ઘેરો ઘાલ્યો, કુમ્ભરાજા તેઓના ઘણા પ્રકારે છિદ્રોને જુવે છે પણ છિદ્ર ન પ્રાપ્ત થવાથી ચિન્તાતુર અવસ્થામાં એક વખત બેઠા છે. એવામાં મલ્લીકુમારી પિતાજી પાસે આવી વિનીતભાવે ઉભી રહેવા છતાં ચિન્તાગ્રસ્ત અવસ્થાના પ્રતાપે કુમ્ભરાજાએ આવ્યાનું જાણ્યું નહીં, મલ્લીકુમારીએ આવીઅવસ્થા માટે પિતાજીને પ્રશ્ન કર્યો આથી આદ્યન્ત વૃત્તાન્ત તેણીને નૃપતિએ કહ્યો. મલ્લીકુમારીએ નિર્ભય થવાનું જણાવી છએ રાજાઓ પાસે જુદા જુદા છુપી રીતે દૂતને મોકલો અને તમને આપશું એમ કહી ગુપ્ત માર્ગે પ્રવેશ કરાવો તેમ દરવાજા બંધ છે તેમને તેમ રહેવા દ્યો, મલ્લીકુમારીની સલાહથી કુમ્ભરાજાએ તેમ કરાવ્યું અને છએ રાજાને તેવી રીતે પ્રવેશ કરાવ્યો.

પૂર્વે ઓઝલ-પડદામાં રાખેલી સુવર્ણમય-મસ્તકે છિદ્રવાળી અને તેના પર કમલોના ઢાંકણવાળી પ્રતિમાને આ મલ્લીકુમારી છે એમ ધારી એકી નજરે જોતા છતા ઉભા રહ્યા છે. એવામાં સ્નાન આદિથી પવિત્ર બની તમામ અલંકારો પહેરેલી ઘણી એવી દાસીઓથી પરિવરેલી મલ્લી ત્યાં આવી અને પ્રતિમા ઉપરનું કમલોનું ઢાંકણ દૂર કરાવ્યું દૂર થતાં મરેલા સર્પ કરતાં પણ અધિકતર દુર્ગન્ધ નિકલવાથી છએ રાજાઓ પરાઙ્મુખ થયા અને ઉત્તરીય વસ્ત્રથી નાક બંધ કર્યા.

મલ્લીકુમારી, જિતશત્રુરાજા વગેરેને પૂછવા લાગી કે ઉત્તરીય વસ્ત્રથી નાક બન્ધ કરી પરાઙ્મુખવાળા કેમ થયા? આ પ્રશ્નના ઉત્તરમાં તેઓ કહેવા લાગ્યા કે-આ અશુભ ગન્ધથી અમે આમ થયા છીએ! મલ્લી કહેવા લાગી કે-આ પ્રતિમામાં તાજાં અને મનોહર આહારાદિનો પિંડ હંમેશાં નાંખતાં આવા અશુભ પરિણામવાળા પુદ્ગલો થઇ જાય છે, તો આ ઔદારિક શરીર-ખેલાશ્રવ, વંતાશ્રવ, પિત્તાશ્રવ, શુક્ર-લોહી-પૂતાશ્રવ, ખરાબ શ્વાસોશ્વાસ અને પેશાબ ઝાડાથી ભરેલું અને સડેલા ધર્મવાળું કેવા પરિણામવાળું હશે? આવા મનુષ્ય સબંધી કામભોગમાં આસક્તિ ન કરો! વળી આથી ત્રીજા ભવમાં અપરવિદેહમાં સલિલાવતિ નામના વિજય વિષે વિતશોક નામની રાજધાનીમાં મહાબલ વગેરે સાતે આપણે બાલમિત્ર રાજાઓ હતા, સાથે દીક્ષા લીધી હતી, અને મેં માયાએ કરી સ્ત્રી નામગોત્ર કર્મ બાંધેલું, તે ભવમાંથી કાળ કરી આપણે સાતેય દેવલોકમાં જયંત નામના વિમાનમાં ઉત્પન્ન થયા હતા તેનું તમને વિસ્મરણ કેમ થયું છે? આ પ્રમાણે મલ્લી પાસેથી શ્રવણ કરી શુભપરિણામ, શુભઅધ્યવસાય અને શુદ્ધ-લેશ્યાવાળા પરિણામથી તથા પ્રકારના આવરણો દૂર થયે જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. અને મલ્લીએ કથન કરેલી હકીકત બરોબર છે તેવો નિશ્ચય થયો. અરહામલ્લીએ તેમને તથા બીજા રાજાઓને અનુક્રમે સમજાવ્યા અને દરેકને તથાપ્રકારનું જાતિસ્મરણજ્ઞાન થયેલું જાણી દરવાજા ખુલ્લા કરાવી દીધા.

અરહામલ્લીએ છએ રાજાઓને હું સંયમ ગ્રહણ કરીશ! તમારી શું ઇચ્છા છે? એવો પ્રશ્ન કર્યો, છએ રાજાઓએ જણાવ્યું કે-અમે પણ સંસારભયથી ઉદ્વેગ પામેલા છીએ મોટા પૂત્રોને રાજ્ય વિષે સ્થાપન કરી દીક્ષાને તમારી પાસે ગ્રહણ કરીશું. છએ રાજાઓ કુમ્ભરાજાને પગે પડ્યા, કુંભરાજાએ તેઓનો યોગ્ય સત્કાર કરી વિસર્જન કર્યા. (અપૂર્ણ)

# સુરતના નગરશેઠ બાબુભાઈના પવિત્ર હસ્તે દીક્ષાર્થી શ્રી લક્ષ્મીચંદ બેચરદાસ શાહને અર્પણ કરેલું

# "અભિનંદન પત્ર."

શ્રીયુત્ લક્ષ્મીચંદભાઈ એ માસ્તર લક્ષ્મીચંદભાઈ તરીકે સુરત શહેરની જૈન આલમમાં આબાલથી મોટેરા સુધીમાં પ્રસિદ્ધ વ્યકિત હતી. તેઓશ્રીના શાન્ત અને મીલનસાર સ્વભાવથી સહુનો એક ધાર્યો પ્રેમ પ્રાપ્ત કર્યો હતો, મૂળ તો તેઓ શ્રીમાન્ પાલીતાણાના વતની છે, પરન્તુ ધંધા અર્થે સુરત શહેરમાં ઘણા વખતથી આવી રહેલા. પ્રથમથી ધાર્મિક જીવનમાં રંગાયેલા તેમાં સુરતશહેરમાં પધારતા મુનિવર્યોના સહવાસમાં દિનપ્રતિદિન વધુ રંગાવા લાગ્યા. એક સમય એવો આવ્યો કે વિક્રમ સંવત ૨૦૦૬ ના મહા માસમાં તેઓશ્રી પરમપ્રભાવિક **આ. શ્રીચન્દ્રસાગરસૂરિજીના** પરિચયમાં આવ્યા અને સંસારની મોહ બેડી તોડી નાંખવાના વિચારમાં નિશ્ચયવાળા થઈ, ઉત્તમચંદભાઈ ઝવેરીના યુવાન પુત્ર અમરચંદભાઈ સાથે વધુ પરિચયમાં આવ્યા. અને પૂજ્ય આચાર્ય ભગવન્ત પાસે ભીષ્મ પ્રતિજ્ઞા કરી કે અમરચંદભાઈ દીક્ષા લે ત્યારથી મારે છ વિગઈઓ હું દીક્ષા ન લઉં ત્યાંસુધી ત્યાગ કરવી. અમરચંદભાઈની દીક્ષા તો તૂરતમાં વિ. સં. ૨૦૦૬ના વૈશાખ માસમાં ખૂબ ધામધૂમપૂર્વક થઈ અને **"મુનિશ્રી અભ્યુદયસાગરજી મહારાજ"** થયા. સાથે સાથે લક્ષ્મીચંદભાઇને વિગઈઓ ત્યાગ થઈ અને દીક્ષાની લગની લાગી તેમના વયોવૃદ્ધ પૂજ્ય માતુશ્રી અને સુપત્ની પ્રેમકોરને તેઓશ્રીએ પોતાની ભાવના ખૂલ્લી કહી. માતા અને વધૂ તેમજ કુટુંબીઓએ તેમને ખૂબ સમજાવ્યા, રજા કોણ આપે? લક્ષ્મીચંદભાઈ તેમને પણ ખૂબ સમજાવે. સંયમરસીયો સંસારીઓના મોહમાયામાં ફસાય પણ કેમ? બે વર્ષની મથામણે સંસારીઓ અને વૈરાગીમાં છેવટે વૈરાગી જીત્યો! લક્ષ્મીચંદભાઇનો વિજય થયો !!! અને દીક્ષાનું નક્કી થયું. દીક્ષાનું પવિત્ર મુહૂર્ત વૈ. વદ ૬ નું આવ્યું. આ આ સમયે પૂજ્ય આચાર્યભગવન્ત પાલીતાણા બીરાજમાન હતા એટલે પાલીતાણા દીક્ષા લેવા જવાનું જનતામાં જાહેર થતાં ધન્ય જીવન !!! ના આશિષ વાકયો ભાવિકોના મુખ કમલમાંથી નીકલ્યા અને સુરત મુકામે અભિનંદન આપવાના મેળાવડાઓ થયા, હેન્ડબીલો બ્હાર પડયા, સુરતની જનતાએ નગરશેઠ બાબુભાઈના પ્રમુખપણા નીચે સારી સંખ્યાએ ભેગા થઈ નગરશેઠના પુણ્ય હસ્તેજ નીચે પ્રમાણે "અભિનંદન પત્ર" અર્પણ કર્યું. **તંત્રી સ્થાનેથી.**

ચારિત્રાભિલાષી, કર્તવ્યનિષ્ઠ, ધર્મપ્રેમી, **સહધર્મીબન્ધુ,**

## ભાઈશ્રી લક્ષ્મીચંદ બેચરદાસ શાહ!

અન્તરજ્ઞાની અને પરમ ઉપકારી શ્રીજિનેશ્વર દેવોએ બતલાવેલા સર્વવિરતિના સર્વોત્તમ માર્ગે આજે આપને પ્રયાણ કરતા જોઇને અમને અતિ આનંદ થાય છે. સંસારની મોહજાળમાં ફસાયા પછી કે સંસારના રસનો આસ્વાદ ચાખ્યા પછી તેમાંથી છૂટવું અતિ દુષ્કર છે. મજબૂત મનોબળવાળા કો' વિરલ પુરૂષોજ તેમાંથી છૂટી શકે છે. આ સંસારના ભયંકર અને કૃત્રિમ સુખોને ઠોકરે મારી આપ જે પરમેશ્વરી પ્રવ્રજ્યા અંગીકાર કરવા તૈયાર થયા છો તે માટે આપને કોટી ધન્ય છે! અને અમારા અન્તરના આપને અભિનંદન છે !!

વૈરાગ્યના રંગે તો કયારના આપ રંગાયા હતા, છ વિગઇ તો આપે કયારની ત્યજી હતી, આપને વૈરાગ્યનો લાગેલો રંગ કાચો નહી હતો કે પાણીના પરપોટા જેવો ક્ષણિક નહિ હતો તે આજે આપ જે પુનિત પંથે પ્રયાણ કરો છો તેથી પૂરવાર થાય છે.

ધન્ય છે, આપના માતુશ્રીને! કે જેણે આપના જેવા નરરત્નને જન્મ આપી પોતાનું જીવન સાર્થક કર્યું. પોતાની વૃદ્ધાવસ્થામાં પુત્રનો ખરેખરો ખપ હોય ત્યારેજ તેના ત્યાગપૂર્વકની અનુમતિ આપવી એ કોઈક ધર્મના ઉંડા સંસ્કારવાળી માતાજ કરી શકે છે.

આપની પત્નીની પણ જેટલી પ્રશંસા કરીએ એટલી ઓછી છે, આપની દીક્ષા લેવાથી જો કોઇને પણ ખરેખર સહન કરવું પડે એમ હોય તો તે આપની પત્નીને છે, તે છતાં ભાવિની ચિંતા કર્યા વગર આપને દીક્ષા લેવાની જે અનુમતિ હર્ષપૂર્વક આપી છે તે માટે ખરેખર તેઓ ધન્યવાદને પાત્ર છે. ધન્ય હો! એ વીર પત્નીને! અને ભાગ્યશાળી પતિને!

શેઠ મગનભાઇ પ્રતાપચંદ જૈન લાયબ્રેરીની ૧૪ વર્ષ સુધી જે એકધારી સેવા આપે બજાવી છે તે માટે પણ અમે આપના અત્યંત ઋણી છીએ, આપ જેવા લાયબ્રેરીયન મેળવવા માટે આજે અમે ગૌરવ લઇએ છીએ, ભાગ્યેજ કોઇ લાયબ્રેરીને આવું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થાય છે, જ્ઞાનની સેવા કરતા આજે આપે જ્ઞાનીઓએ કહેલા પંથે વિચરવાની સદ્‌બુદ્ધિ પ્રાપ્ત કરી છે.

વિક્રમ સંવત ૨૦૦૮ ના વૈશાખ વદી ૬ ના શુભ દિવસે તીર્થાધિરાજ શ્રી શત્રુંજયની પુનિત છાયામાં-મહાન્ ગિરિરાજની તળેટીમાં પરમ પૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી મહારાજના-પટ્ટાલંકાર, શાસનપ્રભાવક, પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી ચન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ પાસે ચારિત્ર ગ્રહણ કરી જૈન શાસનને ઉજ્જવલ બનાવો! જૈન શાસનને જયવન્તુ કરો! એવી અમારી શાસનદેવ પ્રત્યે પ્રાર્થના છે.

છેવટે આપને એટલીજ વિનંતિ અમારે કરવાની છે કે ચારિત્ર ગ્રહણ કર્યા પછી સૂર્યપુરની આ ભૂમિમાં આપનાં પુનિત પગલાં પાડજો! અને માર્ગ ભૂલ્યા માનવીઓના માર્ગદર્શક બની, ભવઅટવીમાં ભૂલા પડેલા, મોહમાયાના બંધનમાં બંધાયેલા, વિષય કષાયોમાં અન્ધબની ભાનભૂલેલા એવા અમોને, ઓ મુક્તિ પંથના પ્રવાસી! મુક્તિનો માર્ગ બતાવજો! કર્તવ્યને પંથે ચઢાવજો! બંધનથી મુક્ત કરાવજો!! અમારૂં અભિનંદન સાર્થક ત્યારેજ થશે કે જ્યારે ઓ ભાગ્યવાન્! આપના જેવા અમને બનાવશો. એજ અમારી અન્તિમ અભિલાષા પૂર્ણ કરશો! શાસનદેવ આપને સહાય થાઓ! આપનો જય થાઓ!

લી. અમો છીએ સંઘના સેવકો—

નગરશેઠ બાબુભાઇ ગુલાબચંદ સંઘપતિ, નવલચંદ ખીમચંદ ઝવેરી, ઠાકોરભાઇ દયાચંદ મલજી, ખીમચંદ કલ્યાણચંદ જરીવાળા, અશ્વિનભાઈ શાન્તિલાલ મહેતા, પાનાચંદ સાકેરચંદ મદ્રાસી, બાલુભાઇ વીરચંદ ઝવેરી, મોતીચંદ ગુલાબચંદ ઝવેરી, હીરાભાઈ નગીનભાઈ જરીવાળા, શાંતિચંદ છગનભાઈ ઝવેરી, કુસુમચંદ જવેરચંદ ઝવેરી, ગુલાબચંદ ભગુભાઇ કાંટાવાળા અને રાયચંદ મોતીચંદ ઝવેરી.

અભિનંદન પત્ર અર્પણ થયા પછી શ્રી લક્ષ્મીચંદભાઇએ અભિનંદન પત્રનો વૈરાગ્યમય જુવાબ આપતાં ટૂંકમાં દર્શાવેલું કે—પૂજ્યમાતા, માનનીય પ્રમુખશ્રી, ભાઈઓ બ્હેનો—

આપ સર્વે ભાઇઓ મારા સંયમના માર્ગ પ્રત્યે ઉમળકાભરી લાગણી વ્યક્ત કરવા ભેગા થયા છો તે માટે આપ સર્વેનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું. આ સંસારમાં રખડતો રખડતો આત્મા મહા પુણ્યોદયે મનુષ્ય જીવન અને ધર્મની ઉત્તમ સામગ્રી પામે છે, તો તે મુજબ હું કાંઇક પામ્યો છું, અને વીતરાગ પ્રણીત પંથે જવાની કોશીષ કરી રહ્યો છું, તો તે કાર્યમાં આપ સર્વે મને સહૃદયે સાથ આપજો, આ સંસાર એ પુદ્‌ગલની બાજી છે, મેં અનંતાભવ માતા-પિતા-સ્ત્રી-પુત્રાદિ પરિવાર પ્રાપ્ત કર્યાં છે તેવુંજ આ ભવમાં પણ પામ્યો છું. આ ભવમાં હું મ્હારા માત-પિતાનો બહુ ઋણી છું. આ ઋણ હું અદા કરી શકું તેમ નથી, તો મારી માતા મને ક્ષમા અર્પે, હું મ્હારી માતાને એટલુંજ કહું છું કે તમો આર્યરક્ષિતસૂરિની માતાની જેમ મને વિદાયગિરિના આશિર્વાદો આપજો. જે તમારા આશિર્વાદો મને ભવોભવ ફળે, મોહના બંધનથી છોટીફાટ રડવું આવે પણ તે સ્વાર્થી અન્ધનોને ફગાવી દઈ તમો મને રાજીખુશીથી રજા આપજો, હે માતા! તમો ગૌરવ લેશો કે મારો પુત્ર વીરભગવાનના શાસનને પામી કર્મ શત્રુઓની સ્હામો યુદ્ધમાં ઉતરી જયપતાકા ફરકાવી મારો પણ જન્મ સાર્થક કરશે! અરે! હું એક મહાન્ યોગીની માતા તરીકે જગતમાં ગણાઈશ.

મ્હારી સ્ત્રીને, મારા નાનાભાઈની વહુને પણ મ્હારી એજ ભલામણ છે કે-તેઓ સંસારની અસારતા સમજે, દીક્ષાના વરઘોડાની ઉમળકાભેર છાબ ઉપાડી મ્હારા સંયમ માર્ગને અનુમોદી આત્મકલ્યાણ કરી પવિત્રતાની મૂર્તિ તરીકે વધુ પ્રસિદ્ધિને પામી સંયમ રસમાં

વધારો કરે ! જ્ઞાતિ બન્ધુઓને તથા સર્વે ભાઇઓને મ્હારી એજ ભલામણ છે કે તમો તમારા જીવનને ધર્મ માર્ગમાં રસીયું બનાવી આત્મ કલ્યાણ કરી પામેલા માનવ-દેહને સફળ કરજો ! સત્સંગ કરજો ! પ્રત્યક્ષ ફળ જુઓ ! પૂજ્ય ગુરૂવર્ય આ૦ શ્રીચન્દ્રસાગરસૂરિજીની તપોમૂર્તિ અને વૈરાગ્ય વાણીથી મ્હારો આત્મા સંયમ લેવા કેવો રંગાયો ! પુદ્ગલનું પરાધીનપણું નજ જોઇએ તેમ નિશ્ચય થયો તે તેમની વાણીનો પ્રતાપ ! મ્હારા પુણ્યોદયે હું કુટુંબીઓની અનુમતિ પ્રાપ્ત કરી શકયો છું. મને દીક્ષા માટે અનુમતિ આપનાર સર્વેએ આ પવિત્ર કાર્યમાં સહકાર અર્પી પરભવનું અતિ ઉત્કૃષ્ટ ભાથું બાંધ્યું છે તે માટે મારા અહોભાગ્ય માનું છું. સર્વેને એકજ પ્રાર્થના છે કે સહુ મળેલા માનવદેહને સાચા માર્ગે વાપરી સફળ કરો ! સાચે માર્ગે આવો ! મોહના બન્ધનોને તોડો ! એજ અભ્યર્થના.

આવી રીતે સૌરાષ્ટ્રના સુરત શહેરમાં આવી વસેલા ઘોઘારી વિશા શ્રીમાળી જ્ઞાતિ તરફથી ડૉ. ટી. પી. શાહના પ્રમુખપણા નીચે તેઓના હસ્તે અભિનંદનરૂપ માનપત્ર અર્પણ કરેલ છે અને વૈરાગ્યમય વાણીથી શ્રી લક્ષ્મીચંદભાઇએ તેનો ઉપરના ભાવને અનુસરતો જવાબ આપ્યો. સંયમ માર્ગે સહુએ વરો ! તેવા આશીષ વાકયો કહ્યા હતા. અભિનંદન પત્ર અને આપેલા જવાબના ભાવો લગભગ ઉપરના ભાવને મળતાં હતાં તેથી અત્ર વિસ્તૃત થાય તે હેતુથી લીધા નથી.

---

## ઉદ્ધાર ભેટ-

રૂા. ૧૫) શ્રી લક્ષ્મીચંદ બેચરભાઈ-સુરત. પોતાની દીક્ષા નિમિત્તે શ્રી સિદ્ધચક્ર પત્રને ભેટ અર્પણ કર્યા છે.

શ્રીસિદ્ધચક્ર પત્ર માટેનો તમામ નાણાં-પત્ર વ્યવહાર-નીચેના શીરનામે કરો.

**શ્રી સિદ્ધચક્ર સાહિત્ય સમિતિ.**
**C/o સંઘવી ચીમનલાલ સવાઇચંદ**
ઠે. ગોળશેરી, ગંલેમંડી-સુરત.

## પાલીતાણા તીર્થે પ્રભુની રથયાત્રા અને દીક્ષાનો નીકળેલો ઠઠ્ઠબઠ્ઠભર્યો વરઘોડો-તેમજ થયેલી ભાગવતી દીક્ષા અને વડી દીક્ષા તથા શ્રીવર્દ્ધમાન જૈન આગમ મન્દિરે ઉજવાયેલો સૂવર્ણ કલશ આરોહણ-નિમિત્તે અષ્ટાહ્નિકા મહોત્સવ.

સ્વર્ગસ્થ આગમોદ્ધારક, જિનશાસનસ્તમ્ભ શ્રી આનન્દસાગરસૂરિપુંગવની પુણ્યનિશ્રાતળે પાલીતાણા સિદ્ધગિરિના પવિત્ર ટલાટીના ખોળામાં તૈયાર થયેલ તેમજ તેમના પુણ્ય હસ્તે પ્રતિષ્ટા આદિ થયેલ ભવ્ય શ્રી વર્દ્ધમાન-જૈન-આગમ-મન્દિરના મૂળ દેરાસરજીના શીખરે શેઠશ્રી માણેકલાલ ચુનીલાલ જે. પી. તરફથી તૈયાર થયેલ સુવર્ણ કલશ આરોહણ કરવા નિમિત્તે અષ્ટાહ્નિકા મહોત્સવ વૈ. સુદ ૧૪ને ગુરૂવારથી ઉજવતાં અંક ૮ મામાં જણાવ્યા મુજબ વિવિધ ક્રિયાઓ થઈ હતી, આ નિમિત્તે પ. પૂ. પરમપ્રભાવી **આ. દેવશ્રી ચન્દ્રસાગરસૂરિજી** આદિ ઠાણાં ૨૭ ને આમંત્રણ આપી સ્વાગતપૂર્વક લાવવામાં આવ્યા હતા, તેમજ નગરશેઠ પોપટલાલ ધારસીભાઈ સંઘવી, શેઠ જમનાદાસ મોનજીભાઈ, શેઠશ્રી ચન્દુલાલ નગીનદાસ જરીવાળા, શેઠશ્રી ઝવેરભાઈ પન્નાજી વગેરે આ નિમિત્તને પામી આવ્યા હતા.

વૈ. વદ ૫ ને બુધવારે રથયાત્રાનો વરઘોડો ઠઠ્ઠબા ભર્યો ઠાઠપૂર્વક કાઢવામાં આવ્યો હતો. વરઘોડો શહેરમાં પધારતાં શ્રી લક્ષ્મીચંદભાઈની દીક્ષાનો વરઘોડો જસ-કોરની ધર્મશાળાથી સામેલ થયો હતો. જેમાં શ્રી લક્ષ્મીચંદભાઇની દીક્ષાની છાબ તેમનાં સુપત્ની પ્રેમકોર-બ્હેને ઉપાડી હતી. લક્ષ્મીચંદભાઈના સગાઓમાંથી લગભગ ૭૫ માણસ આવ્યું હતું, તેમ સુરતથી બીજા ભાવિકો આવેલ. પ્રભુનો રથ, ઇન્દ્રધ્વજ, બે બેન્ડો પૂ૦ આ૦ શ્રી વિજયપ્રતાપસૂરિજી આદિ ઠાણાં, પૂ૦ આ૦ શ્રી હિમાચલસૂરિજી આદિ ઠાણાં, અને પૂ. આ. શ્રીચન્દ્રસાગરસૂરિજી આદિ ઠાણાં, વગેરે અનેક પૂજ્ય સાધુ ભગવન્તો તેમજ વિશાલ પૂ. સાધ્વીજી મહારાજાઓનો સમુહ તેમજ શ્રાવક-શ્રાવિકાનો સમુહ સામેલ થયો હતો. વરઘોડો શહેરમાં ફરી શ્રી વર્દ્ધમાન જૈન આગમ મન્દિરે આવ્યો હતો. સહુ પ્રભાવના લેઇ વિખરાયેલ.

વૈ. વ. ૬ ને ગુરૂવારે ઉગતી પ્રભાતે ભારી ધામ-ધૂમથી સુવર્ણકલશનું આરોહણ થયું હતું. પૂ. આ. ભગવંન્ત શ્રીચન્દ્રસાગરસૂરિજીએ વાસનિક્ષેપ કર્યો હતો.

શ્રી-સિદ્ધચક્ર-ગણધર-મન્દિરમાં પણ તે સમયે પૂ. આ. શ્રીના પુનીત હસ્તે લક્ષ્મીચંદભાઈની દીક્ષા ચતુર્વિધ સંઘની હાજરીમાં થઈ હતી. તેઓનું પુનીત નામધેય **"મુનિશ્રીઅભિનંદનસાગરજી મહારાજ"** પાડતાં તત્ર વિરાજીત સકલ સંઘે વધાવી લીધેલ. દીક્ષા થયા પછી કેટલાક ગૃહસ્થોએ નૂતન દિક્ષિતને વસ્ત્ર આદિ વહોરાવેલ, પ્રભાવના લઈ સહુ વિખરાયેલ અને બપોરે નિત્યાનંદસાગરજીને વડી દીક્ષા આપીને મુનિશ્રી મુનીન્દ્રસાગરજીના શિષ્ય તરીકે જાહેર કર્યા હતા.

સુવર્ણકલશ આરોહણ નિમિત્તે ક્રિયા કરાવવા શ્રી બાલુભાઈ ઉત્તમચંદ ઝવેરી, અને રતીભાઈ વગેરે આવ્યા હતા. આઠે દિવસ પૂજા ભાવના અદિ કાર્યો સુંદર રીતે થયાં હતાં.

## સ્વર્ગવાસ તિથિની ઉજવણી—

### પાલીતાણા

પ. પૂ. આગમોદ્ધારક આચાર્ય દેવેશ શ્રી આનંદ-સાગરસૂરિપુરંદરની વૈ. વ. ૫ ની સ્વર્ગવાસતિથિ નિમિત્તે આગમમન્દિરમાં આંગીપૂજા રાખવામાં આવેલ તેમજ પૂજ્ય સાધુ સાધ્વીજી મહારાજોએ આયંબિલ આદિની તપસ્યા કરી હતી.

### ચાતુર્માસ નિર્ણય—

પ. પૂ. ગચ્છનાયક આચાર્ય દેવેશ શ્રી માણિક્ય-સાગરસૂરીશ્વરજી આદિ ઠાણાંનું **"ડભોઇ"**

પ. પૂ. આચાર્યદેવ શ્રીચન્દ્રસાગરસૂરિજી આદિ ઠાણાંનું **"સાવરકુંડલા"** (સૌરાષ્ટ્ર).

પ. પૂ. આચાર્યદેવશ્રી હેમસાગરસૂરિજી આદિ ઠાણાનું **'જામનગર ઠે૦ દેવબાગ'** (સૌરાષ્ટ્ર).

પ. પૂ. ઉપા૦ શ્રીદેવેન્દ્રસાગરગણી, તથા પ. પૂ. પં. પ્ર. શ્રી હીરસાગરગણી આદિ ઠાણાંનું **'અમદાવાદ'** ઠે. શાહપુર, મંગળપારેખના ખાંચામાં તેમજ પૂ. મુનિશ્રી ચારિત્રસાગરજી આદિ ઠાણાંનું **'અમદાવાદ'** એલીસબ્રીજ જૈન સોસાયટીમાં.

પૂ. મુનિરાજશ્રીચન્દ્રકાન્તસાગરજી મ૦ આદિ ઠાણાંનું **'બોટાદ'** (સૌરાષ્ટ્ર).

પૂ. મુનિશ્રીદર્શનસાગરજી ગણી આદિ ઠાણાંનું **'લીંબડી'** (સૌરાષ્ટ્ર).

પૂ. મુનિશ્રી સુરેન્દ્રસાગરજી મ૦ આદિ ઠાણાંનું **'રામપુર'** (ભંકોડા) વાયા-વિરમગામ.

પૂ૦ મુનિશ્રી હંસસાગજી આદિ ઠાણાંનું **'તણસા'** (સૌરાષ્ટ્ર)

પૂ૦ મુનિશ્રી રૈવતસાગરજી આદિ ઠાણાંનું **'જેસર'** (સૌરાષ્ટ્ર)

### પુણ્ય વિહાર અને શાસન પ્રભાવના.

પૂ. આ.શ્રી ચન્દ્રસાગરસૂરિવર્ય આદિ ઠાણાએ સાવર-કુંડલા મુકામે ચાતુર્માસ કરવા માટે શ્રી સિદ્ધક્ષેત્રથી વૈ. વદ ૧૧ ના સાંજના ૬॥ વાગતે વિહાર કરીને આગમ-મંદિરના જીવન નિવાસમાં રાત્રિ રહ્યા. ત્યાંથી વિહાર કરીને વૈ. વદ ૧૨ ના દિને ભંડારીયા મુકામે આવવાનું થયું. ભંડારીયાના શ્રી સંઘે વાજતે ગાજતે શાસન પ્રભાવના વધે તે રીતિએ પ્રવેશ કરાવ્યો હતો. પ્રવેશ કર્યા બાદ વ્યાખ્યાન આપીને વૈ. વદ ૧૩ ના સવારમાં વિહાર કરીને કદંબગિરિ આવવાનું થયું. કદંબગિરિ તીર્થના સ્થાનિક કાર્યવાહકો અને કારખાનાના માણસો પ્રવેશના અવસરે સામે ગયા હતા. ત્રણ દિવસની સ્થિરતા કરીને ચોક ગામ જવાનું થયું, અને હસ્ત-ગિરિ તીર્થની યાત્રાનો લાભ મળ્યો. ત્યાંથી વિહાર કરીને હાથસણી મુકામે હાથસણી સંઘના અતીવ આગ્રહથી આવવાનું થયું. અત્રના સંઘે શાસન પ્રભાવના વધે તે રીતિએ વાજતે ગાજતે અને ગહુંલીઓ કાઢવા પૂર્વક પ્રવેશ કરાવ્યો. નૂતન દીક્ષિત શ્રી અભિનંદન-સાગરજીના અત્ર સંસારીપણાના સગાંવહાલાંઓની અતીવ આગ્રહ ભરી વિનંતિથી અત્ર ત્રણ દિવસની સ્થિરતા થઈ. અંતરાય કર્મની પૂજા આંગી તથા સ્વામિવાત્સલ્ય થયાં. રોજ વ્યાખ્યાનાદિમાં જૈન જૈનેતર સારો લાભ લે છે. જેઠ સુદ ૪ ના વિહાર કરીને જેસર મુકામે જવાનું થશે.

## શાસન પ્રભાવના.

**બદનાવર**—માલવા પ્રદેશમાં મુનિશ્રી સંયમસાગરજીના હસ્તે દીક્ષા લઈ દીક્ષિત થયેલા મા દીકરીની અનુક્રમે ઉમ્મર વર્ષ ૩૫ અને ૧૧ વર્ષની છે. તિલકશ્રીજીના શિષ્યા સાધ્વી શ્રી મનોહરશ્રીજીના શિષ્યા ફલ્ગુશ્રીના શિષ્યા કલ્યાણશ્રીજી અને તેમના શિષ્યા મહેન્દ્રશ્રીજી નામ રાખવામાં આવ્યાં છે. આ પ્રસંગે જૈન શ્વે૦ મૂ૦ કોન્ફરન્સના આગેવાન જુવાનીઆઓએ દીક્ષાનો વિરોધ કર્યો હતો, પરંતુ સમસ્ત સંઘની સંમતિથી દીક્ષાઓ નિર્વિઘ્ને થઇ હતી. કોન્ફરન્સના આગેવાનોનું વિરોધિ માનસ કોન્ફરન્સની ઉન્નતિમાં આડખીલીરૂપ છે. એના આ પ્રસંગ અને બીજા બનેલા બનાવો સાક્ષીભૂત છે. ઈન્દોર, બદનાવર, બીડવાલ વિગેરે ગામોમાં ઉજમણા મહોત્સવાદિથી શાસનપ્રભાવનામાં વૃદ્ધિ થઇ છે. બદનાવર મુકામે ઉજ્જૈન શ્રી ઋષભદેવજી છગનીરામજીની પેઢીના કાર્યવાહકોની વિનંતિથી ચાતુર્માસાર્થે સંયમસાગરજી તથા શીવસાગરજી વિહાર કરશે.

**ઉજ્જૈનમાં શીલારોપણ** થયું. ચાલુ વર્ષના વૈશાખ વદ ૬ ને ગુરૂવારે સ્ટા. ટા. ક. ૧૨–૩૧ મીનીટે માલવદેશ વિષે ઉજ્જૈન નગરની દહેરા ખડકીના ખારાકુવા ઉપર ઉપાશ્રયનું ખાતમુહૂર્ત ચાલુ વર્ષના મહા સુદ ૫ મે થયેલ હતું, અને તે ઉપાશ્રય માટે બંધાતા મકાનનું શીલારોપણ શારોલીયા માંગીલાલજી મગનીરામજીના શુભ હસ્તે મહિદપુરવાળા દોલતરામ ચંપાલાલ રંડવાલ સંઘવી આદિ સકળ સંઘની હાજરીમાં થયું, આ નિમિત્તે મુખ્ય મંદિરમાં સત્તર ભેદી પુજા ભણાવી હતી. શીલારોપણના શુભ કાર્ય પછી ઉપાશ્રય માટેના મકાનનું કામ અવિરત ચાલુ છે. આ ઉપાશ્રય માટેનો સદુપદેશ આ૦ શ્રીચન્દ્રસાગરસૂરિજી મહારાજે આપેલ હતો, તેઓએ આપેલ સુચન મુજબ ઉમંગથી શીરોબીઆ મગનીરામજી માંગીલાલજીએ બંધાવીને ચપળ લક્ષ્મીને સ્થિર કરવાના શુભ પ્રયાસો સેવી રહ્યા છે.

**પાટનામાં દીક્ષા**–સગાંવહાલાંની સંમતિથી તેર વર્ષની બાળ કુમારીને દીક્ષા વૈ. વ. ૬ને દિને સકળસંઘના આનંદની સાથે આપવામાં આવી છે. આચાર્ય શ્રીચન્દ્રસાગરસૂરિની આજ્ઞા વર્તિની સાધ્વી શ્રી સુબોધશ્રીજીની શિષ્યા સાધ્વી શ્રી સુવ્રતશ્રીજીની શિષ્યા તરીકે તે સાધ્વીજીનું નામ નીલવર્ણાશ્રીજી રાખવામાં આવ્યું છે. આ બાળ દીક્ષાની અનુમોદના જૈનોએ અને જૈનેતરોએ કરીને અખંડ પુણ્ય ઉપાર્જન કર્યું છે.

## સમાચાર.

**હાથસણી** ગામના સંઘ પાસેથી સાંભળવા મળ્યું કે દેપલા ગામમાં શિખર બંધ દેરાસર છે, તેથી દર્શનાર્થે દેપલા ગામ જેઠ સુદ ૪ ના રોજ જવાનું થયું. ત્યાંના સંઘે તે વાત સાંભળતાં વાજતે ગાજતે ગહુંલીઓ કાઢવાપૂર્વક શાસનપ્રભાવના વધે તે રિતિએ પ્રવેશ કરાવ્યો. દેપલા સંઘે જેઠ સુદ ૫ ની પૂજા રાખીને ત્રણ દિવસની સ્થિરતા કરાવીને વ્યાખ્યાન વાણીનો લાભ લીધો. જેસર ગામમાં જેઠ સુદ ૫ ની વર્ષગાંઠ હોવાથી વર્ષગાંઠ પર પધારવા માટે જેસર સંઘના આગેવાનો વિનંતિ કરવા પધાર્યા, પરંતુ આચાર્યશ્રીજીથી જઈ શકાય તેમ ન હોવાથી મુનિશ્રી સુબોધસાગરજીને અને મુનિશ્રી અમૂલ્યસાગરજીને ત્યાં તે પ્રસંગ સાચવવા મોકલ્યા વર્ષગાંઠ પ્રસંગે પૂજા–સ્વામિવાત્સલ્ય થયા હતા. જેસર મુકામે કુંડલા સંઘના આગેવાનો રસ્તાના ગામોમાં વિહાર કરીને કુંડલા કયારે પધારશો ? તે નક્કી કરવા આવ્યા હતા.

**જેસર**—પ. પૂ. આ. શ્રી ચન્દ્રસાગરસૂરિજી આદિ ઠાણું અત્રે પધારતાં શ્રી સંઘે ભાવભીનું વાજતે ગાજતે સ્વાગત કરેલ હતું. વ્યાખ્યાન વાણીનો લાભ ત્રણ દિન

[ વધુ માટે જુવો ટાઇટલ પેજ ૪ થો. ]


### નૂતન પ્રકાશન–

ઘણા વખતથી જનતા જેના પ્રકાશનની રાહ જોતી હતી તે શ્રી જ્ઞાતાસૂત્ર સટીક ભા-૧) બહાર પડી ગયો છે. ઉંચી જાતના લેજરપેપર વાપરવામાં આવ્યા છે તેમજ આઠે અધ્યયનનો તેમાં સારાંશ વગેરે સામગ્રીઓથી તે ગ્રન્થને ૫૦ ફારમમાં મુદ્રિત કરીને ભરપૂર બનાવ્યો છે. આવો ભવ્ય ગ્રન્થ હોવા છતાં–કિંમત ફક્ત રૂા. ૮–૦–૦ રાખવામાં આવી છે. નકલો જુજ છે તો સત્વર જોઇતી નકલો મેળવી લેવી.

મળવાનાં ઠેકાણાં:—

**૧. સંઘવી ચીમનલાલ સવાઇચંદ**
ગોળશેરી, ગલેમંડી-**સુરત.**

**૨. શ્રી સરસ્વતિ પુસ્તક ભંડાર**
હાથીખાના, રતનપોળ-**અમદાવાદ.**

# સુધા-વર્ષા.

આલેખનકારઃ—**પૂ. આચાર્યદેવ શ્રીચન્દ્રસાગરસૂરીશ્વરજી.**

૯૩૦. ધર્મ તરફની વાસ્તવિક લાગણી ઉત્પન્ન ન થાય ત્યાંસુધી સંસારરસિક-આત્માઓની ઉછૃંખલદશા હોય છે, કે જે દશામાં સ્વ-પરનું હિત ઘવાય છે.

૯૩૧. ધર્મ રંગથી રંગાયેલો પ્રદેશી રાજા ગળે નખ દેઇને મારનાર પોતાની સ્ત્રી સૂર્યકાન્તાને ખમાવે છે. ખરેખર ! ધર્મનું જેમ ધિક્કારને બદલે ક્ષમાનો બોધપાઠ શીખવે છે.

૯૩૨. મોક્ષમાર્ગના અભિલાષીઓને સાધન સામગ્રી પૂરી પાડનારા આચાર્ય ભગવંતો છે, કારણકે એકવીશ હજાર વર્ષ પર્યંત શાસનસંચાલનમાં વધુ પડતી જવાબદારી અને જોખમદારી તેઓની છે તે ભૂલવા જેવું નથી.

૯૩૩. માટીની પુતળીનો પગ ભાંગે તો બાળક રડે છે, અને પાંચ હજાર ખર્ચીને લાવેલ જાગતી-જીવતી પુતળીરૂપ સ્ત્રીને નવું જુનું કંઇક થાય તો કહેવાતો સમજુ યુવાન રડે છે; હવે આ બંન્ને પ્રસંગમાં વધુ પડતી અજ્ઞાનતા કયાં છે? તે તપાસો.

[ ટાઇટલ ૩ જા પેજથી ચાલુ ]

લીધો અને પૂજા પ્રભાવના આદિ કાર્યો શાસનપ્રભાવના વધે એ રીતે થયાં હતાં. શ્રી સંઘે ચાતુર્માસ માટે મુનિરાજોની આગ્રહભરી માગણી કરતાં પૂ. મુનિશ્રી રૈવતસાગરજી મ. આદિઠા. ૨) ને ચાતુર્માસ માટે રહેવા આજ્ઞા આપી છે. જેસરથી હીપાવડલી, ભામોદરા શેલણાં, વંડા થઈ **પીયાવા**-પધારતાં દરેક ગામના શ્રી સંઘે ભાવભીનું સ્વાગત કરેલું અને વ્યાખ્યાનવાણીનો લાભ અને પ્રભાવના આદિ કાર્યો કર્યાં હતાં. પીયાવાથી ઝીંઝુડા પધારતાં કુંડલા સંઘના ઘણા ભાઈ બ્હેનો પધારેલ. અને ત્યાં સ્વામિવાત્સલ્ય કર્યું હતું.

**શ્રી કુંડલા શહેરના શ્રી સંઘે પ. પૂ. આ. શ્રી ચન્દ્રસાગરસૂરિવર્યનું કરેલું દબદબા ભર્યું સ્વાગત.**

જેઠ સુદિ ૪ ની મંગળ પ્રભાતે **શેઠશ્રી વીરજીભાઈની પ્લોટમાં** પ. પૂ. આ. શ્રી ચન્દ્રસાગરસૂરિજી આદિ ઠાણાં ૧૧) તેઓના આગ્રહથી પધારતાં અનેક જયધ્વનિથી વધાવતા ગહુંલીઓ કરી હતી, તેમજ સ્નાત્ર ત્યાં રાખેલું તેનો લાભ પણ જનતાએ ઠીક ઠીક લીધો હતો, ત્યાં પૂજ્ય આ. દેવશ્રીનું માંગલિક પ્રવચન થતાં ઘણા ભાવિકોએ વ્યાખ્યાનવાણી શ્રવણનો લાભ લીધો હતો તેમજ આગન્તુક ભાવિકોને પ્રભાવના આપવામાં આવી હતી. સાવર ગામની ધર્મશાળાથી વિજય મુહૂર્તે કુંડલા શહેરમાં પ્રવેશ થતાં બે બેન્ડો આદિ ભવ્ય સંરજામસહ શ્રી સંઘ સન્મુખ આવ્યો હતો. પૂજ્યશ્રીના ચરણ કમળથી પવિત્ર થતાં માર્ગોને અનેક પૂજ્યશ્રીના યશોગાન ગાતાં સ્વાગત બોર્ડો બાંધવામાં આવ્યાં હતાં. દરવાજાઓ ઉભા કરવામાં આવેલ. અનેક ભાવિકો સહ ચાલતા પૂજ્ય આચાર્ય દેવશ્રીને ઘણા સ્થાને જયધ્વનિઓથી વધાવાતા ગહુંળીઓ થઈ હતી. મધ્યાહન કાળનો સમય હોવા છતાં પાંચસો ઉપરાંત ભાવિકો પગપાળા ચાલી રહ્યા હતા. ધ્વજા પતાકાથી શણગારેલ ધર્મશાળાએ પધારીને અડધો કલાક લગભગ પ. પૂ. આચાર્યદેવે મંગલ દેશનાનું પાન કરાવેલું વિખરાતી મેદનીને પ્રભાવના આપવામાં આવી હતી. વ્યાખ્યાન ચાલુ છે, પ્રથમ દિવસે સાતસો ઉપરાંત જૈન જૈનેતરોએ શ્રવણનો લાભ લીધો હતો.

મુદ્રકઃ—**મૂલચંદ કસનદાસ કાપડીયા,** "જૈન વિજય" પ્રિન્ટીંગ પ્રેસ-ગાંધીચોક, **સુરત.**
પ્રકાશકઃ—તંત્રી-**પાનાચંદ રૂપચંદ ઝવેરી,** શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ, લાલબાગ, ભુલેશ્વર-મુંબઇ

# શ્રીસિદ્ધચક્ર.

વર્ષ-૧૮-અંક-૧૨ મો. ભાદ્રપદ-માસ. તા. ૧૭-૯-૫૨.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥१॥ आ० बो० मङ्गलम् ॥

**ભાવાર્થ:**—સર્વ-મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચારણ કરે છે, માટે શાશ્વત-આનન્દને દેનારા શ્રીસિદ્ધચક્રને નમસ્કાર થાઓ! —સુધાવર્ષી.

---

## મતોન્માદનું નિરસન—(લેખાંક ૩.)

આલેખનકાર:—૫૦ પૂ૦ આચાર્યદેવ-શ્રીચન્દ્રસાગરસૂરિવર્ય.

નવીન મત કાઢવાના ઉન્માદમાં ઉન્માદી બનેલાઓને શિખામણરૂપે ગતાંક અગીયાર મામાં **'મતોન્માદનું નિરસન'** એ હેડીંગથી લેખાંક બીજો આપેલા છે, વાંચકોએ-વિવેકપૂર્વક વાંચીને, વિચારીને, અને પરિશીલન કરીને એ દૃઢ નિર્ણય કર્યો હશે કે-'તેઓ જૈન તીર્થના ઉચ્છેદકો છે, તેમના પરનું તહોમતનામું વાસ્તવિક રીતિએ સત્ય છે, અને તીર્થોચ્છેદકના તહોમતનામાથી બચવાને બદલે આડી અવળી વાતો કરવી તે સુજ્ઞ-સમાજમાં શોભી શકતું નથી. તેથી આ લેખાંક-ત્રીજાની શરૂઆત થાય છે.—

એક નયને સ્વીકારીને બીજા નયનો અપલાપ કરવારો જૈન દર્શનથી પતિત ભાવને પામે છે, અર્થાત્ મિથ્યાત્વને પામે છે; અને આથી એકલા નિશ્ચયનયને સ્વીકારનારો વ્યવહારનો અપલાપ કરીને નયાભાસની નિન્દનીય-ગર્તામાં ખુંચી જાય છે, એટલે આ નવીન-મતના સ્થાપક-પ્રચારક-અને તેને અનુસરનારાઓ ઉન્માર્ગે જતા બચે અને ભદ્રિક જનતા ન ફસાય તેવા શુભ હેતુથી આ લેખનું આલેખન થાય છે. અમેરિકા જવાના નિશ્ચયવાળો મુસાફર પણ અમેરિકા કયાં આવ્યું?, જવા માટે કયા ગામે જવું!, કઈ વિમાન સર્વીસથી જવું?, ટીકીટ ભાડું શું છે?, સાથે ખાવા-પીવા-પહેરવાની શી શી સામગ્રી લેવી?, કેટલા દિવસે પહોંચાશે?; અને કયાં કયાં ઉતરવું પડશે? વિગેરે વિગેરે અનેક પ્રશ્નોના સમાધાન સાથે સાધન-સામગ્રી-આદિના લેવડ-દેવડ વ્યવહારને અનુસરીને

[વધુ માટે જુવો ટાઈટલ પેજ ૨ જો.]

વિ. સં. ૨૪૭૮.
વિ. સં. ૨૦૦૮.
ઈ. સ. ૧૯૫૨.

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી—પોનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ—મુંબઈ, નં. ૨.

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના—
રૂ. ૦—૪—૬.

[ ટાઇટલ ૧'લા પેજથી ચાલુ ]

પોતાના ધારેલા ઇષ્ટ સ્થળરૂપ અમેરિકા પહોંચે છે.] તેવી રીતે "કેવળજ્ઞાન પામવું અને મોક્ષે જવું" એ વિચારના દઢ નિશ્ચયવાળાઓને સંસારનાં પરિભ્રમણ કાળમાં પૂર્વે બાંધેલાં કર્મોને તોડવાની અને બંધાતા નવાં કર્મોની પરંપરાને રોકવાતી વ્યવહારૂ ક્રિયા કર્યા વગર ત્રૈલોક્નાથ શ્રીતીર્થંકરથી શરૂ કરીને કોઈપણ જીવ સિદ્ધ થયો નથી, થતો નથી અને, થશે પણ, નહિં. આથીજ ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ નિશ્ચય-વ્યવહારનું સમર્થન કરતાં જણાવે છે કે—

"નિશ્ચય દષ્ટિ હૃદય ધરીજી પાલે જે વ્યવહાર, પુણ્યવંત તે પામશેજી ભવસમુદ્રનો પાર,
તુરંગ ચઢી જેમ પામીએજી, વેગે પુરનો પંથ, માર્ગ તેમ શિવનો લહેજી વ્યવહારે નિગ્રંથ;
મહેલ ચઢતાં જેમ નહિંજી તેહ તુરંગનું કાજ, સફળ નહિં નિશ્ચય લહેજી તેમ તનું કિરિયાસાજ,
નિશ્ચય નવિ પામી શકેજી, પાલે નવિ વ્યવહાર;
પુણ્ય રહિત જે એહવાજી, તેહને કવણ આધાર-સોભાગી જીન સીમંધર સુણો૦"

ઉપરના પદોના ભાવાર્થમાં એ રહસ્ય છે કે—"કેવલજ્ઞાનાદિ પામવાની નિશ્ચયદષ્ટિને જે પુણ્યાત્માઓ હૃદયમાં ધારણ કરીને શાસનમાન્ય-વ્યવહારનું પાલન કરે છે, તેઓજ આ ભવસમુદ્રનો પાર પામી શકે છે. જેમ મુસાફરો ઇષ્ટ નગરે પહોંચવા માટે અશ્વ ઉપર આરૂઢ થઇને લાંબો પંથ કાપે છે, તેમ શિવમાર્ગ (મોક્ષમાર્ગ) જવાનો પંથ કાપવા માટે નિગ્રન્થ મુનિયો પણ વ્યવહારને અનુસરતા ક્રિયાકાંડો-અનુષ્ઠાનો અશ્વરૂપ ક્રિયાની મદદથી બાર ગુણ સ્થાનક સુધીની લાંબી મંજલને કાપે છે. ઇષ્ટનગરે પહોંચવા વચલો માર્ગ કાપવા માટે જેમ અશ્વની જરૂર છે, કિંતુ નગરની સમીપે પહોંચ્યા પછી ધારેલ સ્થાનરૂપ મહેલમાં પ્રવેશ કરવા માટે તુરંગ=અશ્વની જરૂર નથી. તેવી રીતે સકળ કર્મના ક્ષયરૂપ મોક્ષમહેલમાં પહોચવા માટે શરીરાદિક-યોગો અને યૌગિક-અનુષ્ઠાનો વિગેરે ક્રિયારૂપ વ્યવહારની પછી જરૂર નથી. અને વ્યવહાર અને વ્યવહારને અનુસરતા યૌગિક અનુષ્ઠાનો પણ ચૌદમા ગુણસ્થાને એટલે શૈલેશીકરણ અવસ્થાએ નિવૃત્ત થાય છે. આથી તેજ પૂ. ન્યાયાચાર્ય જણાવે છે કે-"નિશ્ચય ધર્મ ન તેણે જાણ્યો જે શૈલેશી અંત વખાણ્યો, ધર્મ અધર્મતણો ક્ષયકારી શિવ સુખ દેજે ભવજલ તારી" ઉપરના ગુર્જર પદ્યનો એ ભાવ છે કે—"ચૌદમા ગુણસ્થાનકે-અયોગિ-અવસ્થામાં શાસનમાન્ય-વાસ્તવિક નિશ્ચય ધર્મની પ્રાપ્તિ થાય છે, અને તે પહેલાં એટલે ચોથા ગુણ ઠાણાથી શરૂ કરીને તેરમા ગુણસ્થાનક સુધી શ્વેતાંબર-દિગંબર જૈનશાસનમાન્ય વ્યવહાર પ્રવર્તે છે. આ વ્યવહારનો અપલાપ કરનારાઓ જૈન શાસનરૂપ તીર્થનો ઉચ્છેદ કરનારાં છે.

**તા. ક:**—કાનજીભાઈ? તમો ઉપદેશ આપો છો તેમાં વપરાતા ભાષા વર્ગણાના પુદ્ગલો જડ છે, તમો જડથી એકાન્તે આત્માને કંઇપણ ફાયદો-નુકશાન માનતા નથી; આથી તમો ખુલાસો કરો.—

પ્રશ્ન ૧—તમો વ્યાખ્યાનમાં ઉપદેશ આપો છો તેથી તમને પાપ, પુણ્ય, નિર્જરા કે નિષ્ફળતા પ્રાપ્ત થાય છે, કે શું થાય છે?

પ્રશ્ન ૨—તમારા તે વ્યાખ્યાનને શ્રવણ કરનારાઓને પાપ, પુણ્ય, કે નિર્જરા માર્ગે આવવાનું થાય છે કે નિષ્ફળતા પ્રાપ્ત થાય છે, કે શું થાય છે?

પ્રશ્ન ૩—ગોશાલાના મતને અનુસરતી એકાન્ત ભવિતવ્યતાને આગળ કરીને તમે દરેક વાતમાં એક ભવિતવ્યતાનો જુવાબ આપો છો, તો તમારા શ્રોતાઓની ભવિતવ્યતા ઘેર બેઠે થવાની હશે તો થશે તેમ માનવામાં તમારા મતે વાંધો શું છે? એટલું ખ્યાલમાં રાખશો કે દિગંબર-શાસ્ત્રો એકલી ભવિતવ્યતાને આગળ કરતા નથી.

(ગતાંકથી ચાલુ અનુ. પૃ. ૨૨૮)

અજીવમાં-અન્યમતવાળાઓએ ઘટ-પટ માન્યા છે, પરંતુ ધર્માસ્તિકાય વિગેરે અજીવોને તેઓ માનતા નથી. જિનેશ્વર કથિત જીવ માને તોજ કેવલજ્ઞાનાદિ મયવાળો જીવ માને! આવી રીતે ધર્મકૃત્યમાં-અન્યમતવાળાઓ પદાર્થને બનાવ્યાના બદલામાં તેમનું ભજન કીર્તન માને છે, આપણે ત્યાં-જૈનોમાં-પદાર્થોને બનાવ્યાના બદલામાં તેમનું-દેવોનું ભજન કીર્તન કરતા નથી, તેમ કરવાનું માનતા નથી, પણ બતલાવ્યાના બદલામાં; તે પણ કર્મ તોડવાના રૂપમાં જાય છે, અર્થાત્ આત્માનો આત્મગુણ પ્રગટ કરવા માટે દેવનું ભજન, કીર્તન, વંદન અને પૂજન હોય છે. આવી રીતે જિનેશ્વર દેવોએ જીવનું સ્વરૂપ બતલાવી કર્મને તોડવાની દિશાઓ પણ બતલાવી છે, માટે જૈનો તેમને દેવ તરીકે માને છે.

જિનેશ્વર પ્રભુના કથન પ્રમાણે ધર્માસ્તિકાય આદિ માનીએ છીએ. બાકી,-ધૂળ, પત્થર વગેરે તો તેઓના કથન વિના પણ અજીવાદિપણે માની શકીએ છીએ.

## મિથ્યાત્વીનો પરિચય વર્જનીય કેમ?

મટ્ટુક શ્રાવકની વાત શ્રીભગવતીજીમાં આવે છે, વંદનાર્થે મટ્ટુક શ્રાવક જઇ રહ્યો હતો; વચમાં કાલોદાયી, સેલોદાયી અન્યમતના વિદ્વાનો મલ્યા અને તેમને મટ્ટુક શ્રાવકને પ્રશ્ન કર્યો. આ જગો ઉપર મિથ્યાત્વી જતો હોત અને સમકિતિ બેઠો હોત તો આવી ચિંતા ન કરે, પરન્તુ મિથ્યાત્વીઓની ઘણા ભાગે ધારણા વિઘ્નસંતોષી હોય છે, શબ્દ ખરાબ લાગે છે પણ ઘણી કાર્યવાહીઓ વિઘ્નસંતોષી છે. અર્થાત્ સારા કાર્યમાં વિઘ્નદાયક મન-વચન-કાયાની પ્રવૃત્તિઓ થાય તેનું નામ વિઘ્ન સંતોષી! આવા વિઘ્નસંતોષીઓ મૂળ સ્વરૂપને કાર્યને ખરાબ ન કહે પણ તેના સાધનને ખરાબ કહે. જેમ કેટલાક જૈન નામધારીઓ-જૈન ધર્મ ખરાબ ન કહે, પણ તેની જાહોજલાલી બતલાવતાં કાર્યો-ઓચ્છવ, મહોત્સવ, પ્રતિષ્ઠાને ખરાબ કહે છે. આવી રીતે તે મિથ્યાત્વી વિદ્વાનો મૂલપુરૂષની પ્રમાણિકતા ઉડાવવા માટે કહે છે, પણ વંદન કરવા ન જા એમ કહેતા નથી !! શું કહે છે! તે સમજાવતા પહેલાં સ્વવસ્તુ સમજો !!! આત્માનો ધર્મ સંખ્યા પર આધાર રાખતો નથી, તમે મેળવેલું મૂકી દો નહિં! હારી જાઓ નહિં! આ માટે મિથ્યાત્વીઓનો પરિચય-આલાપાદિ વર્જન કરવાનું શાસ્ત્રકારોએ જણાવ્યું છે. પોતાની બુદ્ધિ ઉપર નિર્ભર રહેવાવાળાઓ ભલે અન્યદર્શનીઓના મંદિરમાં કે સમાગમમાં જાય તો આપણો વાંધો નથી, તમો ઉંચી દશાએ ચઢયા નથી.

કોર્ટની અંદર બે ત્રણ હજારના પગારદાર જજ વાદીની ફરીઆદ ઉપર ચાર્જ ફ્રેઇમ કરે છે, પણ પ્રતિવાદીની દલીલ પાસે પૂર્વની ચાર્જ ફ્રેઇમની વાત ઉડી જાય છે. સેંકડે પચાસ ટકા કેશો વાદીના લાભમાં આવતા નથી, તેમજ કોર્ટે પહેલાં માનેલા હોય તેવા પૂરાવા તેજ કોર્ટ ખોટા માને છે.

દુનીઆદારીની વાતમાં માજીસ્ટ્રેટના મગજ પલટા ખાય તો તમારૂં ભેજું કેટલું? અતીન્દ્રિય પદાર્થોની યુક્તિમાં નહિં ડગમગી જાવ? આથીજ શાસ્ત્રકારોએ મિથ્યાત્વીઓનો પરિચય વગેરે કરવો નહિં તેમ કહ્યું છે, જેવી રીતે મીલકત મલી હોય, તેને બદમાસોથી હંમેશાં ચેતતા રહેવાનું છે. આથી વિપરીત પ્રરૂપણાવાળો ચાલાકી હુશીયારીથી તમારી પર છાપ પાડી દેશે તો હારી જાશો !!! તે મિથ્યાત્વીઓ મટ્ટુક શ્રાવકને કહે છે કે-હે મટ્ટુક! તારા મહાવીર પાંચ અસ્તિકાયની પ્રરૂપણા કરે

છે, તે તું માને છે કે નહીં ? (જો માનું છું તેમ કહે તો, કહેવું હતું કે ધર્માસ્તિકાયની શી પ્રતીતિ કરી, અને પ્રતીતિ નથી કરી તો અંધ શ્રદ્ધાળુ કહેવો છે.) તારા જાણવામાં-જોવામાં ન આવે તેવી ચીજને તું શી રીતે માને છે ? અરૂપી છે તે તો દેખાતા નથી. પણ હારે તે તો તેના કહેવાથીજ માનવા ને ? આવો પત્થરો ફેંકયો ! આવા પત્થરાઓ તમારી પાસે પણ કંઇક ફેંકે છે, પોતાના ઉપર અંધશ્રદ્ધાળુનો આરોપ ન આવવો જોઇએ તેવી રીતે તો મટુક શ્રાવક કહે છે કે-પેલા બગીચાના ઝાડના પુષ્પોની ગંધ આવે છે તે માનો છો કે નહિં ?, દેખો છો કે નહિં ?, જ્યારે દેખતા નથી છતાં સુગંધ માનો છો તો તમારા જેવા અંધશ્રદ્ધાળુ કેવા ? નજરે ન દેખાતું હોય પણ અનુમાનથી સિદ્ધ થતું હોય તો દરેક માની શકે છે ! નાકને લાગતી ગંધથી ગંધ આવે છે એમ માનવુંજ પડે છે.

આ જગતનો કોઇ છેડો છે કે નહિં ? છેડો છે, કારણ કે-બધા મલે છે. તેથી મર્યાદા જરૂર છે, અનુમાનથી કોઇ મર્યાદા કરનાર છે, આ વિષયમાં ધર્માસ્તિકાય વગેરે માનવા પડેજ છે. પછી તમો બીજા ગમે તે નામથી માનો ! અનુમાનથી અતિન્દ્રિય પદાર્થો જણાતા હોત તો આટલા બધા મતના ઝઘડા હોત નહિં !

આગમવાદની જરૂર.

બધા પદાર્થો ભલે નિશ્ચિત થાય પરંતુ તેના ધર્મ=સ્વભાવના ઝઘડા અનુમાનથી સિદ્ધ થતા નથી, અને તે માટે આગમવાદની જરૂર છે. દરિઓ કે પરદેશ જોયો નથી, જાણ્યો નથી છતાં માનો છો કેમ ? વૃદ્ધવચન વિશ્વાસથી માનો છો. લોભી-લાલચુઓના વચનો ઉપર વિશ્વાસ રાખો અને નિર્લોભી વીતરાગ પ્રભુના વચન ઉપર વિશ્વાસ રાખી માનવાવાળાને અંધ શ્રદ્ધાળુ કહો' તે યુક્તિ-યુક્ત કહેવાય નહિં, આવા પદાર્થો માટે આગમવાદની જરૂર છે. તે કાલના મિથ્યાત્વીઓ જવાબ મળે ચૂપ થઇ જાય, ઉત્તર મલ્યા પછી પણ આડા અવળા ફાંફાં સ્વસિદ્ધિ કરવા મારે તે તો હલકી કોટીના છે. મિથ્યાત્વી ચૂપ થયા એટલે મટુકે જવાની રજા માગી, અને શ્રીમહાવીરપ્રભુ પાસે આવ્યો. ત્યાં પ્રભુએ પુછયું કે-અનુમાનથી ધર્માસ્તિકાયની સિદ્ધિ કરી આપી. તેં સાચું કહ્યું છે, પણ તેં આડો ઉત્તર આપ્યો હોત તો વિરાધક થાત.

આંગળી કપાઇ દુઃખ થાય છે પણ તે દુઃખ દેખાડાતું નથી, સ્વપ્ન આવ્યું પણ તે દેખાડી શકાતું નથી; કારણ કે તે વિષય અનુભવના છે. તેવી રીતે અરૂપી પદાર્થોની સિદ્ધિ પણ શ્રદ્ધાના વિષયની છે. દાબડી સોનાની હજારે કહી અને એકે પિત્તલની કહી, તેથી હજારને જુઠા ઠરાવ્યા. તેવી રીતે તિર્થંકર, કેવલી, ગણધર, શ્રુતકેવલી કહે કે અરૂપીને છદ્મસ્થ દેખે નહિં, અને હું દેખું છું એમ જો તેં કહ્યું હોત તો અનંતા જ્ઞાનીઓની આશાતના થાત. જિનેશ્વર પ્રભુના કથન પ્રમાણે જીવાદિ તત્ત્વોને માનવા મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગથી કર્મ બંધાય છે, તે પણ જિનેશ્વરના કથન પ્રમાણે કહીએ છીએ નવ તત્ત્વો અન્ય મતિઓ માને પણ जिनपन्नत्तं तत्तं એમ ન માને, આ શાસનમાં જિનપન્નત્તં तत्तं માનવાનું છે, પરંતુ આ પદાર્થજ્ઞાનનું બીજું નામ વિષયપ્રતિભાસં જ્ઞાનં, એનાથી આગળ આત્મ પરિણતિ જ્ઞાન કેવા દરજ્જાનું છે તે હવે જણાવાશે.

પરિણતિ જ્ઞાનની અધિકતા.

આ જ્ઞાનાષ્ટક છે તેનું વિવેચન કરતાં શાસ્ત્રકાર શ્રીહરિભદ્રસૂરીશ્વરજી પરિણતિના વિગેરે

ભેદો જણાવવા માટે કહે છે. શ્રવણ કરવાવાળો સાંભળે ખરો પણ શ્રવણ કરેલાને પરિણમવાળા માટે વાંધો છે. સાંભળે ખરો પણ પદાર્થનું જ્ઞાન વિગેરે પ્રતીતિ થવું એ મુશ્કેલ છે ! પદાર્થોના જ્ઞાન થવા માટેના ભેદો છે, પરંતુ પદાર્થ જ્ઞાન વિપરીત થયાના ભેદો નથી. જીવાજીવ પદાર્થનું જ્ઞાન થયું- પરંતુ પરિણુતિ જ્ઞાન થાય ત્યારે પદાર્થજ્ઞાન તત્વરૂપ છે એમ જાણવું. જીવ-અજીવના પદાર્થવિભાગ પણ તેને જીનોક્ત માને તો પરિણુતિમતજ્ઞાન થાય છે. આસ્તિક નવતત્ત્વમાને પણ જિનેશ્વર કથન પ્રમાણે માનતો નથી, જેવી રીતે છોકરો હીરાને હીરો કહે અને ઝવેરી પણ હીરાને હીરો કહે, પણ બંનેમાં સમજણનો ફરક છે. કારણ કે તોલા, તેજ કીંમતની સમજમાં વાંધો છે. સુક્ષ્મ એકેન્દ્રિયથી માંડી સિદ્ધ સુધીના તમામ જીવો સ્વરૂપે કેવલજ્ઞાનવાળા છે. હું છું એમ બધા માને છે. હું કોણ છું તે તો જીવાદિને જાણવાવાળો જાણે છે. જિનેશ્વરે કહેલા તત્ત્વોને ન જાણીએ ત્યારે વિપરીત પ્રતીતિ, અને માનીએ ત્યારે આત્મ પરિણુતિ. શાસ્ત્રનું તમામ જ્ઞાનવિપરીત પ્રતીતિવાળું પણ થાય છે. જ્યાંસુધી પરિણુતિ જ્ઞાન ન આવે ત્યાંસુધી નવ પૂર્વ સુધી વિપરીત પ્રતીતિવાળું પણ જ્ઞાન હોય, પરંતુ યાદ રાખવું જોઇએ કે હંમેશા દશમા પૂર્વથી કંઇક ન્યૂન પછી પરિણુતિવાળું જ્ઞાન હોય છે તે પહેલાં પરિણુત જ્ઞાન થાય ખરૂં અને ન પણ થાય.

### પરિણુતિ જ્ઞાનની કિંમત.

કલ્યાણ માર્ગને પ્રતિપાદન કરનારાં શાસ્ત્રો છે, તથા તેના પ્રરૂપકો છે, તેમ તેનું શ્રવણ-અભ્યાસ પણ છે; પણ તે શ્રદ્ધા અને વિવેક વિના પરિણુતિરૂપે પરિણમે નહિં. પાઠશાલાઓમાં પુસ્તકો હોવા છતાં શ્રદ્ધાનો વધારો કેમ થતો નથી ? ભણુતરમાં વિષય પ્રતિભાસ જ્ઞાન થાય છે, પરિણુતિને કેળવવા માટે આશ્રવ સર્વથા છોડવા લાયક છે ! અને સંવર-નિર્જરા સેવવા લાયક છે ! આનો વિચાર તેમાં આવતો નથી.

કારણ કે—શ્રવણાદિકાલે પદાર્થોની હેય-ઉપાદેયતા આત્મા વિચારી શકતો નથી. મનુષ્ય કાયદાના શબ્દો બોલ્યે જાય પણ પરિણુતિમાં મીડું હોય તો તેનું શું ? જુઠ્ઠા સિક્કા પાડનારાઓ અને જુઠ્ઠા દસ્તાવેજોને બનાવનાર કાયદાના શબ્દો તથા તેના અર્થો જાણે પણ તેથી વિરમે નહિં, એટલે પોતાના આ દુષ્કૃત્યથી વિરમતો નથી, તેથી તેના હાલ હવાલ ખરાબ થાય છે. આ વિષયમાં શબ્દાર્થ થયા પછી જે પરિણમવું જોઇએ તે પરિણમ્યું નથી. કેવલજ્ઞાનવાળો મારો આત્મા છે એવી પોતાની દર્શનાદિ મિલકતની માલિકી ધ્યાનમાં આવે એટલે તે માટે તેને ચિંતા-ઉઘરાણી થાય જેવી રીતે 'પાનું ફરે અને સોનું ખરે' સોનું ચોપડામાં લટકાવ્યું નથી, પણ જમા-ઉધાર-આશામી-દસ્તાવેજ અમૂક બાકી રહ્યા વિગેરે યાદ આવે તે સ્વરૂપે સોનું તેમાંથી ખરે છે. જૈન દર્શનની માન્યતાનું પરિણામી જ્ઞાન થાય ત્યારે ચેતનાવાન્ હું છું ! કેવલ જ્ઞાનવાન્ હું છું ! આ વિચારો આવે એટલે કેવલજ્ઞાન મેળવવાની ચિંતા કરે છે. ભૂખ લાગે ત્યારે ભૂલ સુધારવાની મહેનત થાય. તીર્થંકરોનું શાસન ચાલે ત્યાંસુધી કંઇ તીર્થંકરોની હયાતિ હોતી નથી, માટે તેમના પ્રતિનિધિરૂપ આચાર્યાદિ સાધુઓથી શાસન ચાલે છે.

કર્મશત્રુને અગર કર્મશત્રુ નાટકને આધીન ન રહેવું આવી પરિણુતિવાળો થાય તેજ કેવલજ્ઞાન મેળવવા માટેનોજ ઉપદેશ આપે છે.

શ્રેણિક મહારાજાના પુત્ર અભયકુમારની દીક્ષાને લીધે તે સમયે જગતની પાયમાલી થઇ. મહા શીલા-કંટક-રથ-મૂશળ આદિ યુદ્ધ થયાં. અભયકુમારની દીક્ષા થયા પછી રાજ્યની લગામ તુરત કોણિકના હાથમાં આવી, અને તાબાના અઢાર રાજ્યો નાશ પામ્યાં; આ બધું એક અભયકુમારની દીક્ષાને લીધે થયું. જ્ઞાની ભગવાને આ પરિસ્થિતિ જાણીને કેમ દીક્ષા આપી ? અર્થાત જાણી જોઇને દીક્ષા આપી કેમ ? તે વિચારો ! તીર્થંકરના વચનની કિંમત એટલી બધી છે કે શ્રેણિકની ભકિત આગળ શ્રેણિકના રાજ્યાદિની ક્ષતિ જેટલી કિંમત ભગવાને ગણી નથી. જગતનું શું થાય ! એ જોવાનું છે તે કરતાં અભયકુમારનું કલ્યાણ થાય તે પહેલાં જોવાનું છે. આત્મ પરિણતિમતવાળાને દેવ-ગુરૂ-ધર્મની આરાધના એજ શ્રેય છે, તેમાં દુનીઆદારીની કિંમત ગણાયજ નહિં.

ભાવ જીવન.

મિથ્યાત્વીઓ જડ જીવનરૂપ પાંચ ઇન્દ્રિયો અને દ્રવ્ય પ્રાણને માને છે, પરંતુ જીવ જીવન-ભાવપ્રાણ-સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્રને માનવાં તેમાં તેને વાંધો છે. સ્વભાવે અનંતુજ્ઞાન-દર્શન-ચારિત્ર મારૂં છે પણ કર્મરાજાએ કબજે કર્યું છે, એ મિથ્યાત્વીને સમજાતું નથી દુનીઆદારીમાં ઉઘરાણી જાઓ, અને તેને ઘેર તમારી સાથે આવેલા તમારા છોકરાની તથા તમારી આગતા સ્વાગતા થાય, જમવાને સારૂં ભોજન મલે પણ ઉઘરાણીના રૂપીઆ પતે નહિં તો તમે રાજી થાવ નહિં અને છોકરો રાજી થાય, કારણ કે ઉઘરાણીનો વિચાર છોકરાને નથી. તેવી રીતે પાંચ ઇન્દ્રિયના વિષયો અને ચાર કષાયની પ્રવૃત્તિ કરીએ પણ આપણી રકમ ફસાઇ છે તે ધારતા નથી-વિચારતા નથી, તેથી કરી આ વિષયવિકારની પ્રવૃત્તિ છોડી અનંત જ્ઞાન-દર્શન-ચારિત્રની અને વીતરાગતા રૂપ ભાવ જીવન પ્રગટ કરવાની પ્રવૃત્તિ હોવી જોઇએ. કર્મરાજા અનંતકાલથી દબાવી બેઠો છે તે કહાડતો નથી, તે કાઢવા માટે અપૂર્વ મનોરથો થાય; તેવી ભાવજીવનવાળી પ્રવૃત્તિ થાય, ત્યારે કંઈક રસ્તે આપણે આવ્યા છીએ એમ સમજવું.

મદદગાર કયારે બનાય !

'जीवो जीवस्य जीवनम्' ભગવાન્ ઋષભદેવથી પુંડરીક, અને મહાવીરપ્રભુથી ગૌતમાદિ થયા છે. તેથી દરેક જીવે બીજાને તારવા માટે તૈયાર રહેવું જોઇએ !!! परस्परोपग्रहो जीवानाम् એ નિયમ છે. જીવ નકામી ચીજને ભારભૂત ગણે છે. ગતિસ્વભાવ ધર્માસ્તિકાયનો છે, અને સ્થિતિ સ્વભાવ અધર્માસ્તિકાયનો છે. શરીરપ્રાણ ભાષામાં પુદ્ગલ મદદ કરે છે, વર્તન-પ્રવર્તનમાં ઇન્દ્રિયો મદદ કરે છે, પણ જીવ કોને મદદ કરે છે ? દુનિયાદારીમાં 'આખા ગામનું હું ખાઉ મારૂં ખાય તેનું નખ્ખોદ જાય !' બધાની મદદ જીવ લે છે, પણ તમે કોને મદદ કરતા થાઓ છો ? બધા પાસે કરાવો છો, તમે શું કરો છો ? અર્થાત્ કોઇનું કરી છૂટતા નથી. ધર્માસ્તિકાયાદિ પાંચ દ્રવ્યોને તમે કંઇ ઉપકાર કરી શકો તેમ નથી. એક એવું અપૂર્વ કાર્ય આ જીવનું છે તે એજ કે બીજા જીવને ભાવજીવનવાળો તૈયાર કરવામાં આ જીવ મદદગાર બની શકે છે. માટે આમાં મદદગાર બનવું. કર્મરાજાએ બીજાનો જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપી માલ કબજે કર્યો છે તેને છોડાવાથી મદદગાર બની શકાય છે, આ એકજ ઉપકારનો રસ્તો છે, જીવ જીવને ઉપકાર કરી શકે 'जीवो जीवस्य जीवनम्-' જીવ બીજા

જીવને ભાવજીવન અપાવી શકે છે. આ સ્થળે અર્થનો અનર્થ ન કરશો ! જતિઓ તો કહે છે કે-હમારે તો તમારે ત્યાં લાગો છે, જુઓ જતિયાવારા=જતિના વારા હોય છે, આવો અનર્થ ન કરતા !! મૂર્ખાઓ जीवो जीवस्य जीवनम् તે શબ્દનો અર્થ કરે છે કે-જીવે જીવનું ભક્ષણ કરવું જોઈએ. ખેતરમાં લીલોત્રી સારી થઈ ! ભગવાને જગતમાં બધું ખાવા માટે પેદા કર્યું છે, આમ માનનારાને જીવની વિરાધના વિગેરે તપાસવાની રહી નહિં. પૃથ્વી, વાયુ, અગ્નિ, પાણી અને વનસ્પતિની વિરાધના કરનારા સમજતા નથી કે-આ જીવો નિરાધાર છે. છતાં તેની કતલ કરીએ છીએ. કોઈએ કોઈને પુછયું કે ભાઈ તમારૂં નામ શું ? તો કહે મારૂં નામ જુઠો ! હવે જુઠું બોલે તો ઠપકાની જગા નહિં.

### જીવનનો મોટો ભાગ વિષય પ્રતિભાસ જ્ઞાન.

કષાયવાળા કસાઈ, (કષાયી) આપણે ક્રોધાદિમાં વણાવાવાળા હોવાથી કસાઈ છીએ છતાં તેનો વિચાર નથી, કેમ ? ક્રોધાદિ વર્જનીય બોલીએ પણ પરિણમ્યું નથી, માટે આપણે બધા વિષય પ્રતિભાસજ્ઞાનવાળા કહેવાઈએ. જીંદગીના જીવનનો મોટો ભાગ દરેક જીવને વિષયપ્રતિભાસનો છે, આત્મા પોતાની જોખમદારી સમજે નહિં તે બધું વિષયપ્રતિભાસ જ્ઞાન છે. જાણીએ છીએ તો એમ કેમ ? પરીક્ષા વગર જવાબ બધા આપે છે, પણ પરીક્ષાના અવસરમાં બધા નપાસ. પ્રવૃત્તિ વખતે આત્મા પોતાની જોખમદારી સમજીને પ્રવૃત્તિ કરે તો તે અવસર આત્મ પરિણામનો છે. દશ પૂર્વ ન્યૂન ભણે તોએ અજ્ઞાન ! તે કેવી રીતે બને તે ઉપરની વાત સમજવાથી માલૂમ પડશે. પોથાજ્ઞાન અને પરિણતિ જ્ઞાનનો ફરક સમજો ! હથીઆર કમ્મર ઉપર લટકે છે પણ ધાડ આવે ત્યારે હથિયાર નીચે મૂકો તો દશા કેવી થાય. કર્મરાજાને કાઢવા માટે શાસ્ત્રો હથીયાર છે, કર્મરાજાની ધાડ આવે ત્યારે શાસ્ત્રોના વચન ભૂલો તો પછી તમારી દશા શી ? ચિંતામણિના ચોપદાર જેવા ન બનો, પણ સાચા ચોપદાર બનો ! કર્મરાજાની ધાડ આવે તે વખતે સાવધાન રહો ! અને ધાડને પીછેહઠ કરાવો !! નાનું બચ્ચુ આંખે બધું દેખે. સાપ, વીંછી, લાકડા દેખે પરન્તુ હેય-ઉપાદેયની પરિણતિ નથી, તેવી રીતે આપણે આશ્રવ-સંવર સમજ્યા તે પણ બાલકના જેવી રમત સમજવી.

### ઉપકારિ-શિરોમણિ શ્રીતીર્થંકરો.

કર્મરાજાના પંજામાં ફસાયેલાને કર્મ તોડવાની કળા દેખાડવાનું અને કેવળજ્ઞાન પ્રગટ કરવાનું શિક્ષણ આપવા માટે ઉદ્યમી ત્રિલોકના નાથ તીર્થંકર ભગવાન્ છે, એવા પરિણામવાળો તીર્થંકર ભગવાન્ પ્રત્યે કેટલી ભકિતવાળો થાય ? મરેલાને જીવતા કરવાનો ઉપાય તીર્થંકરોના હાથમાં છે.

ઇશ્વરમાંથી અવતાર માનનારા મિથ્યાત્વી છે, આપણે અવતારમાંથી ઇશ્વર એટલે મેલામાંથી સ્વચ્છ થવાનું-શુદ્ધ થવાનું માનીએ છીએ. મિથ્યાત્વીઓ સ્વચ્છમાંથી મેલું થવાનું માને છે. તીર્થંકર પ્રભુથી આપણને ફાયદો શો ? તેઓ મદદનો રસ્તો બતાવે છે, એમ નહીં પણ વાસ્તવિક-કલ્યાણકારી માર્ગ બતાવે છે, અને તે રસ્તે જગતને આવવા આગ્રહભરી ભલામણ કરે છે. જીનેશ્વર થવાને માટે જીનેશ્વરને ત્યાં રજીસ્ટર નથી કારણ કે બીજાને પણ ઈશ્વર થવાનો હક છે, જ્યારે બીજા મતોવાળાનો મિથ્યાત્વીઓને તો ઈશ્વર થવાનું નથી કારણ કે બીજાને ભકિત કરવાનું છે પણ ભગવાન્ થવાનું

નથી. આથી તેમના મતમાં ઇશ્વર થવાના ઉપાયો પણ નથી જ્યારે જૈનમાં ઇશ્વર થવાના ઉપાયો છે. સોનાનો કીમીયો સૃષ્ટિ સન્મુખ દેખાડવો હોય તો! સોનું પ્રગટ થયા પછી દેખાડાય, તેવી રીતે તપ સંયમનું ફળ દેખાડવું હોય તો! કેવળજ્ઞાનાદિ પ્રગટ થયા પછીજ તે તપાદિ દેખાડે છે. તીર્થંકર પ્રભુ પોતે શું કહે? હું કેવલી થયો તે તપ સંજમના પ્રતાપે થયો છું. ફળની સાથે સાધન એટલે પ્રત્યક્ષ ફળ દેખાડીને સાધનની ઉદ્ઘોષણા કરનાર તીર્થંકર પ્રભુ છે. એમના પૂર્વભવો તેમને જણાવ્યા અને જેમ હું કર્મરાજાના પંજામાંથી નીકલ્યો તેમ તમે પણ કર્મરાજાના પંજામાંથી નીકલો!!! નદીમાં ડુબતો કાંઠાના કાંટાના ઝયડાંને પકડે છે, ઝયડાં કેમ પકડે છે? કાંટા વાગશે પણ ખમીશ તો જીવીશ, તેવી રીતે સમકિતિ થાય ત્યારે ભકિત-સેવા માટે દુનીઆના વિઘ્નોરૂપી કાંટાના ઝયડાની સામે પડીને પણ ભકિત વગેરે કરે અને તરે છે. આ સંસાર સમુદ્રથી ઉદ્ધરવાનો ઉપાય બતલાવનાર દેવાધિદેવ શ્રીતીર્થંકર પ્રભુજ છે, પરિણુતિવાળો દેવતત્ત્વમાં મજબૂત હોય, તેવીજ રીતે ગુરૂતત્ત્વમાં પણ તે પ્રમાણે વળગી રહેનારોજ હોય છે.

## જ્ઞાનમાં સમ્યક્-મિથ્યાનો તફાવત.

મિથ્યાદૃષ્ટિના વેદાદિ નવાણું ટકાને મિથ્યાત્વરૂપે પરિણુમે તેમાં એકાદ ટકાને સમ્યકત્વરૂપે પરિણુમે તેથી બહુલતાની અપેક્ષાએ તે મિથ્યાજ્ઞાન છે. જૈન શાસનના તમામ શાસ્ત્રો નવાણું ટકાને સમ્યક્ત્વાદિ ઉત્પન્ન કરાવે, અને એકાદને મિથ્યારૂપે પરિણુમે, માટે બહુલતાની અપેક્ષાએ તે સમ્યક્જ્ઞાન છે. મિથ્યાદૃષ્ટિનું મિથ્યા-શ્રુતજ્ઞાન સમ્યક્દૃષ્ટિને સમ્યક્રૂપે પરિણુમે છે. આમ તો દુનીઆભરના તમામ શાસ્ત્રો સમ્યક્ થઇ જાય. પરન્તુ વ્યવહારથી જૈન સિદ્ધાન્તોનું અને શાસ્ત્રોનું જ્ઞાન તે સમ્યક્જ્ઞાન છે, અને બાકીનું મિથ્યાજ્ઞાન છે. તેઓનું મિથ્યાશ્રુત ભલે સમ્યક્રૂપે એકાદ ટકાને લાભ આપનારૂં થાય, પણ નવાણું ટકાને તો નુકશાન કરનારૂં થાય છે માટે તે વર્જવું જોઇએ!! જૈન સિદ્ધાન્તોમાં આચારાંગાદિ પીસ્તાલીશમાં મોક્ષ મેળવવાની, કર્મ તોડવાની અને નિર્જરા-સંવરને આદરવાની વાત સિવાય એક પણ આશ્રવાદિ પોષક શબ્દ પ્રયોગ નથી, માટે તે સમ્યક્જ્ઞાન છે. જૈન શાસનના શાસ્ત્રોને ઉત્તમ માનીએ છીએ તે શા માટે? આશ્રવને રોકવા માટે-કર્મબંધનને તોડવા માટે, અને સંવરને સેવવા માટે તેમાં ઉપાયો છે તેથી શાસ્ત્રોની ઉત્તમતા છે, તેમ પારમાર્થિક ઉદ્યમી બનાવનાર છે માટે ઉત્તમ માનીએ છીએ, જ્યારે વેદાદિ શાસ્ત્રોમાં તે નથી, ઝેર ખાધું અને ઝેરની ગરમીથી વાળા ૨૫ નીકલ્યા, એટલે બન્યું છે એવું કે કંટાળેલાએ ઝેર ખાધું અને ઝેરના જોરે વાળા બધા નીકલી ગયા; આથી આરામ થઇ ગયો, પણ તેથી વાળાનું ઓસડ ઝેર ન કહેવાય. તેવી રીતે મિથ્યાદૃષ્ટિના શાસ્ત્ર વેદાદિ વાકયોથી કોઇકને કલ્યાણ માર્ગ મળી ગયો આથી તે કલ્યાણકારી માર્ગદર્શક ન કહેવાય. ધર્મશાસ્ત્ર નહોતો સાંભળતો ત્યારે પણ રમા રામા-ધરીજા! ભૂલીજા! મેલીજા! વિસરીજાના પરિણામમાં હતો અને મિથ્યાશાસ્ત્ર સાંભળે તેથી અર્થ કામની વૃદ્ધિ થાય તો આ કેવું છે! જાતનો વાંદરો અને પછી વીંછી કરડયો તથા દારૂ પીધો અને જે ધમાલ કરે તેના જેવું થયું. ધર્મના નામે આરંભ પરિગ્રહનું વાંચન અને ધર્મના નામે કાયાદિનું પોષણ!

## ઉત્તમ કુળથી થતા લાભ.

'અધેડાને સાકર મારે' તેથી સાકર ઝેર છે

એમ ન કહેવાય, તેવી રીતે આચારાંગ આદિ કોઇને મિથ્યા-વિપરીત પરિણમે, આથી શાસ્ત્ર મિથ્યા નથી. આશ્રવ છોડવાની આત્માની વાત, અને સંવર આદરવાની વાસ્તવિક વાતોને શરીર સુકવવાની વાત માને તો આ શાસ્ત્રો' આવાને ગધેડાને સાકરની માફક પરિણમે. આચારાંગાદિ વ્યવહારથી સમ્યકૂજ્ઞાન અને બીજા મિથ્યાજ્ઞાન છે. માટે વાંચતાં વિવેકપૂર્વક સમજણની જરૂર !!! વડી દીક્ષામાં આયંબીલની પરંપરા છે માટે આયંબીલ કરીએ છીએ, અને ઉપવાસની પરંપરા છે માટે ઉપવાસ કરીએ છીએ; અને **"तत्त्वं तु केवलि गम्यं"** આ ગણે તે સમ્યક્દષ્ટિ, પણ ઉપરના સ્થાને શાસ્ત્રથી નિર્ણય ન કરી શકાય છતાં નિર્ણય આપે તો મિથ્યાત્વમાં જાય.

વ્યવહારથી સમ્યકૂજ્ઞાન કયારે મલે? પંચેન્દ્રિય-મનુષ્ય-સંજ્ઞી-આર્યનો વ્યાખ્યા અને યોગ્યતાદિ વિચારવી, અને તીર્થંકર-ચક્રવર્તીની ઉત્પત્તિવાળા ક્ષેત્રને અંગે બૃહત્કલ્પાદિ, પ્રવચન સારોદ્ધાર વગેરે વિચારવાના થાય, તો સમ્યકૂજ્ઞાન થાય ત્યાં ઘરેણાં ગાંઠા પહેરવાની વાત વિચારવાની હોતી નથી. **'इत्थुपत्ती जिणाणं चक्कीणं राम कण्णाणं'** આર્યદેશ સાડી પચીસ હોય છે. તેમાં આર્યદેશમાં તીર્થંકર, ચક્રવર્તિ, બલદેવ વાસુદેવોની ઉત્પત્તિ હોય છે, તેની સાથે સંબંધ નથી પણ તીર્થંકરની ઉત્પત્તિ સાથે આપણને સંબંધ છે. તેથીજ ત્યાં અનાર્યદેશમાં વ્યવહાર સમ્યક્શ્રુત દ્રવ્યસમ્યક્શ્રુત મળવું અતીવ મુશ્કેલ છે. ૩૨૦૦૦ હજાર દેશમાં ફક્ત સાડી પચીશ આર્યદેશ, કેટલા ટકા હજારે થયા! એક ટકો નહિં. એકલું ભાગ્ય અનુકુળ હોય ત્યારે ૯૯૯ માં નહિં અને એકમાં જન્મીએ! આપણે આર્યદેશધારી જન્મ્યા નથી, અને માતાએ ધારીને ગર્ભધારણ કર્યો નથી, ફક્ત કેવલ ભાગ્યયોગે આવ્યા છીએ. અધિક પુણ્યાઇના યોગે વગર ધારેલું-વગર માંગેલું-સમજેલું-જાણેલું-વિચારેલું એવું ઉત્તમ કુળ સદાચારવાળું મળ્યું છે. હિંદુકુળમાં દારૂ માંસની પરહેજી, અને જૈનકુળમાં તેથી આગળ વધી રાત્રિ ભોજનની પરહેજી, આ વિગેરે લાભો મળે છે. અને તે કુળ ન મળ્યું હોય તેને નુકશાન સાંભળીએ છીએ. જૈનકુળના પ્રભાવે રાત્રિભોજન, કંદમૂલ વગેરે ત્યાગના સંસ્કારો આવે છે, આથી આ પ્રભાવ ઉત્તમકુળનો છે. કઢીમાં પોતાનામાં મીઠાસ નથી પણ ગોળ નાખી મીઠાસ કરીએ છીએ, દ્રાક્ષમાં મીઠાશ માટે કંઇ નાખવાનું હોતું નથી, કારણ કે તેમાં સ્વભાવે મીઠાશ હોય છે, તેવી રીતે ઉત્તમકુળ સ્વભાવે સદાચારી હોય તથો તેમાં પુણ્યાઇ વધે છે.

## જવાબદારીનું જોખમ.

હવે ઉત્તમકુળના પ્રભાવે દેવ-ગુરૂ-ધર્મનો જોગ મળે પણ શ્રુત સાંભળવું દુર્લભ છે, સંજ્ઞી પંચેન્દ્રિ થાય આર્યદેશ ઉત્તમકુળમાં આવ્યા, છતાં શાસ્ત્રના વચન સાંભળવા કાને પડવા મુશ્કેલ છે. આર્યદેશમાં મનુષ્ય જન્મ પામેલાને-કાને વચન પડ્યા પછી ત્રણ પરિણામ નીપજે છે. ૧ વીતરાગની વાણીનું શ્રવણ, ૨ શ્રદ્ધા, ૩ સંયમમાં વીર્યનું ફોરવવું, **'चत्तारि परमंगाणि'**=મોક્ષનું કારણ '[૧]**माणुसत्तं** [૨]**सुइ** [૩]**सद्धा** [૪]**संजयवीरियं'** તે ચાર વસ્તુ છે. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ [૧]વિ૦ [૨]આ૦ [૩]ત૦ એ ત્રણ જ્ઞાનો જણાવીને શ્રુતિ=સાંભળવાથી થતું વિષય પ્રતિભાસ જ્ઞાન શ્રદ્ધા એટલે આત્મ પરિણતિ, અને સંયમવીર્ય એટલે તત્ત્વસંવેદન, એ ત્રણને પૂર્વમહર્ષીઓએ સ્વરૂપ જ્ઞાનના ફળ જણાવ્યાં છે. શબ્દ-અર્થ જાણવાને શ્રુતિ એટલે સાંભળીને શ્રવણની પરીક્ષામાં પહેલે નંબરે પાસ થાય તેવું જ્ઞાન તે વિષયપ્રતિભાસજ્ઞાન કહેવાય છે. નામું શીખનાર (ખોટી રકમો) જમા ઉધાર ભલે કરે પણ લેવા દેવાનું કાંઇ નહિ. જમા ઉધા-

રવામાં વાંધો નથી પણ જવાબદારીમાં વાંધો છે. જવાબદારી વગરનું નામું તે વિષયપ્રતિભાસ જ્ઞાન છે, તેવી રીતે શાસ્ત્રો ભણે, વાંચે, સમજે, સમજાવે પણ આત્માની જવાબદારી વગરનું તેનું નામ વિષય પ્રતિભાસ જ્ઞાન, ચીમનને લોહી નીકળ્યું વાગ્યું અને પડ્યો પણ તે ચીમન મારો નથી એ તો પાડોશીનો છોકરો છે તેથી દુઃખ જરાપણ લાગતું નથી. ઇંદ્રિય, કષાય, અવ્રત અને આશ્રવો બોલીએ પણ કાંઇ લાગતું વળગતું નથી. મારાપણામાં મોટી ધમાલ. કારણ કે બહુ ખરાબ થયું એમ મૂખથી કહે પણ છાતીમાં પરને લઇ કંઇ નથી. પોતાનું અને ત્યાં વધારે ધમાલ. તેવી રીતે આત્મા ઇંદ્રિય-કષાય-અવ્રતથી મારો આત્મા આશ્રવવાળો થાય છે તે જવાબદારી પૂર્વકનું આત્માને સમજાતું નથી.

જવાબદારી વગરના નામા તેવાજ સરવૈયા મેળવો તેથી કાંઇ નહિ. તેવી રીતે આશ્રવ-બંધના વાક્યો શીખાઉ નામાની માફક બોલવાથી કંઇ નહિ વળે. મ્હારી જવાબદારી નથી એવું કહેનારા શરાફની દુકાને પાંચ હજાર જમે મંડાવનારાઓની કેવી હાલત થાય છે? શીખાઉ છોકરો હજારો જમે માંડે અને જવાબદારીવાળો અડધો રૂપીઓ જમા માંડતા ગભરાય. તેવી રીતે ઇંદ્રિય-કષાય બોલતાં જવાબદારી સમજો. વરસાદમાં છાપરામાં એક ચુઆથી ઉંઘ ન આવે અને ૪૨ ચુવાથી આપણું આ ઘર પાણીથી ભરાય છે છતાં મુંઝાતો નથી. જવાબદારી સમજ્યા વગર બોલવાવાળા પાગલ અને આળસુના પાદશાહ છે. છોકરાને સંગ્રહણી થઇ હોય, ડાકતર આવ્યો અને તપાસીને ઘરવાળાને કહી ગયો. પાડોશી ઘરવાળાને પુછે છે કે ડોકટર શું કહી ગયો? સંગ્રહણી કહી ગયો. તે ઘરવાળાના શબ્દો સાંભળીને પાડોશી પણ ગભરાયો પણ સંગ્રહણીના રોગવાળો છોકરો હસીને બોલે છે કે મને સંગ્રહણી થઇ છે. રોગની જવાબદારીથી અને ભયંકરતાથી છોકરો હજુ ભીંજાયો નથી. ૪૨ ચુઆથી પાણી પડે છતાં બહેરાશ ન જાય તો તમે કુંભકર્ણના કાકા જેવા છો !!!

દાવો કરનાર પીંજરામાં ઉભો રહી જુબાની આપે તો એક એક શબ્દની જવાબદારી સમજીને બોલે છે તો તે વ્યવહારને અનુસરતું પરિણતિ જ્ઞાન કહેવાય છે, પણ આત્મ પરિણતિ જ્ઞાનની દશા જુદીજ છે. જીવને કેવલજ્ઞાનમયાદિ સ્વરૂપનો કર્તા-ભોકતા માને છે અને બીજાઓ તે રૂપે નથી માનતા. આ જીવને માનવાવાળો ધર્માસ્તિકાયાદિ પાંચને માને તોજ અજીવ માન્યું કહેવાય. દુનિયા આશ્રવરૂપે કર્મ આવે છે અને લાગે છે એમ બોલે છે, પણ અન્યધર્મીઓ તો ચૂપ રહે છે. જૈનો इंदिअ कषाय० એ ગાથાઓ બોલે છે. અન્વય અને વ્યતિરેકે વિચાર કરીએ તો પાંચ ઇંદ્રિય, કષાય, અવ્રત, ક્રિયા વિગેરે ૪૨ આશ્રવ દ્વારો ન હોય તો કર્મ લાગે નહિ, અને તે બેંતાલીસ હોય તોજ કર્મ લાગે છે એવો અન્વયવ્યતિરેક છે. જેવી રીતે બારીથી ધૂળ-પ્રકાશ-તાપ આવવાના તેવી રીતે આત્મારૂપી મકાનમાં આ બધા દ્વારોથી કર્મ આવવાનાંજ છે. નાવડીમાં એક ઝીણું છિદ્ર' નાવડીને ભર દરીયે ડુબાડે છે તો તમારી આજીવનરૂપ નાવડી ૪૨ છિદ્રવાળી છે તે જરૂર સંસાર સમુદ્રમાં ડુબવાની, તેવી રીતે મોહદારૂથી મારૂં કુટુંબ કબીલો કરીને મૂર્ચ્છિત થયેલાને ૪૨ છિદ્રો દેખાતા નથી. નદી, દરીયામાં તો નીચે પાણી છે, અને અહીં તો ચારે બાજુ પાણી છે. દરીયામાં રહેવું અને મગરમચ્છથી વેર કરો તો મોજથી રહો! ચૌદ રાજલોક દરીયામાં રહેવું મગર મત્સ્યરૂપ કર્મથી વેર અને ૪૨ ખાળ ખુલ્લા છે. બચવું શી રીતે? તેનાં સાધન-વચન વિચારનાર, તે બધા સાધનનો સદુપયોગ કરવાની બુદ્ધિ, તેજ આત્મ પરિણતિ અને તેજ દેવ-ગુરૂ-ધર્મનો સેવક થાય ત્યારે આત્મપરિણતિ જ્ઞાન કહેવાય છે. (અપૂર્ણ)

श्रीशङ्खेश्वरपार्श्वनाथाय नमः ।

# ॥ श्रीज्ञाताधर्मकथाङ्गे द्वितीयविभागस्य सारांशः ॥

(ગતાંક પૃ. ૨૩૨ થી ચાલુ)

(૪) ઉત્તર દિશાના વનખંડમાં–અલંકાર સભા–હજામો વિગેરેની જોગવાઇ કરાવી છે, તેમાં શ્રમાદિ દૂર કરવા વિગેરેનો લાભ લોકો લે છે; અર્થાત્ રાજગૃહીની જનતા અને પરદેશની જનતા તેનો ઉપભોગ કરી આનંદ માને છે, અને નંદમણીઆરનાં વખાણ કરે છે; નંદમણીઆર પોતાનાં વખાણ સાંભલી પોતાના આ કાર્યને પુણ્યકાર્ય માનવાનો સંતોષ લે છે.

એક સમય તે નંદમણીયારશ્રેષ્ઠિને શરીરમાં સોલ રોગો એક સામટા પ્રગટ થયા, અનેક દવાઓ કરાવી ઘણા ઉપાયો કરાવ્યા, પણ એકે રોગનું શમન થયું નહિં; અને આર્ત્તરૌદ્રધ્યાન વશ થયો થકો નંદા પોક્ખરણી પર મૂર્છા કરતો મરીને તેજ વાવડીમાં દેડકીના પેટે દેડકાપણે ઉત્પન્ન થયો. જન્મ પામ્યા પછી યાવત્ મોટો થયો, તે પોક્ખરણીનાં અને નંદમણીયારનાં વખાણ ત્યાં આવેલા જલાર્થીઓ કરે છે, તે સાંભલી ઉહાપોહ કરતાં તે દેડકાને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું આથી પોતાનો પૂર્વભવ યાદ આવ્યો, અને પોતાનું જૈન ધર્મનું પાલવું, તેમ સંસર્ગના અભાવથી મિથ્યાત્વીઓના પરિણામો થવા, તેમ તે પાપયુક્ત પરિણામથી દેડકા તરીકે જન્મવું, વિચારી ઘણો પશ્ચાતાપ કર્યો, અને પૂર્વે સ્વીકારેલાં પાંચ અણુવ્રતો અને સાતશિક્ષાવ્રતો સ્વીકારી અભિગ્રહ કર્યો કે, જ્યાંસુધી જીવું ત્યાંસુધી છઠ્ઠના પચ્ચક્ખાણમાં રહેવું અને પારણે ફાસુ જલ પીવું, અને મનુષ્યોએ ઉતારેલા મેલવડે આજીવિકા નિભાવવી, આ રીતે (દેડકના ભવમાં) જીવન ચલાવવા લાગ્યો.

તે કાલ અને તે સમયે હે ગૌતમ! હું રાજગૃહી નગરીના ગુણશીલ ચૈત્ય વિષે સમોસર્યો, પર્ષદા થઈ. આ વાર્તાલાપ તે વાવડી પર બેઠેલા લોકો અન્યોઅન્ય કરવા લાગ્યા. તે વાર્તાલાપને દેડકાએ સાંભલ્યો, આથી અહિં આવવા તે બહાર નિકલી ઉતાવલો ઉતાવલો આવી રહ્યો હતો; તેવામાં શ્રેણિક રાજા ચતુરંગી સેના સહિત આવતો હતો, તેમાં તેમના ઘોડાના પગ નીચે તે આવી ગયો, આથી નિર્બલ બનેલો તે દેડકો એક બાજુ ખસી જઇ કાયાને વોસરાવી, આરાધના કરતો શુભ ધ્યાને કાલ કરી સૌધર્મ નામના દેવલોક વિષે દર્દુર નામના વિમાનમાં દર્દુર નામનો દેવ થયો. દેવ થયેલા તેને અવધિજ્ઞાનથી ઉપયોગ મૂકી અહિં આવી ઋદ્ધિ વિકુર્વી હતી, ત્યાંથી તે ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષને પામશે.

**ઉપસંહાર**—નંદમણિયારની જેમ સંપૂર્ણ ગુણવાલો પણ આત્મા ઉત્તમ ગુરૂ મહારાજના સંસર્ગથી રહિત થાય તો પ્રાયે ગુણની હાનિ પામે છે માટે ઉત્તમ ગુરૂના સંસર્ગમાં સર્વદા રહેવું.

**ઈતિ ૧૩ શ્રી દર્દુર અધ્યયનસ્ય સારાંશઃ સમાપ્તઃ**

——(૦)——

## ૧૪–શ્રી તેતલિપુત્ર–અધ્યયન–સારાંશઃ

તેરમા અધ્યયનમાં સામગ્રીના અભાવે છતા ગુણોની હાનિ જણાવી, આ ચૌદમા અધ્યયનમાં

...પ્રકારની સારી સામગ્રીનો યોગ થાય તો ગુણોની વૃદ્ધિ થાય છે તે જણાવશે.

હે જમ્બૂ! તે કાલ અને તે સમયે તેયલિપુર નામનું નગર હતું, ત્યાં પ્રમદ નામનું ઉદ્યાન હતું, કનકરથ નામનો રાજા રાજ્ય કરતો હતો, તેની પદ્માવતી નામની રાણી હતી અને તેતલિપુત્ર નામનો પ્રધાન હતો; અને ત્યાં મૂષિકાદારક નામનો સોની હતો. તે સોનીને ભદ્રા નામની સ્ત્રી હતી અને પોટ્ટિલા નામની પુત્રી હતી. એક સમયે તેતલિપુત્ર આમાત્ય કેટલાક પરિવાર સાથે ફરવા નિકળ્યો હતો તેને એક મકાનમાં સોનાના દડાએ રમતી પોટ્ટિલાને જોઇ, તેના ઉપર આસક્તિ થઈ. આથી ક્યાને આવી તપાસ કરી તો તે મહેલ જેવું મકાન સોનીનું હતું, અને તે બાલિકા સોનીની છે તેમ જાણ્યું. આમાત્યે પોતાના વિશ્વાસુ માણસો દ્વારાએ મુષિકાદારક સોનીને કહોવ્યું કે તારી પુત્રી પોટ્ટિલા સાથે આમાત્યને પરણવા ઇચ્છા છે. આવનાર માણસોને સોનીએ કહ્યું કે મારી પુત્રીને તેઓ વરે તો તમારો ઉપકાર માનીશ. એમ કહી તેઓનો સત્કાર કર્યો; ઘણી ધામધૂમ વંક પૂર્વક તેતલિપુત્ર આમાત્ય તે પોટ્ટિલા સાથે પરણ્યો, અને તેની સાથે આનન્દપૂર્વક દિવસો ગમન કરે છે.

કનકરથ રાજા રાજ્યપર-રાષ્ટ્રપર-ભંડારપર અને અન્તેપુરી ઉપર ખુબ આસક્તિવાળો થયો અને તેથી જે કોઈ પોતાને ત્યાં પુત્રાદિ થાય છે તેના કોઇની હાથની આંગળીઓ, તો કોઇનો અંગુઠો, તો કોઈની પગની આંગળીઓ, તો કોઇનો પગનો અંગુઠો, તો કોઈનું નાક, તો કોઇના કાન; એમ અંગોપાંગ છેદાવે છે, અને ખરાબ અંગવાળા-ખોડવાલા કરી દે છે; એટલે રાજ્ય ભોગવવા માટે અયોગ્ય કરી દે છે. તેની પદ્માવતી રાણીએ એક વખત પ્રધાન તેતલિને બોલાવ્યો અને રાજ્યને યોગ્ય એક પુત્ર રહે માટે તમે આ વખતે ગુપ્ત રાખી ઉછેરવાનું કબુલ કરો તો આ વખતે જે પુત્ર જન્મે તે તમને ગુપ્ત રીતે આપી દઉં, પ્રધાને આ વાત કબુલ કરી. સમય પ્રાપ્ત થયે છતે પદ્માવતી રાણીએ પુત્ર રત્નને જન્મ આપ્યો, પુત્રના જન્મતાની સાથે તેતલિપુત્ર આમાત્યને ગુપ્ત રીતે બોલાવી અર્પણ કર્યો. દૈવયોગે તે સમયે આમાત્ય પત્ની પોટ્ટિલાને મરેલી પુત્રી જન્મી, તે પુત્રીને રાણીને ગુપ્ત રીતે અર્પણ કરી. રાજાએ મરેલી પુત્રીની મરણ ક્રિયા તમામ કરાવી, પોટ્ટિલાએ તે બાલકને મોટો કર્યો અને કુટુંબિજનો સમક્ષ કનકધ્વજ નામ પાડ્યું.

## પોટ્ટિલાની દીક્ષા—

કેટલોક સમય ગયા પછી પોટ્ટિલા તેતલિપુત્ર આમાત્યને અનિષ્ટ થઈ, આથી ઉદ્વેગ પામેલી પોટ્ટિલા ઘણા એવા શ્રમણ-માહણ-ભિક્ષુકોને દાન આપતી-અપાવતી જીવન નિભાવી રહી છે. એક સમયે ઘણા પરિવાર સાથે મુખ્ય સુવ્રતા નામની સાધ્વી તે નગરમાં આવી છે, તેમાંથી બે સાધ્વીઓ તેતલિપુત્ર પ્રધાનના મહેલે ભિક્ષા-ગોચરી અર્થે પધારતાં પોટ્ટિલાએ ઉભા થઈ સન્માન કર્યું અને આહારાદિ વહોરાવી કહેવા લાગી કે હે પૂજ્ય સાધ્વી મહારાજ! હું પહેલાં પ્રધાનને ઇષ્ટ હતી, હમણાં અનિષ્ટ થઈ છું તો તમો ચૂર્ણ-મન્ત્ર-તન્ત્ર વશીકરણ વગેરેમાંથી કંઈક આપો!!! જેથી હું તેમને ઇષ્ટ થઉં! આના જવાબમાં સાધ્વીજીએ જણાવ્યું

કે હમે બ્રહ્મચારિણીઓ છીએ ! હમોને આવી વાતો શ્રવણ કરવી પણ કલ્પતી નથી. આમ કહી જિનધર્મ તેને જણાવ્યો-ઉપદેશ્યો, પોટ્ટિલાને જિનધર્મ પ્રત્યે શ્રદ્ધા થઇ અને તેમની પાસેથી પઞ્ચઅણુવ્રતો આદિ ગૃહસ્થ ધર્મ સ્વીકાર્યો યાવત્ તે શ્રાવિકા થઈ.

એક વખત મધ્ય રાત્રિએ પોટ્ટિલાને સંયમ લેવાના પરિણામ થયા, આથી પોતાના પતિ તેતલિપુત્રને પોતાના સંયમનો ભાવ કહ્યો. આના જવાબમાં તેતલિપુત્ર પ્રધાને તું દેવલોકમાં જા, ત્યારે હારે મને પ્રતિબોધ કરવો. આવી કબૂલાત તું આપે તો હું તને રજા આપું, પોટ્ટિલાએ સ્વપતિની આ માંગણીનો સ્વીકાર કર્યો. તેતલિપુત્ર પ્રધાને આડંબરપૂર્વક સુવ્રતા સાધ્વીજી પાસે દીક્ષા અપાવી સુવ્રતા પાસે પોટ્ટિલા અગીઆર અંગ ભણી, ઘણા વર્ષ સંયમ પાળી, મહીનાનું અનશન કરી, આલોચન પ્રતિક્રમણ કરી, સમાધિપૂર્વક આરાધન કરી અને કાલ કરી દેવલોકમાં દેવી થઇ.

## કનકધ્વજનો રાજ્યાભિષેક અને તેતલિપ્રધાનને પ્રતિબોધ.

કનકરથ રાજા મરણ પામ્યા ત્યારે તેઓની મરણ ક્રિયા કર્યા પછી રાજકુટુંબીજનો અન્યોન્ય વિચારવા લાગ્યા કે અંગોએ કરી હીણ રાજાના પુત્રો છે, માટે રાજ્ય સિંહાસન પર કોણે બેસાડવો ? છેવટે તેતલિપુત્ર મન્ત્રીને પુછયું ત્યારે મન્ત્રીએ પદ્માવતી રાણીના એક કનકધ્વજ નામના પુત્રને પોતે કેવી રીતે ગુપ્ત મોટો કર્યો વિગેરેનું આમૂલ વર્ણન કર્યું, અને સર્વ રીતે યોગ્ય એવા તે કનકધ્વજ કુમારનો રાજ્યાભિષેક સર્વેએ મલી કર્યો. પદ્માવતી માતાએ પુત્રને પુતલિપુત્ર મન્ત્રીનો ઉપકારો જણાવી સર્વે ભલામણો કરી, કનકધ્વજ રાજા તેતલિમન્ત્રીનું સર્વ રીતે વિશેષે કરી સન્માન કરે છે.

પોટ્ટિલાદેવી તેતલિને વારંવાર જૈનધર્મનો બોધ કરે છે, પરન્તુ તેતલિને પ્રતિબોધ થતો નથી. આથી દેવીને વિચાર થયો કે જ્યાંસુધી નૃપતિનો આદર છે ત્યાંસુધી વારંવાર મારો કરાતો પ્રતિબોધ ફલીભૂત થતો નથી, માટે અનાદર પ્રાપ્ત થાય તેમ કરૂં તેવો વિચાર કરી અનાદર ઉત્પન્ન કર્યો.

ત્યારબાદ તેતલિમન્ત્રી જ્યાં રાજસભામાં ગયો ત્યાં તો રાજા તે મહામન્ત્રી તેતલિને જોઇ પોતે પરાઙ્ગમુખ કર્યું, અને મૌન રહી મન્ત્રીનો અનાદર કર્યો. આથી તેતલિપુત્ર મહામન્ત્રીને વિચાર થયો કે અપ્રીતિવાળો આ રાજા મને મારી નંખાવશે માટે ચાલ્યા જવું શ્રેય છે, આમ ધારી મન્ત્રી ઘોડા પર બેસી ઘર તરફ ચાલ્યો. માર્ગમાં આવતા શેઠીઆ વગેરે ઉભા થઇને જે માન આપવું જોઇએ તે આપતા નથી, તેમ હાથ પણ જોડતા નથી. ઘરે પણ બાહ્યપર્ષદાના માણસો પણ આદર આપતા નથી; તેમ નોકર-ચાકરો અનાદર કરે છે. પિતા-માતા વગેરે પણ આદર કર્તા નથી. આ પ્રકારના અસહ્ય અનાદરથી આપઘાત કરવા માટે મુખમાં તાલપુટ વિષ નાખ્યું પણ તે પરિણમ્યું નહિં, તલવારથી પોતાની ખાંધે ઘા કર્યો તો તલવારજ બુઠ્ઠી થઇ ગઇ. ગળે ફાંસો ખાધ્યો તો દોરડું-રસીજ તૂટી ગઈ. આમ મરવા માટે ઘણા ઉપાયો કર્યા પણ તેના

સર્વે ઉપાયો નિષ્ફલ ગયા ત્યારે જીનધર્મ પ્રત્યે શ્રદ્ધા લાવવા લાગ્યો. પોટ્ટિલાદેવી તેતલિપુત્ર મહામન્ત્રીને જીનધર્મ પ્રત્યે સ્થિર કરી હિત-શિક્ષા આપી સ્વસ્થાને ચાલી ગઇ.

તેતલિપુત્રને શુભ અધ્યવસાયથી જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. આથી પોતાના પૂર્વભવો જોયા—હું મહાવિદેહક્ષેત્રમાં પોક્ખલાવતિવિજય વિષે પુંડરીગિણી રાજધાનીમાં મહાપદ્મ નામનો રાજા હતો. ત્યાં સ્થવિરમુનિઓ પાસેથી ધર્મ શ્રવણ કરી મેં દીક્ષા લીધી હતી, ચૌદપૂર્વી થયો હતો. ઘણા વર્ષો સંયમ પાળી માસની સંલેખનાપૂર્વક કાળ કરી મહાશુક્ર નામના દેવલોકમાં દેવ થયો હતો. ત્યાંથી ચ્યવીને હું આ તેતલિ પ્રધાનને ત્યાં પુત્રપણે જન્મ્યો છું. અપૂર્વ વૈરાગ્યથી સ્વયમેવ પંચમહાવ્રતો ઉચ્ચરી સંયમ ગ્રહણ કર્યું યાવત્ પૂર્વે અભ્યાસ કરેલા ચૌદે પૂર્વોનું જ્ઞાન પણ સ્વાભાવિકજ થયું. શુભ પરિણામની વધતી ધારાએ કેવલજ્ઞાન પામ્યા. આકાશમાં દેવદુન્દુભિઓ વાગવા લાગી પંચ વર્ણના પુષ્પોની વૃષ્ટિ થઇ, કનકધ્વજ રાજા આશ્રવણ કરી ત્યાં આવ્યો અને તેમનો ઉપદેશ શ્રવણ કરી શ્રાવક થયો અને પાંચ અણુવ્રતો, સાત શિક્ષાવ્રતોને ગ્રહણ કર્યાં. તેતલિપુત્રકેવલિ ઘણા વર્ષ કેવલિપર્યાય પાળી યાવત્ મોક્ષે સિધાવ્યા.

ઉપનય—જ્યાં સુધી જીવો અતિ દુઃખને કે માનભ્રંશને પ્રાપ્ત કરતા નથી ત્યાં સુધી તેતલિ પુત્રની જેમ પ્રાયે ભાવથી ધર્મ ગ્રહણ કરતા નથી.

ઇતિ ચતુર્દશ-અધ્યયન-સારાંશઃ સમાપ્તઃ ॥

——(૦)——

## ૧૫. નન્દીફલ-અધ્યયનસારાંશઃ

ચૌદમા અધ્યયનમાં અપમાનથી વિષયોનો ત્યાગ પ્રતિપાદન કર્યો, આ પંદરમા અધ્યયનમાં જિનેશ્વર પ્રભુના ઉપદેશથી વિષયોનો ત્યાગ પ્રતિપાદન કરાશે, એટલે સર્વજ્ઞ કથિત ઉપદેશ પ્રમાણે વર્તે તો અર્થની પ્રાપ્તિ થાય અને ન વર્તે તો અનર્થની પ્રાપ્તિ થાય તે અત્ર કહેવાશે.

હે જમ્બૂ! તે કાલ અને તે સમયે ચંપા નામની નગરી હતી, ત્યાં પૂર્ણભદ્રયક્ષનું ચૈત્ય હતું. અત્ર જિતશત્રૂ નામનો રાજા હતો, અને ધનાઢય ધન નામનો સાર્થવાહ હતો. તેની-ચંપા નગરીની પૂર્વોત્તર દિશામાં ઘણે દુર અહિછત્રા નામની નગરી હતી, ત્યાં કનકકેતુ નામનો રાજા રાજ્ય કરતો હતો.

એક સમયે ધનસાર્થવાહને કરીઆણાં વગેરે લઇ અહિછત્રા નગરીએ જવાના ભાવ થવાથી ગાડાં વિગેરે તૈયાર કરાવી પડહો વગડાવે છે કે જેને જે સહાય જોઇશે તે હું આપીશ! આવા પ્રકારના સાદ પડાવાથી શુભ મુહૂર્તે ઘણા વેપારીઓ-ગૃહસ્થો-ચરક વિગેરે ભિક્ષુકો આવ્યા તેઓને લઇને સુખે સમાધે ધનસાર્થવાહ જઇ રહ્યા છે. અંગદેશના છેડો આવતાં એક મોટું વન આવ્યું એટલે ધનસાર્થવાહે બે ત્રણ વાર સાદ પડાવવા દ્વારાએ ચેતવણી આપી કે જંગલમાં એવા નંદીનામના વૃક્ષો છે. તે વૃક્ષોનાં મૂલ-છાલ-પત્ર-પુષ્પ-ફલ કોઈ ખાશો નહીં તેમ તેની છાયામાં પણ કોઇ બેસશો નહીં. જો કોઇ તેનાં મૂળીયાં વિગેરે ખાશે અગર તેની છાયામાં બેસશે તેને આરંભમાં તો ઠીક લાગશે પણ અકાલે તે મૃત્યુને પામશે !!! માટે નંદીવૃક્ષ સિવાયના ફલો ખાશો તેનો વાંધો નથી. આમ

જણાવ્યા છતાં જેઓએ ધનસાર્થવાહના આ વચનો ઉપર વિશ્વાસ ન રાખ્યો અને ઉલટા વર્ત્યા તેમને તેમનાં અકાલે જીવન ગુમાવ્યાં અને જેઓ ધનસાર્થવાહના આ વચનો ઉપર વિશ્વાસ ધરાવી તેમના વચન પ્રમાણે વર્ત્યા તે સુખી થયા.

તેવી રીતે જે સાધુ અથવા સાધ્વી જિનેશ્વરે નિષેધ કરેલો હોવા છતાં પાંચ પ્રકાર વિષયોમાં તલ્લીન રહે છે તે આ ભવમાં દુઃખી થાય છે અને અપયશને પાત્ર થઈ અનેક ભવોમાં રખડે છે. તેમ જે સાધુ અથવા સાધ્વી જિનેશ્વરે નિષેધ કરેલા છે તેમ જાણી પાંચ પ્રકારના વિષયોને ત્યાગ કરે છે તે આ ભવમાં સુખી થાય છે અને યશકીર્તિને પામી શીઘ્ર મોક્ષને સાધે છે.

જે કોઈ બચ્યા તેને ધનસાર્થવાહ લઈને અહિછત્રા નગરીએ ગયા અને કનકકેતુ રાજાને ભેટણું કરી તેની રજા પામી કરીઆણાં વગેરે વેચી, લેવા યોગ્ય બીજી વસ્તુઓ લઈ પાછા ચંપાનગરીએ આવ્યા અને સુખી થયા.

એક સમયે સ્થવીર મહાત્માઓનું આગમન થયું તેમની પાસે ધર્મનું શ્રવણ કરી ધનસાર્થવાહે પોતાના પુત્રને કારભાર સોંપી સંયમ ગ્રહણ કર્યું, અગીઆર અંગ ભણ્યા, યાવત્ ઘણા વર્ષો સંયમ પાળી, મહીનાના ઉપવાસ કરી, સંલેખના કરી દેવલોકમાં દેવ થયા. ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં મોક્ષને પામશે.

**ઇતિ ૧૫ શ્રી નન્દીફલ અધ્યયન સારાંશઃ.**

——(:::)——

## ૧૬. શ્રી અપરકંકા—અધ્યયન સારાંશ:

પૂર્વના અધ્યયનમાં વિષયોને વિષે આસક્તિ રાખે છે તેને થતા અનર્થ જણાવ્યા, આ સોલમા અધ્યયનમાં વિષયોની જે ઇચ્છા રાખે છે તેને પણ અનર્થની પ્રાપ્તિ થાય છે તે હકીકત કહે છે.

હે જમ્બૂ! તે કાલે તે સમયે ચંપા નામની નગરી હતી તેના ઇશાન ભાગમાં સુભૂમિભાગ નામનું ઉદ્યાન હતું, તે નગરીમાં ચારે વેદોને જાણનાર ધનાઢય-સોમ, સોમદત્ત, સોમભૂતિ, નામના ત્રણ બ્રાહ્મણો હતા તેમને અનુક્રમે નાગશ્રી,-ભૂતશ્રી અને યક્ષશ્રી નામે ભાર્યાઓ હતી, એક સમયે ત્રણે તે બ્રાહ્મણ ભાઇઓ ભેગા મળી વિચારવા લાગ્યા કે આપણે ઘણા ધનવાળા છીએ, સાત પેઢી સુધી ચાલે તેટલું ધન છે તો આપણે ત્રણે વારાફરતી એક ઘેર સુંદર-સ્વાદિષ્ટ ભોજન કરીએ તે ઠીક છે, આ પ્રમાણે વિચાર કરી અંગીકાર કરી અન્યોઅન્ય ભોજન તૈયાર કરાવી વારાફરતી ભોજન કરતા રહ્યા છે. કોઈ એક દિવસે નાગશ્રી બ્રાહ્મણીને ઘેર ભોજન કરવાનો વારો આવ્યો ત્યારે તેણીએ ઘણું એવું સ્વાદિષ્ટ ભોજન તૈયાર કર્યું, તેમાં તુમ્બડીનું શાક તેલ આદિ ઘણા દ્રવ્યોથી તૈયાર કર્યું અને તે શાકનું એક બિન્દુ ચાખી જોયું તો તે ખારૂં, કડવું, ખાવા માટે અયોગ્ય, અને વિષવાળું લાગ્યું આથી તે નાગશ્રી પોતાને ધિક્કારી પશ્ચાતાપ કરવા લાગી, મારી આ વાત મારી દેરાણીઓ જો જાણશે તો મારી નિન્દા કરશે માટે તે ન જાણે તેમ તે શાકને સંતાડી દઉં, એમ વિચારી તે શાકને સંતાડી દઈ નવું મધુર તુંબડાનું સ્વાદિષ્ટ શાક તૈયાર કર્યું, જ્યારે તે ત્રણે બ્રાહ્મણો આવ્યા ત્યારે તેમને સ્વાદિષ્ટ શાક વિગેરેથી ભોજન કરાવ્યું, તેઓ ત્રણે જણા ભોજન કરી મુખશુદ્ધિ કરી પોતાના કામે લાગ્યા. ત્યારબાદ ત્રણે બ્રાહ્મણીઓએ પણ સ્વાદિષ્ટ શાક સહિત ભોજન કર્યું અને પોતાના સ્થાને ગઈ.

**નાગશ્રીએ વહોરાવેલું કડવા તુંબડાનું શાક.**

તે સમયે ધર્મઘોષ નામના સ્થવિરમુનિ ઘણા પરિવારયુક્ત વિહાર કરતા ચંપાનગરીના સુભૂમિભાગ નામના ઉદ્યાનમાં પધાર્યા છે, તેમને વંદન કરવા માટે ઘણા લોકો આવ્યા અને પર્ષદા થઇ. સ્થવિરમુનિએ ધર્મ કહ્યો તે શ્રવણ કરી સર્વે ગયા.

તે વાર પછી ધર્મઘોષસ્થવિરના શિષ્ય તેજોલેશ્યાની લબ્ધિવાળા **ધર્મરૂચિ** નામના અનગાર મુનિ માસ માસનો તપ કરનારા હતા, તે શ્રી ગૌતમસ્વામિની માફક પાત્રપડિલેહણ કરી ધર્મઘોષસ્થવિરની આજ્ઞા લઈ ભિક્ષા માટે ચંપાનગરીમાં ફરતા ફરતા જ્યાં નાગશ્રી બ્રાહ્મણીનું ઘર હતું ત્યાં પ્રવેશ કર્યો. તે નાગશ્રી બ્રાહ્મણીએ વિષવાલા કડવા તુંબડાનું જે શાક ગુપ્ત રાખેલું તે બધુંએ ખુબ હર્ષપૂર્વક સાધુના પાત્રમાં નાખી દીધું. ધર્મરૂચિ અનગાર પણ પોતાના પુરતો આહાર થઈ ગયો જાણી, ત્યાંથી નીકળી ગુરૂમહારાજ પાસે પાછા ગયા અને ઈર્યાવહી પ્રતિક્રમી ગુરૂમહારાજને ગોચરી બતાવી. ગુરૂમહારાજ ગંધથી શંકિત થયા છતા તે શાકના એક બિન્દુને ચાખી જોયુ, તો તે શાક વિષવાળું જાણી ધર્મરૂચિ અનગારને કહેવા લાગ્યા કે-હે મહાનુભાવ! આ શાક તું જો વાપરીશ તો અકાલે મૃત્યુ પામીશ માટે શુદ્ધ ભૂમિ વિષે પરઠવી દ્યો! અને બીજો આહાર લાવી આહાર કરો!

**ધર્મરૂચિ અનગારે કરેલું અનશન.**

ગુરૂ-આજ્ઞાથી શુદ્ધ ભૂમિની તપાસ કરી પરઠવતાં એક બિન્દુ ભૂમિ પર નાખતાં તેની ગંધથી હજારો કીડીઓ ભેગી થઈ, તેમાંથી જે કીડીએ તેનો આહાર કર્યો તે તુરતજ મૃત્યુ પામી. આથી ધર્મરૂચિ અનગારને અધ્યવસાય થયો કે—એક બિન્દુ નાખતાં હજારો કીડીઓ મરણને પામી છે તો આ બધુંયે શાક પરઠવીશ તો ઘણા જીવોનો નાશ થશે, અને તેનો પાપ કરનારો હું થઇશ. માટે આ સર્વે આહારને હું ખાઇ જઉં તે કલ્યાણકારી છે, એવો નિશ્ચય કરી મુહપત્તિનું પડિલેહણ કરી, આખા શરીરનું પ્રમાર્જન કરી બીલમાં સર્પ પ્રવેશે તેની જેમ મુખમાં આહારનો પ્રવેશ કરાવ્યો, અર્થાત્ ઉદરમાં નાખી દીધું. એક અન્તર્મુહૂર્તમાં આખા શરીરમાં વિષ વ્યાપી ગયું અને અસહ્ય વેદના થઇ, આથી મૃત્યુ નજદીક છે એમ ધારી પાત્રાં એક જગોએ સ્થાપન કરી, શુદ્ધ ભૂમિનું પડિલેહણ કરી, દર્ભનો સંથારો કરી, પૂર્વ સન્મુખ મુખ રાખી, પલ્યંક આસને બેસી, બે હાથ જોડી, મસ્તકે અંજલિ જોડી, અરિહંત, સિદ્ધને નમસ્કાર કરી, ગુરૂને નમસ્કાર કરી, ફરીથી કરેમિ ભંતેનું પચ્ચક્ખાણ ઉચ્ચરી દેહને વોસરાવ્યો અને સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા.

**નાગશ્રીનો થયેલો તિરસ્કાર—**

ધર્મઘોષસ્થવિરે ધર્મરૂચિ અનગારને પરઠવા ગયે ઘણો ટાઈમ થયો છે તેમ જાણી સાધુઓને ચારે દિશાએ તપાસ કરવા મોકલ્યા, તે સાધુ ભગવન્તો તપાસ કરતાં સ્થંડિલભૂમિ વિષે તેમને કાલધર્મ પામેલા જોઇ આ અકાર્ય થયું છે, તેમ કરી ધર્મરૂચિ અનગારના કાલધર્મનો કાઉસ્સગ કર્યો. અને તેમના પાત્રાં આદિ લઇ ગુરૂ મહારાજ પાસે જઇ, ઇરિયાવહી પ્રતિક્રમણ કરી ધર્મરૂચિ અનગારના કાળધર્મ પામ્યાના સમાચાર જણાવ્યા.

ધર્મઘોષ સ્થવિરે પૂર્વમાં—(ચૌદ પૂર્વમાંના કોઈ પૂર્વમાં) ઉપયોગ મેલી સાધુ સાધ્વીઓને

બોલાવીને કહ્યું કે—હે આર્યો ! મારો શિષ્ય ધર્મરુચિ નામના સાધુ સ્વભાવથી ભદ્રક યાવત્ વિનીત હતો તેમ નિરંતર માસ ક્ષપણ તપ કરતો હતો, તે નાગશ્રી બ્રાહ્મણીને ઘેરે પારણા માટે વહોરવા ગયો હતો, નાગશ્રી બ્રાહ્મણીએ તેના પાત્રમાં કડવી તુમ્બડીનું સર્વ શાક નાંખ્યું.

ધર્મરુચિ અણગાર પૂરતો આહાર આવી ગયો તેમ કરી અત્ર આવ્યો, યાવત્ ઘણા વર્ષો સાધુપણું પાળી આલોચના પ્રતિક્રમણ કરી સમાધિપૂર્વક કાળ કરી તેત્રીશ સાગરોપમની સ્થિતિવાળા સર્વાર્થસિદ્ધ નામના વિમાનમાં ઉત્કૃષ્ટ સ્થિતિએ ઉત્પન્ન દેવપણે થયો છે ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ મોક્ષે જશે. હે આર્યો ! નાગશ્રી બ્રાહ્મણીને ધિક્કાર છે, તે નિર્ભાગી–પુણ્યહીન–યાવત્ લીંબોડીના જેવી કડવી છે, કારણ કે તેણીએ ધર્મરુચિ અણગારને માસ-ક્ષપણના પારણે કડવા તુમ્બડાનું શાક વહોરાવી જીવિત રહિત કર્યો.

તેવાર પછી સાધુ સાધ્વીઓએ નાગશ્રી બ્રાહ્મણીનું આ પાપકર્મ લોકોને કહ્યું, આ સાંભળી લોકો નાગશ્રીને ધિક્કારવા લાગ્યા, લોકો પાસેથી તે ત્રણે બ્રાહ્મણ ભાઇઓ સાંભળીને ઘેર આવી નાગશ્રીને કહેવા લાગ્યા. હે નાગશ્રી ! મરણની પ્રાર્થના કરનારી ! દુષ્ટ અને અશુભ લક્ષણવાળી ! હીન કૃષ્ણ ચૌદશે જન્મેલી ! તેં માસક્ષપણ કરતા સાધુને આવી રીતે મરણ પમાડયા !! આમ અનેક પ્રકારે વચનથી અને ચપેટા આદિથી તાડનકરી–તિરસ્કાર કરી ઘરમાંથી કાઢી મૂકી, ઘરમાંથી કાઢી મેલાયેલી ચંપા નગરીમાં ઘેર ઘેર ભટકતી લોકોએ ઘરના આંગણે મૂકેલ બલીને ખાતી અને અનેક રીતે લોકોના તિરસ્કારને પામતી ભટકતી એવી તેણીને સોળ રોગ ઉત્પન્ન થયા.

## ભવોભવ અનેક અસહ્ય દુઃખોને ભોગવતી નાગશ્રી.

તે સોળ રોગોના એકી સાથે દુઃખો ભોગવતી આર્ત્ત-રૌદ્ર ધ્યાન ધરતી મરણ પામીને છઠ્ઠી નારકીમાં બાવીસ સાગરોપમની ઉત્કૃષ્ટ સ્થિતિએ નારકીપણે ઉત્પન્ન થઇ, ત્યાંથી નીકળીને મત્સ્યપણે ઉત્પન્ન થઈ ત્યાં શસ્ત્ર વડે વધ પામેલી સાતમી નારકીમાં ઉત્પન્ન થઈ, ત્યાંથી નીકળીને પાછી મત્સ્યપણે ઉત્પન્ન થઇ ત્યાં પણ શસ્ત્ર વડે વધ પામી સાતમી નારકીમાં ઉત્પન્ન થઇ, ત્યાંથી નીકળી મત્સ્યપણે ઉત્પન્ન થઇ ફરીથી પણ ત્યાં તેવાં દુઃખો ભોગવી છઠ્ઠી નારકીમાં ઉત્પન્ન થઈ એમ ગોશાળાની જેમ વારંવાર સાતે નારકમાં નારકીનાં દુઃખો ભોગવી પછી; પૃથ્વીકાય આદિ એકેન્દ્રિયના ભવમાં ઉત્પન્ન થઇ યાવત્ ઘણાં દુઃખો ભોગવ્યાં.

## નાગશ્રીનો સુકુમાલિકા તરીકે થયેલ જન્મ.

ત્યાંથી ઉદ્ધરીને તે નાગશ્રી જમ્બૂદ્વીપના ભરતક્ષેત્રમાં ચમ્પા નામની નગરીમાં સાગરદત્ત નામના સાર્થવાહની ભદ્રા નામની ભાર્યાની કુક્ષિવિષે પુત્રીપણે ઉત્પન્ન થઇ. અને તેનું સુકુમાલિકા એવું નામ પાડયું, પાંચધાવમાતાઓથી લાલન પાલન કરાતી તે યાવત્ યૌવન અવસ્થાને પામેલી એક સમયે પોતાના મહેલની અગાસી વિષે સુવર્ણના દડાને રમી રહી હતી, તે સમયે તેજ ચમ્પા નગરીનો ધનાઢ્ય જિનદત્ત નામનો સાર્થવાહ કેટલાક મિત્રો સહ સાગરદત્ત સાર્થવાહના ઘર નજદીક થઇ જતો હતો તેણે તે રૂપ લાવણ્યભરી સુકુમાલિકાને દાસીઓથી પરિવરેલી જોઇ, તેનું રૂપ-લાવણ્ય-યૌવન જોઈ આશ્ચર્ય પામેલ જિણદત્ત સાર્થવાહે કૌટુંબિક-

પુરૂષોને બોલાવી પૂછયું કે-આ કોની પુત્રી છે? અને તેનું નામ શું છે? કૌટુમ્બિક પુરૂષોએ જવાબમાં જણાવ્યું કે-આ સાગરદત્ત સાર્થવાહની સુકુમાલિકા નામની કન્યા છે. કૌટુમ્બિક પુરૂષો પાસેથી આ પ્રમાણે શ્રવણ કરી, પોતાને ઘેર જઈ, સ્નાન કરી, મિત્ર જ્ઞાતિજનો સહિત સાગરદત્ત સાર્થવાહને ઘેર ગયો. જિનદત્ત સાર્થવાહને પોતાને ઘેર આવતા જોઇ સાગરદત્ત સાર્થવાહે આસનથી ઉઠી જિનદત્ત સાર્થવાહને બેસાડયા અને આવવાનું પ્રયોજન પૂછયું. જિનદત્ત સાર્થવાહે જણાવ્યું કે-તમારી સુકુમાલિકા પુત્રીને મારા સાગરદત્ત નામના પુત્રની ભાર્યાપણે માગણી કરૂં છું. સાગરદત્ત સાર્થવાહ કહેવા લાગ્યા કે-આ મારી સુકુમાલિકા પુત્રી મારે એકજ પુત્રી છે તેમ મને બહુ વહાલી છે. હું તેનો ક્ષણભર વિયોગ ઈચ્છતો નથી માટે જો તમારો પુત્ર સાગર મારા ઘર જમાઈ તરીકે રહે તો હું મારી પુત્રી તેને આપું. જિનદત્ત સાર્થવાહ ઘેર ગયા અને પોતાના સાગર પુત્રને હકીકત જણાવી, તે હકીકત શ્રવણ કરી 'સાગર' મૌન રહ્યો. આથી જિનદત્ત સાર્થવાહે તેની સંમતિ જાણી, અથોત કબૂલાત કરે છે તેમ નિર્ણય કર્યો. શુભ મુહૂર્ત આવ્યું ત્યારે સ્વાદિષ્ટ ભોજન તૈયાર કરાવી જ્ઞાતિજનોને આમન્ત્રણ કરી જમાડી સાગરપુત્રને સ્નાન આદિ કરાવીને આભૂષણાદિથી શણગારી શિબિકામાં બેસાડી સર્વજ્ઞાતિજનોસહ આડમ્બરપૂર્વક સાગરદત્ત સાર્થવાહને ત્યાં ગયા. સાગરદત્ત સાર્થવાહે તેઓનું યથાયોગ્ય સન્માન કરી સ્વપુત્રી સુકુમાલિકાને પરણાવતાં (હસ્તમેલાપના સમયે) સુકુમાલિકાના હસ્તનો સ્પર્શ તલવારની જેમ અને ધગધગતા અગ્નિના સ્પર્શની જેમ સાગર અનુભવવા લાગ્યો. સાગર ઇચ્છા વિના પરવશપણે આ સ્પર્શને અનુભવતો મુહૂર્તમાત્ર બેસી રહ્યો. સાગરદત્ત સાર્થવાહે સાગરપુત્રના માતાપિતા વિગેરેને જમાડી વસ્ત્રાદિથી ભક્તિ-સન્માન કરી વિદાય કર્યા. સાગરપુત્ર સુકુમાલિકાની સાથે શયનગૃહે આવ્યો. સુકુમાલિકાના અંગનો અત્યંત કષ્ટપૂર્વક અગ્નિની માફક સ્પર્શ અનુભવતો પરાધીનપણે મુહૂર્ત માત્ર થયે સુકુમાલિકા નિદ્રાધીન થયે પોતાની જુદી શય્યામાં સુઇ ગયો. સુકુમાલિકા પોતાના પતિને બીજી શય્યામાં સુતેલા જોઈ રાગથી ત્યાં જઇ સુતી તે સમયે પણ પૂર્વની જેમ સાગર કષ્ટ સહન કરવા લાગ્યો, ત્યાં પણ સુકુમાલિકા નિદ્રાધીન થયે કસાઇખાનામાંથી નાશી છૂટયો અને પોતાના ઘેર આવતો રહ્યો.

સુકુમાલિકા જાગ્યા પછી પોતાના પતિને ન જોતાં સર્વત્ર તપાસ કરી તો દ્વાર ખુલ્લું જોઇ પોતાના પતિને ચાલ્યા ગયા તેમ જાણી વિચારવા લાગી. તેવામાં તેની માતાએ પુત્રી તથા જમાઇ માટે મુખ ધોવા પાણી લઇને દાસીને મોકલી. દાસીએ વિચારમગ્ન થયેલી સુકુમાલિકાને જોઇ શું થયું છે તેમ પૂછયું, સુકુમાલિકાએ યથાસ્થિત જે બન્યું તે કહ્યું. દાસીએ જઇ તમામ હકીકત સાગરદત્ત સાર્થવાહને કહી. આ શ્રાવણ કરી કોપામાન થયેલા સાગરદત્ત સાર્થવાહ જિનદત્ત સાર્થવાહને ઘેર ગયા અને જિનદત્ત સાર્થવાહને ઠપકો-ઉપાલમ્ભ અનેક રીતે આપ્યો. જિનદત્ત સાર્થવાહે-સ્વપુત્ર સાગરને કહ્યું કે આ તેં ખોટું કર્યું છે, તું ત્યાં જા! સાગરપુત્રે જણાવ્યું કે-પિતાજી પર્વત ઉપરથી પડું! ઝાડ પરથી પડું! મરૂદેશમાં ચાલ્યો જાઉં! પાણીમાં પ્રવેશું! અગ્નિમાં પ્રવેશ કરૂં! વિષ ભક્ષણ કરૂં! ગળે ફાંસો ખાઉં! ગૃદ્ધપૃષ્ઠમાં પ્રવેશું! દીક્ષા લઉં ચાલ્યો જાઉં! પરંતુ સાગરદત્તને ઘેર નહિ જવું. આ બધું ભીંતના આંતરે રહેલ સાગરદત્ત સાર્થવાહ શ્રવણ કરી લજ્જા પામેલા પોતાના સ્થાને ચાલ્યા ગયા અને પુત્રીને બોલાવી આશ્વાસન આપ્યું અને કહ્યું કે-જેને તું ઇષ્ટ-યાવત મનને ગમતી થઈશ તેને આપીશ.

# ધી મુંબઈ પબ્લીક ટ્રસ્ટ એક્ટ અંગે-

## મુંબઈ શહેરમાં થયેલી ચતુર્વિધ સંઘની થયેલી

# જાહેર સભા.

## ( ભેગી થયેલી વિશાલ મેદની )

મુંબઈ શહેરમાં બીરાજમાન આ. શ્રીવિજયવલ્લભ-સૂરિજી, આ. શ્રીવિજયપ્રેમસૂરિજી, આ. શ્રીવિજયઅમૃત-સૂરિજી તેમ મુનિરાજ શ્રીધર્મસાગરજી ગણીવરની સાનિધ્યતામાં શ્રાવણ વદી ૧૨ ના દીવસે એટલે પર્યુષણના પ્રથમ દિવસે બપોરના ૨-૩૦ વાગે પ્રીન્સેસ સ્ટ્રીટમાં આવેલ દેવકરણ મેન્સનના વિશાલ મંડપમાં સાધુ મહાત્માઓ, સાધ્વીજી મહારાજો તેમ બહોળો શ્રાવિક શ્રાવિકાનો વર્ગ મોટી સંખ્યામાં ભેગો થયો હતો. આ માટે અગાઉથી જાણીતા નીચેના ગૃહસ્થોની સહીથી હેન્ડબીલો વહેંચવામાં આવ્યા હતા.

૧ શેઠ નગીનદાસ કરમચંદ સંઘવી
૨ ,, જીવતલાલ પ્રતાપસિંહ સંઘવી
૩ ,, ભોગીલાલ લહેરચંદ
૪ ,, નટવરલાલ નેમચંદ
૫ ,, ભાઈચંદ નગીનભાઇ ઝવેરી
૬ ,, રતનચંદ ચુનીલાલ ડાલીયા
૭ ,, પાનાચંદ રૂપચંદ ઝવેરી
૮ ,, ચંદુલાલ નગીનદાસ ભાખરીયા
૯ ,, નરભેરામ લાલજી
૧૦ ,, જમનાદાસ મોનજીભાઈ
૧૧ ,, રામચંદભાઈ માણેકચંદ
૧૨ ,, પ્રેમજીભાઇ નાગરદાસ
૧૩ ,, કાંતિલાલ ઉજમલાલ
૧૪ ,, પ્રાણલાલ મકનજી માધવજી
૧૫ ,, અમરચંદ લક્ષ્મીચંદ
૧૬ ,, હીરાલાલ સોમચંદ

ભેગી થયેલી વિશાલ મેદનીએ ટ્રસ્ટ એક્ટને સખ્ત શબ્દોથી વખોડી કાઢયો હતો, અને તેનો વિરોધ જાહેર કર્યો હતો. આ વિષય ઉપર જાણીતા મુનિવરો વગેરેના જાહેર ભાષણો થયા હતા.

# શાસન-સમાચાર.

**અમદાવાદ**—શાહપુર મંગળ પારેખના ઉપાશ્રયે વીરાજમાન પૂ. ઉપાધ્યાયજી મહારાજશ્રી દેવેન્દ્રસાગરજી ગણીવરની પવિત્ર નિશ્રામાં અભિગ્રહ સહિત ૧૩૫) ભાગ્યવંતોએ અઠ્ઠમનો તપ કર્યો હતો. અક્ષય નિધિનો તપ કરાવતાં ૩૦) પુણ્યશાળીઓ તપનો લાભ લીધો હતો.

## સાવરકુંડલામાં અપૂર્વ જાહોજલાલી સહિત ઉજવાયેલ પર્યુષણા મહા પર્વ.

**પ. પૂ. આચાર્યદેવ શ્રીચન્દ્રસાગરસૂરિજીની** પવિત્ર નિશ્રામાં જ્યારથી તેઓશ્રી પધાર્યા ત્યારથી જૈન જૈનેતર વર્ગ વ્યાખ્યાન વાણીનો એક ધાર્યો લાભ લઈ રહ્યા છે. અહિંના આગેવાન કહેવાતા બે ત્રણ ભાઇઓ સોનગઢ પક્ષના હોવાથી જનતામાં તેનો ઉહાપોહ ખૂબ ચાલતો હોઇ તેના સંબંધી પ્રશ્નો ઉપસ્થિત થતાં પૂજ્ય આચાર્ય-દેવશ્રી તેના જુવાબો-રદીયાઓ એવી સરસ રીતિએ આપે છે કે જનતાની અનેક શંકાઓનું સમાધાન થવાથી સમ્યગ્ માર્ગમાં સ્થિર થવાનો લાભ શંકા-શીલોને અપૂર્વ થાય છે. જનતા એક અવાજે હવે બોલે છે કે સોનગઢ પક્ષમાં જૈનત્વ નથી. સાથે સાથે પર્યુષણા પર્વના વ્યાખ્યાનોનો લાભ સારી રીતે જનતાએ મેળવ્યો છે, આઠે દિવસ પ્રભાવના આદિ કાર્યો વધતા ઉલ્લાસ પૂર્વક કર્યાં છે. તપસ્યાઓ ૨) નવ ઉપવાસ, ૨૫) અઠ્ઠાઇઓ અને છઠ્ઠ અઠ્ઠમ તો સંખ્યાબદ્ધ થયા છે, અને સારી સંખ્યામાં ચોસઠ પહોરી પોષધો ભાઇ-બહેનોએ કર્યાં હતા તેમાં દશ દશ વર્ષના બાળકો પણ કરનારા હતા, પાંચ નોંકારશીઓ થઇ છે, તપસ્વીઓને, પૌષધ ધારીઓને રૂપીઆ રૂપીઆની પ્રભાવનાઓ તેમ ચોસઠ પહોરના પોષધ કરનારાઓને વિશિષ્ટ પ્રભાવનાઓ આપી તપની ભક્તિનો લાભ નોંધપાત્ર જનતાએ લીધો છે. દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્ય અને સાધારણ ખાતે દર વર્ષ કરતાં સારી આવક થઇ છે.

શેઠશ્રી ગીરધરભાઈ અમીચંદભાઇને ત્યાં તપસ્વી-ઓને સુદિ ૫, સુદિ ૬ બન્ને દિન પારણાં થયાં હતાં. તેમ તપસ્વિઓને ત્યાં રાત્રિ જાગરણ થયાં હતાં. બાલાશ્રમના વિદ્યાર્થીઓમાં પાંચ અઠ્ઠાઇઓ થઈ હતી.

## સુદિ ૬ મંગળવારના દિને નીકળેલો તપસ્વીઓનો ભવ્ય વરઘોડો.

**શેઠશ્રી દલીચંદભાઈ ગુલાબચંદ દોશી** તરફથી રથયાત્રાનો દબદબા ભર્યો વરઘોડો નીકળ્યો હતો તેમાં શ્રી તપાગચ્છીય, શ્રી લોંકાગચ્છીય, શ્રી અંચલગચ્છીય સંઘોએ, તેમ સ્થાનકવાસી ભાઇઓના અગ્રગણ્યોએ લાભ લીધો હતો તેમ સ્થાનિક અમલદાર વર્ગ પણ આવ્યો હતો, વરઘોડાની સોભા અનેરી હતી. મોખરે સાયકલો, ઈન્દ્રધ્વજ, બેન્ડ વાજાં પછી પૂ આચાર્યદેવ આદિ સાધુ ભગવન્તો, શ્રાવક વર્ગ આદિ ભાવિકો જૈન યુવકોનું બેન્ડ, શેઠશ્રી દલીચંદભાઈ ગુલાબચંદનું કુટુંબ તેમ શેઠશ્રી જગજીવનભાઈનું કુટુંબ પ્રભુના રથમાં જોડાયેલું. રથની આગળ સહુ સહુને યોગ્ય સરંજામ સહ ૫૬ દિગ્કુમારીકાઓ સંગીત ગાતી હતી, રથની પાછળ સાધ્વીજી મહારાજો સહ શ્રાવિકા વર્ગ તેમ તપસ્વીઓની મોટરો, ઘોડાગાડીઓ સહિત વરઘોડો આખાયે શહેરના જાણીતા લત્તાઓમાં ફરી દેરાસરજી આવેલ ત્યાં સહુને પ્રભાવના આપવામાં આવી હતી, સ્થાનીક જૈન યુવક મંડળે બંદોબસ્ત સારો રાખ્યો હતો. આ વરઘોડો જોનારાઓ કહે છે કે સો વર્ષમાં આવો વરઘોડો જોયો નથી. વરઘોડામાં જૈનેતરો પણ મોટી સંખ્યામાં હતા. વરઘોડો ઉતર્યા પછી વ્યાખ્યાન શ્રવણની ઈચ્છા દરેકની થતાં પૂ. આચાર્યદેવે અહિંસા ધર્મની વાસ્તવિક વ્યાખ્યા કરીને અહિંસા ધર્મના પોષક તત્ત્વોનો અને વિઘાતક તત્ત્વોનો પરિચય કરાવીને સભાજનોના મન આકર્ષી લીધાં હતાં. અને પરિણામે સભાજનોએ જાહેર વ્યાખ્યાનની માંગણી કરી હતી. પૂ. આચાર્યદેવે જવાબમાં અવસરે જોવાશે એમ કહીને સર્વમંગલ કર્યું હતું.

**લીંબડી—પૂ. મુનિવર્ય શ્રી દર્શનસાગરજી ગણીવર્યની** નિશ્રામાં પર્યુષણા પર્વની આરાધના રૂડી રીતે થઇ છે. અક્ષય નિધિના તપમાં ૭૩ ભાઈબ્હેનોએ ભાગ લીધો હતો બે સ્વામિવાત્સલ્યો; પ્રભાવનાઓ થઇ હતી.

**વણસા—પૂ. મુનિવર્ય શ્રી હંસસાગરજી મ. ની** નિશ્રામાં તેઓના શિષ્ય મુનિશ્રી નિલાનંદસાગરજીએ અઠ્ઠાઈ તપ કર્યો હતો તેમ તપસ્યાઓ નવ ઉપવાસ ૧) અઠ્ઠાઇઓ ૨૦) સાત ઉપવાસ ૪) થઈ છે, આ નિમિત્ત તે પામી અષ્ટાહ્નિકા મહોચ્છવ થયો છે.

**રામપુરા—પૂ. મુનિશ્રી સુરેન્દ્રસાગરજી મ.ની** નિશ્રામાં પર્યુષણા પર્વની આરાધના રૂડી રીતે થઈ છે.

**વીશનગર—પૂ. મુનિશ્રી દોલતસાગરજી મ. ની** નિશ્રામાં પર્યુષણા પર્વની આરાધના બહુ સુંદર રીતે થઇ છે, ચાતુર્માસ દરમ્યાન નવકાર મંત્રનો તપ, તેમ અક્ષયનિધિ તપની આરાધનામાં ૫૦ ભાઈ બ્હેનો જોડાયેલ, દરરોજ સ્નાત્ર મહોત્સવ, રાત્રિમાં ભાવના, તપસ્યાઓમાં ૧૬, ૯, ૮, ૬, ૫, ૪, ૩ ની સારા પ્રમાણમાં થઈ છે, શ્રી કલ્પસૂત્ર શ્રીમતિ હીરાબેને રૂ. ૪૫) બોલીને વહોરાવેલું. શ્રીફળોની પ્રભાવનાઓ થઈ હતી, તપસ્વીઓને એક ભાઇ તરફથી બરફી ચૂરમાની પ્રભાવના આપવામાં આવી હતી. તેમ ચરવાળા, કટાસણાં, શ્રીફળ, કલશની પ્રભાવનાઓ પણ થઇ હતી. સ્વપનાના ઘીની આવક ૨૫૦૦) રૂપીઆ તેમ અયંબિલ ખાતે રૂ. ૨૪૦૦) ની આવક થયેલી. આમ શાસન પ્રભાવના સારી રીતે થઇ છે, પર્યુષણમાં બે દિવસ પૂજા રાખવામાં આવતાં જાણીતા પ્રસિદ્ધ ગવૈયા માસ્તર પ્રાણસુખભાઇ તથા બીજા પણ ગવૈયાઓ તેમ જાણીતા નાટ્યકાર જયશંકર (સુંદરી) એ પણ લાભો સારા લીધા હતા.

**છાણી**—શ્રી સંઘમાં **પૂ. આ. શ્રીવિજય પ્રતાપસૂરિજી** પાસે ભગવતિ સૂત્ર શ્રવણ કરવાનું નક્કી થતાં શેઠશ્રી ધુરાભાઈ શીવલાલ તરફથી વાંચવામાં આવે છે. જનતા લાભ સારો લે છે.

### રીટ્કેસ્ અંગે—

શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઇએ તથા શેઠ શ્રી જીવનલાલ પ્રતાપસી સંઘવી, શેઠ શ્રી રમણલાલ દલસુખભાઇએ તથા શેઠ શ્રી નગીનદાસ કરમચંદ સંઘવીએ એફીડેવીટો કોર્ટમાં કરી છે.

હીઅરીંગ તા. ૮ સપ્ટેમ્બરે કોર્ટમાં નીકળનાર છે.

**જામનગર**—શેઠશ્રી મગનલાલ લાલજીભાઈ વરફથી તેઓશ્રીનાં કાકી શ્રીમતિ **મણીબ્હેન**ના સ્વર્ગવાસ નિમિત્તે શ્રીનેમિનાથના દેરાસરે અષ્ટાહ્નિકા મહોચ્છવ કરવામાં આવ્યો હતો, પર્યુષણા । નિમિત્તને પામી ઉપવાસો ૧૦, ૮, ૭, ૪, ૩ ની તપસ્યાઓ સારા પ્રમાણમાં થઈ છે, પૂજા, પ્રભાવના, વરઘોડો આદિનાં કાર્યો શાસન પ્રભાવના વધે તેવાં થયાં છે, મુનિરાજ **શ્રી સુમનસાગરજી** મ. શ્રી અઠ્ઠાઈ કરી હતી તેનું પારણું સુખરૂપે થયું છે.

**જેસર—પૂ. મુનિરાજશ્રી રૈવતસાગરજી મ. શ્રી** આદિ ઠાણાંની નિશ્રામાં જનતા સારો લાભ લઇ રહી છે. શ્રાવણ વદ ૧૦ ના દિને નવો ઉપાશ્રય બંધાવેલની કુંભસ્થાપના તથા વાસ્તુ કરવામાં આવ્યાં છે. ઉપાશ્રયમાં પુજા માટે પ્રભુ પધરાવવાનું કાર્ય સંઘ સહિત વાજતે ગાજતે કામદાર અમરચંદભાઇએ કર્યું હતું. શેઠશ્રી જગજીવન જેઠાભાઇએ રૂ. ૩૨) ની ઉછામણીની બોલીથી ઉપાશ્રય ખુલ્લો મેલ્યો હતો અને કુંભસ્થાપન કરેલ આ અંગે સ્નાત્ર-પૂજા-પ્રભાવના-રાત્રિ જાગરણનાં કાર્યો થયાં હતાં. પર્યુષણાની આરાધના પણ ઠીક ઠીક થઇ છે. તપસ્યાઓમાં અક્ષય તિથિમાં ૪૫) ભાઇ બ્હેનોએ લાભ લીધો હતો, ૧૧) અઠ્ઠાઇઓ, ૧૩) પાંચ ઉપવાસો, ૧) સાત ઉપવાસ, ૧) ચાર ઉપવાસ તેમ છઠ્ઠ અઠ્ઠમ આદિ તપસ્યાઓ થઈ છે, અક્ષય નિધિમાં પાંચ ટોળીઓ થઇ હતી, તેમ વરઘોડો સુંદર નીકળ્યો હતો, પર્યુષણા નિમિત્તે શ્રી કામદાર તરફથી એક દિવસ અને શ્રી સંઘ તરફથી એક દિવસ એમ બે દિવસ સ્વામિવાત્સલ્યો થયા હતા. રાત્રિ જોગા પ્રભાવનાઓ આદિ સમય પ્રમાણે ઘણા સારા થયા હતા, ભા. સુદ ૫ રથયાત્રાના વરઘોડામાં રથમાં બેઠેલ ભાગ્યશાળીએ નાણાં ઉછાળી વર્ષીદાન કર્યું હતું. તેમ બાર ગામોનો સંઘ ભેગો થયેલો, ભા. સુદ ૭ ના દિને પણ સ્વામિવાત્સલ્ય થયું હતું. એકંદર શાસન પ્રભાવના સારા પ્રમાણમાં થઇ છે.

**ગવાડ—પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજયકુમુદસૂરીશ્વરજી મહારાજશ્રીની પુનીત નિશ્રામાં** ઉપવાસો ૭, ૪, ૩, ૨ ની તપસ્યાઓ ઠીક થઈ હતી. મુનિવર્ય શ્રી ચંપકસાગરજી મ. શ્રીએ નવ ઉપવાસ કર્યા હતા તેનું પારણું સુખરૂપે થયું છે, દેવદ્રવ્ય, જ્ઞાનદ્રવ્યની આવક સમય પ્રમાણે ઠીક થઇ છે.

**જેતપુર—પૂ. ઉ. શ્રી ધર્મવિજયજી ગણીની નિશ્રામા** પર્યુષણાની આરાધના ઠીક થઈ છે. તપસ્યાઓમાં ૧) માસ ક્ષમણ, ૧) દશ ઉપવાસ, ૧૨) અઠ્ઠાઇઓ, ૭, ૬, ૫, ૪, ૩ ની સંખ્યા ૮૧ ની હતી આંગી-પૂજા-પ્રભાવના, સ્વામિવાત્સલ્ય આદિ કાર્યો સારાં થયાં છે.

**પ્રભાસપાટણ**—શ્રી સંઘમાં પર્યુષણાની આરાધના ઠીક થઇ છે, તપસ્યાઓમાં ૨) સોલ ઉપવાસ, ૧) પંદર ઉપવાસ, ૪) દશ ઉપવાસ, ૧૦) અઠ્ઠાઇઓ, ૪) છ ઉપવાસ, ૪) ચાર ઉપવાસ, આદિ તપો થયા હતા. સ્વપ્નાનું ઘી ૧૧૪૦) મણ થયું હતું, પુસ્તક વહોરાવવાના રૂ. ૩૫૦) તથા વરઘોડાનું ઘી ૧૦૦) મણ તેમ રથમાં બેસવાનું ઘી ૨૫૦) મણ થયું હતું. શેઠ વર્ધમાન રતનજીભાઇ તરફથી પારણાંનો લાભ લેવાયો હતો.

**ઉજજૈન—પૂ. મુનિશ્રી સંયમસાગરજી મહારાજ** આદિ ઠાણાંની નિશ્રામાં પર્યુષણા પર્વની આરાધના ઠીક ઠીક થઇ છે. ચાતુર્માસ દરમ્યાન અત્યાર સુધીમાં પંચરંગી તપ, અંતરાય કર્મનો તપ, વીશ સ્થાનકની ઓળીઓ, વર્ધમાન તપના પાયાઓ નાંખવાનું કામ થયું હતું. ચોસઠ પહોરી પોષધમાં ૫૦) ભાઈ બ્હેનો જોડાયાં હતાં, પર્યુષણાને આશ્રી ૧૫) ઉ, દશ અઠ્ઠાઇઓ, છ, પાંચ, ચાર, ત્રણ ઉપવાસોની સંખ્યા સારી હતી, શેઠશ્રી માંગીલાલજી તરફથી લાડુની પ્રભાવના થઈ હતી. દેવદ્રવ્ય-જ્ઞાનદ્રવ્યની આવક પણ સારી થઈ હતી.

## ગ્રાહકોને નમ્ર સૂચન—

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય સમિતિ અને શ્રી સિદ્ધચક્ર માસિક સમ્બન્ધિ તમામ વહેવાર નીચેના શીરનામે કરશો, નિયમિત અંક ન મલે તો તે માટે પણ નીચેના શીરનામે તૂરત ખબર આપશો.

શ્રી સિદ્ધચક્ર સાહિત્ય સમિતિ—
C/o સંઘવી ચીમનલાલ સવાઈચંદ,
ગોળશેરી ગળેમંડી-સુરત.
W. RY.

**ભરૂચ**—વેજલપુર **પૂ. મુનિશ્રી ચિદાનંદસાગરજી મ. શ્રી ની** નિશ્રામાં તેમના શિષ્ય મુનિશ્રી **અરવિંદસાગરજી** મ. શ્રીએ અઠ્ઠાઈ કરી હતી. સમય પ્રમાણે તપસ્યા આદિ ધર્મ કાર્યો સારાં થયાં છે.

**બોટાદમાં થયેલી ભવ્ય શાસન પ્રભાવના.**

પૂ. મુનિરાજ **શ્રી ચન્દ્રકાંતસાગરજી મ.** તથા પ્રસિદ્ધ વક્તા પૂ. મુનિરાજ **શ્રી ચન્દ્રપ્રભસાગરજી મ.શ્રીની** નિશ્રામાં તપસ્યાઓ આદિ કાર્યો ઘણાં સારાં થયાં છે, તપસ્યાઓમાં-૬) સોળ ઉપવાસ, ૧૧) અગીઆર ઉપવાસ, ૧૦) પાંચ ઉપવાસ, ૭૯) અઠ્ઠાઇઓ, ૯) આઠ ઉપવાસ, ૨) સાત ઉપવાસ, ૪૦) છ ઉપવાસ, થયાં હતાં, ૮) સ્વામિવાત્સલ્યો થયા હતા. શેઠ નાનચંદ રૂપાભાઈ તરફથી વધતા ઠાઠ સહ સુદિ ૫ ના દિને વરઘોડો નીકળ્યો હતો, તપસ્યાના નિમિત્તને પામી સુદિ ૬ થી બગડીયા પરસોતમ રણછોડ તરફથી અઠ્ઠાઈ મહોત્સવ ચાલુ થયો છે તેના મુહૂર્તોમાં સુ. ૧૧ નું બગડીયા પ્રેમચંદ પીતાંબર તરફથી શાન્તિસ્નાત્ર અને સુ. ૧૩ નો રથયાત્રાનો વરઘોડો બગડીયા પરસોતમ રણછોડ તરફથી નીકળશે તેમ દ્રવ્ય વિગેરેની આવક પણ સમય પ્રમાણે સારી થઈ છે.

**લુણાવાડા**—પૂ. મુનિરાજ શ્રી **લબ્ધિસાગરજી મ.શ્રીની** નિશ્રામાં પર્યુષણાની આરાધના ઠીક થઈ છે, તપસ્યાઓમાં ૩) સોલ ઉપવાસ, ૮) દશ ઉપવાસ, ૭) અઠ્ઠાઇઓ થઈ હતી, સાધ્વીજી મ. શ્રી **મયણાશ્રીજીએ** ૧૬ ઉપવાસ કર્યા હતા તેનું પારણું સુખરૂપે થયું છે.

**વેજલપુર**—પૂ. મુનિ શ્રી **શુભકરવિજયજીની** નિશ્રામાં પર્યુષણાની આરાધના ઠીક થઈ છે. અઠ્ઠાઇઓ ૨૩) થઈ હતી, નાની નાની બાળાઓએ અઠ્ઠાઇનો તપ કર્યો હતો. શાસન પ્રભાવના સારી થઈ છે.

**ડભોઈમાં થયેલી શાસન પ્રભાવના.**

પ. પૂ. ગચ્છનાયક **આ. દેવેશ શ્રીમાણિક્યસાગરસૂરીશ્વરજી મ.**ની પવિત્ર નિશ્રામાં તેઓશ્રી પધાર્યા ત્યારથી જનતાનો ધર્મોલ્લાસમાં અભિવૃદ્ધિ થઈ છે. પર્યુષણા પર્વ આવતાં ઉલ્લાસ ખૂબ વધ્યો હતો. આઠે દિવસ પૂજા, પ્રભાવના, આંગી, ભાવના વિગેરે વધતા ભાવે થયાં હતાં, ચોસઠપહોરી પોષધો ઘણા ભાઈ બ્હેનોએ કર્યા હતા, સ્વપ્નાના ઘીની ઉછામણી ૩૦૬) મણની અને વરઘોડાની ઉપજ ૪૦૦) રૂપીઆ જેટલી થઈ હતી, પર્યુષણાની આરાધના કરવા આજુબાજુના સેંકડો ભાવિકો આવ્યા હતા, રથયાત્રાનો સુદિ ૬ ના દિને વરઘોડો નીકળતાં હજારો માણસની મેદનીએ આકર્ષક રીતે સજ્જ થયેલા રથ, પાલખી અને સ્વપ્નોના દ્રશ્યોનો જોવાનો લાભ લીધો હતો, બહાર ગામથી હજારો માણસો આ વરઘોડો જોવા આવ્યા હતા, અક્ષયનિધિનો તપ કરાવતાં ૭૦ લગભગ ભાઈ બ્હેનો તેમાં જોડાયેલાં તેમાં મોટો ભાગ યુવાનોનો હતો, ભા. સુ. ૪ ના દિને ચૈત્યપરિપાટી કરવામાં આવી હતી, શ્રી કલ્પસૂત્ર, વ્યારાવાળા શા. વાડીલાલ હીંમતલાલે પોતાને ત્યાં પધરાવ્યું હતું તેઓશ્રીમાને રાત્રિ જાગરણ, ગરબા, પ્રભાવના આદિનો પણ લાભ લીધો હતો, પ્રભુનું પારણું શા. ચંદુલાલ રણછોડદાસ લઈ ગયા હતા તેઓએ પણ રાત્રિ જાગરણ આદિનો લાભ લીધો હતો પૂ. મુનિ શ્રી **લક્ષ્મીસાગરજી મ.** તથા તપસ્વી પૂ. મુનિશ્રી **મૃગાંકસાગરજી મ** શ્રી અઠ્ઠાઇનો તપ કર્યો હતો તેઓને પારણું સુખરૂપે થયું છે. તપસ્યાઓમાં ૧૬) અઠ્ઠાઇઓ ૭-૬ ૫-૪-૩ ની સંખ્યા સારી હતી.

**પાલીતાણા**—શ્રી સંઘમાં તપસ્યાઓ સમયાનુસાર ઘણી સારી થઇ છે, ૧૬ માસખમણ, ૧ બાવીસ ઉપવાસ ૩૧ સોલ ઉપવાસ, ૧ બાર ઉપવાસ, ૧૩ અગીઆર ઉપવાસ, ૬ દશ ઉપવાસ, ૨૮ નવ ઉપવાસ, ૧૦૧ અઠ્ઠાઇઓ થઈ હતી, તપસ્યાદિના નિમિત્તને પામી શેઠ અમરચંદ જસરાજની ધર્મશાળામાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરવામાં આવ્યો છે તેમાં ભા. સુ. ૧૦ નું શાન્તિસ્નાત્ર રાખવામાં આવ્યું છે.

**કપડવણજ**—શ્રી મીઠાભાઈના ઉપાશ્રયે પર્યુષણા પર્વની આરાધના ઠીક ઠીક થઈ છે, તપસ્યાઓ ૮-૬-૪-૩-૨ ની હતી, અક્ષયનિધિ તપ કરાવતાં ૬૫) ભાવિકોએ લાભ લીધો હતો. પૂજા, પ્રભાવના, આંગી, રથયાત્રાનો તેમ અક્ષય નિધિનો વરઘોડો વગેરે શાસન પ્રભાવના ઠીક થઇ છે.

**પૂના**—પૂ. મુનિરાજશ્રી ગુણસાગરજી મહારાજશ્રી આદિ ઠાણાં તથા સાધ્વીજી મ. **દમયંતિશ્રીજી** મહારાજની નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન અત્યાર સુધીમાં શ્રી સંઘે આરાધના ઘણી સારી કરી છે. ૪૫) આગમની તપસ્યા, સ્વર્ગ સ્વસ્તિક તપ, ઇન્દ્રિય જય તપ, સાત સૌખ્ય તપ, આઠ મોક્ષનો તપ, પંચરંગી તપ, ચંદનબાળાનો તપ, તેમ અક્ષય નિધિ તપ, પર્યુષણામાં ઉપવાસો ૧૫-૯-૮-૭-૬-૫-૪-૩ ની વિશાળ સંખ્યા હતી, અક્ષય નિધિ તપનો વરઘોડો, અને પારણાનો વરઘોડો, વગેરે વરઘોડાઓ નીકળ્યા હતા. શ્રી આદિશ્વરના દેહરે પંચકલ્યાણક મહોચ્છવ ઉજવવામાં આવ્યો છે, એકંદરે શાસન પ્રભાવનાના કાર્યો ઠીક ઠીક થયાં છે.

**દેવાસ**—પૂ. સાધ્વીજી મ. શ્રી કનકપ્રભાશ્રી આદિઠાણાંની નીશ્રામાં આરાધના-ઘણી સારી થઈ છે. અષ્ટમહાસિદ્ધિ તપ, સ્વસ્તિક તપ, સમવસરણ તપ, અક્ષયતિથિ તપ, દસ ઉપવાસ, અઠ્ઠાઈ, સાત, પાંચ, પંચરંગી તપ, અઠ્ઠમ છઠ્ઠ ઉપવાસ આદિ તપસ્યાઓ બહુ ધામધૂમપૂર્વક થઈ છે, સાધ્વીજી મહારાજાઓએ પણ તપસ્યા કરી હતી. જૈન મિત્ર મંડળના બાલક-બાલિકાઓએ માર્ગદર્શક-પરિગ્રહ પ્રમાણ વ્રત ઉપર ભવ્ય સંવાદ ભજવ્યો હતો. રાત્રિ જાગરણ પૂજા-પ્રભાવના આદિ સારાં થયાં હતાં, પૂ. સાધ્વીજી મહારાજના ઉપદેશથી શ્રી આયંબિલ ખાતાની સ્થાપના થઈ છે તેમાં શેઠશ્રી હિરાલાલજી રાજમલજીએ રૂા. ૨૧૨૫) અર્પણ કર્યા છે શ્રી સંઘ તરફથી તીથીઓ નોંધવામાં આવી છે.

## શ્રી સંઘનો નિર્ણય-

**સાવરકુંડલા શ્રી સંઘે આ વર્ષે ૫૦ પૂ૦ આ. શ્રીચન્દ્રસાગરસૂરિજીની નિશ્રામાં**

**શ્રીઉપધાન તપની આરાધના કરવાનો-**

**નિર્ણય કર્યો છે. તેનું પ્રથમ મુહૂર્ત્ત આસો સુદિ ૧૧ ને સોમનું તથા બીજું મુહૂર્ત સુદિ ૧૫ નું આવ્યું છે.**

## શ્રી સિદ્ધચક્ર માસિકને અર્પણ થયેલ ઉદાર ભેટ—

રૂ. ૫૧) પ. પૂ. મુનિરાજ શ્રી રૈવતસાગરજીના શિષ્યરત્ન પૂ. મુનિશ્રી જયઘોષસાગરજી મહારાજશ્રીના ઉપદેશથી શ્રી**જેસર** જૈન સંઘ તરફથી અર્પણ

રૂ. ૧૫) પ. પૂ. પંન્યાસશ્રી કીર્તિમુનિગણીવરના ઉપદેશથી શ્રી **અમરેલી** જૈન સંઘ તરફથી અર્પણ

રૂ. ૨૫) પ. પૂ. મુનિરાજ શ્રી ચિદાનંદસાગરજીના ઉપદેશથી શ્રી **વેજલપોર** ભરૂચ જૈન સંઘ તરફથી ભેટ

રૂ. ૧૧) શેઠશ્રી લીલીધરભાઈ ગુલાબચંદ તરફથી ભેટ **મુંબઈ**

રૂ. ૧૫) પૂ. સાધ્વીજી મ. શ્રી ફલ્ગુશ્રીજીના ઉપદેશથી શેઠશ્રી ઋષભદેવ કેસરીમલજીની પેઢી તરફથી ભેટ, **રતલામ.**

રૂ. ૨૫) પૂ. સાધ્વીજી મ. શ્રી સુજ્ઞાનશ્રીજીના ઉપદેશથી **માંગરોલ** શ્રી સંઘ તરફથી ભેટ.

રૂ. ૧૧) પૂ. મુનિરાજ શ્રી ગુણસાગરજી મ. શ્રી ના ઉપદેશથી શ્રી **પુના** ગોડિ પાર્શ્વનાથ ટેમ્પલ ટ્રસ્ટ તરફથી ભેટ

રૂ. ૫૧) પૂ. વયોવૃદ્ધ સાધ્વીજી મ. શ્રી તિલકશ્રી ના શિષ્યા પૂ. સાધ્વીજી મ. શ્રી મૃગેન્દ્રશ્રીજીના ઉપદેશથી શ્રી **અમદાવાદ** ઠે. શાહપુર મંગલ પારેખના ખાંચે શેઠ શ્રી ડાહ્યાભાઈ સાંકલચંદના ઉપાશ્રયે બેસનાર **શ્રાવિકા બ્હેનો** તરફથી ભેટ

રૂ. ૨૫) પૂ. સાધ્વીજી મ. શ્રી સુમલયાશ્રીજીના ઉપદેશથી **સુરત** ગોપીપુરા સાગરના ઉપાશ્રય તરફથી ભેટ

રૂ. ૨૫) પૂ. સા. શ્રી કનકપ્રભા શ્રીના સદુપદેશથી **દેવાસ** શ્રી જૈન સંઘ તરફથી ભેટ

રૂ. ૧૦૧) શ્રી સાવરકુંડલા તપાગચ્છીય જૈન સંઘ તરફથી ઉદાર ભેટ અર્પણ થઈ છે.

રૂ. ૧૫) પ. પૂ. આ. શ્રી કીર્તિસાગરસૂરિજીના સદુપદેશથી શ્રી પાટણ શહેર મધ્યેસાગરના ઉપાશ્રય તરફથી ભેટ હ. મણીલાલ છોટાલાલ

રૂ. ૫૦) પૂ. સાધ્વીજી મ શ્રી તિલકશ્રીજીના સમુદાયનાં પૂ. સાધ્વીજી મ. શ્રી મનોહરશ્રીજી મ. ના ઉપદેશથી ઇંદોર જૈન સંઘના શ્રાવિકા હ. જ્ઞાના ખાતાથી ભેટ

રૂ. ૧૦) પૂ. મુનિરાજ શ્રી દોલતસાગરજી મ. શ્રી ના ઉપદેશથી શ્રી વીસનગર જૈન સંઘ તરફથી ભેટ

# સોનગઢ-આશ્રમવાસી-કાનજીભાઈ! નીચેના [illegible]

# પ્રશ્નોના ખુલાસા કરો!!

## અને

## ચર્ચા માટે તૈયાર થાઓ!!!

(પ. પૂ. આ. શ્રી ચન્દ્રસાગરસૂરીશ્વરજીના પ્રશ્નો—

પ્રશ્ન ૪—જે તમોને આહાર-વસ્ત્ર-પાત્ર-રહેવાનું સ્થાન આપે છે તે તો જડ રૂપ છે, તમે રહેલા છો તે સ્થાન પણ જડ છે, તમો જડથી ચેતનને કંઇ લાભ નથી તેવી એકાંતવાદથી પ્રરૂપણા કરો છો તે કારણથી પુછવાનું કે આહારઆદિ આપનારને અને તમારી બીલ્ડીંગમાં નાણાં ખર્ચનારને એકાંતે-પાપ-પુણ્ય કે નિર્જરા થઇ છે કે-તેમનું નિષ્ફળ ગયું છે?

પ્રશ્ન ૫—તમો ત્યાં સોનગઢમાં દેરાસર રાખ્યું છે ત્યાં તમે રાખેલી પાષાણની પ્રતિમા આગલ ભજનરૂપ સ્તવના કરો છો' તો તમને તમારાજ હિસાબે પુછવાનું કે-તે પાષાણની પ્રતિમા જડ રૂપ છે, તો તેનાથી તમને અને તમારા ભક્તોને-પાપ-પુણ્ય કે નિર્જરા થઇ છે કે-તમારા સર્વનો નિષ્ફળ પ્રયત્ન છે.

પ્રશ્ન ૬—સાવરકુંડલા તમે આવ્યા ત્યારે તમારા એક ભગતે લગભગ રૂપીઆ ૫૦૦૦) પાંચ હજાર તમારા નિમિત્તે ખર્ચ્યા તે તમારા ઉપરના આદરથી ખર્ચ્યા છે, તેમાં તમારા માટે કરેલા આદરથી તેને-પાપ-પુણ્ય-નિર્જરા થઇ કે તેનો ખર્ચ નિષ્ફળ ગયો?, કારણ કે વપરાયેલું નાણું વિગેરે જડ રૂપ છે. અને તમારા મતમાં જડથી ફાયદો નથી તેવો એકાંતવાદ છે.

પ્રશ્ન ૭—અહિંના તમારા એક ભક્ત તમો (હમારા કાનજીભાઇ) ચર્ચા કરવા તૈયાર છો!!! તેવું કહે છે, અને અમારા સાંભળવા પ્રમાણે તમારા મતને ખોટો ઠરાવે તેવાની સાથે પ્રશ્નોત્તરી કરવામાં તમે ગભરાઓ છો, તેમ તમારા ભક્તો વચ્ચેજ તમારો મત ખોટો છે તેવી અસરથી બચાવ માટે તમે પ્રશ્નકારને રામજીભાઇને ભળાવો છો, અને રામજીભાઇ તમને ભળાવે છે, તમે છેવટે છટકી જવા માટે ખુલ્લા શબ્દોમાં મારે ચર્ચા કરવી નથી તેમ બોલો છો.

સમજવા માટે આવેલ સમજુ વિવેકી અને તમારા મતને સમજાવવાનું કહે છે, ત્યારે પછી તમે છમાસ સોનગઢ રહો! એમ કહીને તેને ઉડાવવાની ધૃષ્ટતા કરો છો. આથી તમો તમારી સહીસાથે 'હું ચર્ચા કરી મારો મત સાચો ઠરાવવા આવુંછું' તેમ બ્હાર પાડો અને તમારા ભકતના શબ્દોને સાચા ઠરાવો! સોનગઢથી સાવરકુંડલા ચર્ચા કરવા માટે કયારે આવો છો? તે હમોને ખાત્રી થાય તેવી રીતે તમે તમારા નામથી બ્હાર પાડો અને હમને જણાવો.

---

અમદાવાદ—પ. પૂ. ઉ. શ્રી દેવેન્દ્રસાગરજી ગણીવરની પુનીત નિશ્રામાં થયેલ અભિગ્રહસહઅઠ્ઠમાં કરનાર તપસ્વિઓનું પારાણું કરવાબ્બતા ખાંચે થયું હતું તેમ ચંદનબાળાનો અઠ્ઠમ અક્ષયનિધિ તપો તેમ ૧૦) અઠ્ઠાઇઓ વિગેરે તપો સારા થયા છે ભા. સુદિ ૬ ના અક્ષયનિધિનો તેમ રથયાત્રાનો વરઘોડો નિકલ્યો હતો વર્ધમાન તપ ખાતાની ટીપ થતાં ૪૭૦૦) રૂપીઆની ટીપ થઈ હતી.

---

મુદ્રક—મૂલચંદ કસનદાસ કાપડીઆ, ("જૈન વિજય" પ્રિન્ટીંગ પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશક—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ, લાલબાગ, ભુલેશ્વર-મુંબાઇ.